॥ અથ શ્રી ॥

પ્રીતમદાસની વાણી.

પ્રીતમદાસનો કક્કો. ૧

રાગ જોગ

કરીએ શ્રી કૃષ્ણ નામના, ધરી મ હૃદીયામા ધ્યાન,
ફરીએ નહી ગર્ભવાનમા, એજ ઠીક નીદાન કરીએ ૧
ખોટો ખેલ સસારના, આતસબાજીનો રગ,
કરતા વરસ વિત્યા ઘણા, ક્ષણમા થાગે તે ભગ કરીએ ૨
ગુરૂ ગમ ગાઇએ ગોવીદને, જીવનુ જોખમ જાય,
દયા દાન ને દિનતા, તે તરવાના ઉપાય કરીએ ૩
ઘટ ઘટ પ્રત્યે રચના વણી, ભરીયા રત્ન ભડાર,
હીરા મોતીની હાટડી સદ્ગુરૂ ખોલણ હાર કરીએ ૪
નીર્મળ નામ નારાયણનું, જુગતે જપશે જે કોય,
અવીચળ પદવી તે પામશે આવાગમન ન હોય કરીએ ૫
ચિંતવન કરીએ ચિદરૂપનુ, ઈશ્વર પોતે છે આપ,
એને સમર્યે સુખ ઉપજે, ટળે ત્રાંઉવના તાપ કરીએ ૬
છે છતી વસ્તુ દેખે નહી જીવનુ જોને અજ્ઞાન,
માય પડદા મધ્યે પડયો, ભુલ્યો પ્રીનુ એ ભાન કરીએ ૭
જન્મ મરણ તણી આપદા, નથી કાઇ સકટ સેહેલ,
ધધો કરતા ઢળી પડયો, જેમ કાઈ ઘાણીના બેલ. કરીએ ૮
ઝાઝે લોભે લગી રહ્યો માયાની મધ લાળ,
જેમ જેમ તૃષ્ણા વધી ઘણી, કુટાયા કંઇક કાળ કરીએ ૯
નોતમ દેહ દુર્લભ દેવને, પ્રાણી પામ્યોછુ તેહ,
હીરા નીછારે નાખીયો, એમા ન રહ્યો સદેહ. કરીએ ૧૦
ટેક ધરીએ નિજ નામની, સેવા સ્મરણ ધ્યાન,
હરીરસ પીજીએ, મુકી મન ગુમન ક[illegible]

ઠીક ઠરીનેરે પરશીએ રાખીનેરે વીશ્વાસ
જઠરમા જેણે જાળવ્યો, પરહર પારકી આશ   કરીએ.
ઠમ મગ ઠાલી ચાલે કરે, તારૂ ધાર્યું નહી થાય,
થતુ થાશે ગોવીંદનુ, કોઈનુ જાયુ નહી જાય   કરીએ. ૧૩
ઢાકયો પાવક ધુમરે ઢાકયો વાદળે સુર
માયાએ ઢાકયો આત્મા, સમજણ રહી ગઈછે દુર.   કરીએ ૧૪
ણુ સબંધે આવી મળ્યા, સુતવિત દારાને દેહ
સેવા દેવા જયારે નટે, મારગ લાગશે તેહ   કરીએ ૧૫
તોળ્યુ તત્વ ત્રીલોકમા નહી હરી નામ સનામ
બીજુ સરવે એ બાદસુ, અતે આવે નહી કામ   કરીએ ૧૬
થીરતા કરીને તુ ન્યાળજે રૂદ કમળમા રુપ
બાહ્યાભ્યતર વ્યાપીજે હરીનુ અકળ સ્વરૂપ   કરીએ ૧૭
દેહતણુ ફળ એહ છે ભાવે ભજીએ ભગવાન
બીજા સાધન સઘાળના, નહી હરી નામ સમાન   કરીએ ૧૮
ધ્યાન ધરજે પરબ્રહ્મનુ જેમ કરી લોભીને ધન
કામીને જેમ કામની એવુ કરીએ ચિંતવન   કરીએ ૧૯
નીચે જાણો રહેવુ નથી જુઠો જગત વિશ્વાસ
એથી રહેજે તું અળગો, આઠેપોહોર ઉદાસ   કરીએ ૨૦
પ્રીત નિરતર કીજીએ સદગુરૂ સતની સાથ
રખે તુ ઢોળી નાખતો, અમૃત આવ્યુ છે હાથ   કરીએ ૨૧
ફોગટ ફદ સંસારનો સ્વારથનો છે સનેહ
અતે કોઇ કોઇનુ નથી તુ તો તેનોરે તેહ   કરીએ ૨૨
બાવન ઉપનીશદ વેદના તેનુ તત્વ વિચાર,
તતપદ ત્વપદ ત્યાગીને અસી પદમા ચિત્તધાર   કરીએ ૨૩
ભારે ભેદ ગુરૂ દેવનો, કોઇ નવ પામે પારરે
શીવ વીરચીને નારદા, સેવે પદરજ સાર   કરીએ ૨૪
મ યા મુળ વની વરખડી, મોરી ત્રીભોવન માય,
નીત્ય નઉતમ ફુલે ફળે, તાતી શીતળ છાય   કરીએ. ૨૫
જીવ અનેક નીપજાવતી સેવે સુરનર વૃદ
આણની આધે અજાકશિ, સઉને સરખો આનદ   કરીએ. ૨૬
ઇશ્વરને આશરે ધારણ ધારી તે ધીર,

સુખ દુખએણીપેરે આવશે, જેમ કાંઇ નાળીએરમા નીર. ૨૭
લીલા કોઇએ લેતુ નથી, અણી ભુલવણી સોય,
નટ જેમ નજરમધી કરે, કળી શકે નહી કોય. કરીએ. ૨૮
વિશ્વ રહ્યુ સઉ મોહીને, જુઠી બાજીને જોય,
તેનો કરતા કોરે રહ્યો જાણે તે જન કોય કરીએ. ૨૯
શશા શોધ સ્વરૂપને, તેને સમજ સુખ થાય,
નિદ્રા માહીં દુખ ભોગવે, તે તો જાગેથી જાય. કરીએ. ૩૦
ખોળે ખોટુ સર્વે પડે, ન જડે નામ ને રૂપ,
બાધી રૂથી ઉભુ કર્યુ, જેવુ કાષ્ટ સ્વરૂપ કરીએ ૩૧
સશય તેને શાને રહ્યો, જેને બ્રહ્મવિચાર
અગ્નિ ઉધેઇ અડે નહી, રવી નહીં અધકાર કરીએ ૩૨
હરીના મહીમા અપાર છે નિગમ નિરતર ગાય,
અજઉમયાપતિઅહીપતિ, નિશદીનધ્યાનમાધાય કરીએ. ૩૩
પ્રેમ પયોધરે ઝીલીએ, સદગુરૂ સતોને સગ,
પ્રીતમ તન મન તે થકી, પ્રગટે પુરણ રગ કરીએ ૩૪

કક્કો ૨ છપય છદ

કક્કા કર સદગુરૂનો સગ, રૂદે કમળમા લાગે રગ,
અતરમા અજવાળુ થાય, માયા મનથી દુર પળાય
લીંગવાસના હોયે ભગ કક્કા કર સદગુરૂનો સગ ૧
ખખ્ખા ખરેખરી છે વાત, તે શ્રી મુખે કહી સાક્ષાત,
જ્ઞાની મુની જોગી જતી ગુરૂ કૃપા વણુ સિદ્ધિ નથી,
જન્મ મરણની મટશે ધાત, ખખ્ખા ખરેખરી છે વત ૨
ગગ્ગા ગુરૂની સેવા કરો, પરનીંદ પરધન પરહરે,
પ્રપચ તે પડવાનો ઠામ, સાચે રાચે સીતારામ
એ શીખામણ ચિતમા ધરે, ગગ્ગા ગુરૂની સેવા કરો. ૩
ઘઘ્ઘા ઘણુ કહે શુ થાય, ભવ તરવાનો એ ઉપાય,
સમજીને સશય ટાળવા, બાહ્યાભ્યતર હરી ભાળવા,
જોના જીવ દશા તે જાય, ઘઘ્ઘા ઘણુ કહે શુ થાય ૪
નન્ના નિર્મળ તેની દશા જેને હરી રૂદીયામા વશ્યા,
પોતાના અવગુણને હણે, પરના તો રૂદીયે નવ ગણે,

કોના દોષ ન દેખે કશા, નન્ના નિર્મળ તેની દશા ૫
ચચ્ચા ચિતમા ચેતી લે, માથે મરણ તણો છે ભે,
કાયા ઉપર તાકે કાળ, મોહ પારધીએ માડી જાળ,
તેમા હરી રાખે તો રહે, ચચ્ચા ચીતમા ચેતી લે ૬
છછ્છા છે માયા ગુણમયી, બળવતી પણ દીસે નહી,
દાનવ માનવ ને દેવતા, આધીન થઇ સઉએ સેવતા,
હરીજન આગે હારી રહી, છછ્છા છે માયા ગુણમયી. ૭
જજ્જા વિરલા જાણે ભેદ, માયા પ્રપંચ વિધી નિષેધ,
તે માયાનું તજવુ માન, માયાપતિ ભજવા ભગવાન,
અતરમા ઉપજે નિર્વેદ જજ્જા વિરલા જાણે ભેદ. ૮
ઝઝા ઝાખી જેને જેહ, વણ વાદળ જ્યા વરસે મેહ,
વિના સરોવર અબુજ સાર, વિના ભમર ઉઠે ગુજાર,
વિના અર્ક અજવાળુ જેહ, ઝઝા ઝાખી જોને તેહ ૯
નન્ના નામ નાવ છે સાર, જે બેસે તે ઉતરે પાર,
કાળ કર્મ નહી લાગે લેશ, છે આનદી હરીનો દેશ,
તે પદને પામે નિરધાર નન્ના નામ નાવ છે સાર ૧૦
ટટ્ટા ટેક જનમનો ટળે, અતરજામી ઘટમા મળે,
નાના મોટા હરીના ઘાટ, કાઈ સૂક્ષ્મને કાઇ વૈરાટ,
હરીને ભજતા ધ્રુપદ ગળે, ટટ્ટા ટેક જનમનો ટળે ૧૧
ઠઠ્ઠા ઠેકાણુ છે ઠીક જાન મજે બીજાની બીક,
નિર્ભય નારયણનો વાસ, પ્રેમ ધરીને રાખ પાસ,
સમજુ માની લેને શીખ, ઠઠ્ઠા ઠેકાણુ છે ઠીક ૧૨
ડડ્ડા ડાપણ મુકી દે, સદગુરૂને શરણે જઇ રહે,
વચનતણો રાખી વિશ્વાસ, કુ કપનાનો કરશે નાશ,
ઉપાધીથી અળગો રહે, ડડ્ડા ડાપણ મુકી દે ૧૩
ઢઢ્ઢા ઢાલ વગાડી કહ્યુ, રૂડા પુરૂષને રૂદીએ રહ્યુ,
સમજ્યા તેણે લીધો સાર, ગફલ નર તો ખાશે માર,
જેતામા જોબન તો ગયું, ઢઢ્ઢા ઢાલ વગાડા કહ્યુ ૧૪
રેણા રણ ચોરાશી તાણુ, તેનુ વ્યાજ વધે છે ઘણુ,
દણીગણુમા ડુલી ગયો, દેવાળુ કાઢીને રહ્યો,
જમકીકર કરશે તાપણુ, રેણુ રણ ચોરાશી તણુ. ૧૫

તત્તા તારૂ આપ તપાસ, ક્યાથી આવ્યો ક્યા તુ જાશ,
ખેપ કરીને ખોળી કાઢ, હરીફ હોય તો લાગે હડ,
મુગ્ખના મનમા નહી ત્રાસ, તત્તા તારૂ આપ તપાસ ૧૬
થથ્થા થિર તો રહેવુ નથી, કોણુ રક કોણ પૃથ્વીપતિ,
આજ કાલમા જાવુ સહી, કોટિ ઉપાયે રહેવુ નહી,
ભાવ ધરી ભજ કમળાપતિ, થથ્થા થિર તો રહેવુ નથી ૧૭
દદ્દા દેહ દેવળમા દેવ, સેવક થઈને કરને સેવ,
પ્રેમ પુષ્પને ચદન હાર, જ્ઞાન દિપક ઘટમા અજવાળ
અતરનો ટાળ અહમેવ, દદ્દા દેહ દેવળમા દેવ ૧૮
ધદ્ધા ધરજે ધારણુ ધાર, વાચ કાય વશ રાખે વીર,
શબ્દ તણી ગ્રહજે સમસેર શત્રુ દળમા પાડે ભેળ,
સદગુરૂ બખતર પહેરે શરીર, ધદ્ધા ધારણુ ધરજે ધીર ૧૯
નન્ના નિશાન ગુરૂનુ દેય, ધીર વીર પગ રોકી રેય,
કાયર નરનુ નહી ત્યા કામ શરવીરનો સાચો સગ્રામ,
જીત્યા નિગુણ જગમા જેય, નન્ના નિશાન ગુરૂનુ દેય ૨૦
પપ્પા પુરાણી જે પ્રીત મેરૂ ચળે પણ ન ચળે ચિત
ધ્રુવની પેરે અવિચળ રહે, સ્તુતિ નીદા ને સુખ દુખ સહે
નારાયણુન નિરખે નીત, પપ્પા પુરાણી જે પ્રીત ૨૧
ફફ્ફા ફોગટ તે કોણુ ફરે, સચેત થઈ હરી સ્મરણ કરે,
જન્મ મરણુમા આવે નહી જેનુ મન વળીયુ હરી મહી
જડજાનાન નિશ્ચે તે હરે, ફફ્ફા ફોગટ તે કોણુ ફરે ૨૨
બબ્બા બોલે તેને જાણુ, મુકી દેને મનની તાણુ,
હુ માઉ રૂદીયથી ટાળ, પરમારથમા પીડજ ગાળ,
દયા દીનતા મનમા આણુ, બબ્બા બોલે તેને જાણુ ૨૩
ભભ્ભા ભજન થકી ભયટળે, નિશ્ચય કાળ કરાળ ન ગણે
ભેખ ધરે જો સિદ્ધિ થાય ભાડ ભવૈયા વૈકુઠ જાય,
જેવો ભાવ તેવા હરી મળે, ભભ્ભા ભજન થકી ભય ટળે. ૨૪
મમ્મા માયા મનની જાણુ, માઉ તારૂ એ ચા તાણુ,
સઘળે સરખો આતમરામ, સાધા વાધા મનનુ કામ,
માટે મન હરી ચરણે આણુ, મમ્મા માયા મનની જાણુ ૨૫
યય્યા જીવપણુ જેહને, સશય શોક સદા તેહને,

આતમ બુદ્ધિ ન ઉપજે કદા, આશા તૃષ્ણા બહુ આપદા,
દેહદર્શી દેખે દેહને, ચથ્થા જીવપણું જેહને ૨૬
રેરા રામ ભજનમા રહે બીજુ બકવુ મુકી દે,
વળતો શીહ વદેછે વત, નીર વલોવે ના આવે સ્વાદ,
હરીનું હારદ હેતે ગ્રહે, રેરા રામ ભજનમા રહે ૨૭
લહ્વા લે તુ આતમ લાવ, ફરી ફરી નહી આવે દાવ,
જીતી બાજી હારીશ નહી, સમજીને શીખામણ કહી,
હવે ન ચુકીશ આવો દાવ લહ્વા લે તુ આતમ લાવ ૨૮
વવ્વા વેદ વચન નિરધાર જે બોઝે તે પામે પાર,
ઉચ નીચનો અતર નથી, સમજ્યા તે પામ્યા સદગતી,
સંશય સઉ તજવો અહંકાર, વવ્વા વદ વચન નીરધાર. ૨૯
શસ્શા સાધન સરવે થયુ, જનુ ચિત્ત હરી ચરણે રહ્યુ,
હરતા ફરતા હરીનુ ધ્યાન, તપ તીરથ તેને બહુ દાન,
કોટિ વીઘન ભય દૂર ગયુ, શસ્શા સાધન સરવે થયુ ૩૦
ખખ્ખા ખાડના બીબા ભરે કોયલ કાગડો કજર કરે
મીન મગર બહુ જળચળ જાત, જયુ બીજુ તેવી ભાત,
મીસરી જોતા તો મન ઠરે, ખખ્ખા ખાડના બીબા ભરે ૩૧
સસ્સા સઘળે સુદર શ્યામ, હરી વીના નહીં ઠાલો ઠામ
અનેક રૂપે એના નામ, આદે અંતે એકજ રામ
જો સમજે તો પુરણ કામ, સસ્સા સઘળે સુદર શ્યામ ૩૨
હાહા હરી ભાળો ભરપૂર દોષ કસ તો રહેશે દૂર
રવીને રજની નહી કો કાળ તેમ આતમા પુરણ ભાળ,
નિર્મળ નયણે રાખે નુર, હહા હરી ભાળો ભરપૂર ૩૩
સઉ અક્ષર સપૂરણ થયા હરી ગુરૂ સતે કીધી દયા
અક્ષર અક્ષર આતમ બોધ, જો સમજે તો ટળે વિરોધ ૩૪
સંવત અઢાર બત્રીશની સાલ ચૈત્ર સુદી સાતમ સોમવાર,
સંધેસર સાધુનુ ગામ, ઠાકોર કુળ બિહારી નામ,
પ્રીતમ પ્રેમે અક્ષર કહ્યા હરી ગુરૂ સંતે કીધી દયા ૩૫

પ્રીતમદાસના મહિના.

રાગ જગ્મી ૩

માસ ૧ લો.

કારતક કર્મ નિવાર, કહુ તે માટેરે,
આવ્યો લક્ષ ચોરાશી વાર આણી વાટેરે ૧
તું જન્મ મરણ અવતાર બહુ અવતરિયોરે
તોય નાઠ્યો પથનો પાર, ફેરા બહુ ફરિયોરે. ૨
તારો જન્મ અવર્થો જાય જીવ અભાગી
તારૂ આયુષ ઓછું થાય જોને જાગીરે ૩
તે ભજન ઉપર ભાવ, કદિ ન કિધો
તે સંત સમાગમ લાવ, કાન ન દિધોરે ૪
તુને રામ નામનો રંગ અંગ ન લાગ્યોરે
તે સુપનામા સતસંગ, દાસ ન માગ્યોરે ૫
તે અવનીમા અવતાર એમ ખોયોરે
કહે પ્રીતમ ચેત ગુમાર જન્મ વગોવ્યોરે ૬

માસ ૨ જો

માગશરે મૂરખ ચેત હરિમન્ત્ર ગાભીરે
તારો અવસર જાય અંતે જોને જાગીરે ૧
તારે પંડમા કર્યો પ્રવેશ, જરા દુખ લાગીરે
તારા કાળા મટીને કેશ, સફેતી આવીરે ૨
તારા ગળે નાશિકા ને નેણુ, લારી ઝરમારે,
તારૂ બોલ્યું ન માને વેણ ગાગુ નહી ઘરમ રે. ૩
તારે ઘરથકિ નવલો નેહ, નહિતમ નારીરે
તુને તજવા એહિ તેહ, નેહ વિસારિરે ૪
તારો બોલતા ફુગે છે મોઢ સુણુ નહ કાનેરે
તારો ભાગી પડયો મા તોલ, કોઇ ન માનરે. ૫
તું હવે કરિ લે હેત હરિની સાથેરે
કહે પ્રીતમ ચિત્તમા ચેત્ય આવે ઘાત્યેરે ૬

માસ ૩ જો

ચોથે ઓષડ એક, અંગ ન લાગેરે,
જો ઉપાય કરે અનેક, પિડા ન ભાગેરે ૧
ત્યારે વિષે થયું વિપરીત, ભીતર ભેદ્યુરે
તોય પિવા વધારી પ્રીત, મુળ ન છેદ્યુરે ૨
તુને જે આવે તે જોઈ, ઓષડ આપેરે,
જોગ જેહ મળ્યો નહી કોઈ, રોગને કાપેરે ૩
કોઈ સાચા મળે સુખ થાય, ભવદુઃખ ભાગેરે.
તારો રોગ જન્મનો જાય વાર ન લાગેરે ૪
ત્યારે રાવ સમજ્યુ જાય વેદના વાતેરે,
જેમ પીવે તેમ રસ પાય સુખની સરતેરે. ૫
તરી કોય ક્રમણા ભાગ કર્મને કાપેરે,
કહે પ્રીતમ સાધુ સંગ સદા સુખ આપેરે. ૬

માસ ૪ થો

માહા વાકન જ્ઞાન, જેને જડીયુરે
તેને જીવ ઈશ્વરનું જ્ઞાન સાખ્યું પડીયુરે ૧
તેને ભાગી ભ્રાન્તા ભીત વસ્તુ વિચારીરે
રંગરૂપ ક્રિયા તીન હીમે દેહ ધારીરે ૨
મીત્ર મણુ તરુઇ ન જેવી દીસેરે
અડ આવી લાગ્યો તે માય, એ કેમ પીસેરે. ૩
એ જડ નહીં ચૈતન્ય નેજ સ્વરૂપિરે
એમ તત્વદર્શીનું તન, અમલ અરૂપીરે ૪
એને કરે કલ્પના કોણ, પ્રગટ પોતેરે
જેમ ગળ્યું ઉદકમાં લુણ જડે નહીં જોતેરે. ૫
તેને નહિ સમે લવલેશ આપા પરનોરે,
કહે પ્રીતમ એ ઉપદેશ, ગુરૂના ઘરનોરે. ૬

માસ ૫ મો

ફાગણ પુન્યે ફુલ કેવલ્ય કેરોરે,
રમે લેહેર તારજિ લાલ, રંગ ઘણેરોરે ૧
આ જ્યાં જોઈ ત્યાં તેમ થઇને વિલસોરે,

તેને કળી શકે કહો કોણુ આપે ઉલસોરે ૨
પશુ પક્ષી નરનાર, છે બહુ નામિરે,
એવો આદ્ય પુરૂષ અપાર અતરજામિરે ૩
તેને જાણે કોઇ વીરલાજન, ત્રીગુણ ત્યાગીરે,
એનુ દિસે રૂપ અખડ, સમાધી લાગીરે ૪
અરસ પરસ થયો એક, સાગર લેહેરીરે,
એના દીસે ઘાટ અનત, ન પડે ન્યારીરે ૫
પટતતુ નહિ હોય, દ્વગધા એ ટાળોરે,
કહે પ્રીતમ અવર નહિ કોય, વસ્તુ ન્યાળોરે. ૬

માસ ૬ ઠો

ચૈતરે ચીત વિચિત્ર વાહાલો બીરાજેરે,
ભર્યો બાહ્યાભીત્તર બ્રહ્મ, ઘટમા ગાજેરે ૧
કોઈ ધરે એકાતે ધ્યાન, આસન વાળેરે,
તેમા ચઢે ચોગણુ માન, ગરવ ન ગાળેરે, ૨
કોઇ કુભક કરે છે વાસ, પવન ચડાવેરે
કોઈ અમ્રત પિવાની આશ, જિસ વઢાવેરે ૩
કોઇ ધોતિ નેતિ ધ્યાન સાધન સાધેરે,
તોય ટળે નહિ અભિમાન, વાસના વાધેરે ૪
કોઇ દમે રાત ને દીન, કસોટી કરવીરે
જો બાળે વાસના બીજ, ટળે દેહ ધરવીરે ૫
રહે ભજનમા સોઇ, એજ સમાધીરે,
કહે પ્રીતમ કરે નહિ કોઇ, એમ ઉપાધીરે. ૬

માસ ૭ મો.

વૈશાખે વીચાર, આદ્ય અનાદેરે,
કહિ પતિત પામ્યા પાર, સત પ્રસાદેરે. ૧
તુ સતચરણુ રજ લેય, જીવન જાણીરે,
તુ તન મન અરપી દે, ઉલટ આણીરે ૨
તુ એક મેક ગુલતાન, મતામા રેહેનેરે,
એવિ સેજ દશા નીશદીન, સમઝી લેનેરે. ૩
તારા તનના તાપ ટળે, ન પિડે દહામાંરે;

જાગ તનમા એમ, મળે માહા પદમારે
એક બ્રહ્મ ભર્યો ભરપૂર, સચરાચરમારે,
તેનુ નીરખી જોજે નૂર, નારી નરમારે, ૫
તેને ઉપરંગ નહિ કાઇ, નીરાલંબ ભરીયોરે,
કહે પ્રીતમ એ ઉનમાન, એખંડ બ્રહ્મ ઠરિયોરે ૬

માસ ૮ મો

જેઠ પરમાર્થ જોઇને રંગ લાગ્યોરે,
મારી બળ બુદ્ધિ મો આઇ, સર્વે ભાગ્યોરે ૧
આદ્ય સનાતન એક સઘળે સરખોરે,
તુ નિસંક થઇ નિશેષ નિજ પદ નિરખોરે ૨
એને જનક સનક શુકદેવ, તેને જાણ્યુરે,
તેના અંતર ટળ્યા અહંમેવ મહા રસ માણ્યુરે ૩
જેણે પ્રાણ પગને પાર તનુ વપુ કેવુરે,
જેવુ શ્રીફળ માહેર સાર, સમજી લેવુરે ૪
તેની ગોટલી ગોટલિ સહિત, સવ મીઠુરે,
એક સદાનીત વિવેક, કંત ન દિઠુરે ૫
એવો અખંડ પુરુષ અવિનાશ, મળવંત મળીયોરે,
કહે પ્રીતમ પ્રગટ્યો પાસ અંતર ટળીયોરે ૬

માસ ૯ મો

આવ્યો માસ અષાડ અનંત વરસેરે
તુ અનુભવી આપ્ય ઉમાડ ગગન ગરજેરે ૧
એક સન્મુખ સભર ભર્યો સાગર મોટોરે
તે મધ્યે જીવ કર્યો જુગ પરપોટોરે ૨
તેની ઉઠે લેહેર અનંત, અનંત ઠેકાણેરે
તે સુખમા ઝીલે સંત, જગત ન જાણેરે ૩
તે જીવન કળા જેઠ જગતથી ન્યારારે,
તેને તાપ નહિ ત્રિવિધ તાપ શિતળ અંગ મારારે ૪
આ બ્રહ્માનંદ ભરપૂર, સુખના ભરીયોરે
જેમ રવિને તેજે જડ તપ નહિ ઠરિયોરે ૫
એવો મારા સગાનો મર્મ, અનભવ આવ્યોરે,
કહે પ્રિતમ જ પરિબ્રહ્મ સઘનમા નાવ્યોરે ૬

૧૧૫૮૨

માસ ૧૦ મો

શ્રાવણ સુરતનો ખેલ, નુરતમા આણોરે,
હવે થૈ રહી રસની રેલ, જથારથ જાણોરે, ૧
કરી રહ્યો નિજ ઠેર, ઘટમા ગાજેરે,
એ ઉન્મુનિ આઠે પોહોર, અલખ વિરાજેરે ૨
નિરાલંબ નિરાધાર, કર્મ ન લાગેરે,
આ સૌ પ્રોઇ રહ્યો સંસાર, સોહં બ્રહ્મ ધાગેરે ૩
જેણે જાણી પોતાની જાત્ય, પાચ પચીસેરે,
જેમ દગ્ધ પટોળે ભાત, એવી દીસેરે ૪
તે વરતાય નહી પેહેરાય, જોયા જેવિરે,
તે દુર થકિ દખાય, મોહ્યા તેવીરે ૫
તેના દેહના દોષ વિકાર, દહ્યા બ્રહ્મ અગનેરે,
કહે પ્રીતમ મળે એક તાર ગાજે ગગનેરે ૬

માસ ૧૧ મો

ભાદ્રપદ બ્રહ્મરૂપ, જેને ભામેરે,
તેને કોણ પડે ભવ કુપ, તત્વ તપાસ્યેરે ૧
ઇછા થકી અવતાર, કૈવલ્ય કિધોરે,
એવો મન કલ્પિત સંસાર માની લીધોરે, ૨
જેમ અમાસે આકાશ, ચંદ્ર કૈ'વાનોરે
એમ નિશ્ચય જગતનો નાશ, નથી રહેવાનોરે ૩
આ મૃગજળ લેહેરિ થાય, દિનકર દાઝેરે,
તેમા પશુ પછાડે પાવ પિવા કાજેરે, ૪
તુ રામ જગતને જાણ, મિથ્યા માનેરે
જેમ નિર અડે હોય હાણ, કાગળ પાનેરે ૫
આ બન્યો બાજીગરનો ખેલ, ખુબ સ્વરૂપેરે,
જન પ્રીતમ મમતા મેલ, રહ્યો નિજ રૂપેરે, ૬

માસ ૧૨ મો.

આ સોહં બ્રહ્મ રમે, સકળ ઘટ સ્વામિરે
પોતે પોતાને મન, અંતર જામીરે, ૧
જ્ઞાન ઉજાગર જેહ, અનભે જોગીરે,

તે વસ્તુ રૂપ વીદેહ, બ્રહ્મરસ ભોગીરે ૨
એવા સુખના સાગર સંત, આનંદકારિરે,
તે વીખ્યાતા વેદાંત, પર ઉપકારીરે ૩
ત્યા વાગે અનહદ નાદ, આઠે પોહોરેરે,
તે શ્રુતિતણુ સિદ્ધાંત, ચાલિ જોનેરે ૪
કોઈ શીખે સુણે ને ગાય, ગુરૂગમ આણીરે,
તે નર તદરૂપે થાય, એ એધાણીરે ૫
આ સદગુરૂ સંતનો પ્રસાદ, સમર્થ સ્વામિરે,
જન પ્રીતમ અણુછતો ગાય ચરણુ ચીત્ત નામીરે ૬

સોરઠ રાગના મહિના

દોહા

સદ્ગુરૂને ચરણે નમુ, માગુ પ્રેમ પ્રસાદ,
દયા કરીને દીજીએ, હરિરસ અમૃત સ્વાદ ૧
વાણિ શકે નહિ વર્ણવી, સદગુરૂ કેરૂ સ્વરૂપ
મન બુદ્ધિ પોચે નહિ, ઉપમા રહિત અનુપ ૨
પ્રથમ પુરણ પ્રેમસુ, વંદુ સદગુરૂ ચરણ,
તાપ ટળે સંસારના મટે જન્મને મરણ ૩

રાગ સોરઠ

સાભળ શુદ્ધ ચીત્તે કરિ, હરિના ગુણ જ્ઞાન,
પ્રીત સહીત નીત્ય નાથનું, રૂદીયે ધરોને ધ્યાન સા૦ ૧
ગુરૂપદ પંકજ પૂજતા, ચૌદ લોક પુજાય,
શીવ વિરચીને સારદા, ગુરૂના જશ ગાય સા૦ ૨
હોય અંતકરણ ઉજળા, તિમિર ટળી જાય,
સર્વે તે લાગે સુઝવા, પદરજના મહિમાય સા૦ ૩
જપ તપ તીરથ જોગનું, ફળ જે રે કે'વાય,
પ્રિતમ સદ્ગુરૂ સેવતા, સર્વે સુખ થાય સા૦ ૪
(દોહા)સદગુરૂ સંત કૃપા થકી, ઉપજે નિર્મળ જ્ઞાન,
શુદ્ધ ચૈતન્ય તુરિયા પદે, રહે નિરંતર ધ્યાન ૧
(સોરઠ)કારતકે ચિત્ત ચેત્યો નહિ, ઘડિ લાખેણી જાય,
વળતિ વીચારીશ જીવડા, પછે કા પસ્તાય. સા૦ ૧

જોરે જાણુ તો બાધજે, પાણિ પેહેલીરે પાળ,
નીર ગયે નહિ નિપજે, શીર તાકે છે કાળ. સા૦ ૨
કાયા કુસમ છે કારમી, વેગે વણસીરે જાય,
અમર થાય જેમ આતમા, એવો કરજે ઉપાય સા૦ ૩
સત સમાગમ કિજીયે, મુકી મનનીરે તાણુ,
કહે પ્રીતમ તુ પ્રિછજે, ઇછજે કલ્યાણ સા૦ ૪
દોહા—મનના પરપચ મુકજે, કરજે તત્વ વિચાર,
રત્ન પદાર્થ જન્મ છે, નહી આવે વારમવાર. ૧
સોરઠ—માગસરે માથા ઉપરે, મોટુ મરણનું સાલ,
મારગ વહે છે ઉતાવળો કોઇ આજ ને કાલ સા૦ ૧
અતે નહી કોઈ કામનુ રામનુ લેને નામ,
એક ઘડિ ન વિસારીયે, સુખસાગર શ્યામ સા૦ ૨
જુઠિ બાજી જોઇને, આવિ મનમાર ભુલ,
રૂડા રગે રળિયામણા સિમળાના ફુલ સા૦ ૩
સુત વિત મદિર સુન્દરી, સુખસ્વપન વિચાર,
કહે પ્રિતમ સહુ કારમુ, દિન દીન ચાર સા૦ ૪
દોહા— મોતિ ઉસ ઉદકના, તેના હાર ન થાય,
મિથ્યા મનમોદક કરે, તેણે ભુખ ન જાય. ૧
સોરઠ—પોષે પ્રાણિ પ્રિછશો, જેને ગુરૂગમ થાય,
પરમારથ પાકુ રત્ન છે, જાણિ કરજે ઉપાય સા૦ ૧
ગણુછતુ આપુ માનીને, દુખ પામે અપાર,
શ્વાન સમાન આ જીવ છે, વહે શકટનો ભાર સા૦ ૨
સામગ્રી સો હરી તણી, ભોગવ સસાર,
મારૂ મારૂ કરિ રહ્યા, તેણે ખાયે છે માર સા૦ ૩
તન મન જેણે સોપિયુ, સદગુરૂજીને હાથ,
કહે પ્રીતમ તે પામિયા સ્વેપદનો સાથ. સા૦ ૪
દોહા—તજશે આપુ આપદા ભજશે પૂરણબ્રહ્મ,
એક પલકમા પ્રલે થશે કોટી જન્મના કર્મ ૧
સોરઠ—મહામહિને માયાતણો મર્મ જાણસે જેહ,
ભુલવણીમા ભમે નહી તરે ભવજળ તેહ. સા૦ ૧
બાજીગરનો બાળકો ગ્રહે હાથ ભુજગ,

ઓખદ બુટિને ઓળખે વિષ વ્યાપે ન અંગ સા૦ ૨
નામ અમિરસ જે પિયે તે તો અમર થાય
જન્મ મરણુની આપદા તેતો તત્ક્ષણ જાય સા૦ ૩
અજ ઉમયાપતિ અહીપતી જપે નિશદિન જેહ,
અનંત કોટિ ગ્રહી ઉધર્યા પ્રિતમ પ્રિછે તેહ સા૦ ૪

દોહા—સદગુરૂ શબ્દ વિચારતા, પ્રગટે જ્ઞાન પ્રકાશ,
રવી ઉગે રજનિ ટળે, હોય અવિદ્યા નાશ. ૧

સોરઠ—ફાગણ ફુલ્યો સોહામણો ફુલ્યો જુજવિ ભાત,
જોયાની રચના ઘણી, રંગ જુજવિ જાત સા૦ ૧
વિવિધ રંગની વાસના ઉઠે અનંત અપાર,
મન ભમરો ભોગી થયો રહ્યો વાસના મોઝાર સા૦ ૨
ઠોર ઠોર દ્રુમ ઢાકીયા આશા અમરવેલ,
નવપલ્લવ નાતમ સદા કોકીલા કરે કેલ સા૦ ૩
લિલા લલીત સોહામણિ શોભાનો નહિ પાર,
જન પ્રીતમ એવુ જોઇને રિઝયો રૂદાયા મોઝાર સા૦ ૪

દોહા—નિર્મલ નેણે નિરખતા દરસે નિજ દેદાર,
સાગરથી સહુ ઉપજે લેહેરી લેહ અપાર. ૧

સોરઠ—ચૈતરે ચિત્ત ચિદરૂપમા થઈ રહ્યુ તદલિન,
નિમિશ માત્ર ન્યારૂ નહી જેવુ જળમા મીન સા૦ ૧
ચૈતન સિંધુમા ઝીલતા થયુ શુદ્ધ શરીર,
સર્વેશ્વર સહુને વિષે જેમ મણકામા હિર સા૦ ૨
જેને આધારે સહુ રહ્યુ પિંડ ને બ્રહ્માંડ,
સચરાચર શોભી રહ્યો અવીનાશી અખંડ સા૦ ૩
બ્રહ્મ જથારથ ભાળતા ભાગી મનની ભ્રાંત
પ્રીતમ પ્રીછે પાધરૂ થાય સમજ્યે શાંત. સા૦ ૪

દોહા—સત ચિત આનંદ સર્વમા ભરી રહ્યો ભરપૂર,
દિન રજનિ રહે રંગમા વરસે નિર્મળ નુર ૧

સોરઠ—વૈશાખે જોતા વેદમા મહા વાયકનુ જ્ઞાન
તત્વ મસિ તે તુજ છે, અળગો નહી અન્ય સાભળ. ૧
જેમ વાયુને ખોળે વંટોળીયો એમ ઇશ્વરને જીવ
વસ્તુ વિચ્યારે એક છે સમસુત સદૈવ સાભળ. ૨

અરસપરસ રહે એકતા જેમ તરણીમાં તેજ,
ભિન્ન નહિ એમ બ્રહ્મથિ ઓળખે પદ એજ   સાંભ ૩
સરીતા સાગરમા રહે સાકરમાહિ મીઠાઈ,
પ્રીતમ પુષ્પમાં વાસના એવી ગુરૂગમ પાઇ.   સાભ. ૪
દોહા—પટતતુ ન્યારો નહિ, જેમ હાટકના હાર,
જડ ચૈતન જુગદીશમા, તેજ પુંજ એક તાર   ૧
સોરઠ—જેઠે જન્મ સુફલ થયો જાણ્યા શ્રી જુગદિશ,
અખિલ ભુવનનો આતમા ગુણમાયાનો ધિશ   સાભ. ૧
વિશ્વ વિચિત્ર છે જે વડે કરે રગ કલ્લોલ,
થભવિના થભાવિયુ બ્રહ્માડનુ ગોળ   સાભ, ૨
રમવાને બાજી રચી ધરિ નવ નવા રૂપ
અશે શોક સ્વભાવથિ થયો જીવ સ્વરૂપ   સાભ. ૩
વિષવૃત્તિને અતરે અવરાયો અનત
પ્રિતમ પોતાને વિસરી કરી પરમુ પ્રીત   સાભ. ૪
દોહા—અતરજામી આત્મા મિથ્યા માન્યો ગર્વ,
માયાને પડદે રહિ મોહ પમાડયુ સર્વ   ૧
સોરઠ—અષાઢ અમૃતતણો વરસ્યો વરસાત,
હરિ હરિ નવખંડ થઈરહ્યા સ્થાવર જગમ જાત   સાભ ૧
ચિત્ત ચાતૃક રગે ચઢે બોલે મન મોર,
જ્યા ત્યા ચૈતન્ય બ્રહ્મના ઉલટયા અકોર   સાભ ૨
સુખસાગર સેજે છલ્યો સરિતા પુરભરાર,
બ્રહ્મ નીરતર ભર્યો કોણ પામે પાર   સાભ.
માણે મછ મગર થઈ મરજીવા સત,
પ્રીતમ પળ ન્યારા નહિ રમીયા રસવત   સાભ
દોહા—મહા મુક્ત જાણે જુનને જે આપે અદ્વૈત,
આવુ લગી આકાશવત સ્વેપદ શબ્દાતિત   ૧
સોરઠ—શ્રાવણ સાધન શુ કરૂ સમરણ ને ધ્યાન,
અહકરતારે ઉઠી ગઈ થયુ સર્વ સમાન   સાભ ૧
પચકોશ પિડ હુ નહિ, નહિ અતસ્કરણ,
ઈદ્રિ અવસ્થા ઉરમી નહી, નહી વેશ ને વરણ   સાભ ૨
જીવ નહિ ઈશ્વર નહિ નહિ માયા ને માન,

ત્રિધા નહિ ત્રિગુણ નહિ, નહિ જ્ઞાતા ને જ્ઞાન   સાભ. ૩
સોહં પ્રકાશક સર્વનો સાક્ષાત્ શુદ્ધ સ્વરૂપ,
પ્રિતમ તે પરમાત્મા એ છે અકળ અરૂપ   સાભ ૪
દોહા—ચિન્હ ચરીત્ર જેને નહિ, સહુનો પ્રેરક સોય,
પ્રીતમ તેને પ્રીછતા આવાગમન ન હોય   ૧
સોરઠ—ભાદરવો એકરસ ભર્યો સચરાચર માહી,
પ્રલે સમે પાણીવિના દીસે નહિ કાંઇ   સાભ ૧
કોર કિનારો પાળી નહિ નહિ આવરણ આડ,
એક ચિદાનંદ જોઇને છળ વિદ્યા છાડ   સાભ ૨
સ્વતંતર અંતર નહિ બાહ્યાભ્યંતર બ્રહ્મ,
એમ જાણે ઉપાસના એ છે મોટો મર્મ   સાભ ૩
બ્રહ્મનિષ્ઠા પળ નવ ચળે અનિનતા એહ
પ્રિતમ પુરણ બ્રહ્મશુ જેને સાચો સનેહ   સાભ ૪
દોહા—દ્રષ્ટ પદાથ જેટલુ તેનો થયો અભાવ,
મન મળ્યુ તુર્યિા પદે તે શુ બન્યો બનાવ.   ૧
સોરઠ—આમોહ લીલા અખંડ છે નિરખી નિરધાર,
ઓઘ વળ્યા રે આનંદના સુખ સિંધુ અપાર,   સાભ ૧
ઇછા ટળી ઇંદ્રલોકની અજપદ ને કેલાશ
નહિ વૈકુંઠની વાસના ભાળ્યો બ્રહ્મવિલાસ   સાભ ૨
અધિકારીને આવશે સમજણની સાન,
મુક્ત થઇ સુખ માણશે મુકી દેહાભિમાન   સાભ ૩
સદ્ગુરૂની કિ્પાથકિ ઉપન્યો આનંદ,
પ્રીતમ તે પદ પામીયા જ્યા નહિ સુર્ય ને ચંદ્ર સાભ ૪
દોહા—જાણવુ હતુ તે જાણીયુ હવે નથી જાણવુ કાંઇ,
પોતે પોતામા ભળ્યો, જેમ પાણી પાણિમાહિ   ૧
સોરઠ—ઉત્તરખંડે આદર કર્યો રચિયા બારે માસ,
ખુટજમા પુરા કર્યા, આણી અંગ ઉલ્લાસ   સા૦ ૧
સોરઠ રાગ સોહામણો સુંદર છે શુભ સાર,
અક્ષર અક્ષર અતિઘણો અનુભવનો ભંડાર   સા૦ ૨
સંવત અઢાર આડત્રિસમા કીધો એહ વિચાર,
ચૈતર વદી તીથિ સપ્તમી ઉત્તમ છે ગુરૂવાર   સા૦ ૩

ગાય શિખેને સાભળે કરે રૂદિયે વિચાર,
કહે પ્રીતમ તે પામશે સશય નહી લગાર સા૦ ૪

પ્રિતમદાસના મહિના ૩

કારતકે કા ચેત્યો નહિ મુઢ ગમારરે આ અવસરમા,
જનમ ધરિ ન જાણ્યા જુગદાધારરે. આ અવસરમા ૧
શા માટે તેં ભુમિ ભારે માર્ગીરે આ અવસરમા,
અમુલખ હરી હીરો તુ બેઠો હારીરે આ અવસરમા ૨
દસ મસવાડા માતાને દુ ખ દિધુરે આ અવસરમા
જનમ ધરિને સાધન કાંઈ નવ કીધરે આ અવસરમા ૩
ગનોકે જેણે ગિરધરલાલ ન ગાયારે આ અવસરમા
કહે પ્રિતમ વસ્તીમા તે લુટાયારે આ અવસરમા ૪
માગશરે મહા દુ ખ વેઠિ કીધી મેહરરે આ અવસરમા
તે પ્રભુને તે શે ન સભાર્યા ઘેરરે આ અવસરમા ૧
જઠરામા તુને જતન કરિને રાખ્યારે આ અવસરમા
અચેત નર તારી શે ન ઉઘડી આખ્યોરે આ અવસરમા ૨
નેન નાસિકા શ્રવણ આગે શ્રીકારરે આ અવસરમા
મનુષા દેહનું મુળ નહિ બિચ્ધારરે આ અવસરમા ૩
ને પ્રભુનો તુ ગુણ ઓસીગણુ ન થયોરે આ અવસરમા
કહે પ્રીતમ તેનો જનમ અકારજ ગયોરે આ અવસરમા ૪
પોસે પામર પ્રાણી કાઇ ન પ્રીછે રે આ અવસરમા
હરીપદ મુકી માયા સુખને ઇછેરે આ અવસરમા ૧
કામ ધામને ધનને કાજ ધાયોરે આ અવસરમા
હરી નવ જાણ્યા પ્રથમ ખોટો પાયોરે આ અવસરમા ૨
તેમ તેમ તૃષ્ણા વાધી ગઇ વિપરીતરે આ અવસરમા.
ન કર્યો સતસગ રાખિ કુળની રીતરે આ અવસરમા ૩
સતસગત દુર્લભ છે હરિહર અજનેરે આ અવસરમા
પ્રીતમના સ્વામિને ભાવે ભજનોરે આ અવસરમા ૪
માહામહિને માયારસ ચાખ્યો મુઢ ગમારરે આ અવસરમા
ગર્વતજી નવ ગાયા અખીલાધારરે આ અવસરમા ૧
જેને હરી માર્ગનો મર્મ ન લાધ્યોરે આ અવસરમા.
તે પ્રાણીએ ફોગટ ફેરો ખાધોરે આ અવસરમા ૨

અપરાધી અહંકારે ઉંધું વાળ્યુરે આ અવસરમા,
હુંગીપ થઇને હાથે હારદ એળુરે આ અવસરમા, ૩
સદ્દગુરૂ સંગે સરવાળો ન સાધ્યોરે આ અવસરમા,
પ્રિતમ પોતાના મનને પરમોદોરે આ અવસરમા ૪
ફાગણ મહીને પુગ્યા નવરંગ ફાગરે આ અવસરમા
કોઇક લાભ કમાશે હરીના લાલરે આ અવસરમા ૧
સંસાર સોદો સમ તેને સામરે આ અવસરમા,
નીકર અંતે ઉગરવાની છારરે આ અવસરમા ૨
જે જેમ આવ્યું તે તેમ જાશે એ કોયરે આ અવસરમા,
કોઇક કમાશે કોઇકિ જાશે ખોઇરે આ અવસરમા ૩
હરીને ભજતા આવે ભવનો પારરે આ અવસરમા,
કહે પ્રીતમ એવું ઉર અંતરમા ધારરે આ અવસરમા ૪
ચૈતર ચંચળ ચપળ ચીત્તના ચાળારે આ અવસરમા,
રૂદીએ રાખો રામ રટણની માળારે આ અવસરમા ૧
કામ ક્રોધ મદ લોભની લેહેર ન લાગેરે આ અવસરમા,
જેનું મન પ્રોયુ પુરણ બ્રહ્મને ધાગેરે આ અવસરમા ૨
મુલ પ્રાણુવ ધુન્ય સનેહધરી સાંભળીએરે આ અવસરમા
અજન મરિને બ્રહ્માનંદમા ભળિયેર આ અવસરમા ૩
અખંડ સુરની સેજ સમાધિ લાગેરે આ અવસરમા,
પ્રીતમ પ્રભુને ભજતા ભવદુખ ભાગેરે આ અવસરમા ૪
વેશાખે તો વસમિ છે એની વાટરે આ અવસરમા
અધરી આટીઓડા ઓઘટ ઘાટરે આ અવસરમા ૧
કાચા પોચાનુ તો નથી ત્યા કામરે આ અવસરમા,
શુરાપુરાનો એ છે સંગ્રામરે આ અવસરમા, ૨
પુરા હોય તે પુરણ પદને પરસેરે આ અવસરમા,
મરજીવા થઇને બ્રહ્મરસે હરી હરસર આ અવસરમા ૩
દસે નાદના ગડગડિયા નીશાનરે આ અવસરમા
કહે પ્રિતમ પદ પામેછે નિરવાણરે આ અવસરમા ૪
જેઠે ઠેક ઠરી બેઠા ઠેકાણેરે આ અવસરમા,
જે જન જીવ ઇશ્વરના પરિચા જાણેરે આ અવસરમા ૧
દેહાનિત પણ હિંસના નેહધારીરે, આ અવસરમા,

ચઢી ન ઉતરે લાગિ બ્રહ્મ ખુમારીરે આ અવસરમા. ૨
તેને અવતરવાની શાની આશરે આ અવસરમાં
સાક્ષાતરૂપિ સઘળે તેનો વ્યાપરે આ અવસરમા ૩
સહુના પ્રેરક સહુના મનની જાણેરે આ અવસરમા
કહે પ્રિતમ ત્યા ઉપમા કેહેની આણેરે આ અવસરમા ૪
અશાડમાસે પુનરપિ નાવે તેહરે આ અવસરમા
જેને નિરખે નાગરણશુ સ્નેહરે આ અવસરમા ૧
રવિના કીરણ નિરખી તેહુનિ કાયરે આ અવસરમા
દેહદમનના દુખડા ફરિ ન થાયરે આ અવસરમા ૨
ગતિ કરે તે સાતદિગ નવખડરે આ અવસરમા,
લોક ચતુરદસ એકવિશમો બ્રહ્માંડરે આ અવસરમા ૩
જળ સ્થળ જગમ સઘળે તેનો વ્યાપરે આ અવસરમા,
કહે પ્રીતમ એ કરતા હરતા આપરે આ અવસરમા. ૪
શ્રાવણ શ્રવણ મનન નીદિધ્યાસન કરીયેરે આ અવસરમા,
બાકી સરવે પ્રપચને પરહરિયેરે આ અવસરમા ૧
સતસંગ કરતા તરિએ ભવ સસારરે આ અવસરમા
વીષ ન વ્યાપે શાપ કોટિક પાપરે આ અવસરમા ૨
હરીકથા કીરતન કળજુગમા કરિયેરે આ અવસરમા
ધીરા રહીને ધ્યાન ધારણા ધરિયેરે આ અવસરમા ૩
જોગ જુગતીએ સદા સ્મરણમા રહીએરે આ અવસરમા
પ્રિતમ પ્રભુને ભજતા પાવન થઇયેરે આ અવસરમા ૪
ભાદરવે ભરપુર હરિન ભાળોરે આ અવસરમા,
હું મારૂ અહંકાર રૂદથી ટાળોરે આ અવસરમા ૧
તૃણ માત્ર તો હરિવિના નવ ભાળરે આ અવસરમા.
કિડી કુંજર ચૈતનતાએ ચાલેરે આ અવસરમા ૨
કિટ ઇંદ્ર તો આતમ દ્રષ્ટે એકરે આ અવસરમા
ગુરૂગમ જોઇએ જ્ઞાન વિવેકરે આ અવસરમા. ૩
ગુરૂ ગોવિદના ઘરની જાન ખમરે આ અવસરમા
કહે પ્રીતમ એ છે જેમનુ તેમરે આ અવસરમા ૪
આશોહુગ બ્રહ્મ ભજો રૂદીયા મોજારરે આ અવસરમા,
છઠે અજપા ખટ એકવિસ હજારરે આ અવસરમા. ૧

તે ઉપર છે અખંડ બ્રહ્મનો ખેલરે આ અવસરમા,
ૐકારમાહિ થઇરહિ રગનિ રેલરે આ અવસરમા. ૨
કોઇક જાણે રમીયા તે રસ પીવારે આ અવસરમા,
જેમ ડુબકી મારે દરિયામા મરજીવારે આ અવસરમા ૩
દિન દિન પ્રત્યે ચઢે ચોગણો રગરે આ અવસરમા,
કહે પ્રિતમ કરો સતગુરૂ સતનો સગરે આ અવસરમા. ૪

મહિના ૪

શામળીયો ના આવ્યા કે મેયર શુ થયુ
મોહનજીએ માયા ઉતારી મન જો
આવ્યાની આશા રે અમને છે ઘણી
વાટડી જોતા વીત્યા કે કઈ દન જો શા૦ ટેક.
માસ અસાડો આવ્યો નાવ્યા નાથજી
કઠણ થયા કઈ નટવર નદ કુમાર જો
કુણ ભાગ્ય કહીએ મધુપુર ભામની
કુબજાએ સાચ દીસે પુજી ગોરજો શામળીયો ૧
શ્રાવણની શોભા સૌથી છે ભલી
હરિની લીલા હીંડોળા કહવાયજો
જસોદાનદન વદન સો સુરલોકનુ
જોતા જુવતી જનમ વધાઇ ગાયજો શામળીયો ૨
ભાદરવે આવો તો ભાવ ભેટીએ
ऋषी પચમી વરાહજી અવતારજો
રાધાઅષ્ટમી ઉત્તમ વામનદ્વાદશી
આનદ ઉત્સવ મગળ સુખડુ સારજો શામળીયો ૩
આસોનો આનદ ન જાયે વર્ણવ્યો
દીપ ઓચ્છવ શરદ રાણીની રાસજો
એ સુખડુ સભારી દુખડુ ઉપજે,
સુખડુ જોવા મનમા મોટી આશજો શામળીયો ૪
કાર્તકનુ વ્રત કરતી નાર કુવારકા
અરૂણ ઉદે જઈ જળમા કરતી સ્નનજો
દોષ નિવારણ કીધો દેવ મોરારીએ
વસ્ત્રહરણ કરી આપ્યા છે વરદાનજો શામળીયો. ૫

માગસરનો મહિમારે મોટો છે ઘણો,
વિભૂતિવરનવ કીધું ત્રીભુવન ભૂપજો.
ઉદ્ધવ અર્જુન પ્રત્યે પ્રભુએ એમ ભાખીયુ,
બાર માસમા માગસર મારૂ સ્વરૂપજો શામળીયો. ૬
પોશ માસમા ભાવે ભોજન કરાવીએ,
ઉર અતરમા અમને એ અભિલાખજો,
મનગમના લાવુંરે મેવા મીઠડા,
પ્રેમે રચીએ પેર પેરના પાકજો શામળીયો. ૭
મહા મહિનો આવ્યોરે મોહનલાલજી,
વસતપચમી જનમ રમાનો જાણજો,
વૈષ્ણવ જનને ઘર ઘર વ્હાલ વધામણા,
મગળમૂળ મહારસ કેરી ખાણજો શામળીયો ૮
ફાગણને આવ્યોરે કેસુ ફુલીયા
ફૂલડોળનો સુદર પ્રેમ સોહાગજો
કેસરને કેસુના કીજે છાટણા
શામળીયાના સગે રમીએ ફાગજો શામળીયો. ૯
ચૈતરની ચતરાઈ શકે કોણ વરણવી,
રામ જનમ જશ જીવ ચરાચર ગાયજો,
ભક્ત તણા ભય ભજન પ્રભુજી પધારીયા,
નામ ઉચ્ચારણ કરતા નિર્ભે થયજો શામળીયો ૧૦
વૈશાખે પ્રલ્હાદની પીડા ટાળવા,
થભ થકી હરી ધરીયુ નૃસિહ રૂપજો,
દાસ તણા દુખડારે પ્રભુજી ટાળવા,
હાથે હણીયો હિરણ્યકશ્યપુ ભૂપજો શામળીયો ૧૧
જેઠ માસે મચ્છારૂપ તણી જળ જાતરા,
ચદનનો વાઘો ના કીધો ત્યાગજો
ત્રીતમના સ્વામીરે ભાવે ભેટીયા,
ભામનીઓના કહીએ મહા બડભાગ્યજો,
શામળીઓ આવ્યારે આનદ ઉપન્યો. ૧૨

મહિના ૫

સખી આવ્યો અસાડો માસરે, અતિ ગાજે ગગન આકાશરે,

મારો પ્રાણ પ્રભુજી પાસ, સાહેલી શામળીયો શે ન આવ્યારે.
સખી શ્રાવણ સરવડે વરસેરે, સોળ શણગાર ધરતી દરશેરે,
બપૈયા પીઉ પીઉ કરશે, સાહેલી
આવ્યો ભાદરવો ભર ગાજેરે બહુ વાજા ગગનમા વાજેરે;
દીનાનાથ વિના તન દાઝે, સાહેલી
આવ્યો આસો ચદ્ર અજવાળીરે ગરબે મોહે કનકની જાળીરે,
ગાય ગોપી વચ્ચે વનમાળી સાહેલી
આવ્યો કારતક કુજ વિહારીરે, ઘનશ્યામ પીતામર ધારીરે
તમને ઇચ્છે છે અબળા નારી, સાહેલી
આવ્યો માગશર મન અકળાયરે, તન વાલા વિના સુકાયરે,
જોબનીયુ તો એળે જાય સાહેલી
પોષે ઘર આવો ગીરધારી તારી વાટ જુએ વ્રજનારીરે,
હવે પૂરોને આશ અમારી સાહેલી
મહા મહીને હીમાળો હાલ્યો રે સૂની સેજે શિયાળો સાલ્યોરે;
મોહે રાખ્યો રહે નહી ઝાલ્યો સાહેલી
ફુલ્યો ફાગણ શોભા સારીરે, શણગાર સજે સો નારીરે,
ગીત ગાય વસત વિહારી સાહેલી
આવ્યો ચેતર ચદન લીજેરે, અલબેલાને અરચા કીજેરે,
દયા આણીને દરશન દીજે સાહેલી
વૈશાખે આવો વનમાળીરે, મારી આશા ડમરની ડાળીરે,
કોયલ બોલે છે કઠ રસાળી સાહેલી
જેઠે ઘેર આવો જદુવીરરે, સો નદીએ ખુટયા નીરરે,
મન રાખી રહે નહી ધીર સાહેલી
સસારમા સાર કમાયારે, જેણે મગન થઈ જશ ગાયારે,
કહે પ્રીતમ માયાથી મૂકાયા, સાહેલી શામળીયો શે આવ્યા.

અથ પ્રીતમની તિથીયો.

આમા વસ્તુ અનોપછે, જાણે વિરલા જન કોય,
ભવવિષેરે ભટકે નહિ જેને ગુરૂગમ હોય,
સતસગ કિજેરે સ્નેહશુ.

પડવાની આ સહુ સૃષ્ટિ છે, માટે હરિને તુ જાણ્ય,
જે જન હરિને ભજ્યા નહિ, વાઝપયોધર જાણ્ય સ૦ ૨
બિજે શુ મોહ્યો બાપડા, મિથ્યા માયા વહેવાર,
તે દેખી રખે રીઝતો, સુપના સરખો સસાર
ત્રિજે સદગુરૂના શબ્દથી, ભવજળ પેલેરે પાર,
આવો દાવ આવે નહિ, મોઘો મનુષાવતાર સ૦ ૪
ચોથા પદનીરે સજ્ઞા, સદ્ગુરૂ શબ્દે સમઝાય,
જનમ મરણાનરે આપદા તેતો તતક્ષણરે જાય સ૦ ૫
પચમ સાર શિરોમણી જેણે જાણ્યા જાુગદીશ,
સર્વ સરાહેરે તેહને વદે વિભુ અજ ઈશ સ૦ ૬
છઠે સમજ્યો નહિ નિજ આત્મા કિધો અવર ઉપાવ,
બિજ બોયા બબોલના અબફલ કયાથીરે થાય સ૦ ૭
સાતમી ભોમીકા જ્ઞાનની સદગુરૂ સેહેજે ચડાય,
સશે શોક ભવ સોચના સર્વસ ભુલીરે જાય સ૦ ૮
આઠે અગરે જોગના સાધન કઠણુ કહેવાય,
સદગુરૂ કેરારે શબ્દથી સેહેજે સુલભ થાય સ૦ ૯
નવપલ્લવ દેહ દ્રુમમા પક્ષિ બેઠા છે બેય,
કોય કોયને દેખે નહિ આપ આપણા રગમા રેય. સ૦ ૧૦
દશ દલ પુષ્પની પાખડી મધુકર બેઠો છે માય,
સુખનો ભોગી ભાવે થયો જોખમ જાણ્યુ નહિ કાઇ સ૦ ૧૧
એકદશામા તુ આવીને સદગુરૂ ભક્તિરે માણ્ય.
શિવ વિરચીને સારદા જાચે જોડી કર પાણ્ય. સ૦ ૧૨
દ્વાદશસ્કધમા જે કહ્યુ શ્રીસુખ શુકજીની વાણ્ય,
તેને તપાશી તુ દેખજે ઉઘડે અનુભવ નિર્વાણ્ય. સ૦ ૧૩
તે રસ પિતા કઈ તરિ ગયા ઉધર્યા અનત ક્રોડ,
સદગુરૂ હરિનિ ઉપાસના બિજા બધન ત્રોડ, સ૦ ૧૪
ચૌદ ભવનમા તુ ચીનજે કરજે તત્વવિચાર,
પરપચ મુકે તું પરહરિ સમજે સારમા સાર સ૦ ૧૫
પૂર્વ પુન્યે તુ પામિયો સદગુરૂ કેરોરે સગ,
પ્રીતમ પ્રેમે પાવન થયો ઉદે લાગ્યો હરિ રગ. સ૦ ૧૬

અથ બીજી તિથિયો

ચ્પડવાનો પ્રથમ જાણિને, ભજ ભાવે સારંગ પાણિને,
શુ બેઠો આળસ આણિને, અજ્ઞાની અચેત,
આજ કાલ કરતામા અવસર વિત્યો, કર ટગિશુ હેત,
મનમા મરણુથકિ મુર્ખ નથી બીતો ૧
બીજે મન બાંધ્યુ છે તારૂ, સમજ્યો નહી નરનુ સાર,
જેમ ઓ મણુ તેલે અંધાર, અજ્ઞાનિ ૨
નરિ જાના વાર કશી તારે, તુ ફરિ ફરિ આવ્યો આ આરે,
તુ જીતિ બાજી કા હારે અજ્ઞાનિ ૩
ચોથો દેહુ ચેતન તુરિયાનો નહીં પાર જડે હરિ દયાનો
રખે ગર્વ કરે ગુણકિયાનો અજ્ઞાનિ ૪
પંચતત્વમઝી આ પિંડરચ્યો, નખ શિખ સુધિમળમુત્ર પચ્યો,
હરિ વિસારી માયામા મચ્યો અજ્ઞાનિ ૫
ષટવિકાર છેદીને નાખે, તુ જોજ અનુભવનિ આંખ
એક રામ રટણ રૂદિયે રાખે અજ્ઞાનિ ૬
સ્વાત આવે તો તુ સમઝેરે, રખે અમૃત તજીને પિયે ઝેર
ચિત નેણ વેણ તુ રાખ્ય ઠેર અજ્ઞાન, ૭
અષ્ટાંગ જોગ જે સાધે છે, તોયે ક્રોધ વિરોધ મન વાધે છે
ભવ તરવા હરિને આરાધે છે અજ્ઞાનિ ૮
નવધામા એકે આચરશે, સંસાર સાગર સેહેજે તરશે,
તો ગર્ભવાસ શાને ફરશે અજ્ઞાનિ ૯
દશલક્ષણ દાસ્તણુ ધરશે ગુરૂ ઇશ્વરનિ ભક્તિ કરશે,
ચઢયો યોગરંગ ક્યમ ઉતરશે, અજ્ઞાનિ ૧૦
એકદશા અખિલોકન કરજે, કાઇ હરિવચન ચિત્તમા ધરજે,
પરમારથ પથે પરવરજે અજ્ઞાનિ ૧૧
દ્વાદશ અક્ષર ધ્રુવ જાપ જપ્યો, તે અચળ થઇ આકાશ તપ્યો
હરિગુણ ગાયા તે કુણ છપ્યો અજ્ઞાનિ ૧૨
તેરશનુ તત્વ જડયુ જેને, બ્રહ્માનંદ બ્રહ્માંડ થયુ તેને,
ને રાગ દ્વેષ કરશે કેને અજ્ઞાનિ ૧૩
જુવો ચૌદલોક સચરાચરમા, વ્યાપિક બ્રહ્મ નારી નરમા,
તરૂ ફળમાહિ ફળ તરૂવરમા, અજ્ઞાનિ. ૧૪

ગુરૂપદ પામ્યા તે સાચુ, એના કર્તવ્યમાં ન મળે કાચું;
કહે પ્રિતમ પ્રેમ ભક્તિ જાચુ અજ્ઞાનિ ૧૫

તિથિ ત્રીજી

પડવે એ પિંડ છે કાચોરે, પરમારથ પ્રિછો,
હરિગુરૂ સતની સંગેરે આતમ લાભ ઇછો ૧
બિજે બિજી વાતોરે, સહુ મનથી મેલો;
ચિતમા ચેતિ ચાલોરે, આ અવસર છે છેલો. ૨
ત્રિજે ત્રણ ગુણુનિરે, આવિછે આટિ
આગળ છે મહા અંચગીરે માયાનિ ઘાટિ ૩
ચોથે ચાર દિનનોરે, દુનિયાનો લટકો
તે સુખને સત્ય માનિરે, કાં ભવમા ભટકો ૪
પાચમે પંચવિષેનું'રે પરીબળ છે મોટુ,
શુદ્ધ વિચારે વરતોરે, ખેલો મા ખોટુ ૫
છઠે છકયો ખટરમમારે, શઠ સમજ્યો નહી કાંઈ,
આઠ પોહોરે એમ ઝીલેરે માયા જળમાંઇ ૬
સતમે સુરત નુરતસુરે, સાપવસ ખેલો,
મન ઇંદ્રિનિ માથારે, સહુ મનથી મેલો ૭
આઠમે અખંડ વર વરિયેરે, ફરિયે નહી ફેરા,
ધ્યાન હરિનુ ધરિયેરે, ટળે તાપ અનેરા ૮
નોમે નથિ હરિ અળગારે, જુવો ગુરૂગમ જડશે,
અંતરમા અનુભવનિરે આંખ્યે ઉઘડશે ૯
દશમે દશા પરવરિયેરે, વિહંગમ વાટે
ગગન મંડલ ઘર કરિયેરે મહા સુખછે માટે ૧૦
એકદશામા આવોરે, અમૃતરસ પિવા,
તિમર ટળિ જાય તારારે, પ્રગટે બહુ દિવા ૧૧
દ્વાદશ આગુલ દરશેરે, પરશે કોય પુરા,
અણિ અગરપર ખેલેરે, સાચા સંત સુરા ૧૨
તેરશે તાર ન તુટેરે, લાગી તેસુ તાળી,
ભલા ભલા મહા મુનીવરરે, રહ્યા ભાવે ભાળી ૧૩

ચૌદશે એક ચરાચરરે, અખંડ અવિનાશી,
બાહ્યાભિતર ભરિયારે, જુવો તનયા તપાશી ૧૪
પુનમે પરમાત્મારે. પુરણ કરી પેખો;
એમ વસે હરિ સહુમારે, હસ્તામલ દેખો. ૧૫
પંદર તથ્યો થઈ પુરિરે, સિખે જો ગાય,
કહે પ્રીતમ તેના પિંડમારે, પ્રભુ પ્રગટ થાય ૧૬

તિથિઓ ૪.

હરિ સ્મરણ નિશદીન કીજે, પ્રેમસુધા પ્રેમે પીજે
તનમન સદ્ગુરૂને દીજે   હરિ સ્મરણ નીશદીન કીજે ટેક.
પડવે પડવાની કાયા, ડાહાપણુ નહિ ચાલે ડાહ્યા,
મૂકી દેને મનતણી માયા હરી ૧
બીજે ગુ બેઠા હારી, ભક્તિ ભેદ ઘણો ભારી,
સદ્ગુરૂની સમજણુ ન્યારી હરી ૨
ત્રીજે કોઇ નથી તારૂ, મુરખ માન કહ્યુ મારૂ,
સ્વાર્થથી સર્વે લાગે સારૂ હરી ૩
ચોથે ચતુરપણુ તેનુ, મન મોહ પામે નહી જેનુ,
રહે નિત્ય હરી રંગમા ભીનુ હરી ૪
પાચમે પ્રીછોને પ્રાણી દેહ માયા જુઠી જાણી,
સાચી પ્રીત હરી સાથે આણી હરી ૫
છઠે છે નોકા હરીનામ, જે બેસે તે પામે નીજધામ,
નારદ વેદ કરે ગુણગ્રામ હરી ૬
સાતમે સેતાનની વાણી, હરીથી વિમુખ હોય જે પ્રાણી,
તેનો ભાર સહુ છુ દુખ આણી હરી ૭
આઠમે આજ બોલ્યા એવુ, સનકાદિક સમજી લેવુ,
ભજનવિના ક્ષણુએ નવ રહેવુ, હરી ૮
નુમે રવિનદન ભાખે, જે બહાનુ હરિનુ રાખે,
તેનું ઘર જમદૂત નવ ઝાખે હરી ૯
દશમે દાખે ત્રિપુરારી, સૂણુ ઉમીયા આનદકારી,
સંત ચરણુ રજ મને પ્યારી હરી ૧૦
એકાદશે એમ કહે અવીનાશ, સૂણુ ઉદ્ધવ આણી ઉલ્લાસ,
મુજને વાલા છે નીજ દાસ હરી. ૧૧

દ્વાદશી દેવહુતી પ્રત્યે જ્ઞાન, એમ કહે કપીલદેવ ભગવાન,
નહી કોઇ વહાલું સત સમાન હરી ૧૨
તેરશે તત્વ કહુ તુજને, ગંગા ઇચ્છે પદ રજને,
તેને તુ ભાવ કરી ભજને હરી. ૧૩
ચતુર્દશી લોક તણો સ્વામી, ભક્તવત્સળ અંતરજામી
બહુ તન ગુણ બહુ નામી. હરી. ૧૪
પુનમે પ્રભુના ગુણ ગ્રેહેસે, રસનાએ કૃષ્ણ કૃષ્ણ કહેશે,
પદ્મમના પત્ર પેરે રહેશે હરી. ૧૫
કહે પ્રીતમ પૂરણ પ્રીતે, નીશદીન નામ જપો નીતે,
સત્સંગ કીજે શુદ્ધ ચીતે, હરિ સ્મરણ નીશદીન કીજે ૧૬

આઠ વાર.

આદ્ય અંત પ્રીત અંકોરેરે, અનુભવી ગુરૂ ભેટે
હૃદય સંશય ગ્રંથીરે, છેદીને કરે છેટે
સોમ સુર એક થાયરે શુદ્ધ બુદ્ધ પ્રકાશે,
તેજ પુંજ સૌ તેનેરે, બ્રહ્માનંદ ભાસે
મંગળ પદમા ઝીલેરે, મરજીવા જોગી
આકાશાંતત અણુલગીરે, બ્રહ્મરસના ભોગી
બુધે બુદ્ધિ તેની ઝીલેરે, શબ્દતીત સાથે,
બીજ જથારથ ભાસેરે, ભૂલે નહી ભાતે
બ્રહસ્પતે બ્રહ્મવિદ્ ગુરૂનોરે, જેને રંગ લાગ્યો,
જીવ ઇશ્વર કેરોરે, તેનો સંશય ભાગ્યો,
શુક્રે સકળ ઘટ છાયોરે, બોલે બહુ નામી,
આણુને ત્રીસમે ભાગેરે, રમે અંતરજામી
સુણી સાખ સૌ સંતનીરે, અનંતની આશે
પોતે પોતાનું પ્રીછોરે, જુવો તત્વ તપાસે
સૌ મળીને ચોવીશરે, પચ્ચીશમી માયા,
છવ્વીશમા પરમાત્મારે, અક્ષરાતીત રાયા.
હરી ગુરૂ સંત પ્રસાદેરે, ટથી ચિત્તની ચોરી,
પ્રીતમને મન આનંદરે, હરીને હાથ દોરી

પદ ૧ રાગ ગરબી.

દેહ મનુષ્ય ધરી, હરી ન જાણ્યા તેણે સર્વસ ખોયું,
મારા વાલાજી મહામણિ મુકીને પત્થરમા ચિત્ત પ્રોયુ ૧
જેણે જાળવિયો જઠરા માહિ, તેને સભાર્યો સ્વપ્ને નાહિ;
લપટને લાજ લગાર નહિ દેહ મનુષ્ય. ૨
તે હાથે કામ કુડા કિધા, તે અમૃત મેલિને વિખ પિધા;
તે મિથ્યા માતને દુખ દિધા દેહ ૩
તેં જગતપતિને નવ જોયો, તજી કલ્પવૃક્ષ બાવળ બોયો;
તે ઉત્તમ જનમ એળે ખોયો દેહ ૪
તેનિ દેહ અશુદ્ધ વાણિ, તે પ્રિત પ્રભુસુ નવ આણિ,
તે અધમ જાત પામર પ્રાણિ દેહ ૫
તેને કૃતઘ્નિ સરખો કહિયે, તેની સગતે તે સરખા થૈયે,
કહે પ્રિતમ તેથી અળગા રહિયે, દેહ મનુષ ધરી હરી ૬

પદ ૨

હરિ ભજન વિના, દુખ દરિયા સસારનો પાર ન આવે,
જડબુદ્ધિ જીવ, સતવિના સુધો મારગ કોણ બતાવે ૧
તે અનેક વાર અવતાર ધર્યો, બહુ કર્મ તણા કોઠાર ભર્યા;
અઘ ઓઘ તણા અબાર કર્યા હરિ ૨
તુ ઝાડ પહાડ જડ રૂપ થયો, તે સિત ઉષ્ણ સિર તાપ સહ્યો
તારો કલેશ કોણે નવ જાય કહ્યો હરિ ૩
ફર્યો ચાર ખણ લક્ષ ચોરાશી, થયો જળચર સ્થળચર ગર્ભવાસી
માયા બધન થકિ ન શકયો નાશિ હરિ ૪
પામ્યો મનુષ્ય દેહ તેમા નમણા, ધન ધામ પુત્ર પરિવ ર ઘણા;
હવે ગાઈ લે ગુણ ગોવિદ તણા હરિ ૫
કહે પ્રિતમ ચેતિ લે પ્રાણ, જેવુ જનમ મરણનુ દુખ જાણિ,
શુ સુતો છે આળસ આણિ હરિ ૬

પદ ૩

મન વાણિડા, લટકે લાભ, કમાજે અવસર જાણિ,
શુ સુઇ રહ્યો, અચેન અગે અતિશે આળસ આણિ,
તન ત્રાજવા દીલ કર ડાંડી, બેશ ચિત્ત ચાટે પેઢિ માડી;
રખે ધ્યાનદ્રષ્ટિ કરતો આડી મન ૨

તજ કુડા કાટલા અશુભ કર્મ, રાખ સત્ય વચન વિશ્વાસ ધર્મ
તેણે રાજી રેહેશે પુરણબ્રહ્મ મન ૩
તું વોહોર વસાણુ સૌ સારૂ, તેણે વણસે નહી કારજ તારૂ,
હૈયે હીમત રાખ હવે નહી હારે મન ૪
લે લેખણ લક્ષ્મીવર હાથે, સુધો રહે રામળીયા સાથે,
તારે દોષ નહિ આવે માથે મન ૫
કર નાસુ લેખુ સૌ ચોખુ, તારી કાયાનું કાચુ ખોખુ
તુ ઓછુ અદકુ શિદ જોખુ મન ૬
ખોટિ વાણિયાણિ તારા ઘરમા, કરે કુડા કબાડા બહુ કરમ·
લેઇ સોમલ ભેળે સાકરમા મન ૭
કર પરમારથ કઇ પાપ બળે, તારૂ લખચોરાશીનુ લગડુ ટળે;
કહે પ્રિતમ તારૂ સાચ ફળે મન ૮

પદ ૪

હરિ ભજન થકી, છોટા હોય તે સૌથી મોટા થાય.
તન તાપ ટળે, જનમ મરણના સંકટ સરવે જાય ૧
જુવો દાસિ સુતથિ શુ હિણપણું, જેનુ પુન્ય પવિત્ર ચરિત્ર ઘણું;
થયા નારદ મન ગોવિંદતણુ હરિ ૨
જુઓ શુકદેવજીનુ મૂળ સોધિ, હતા પશુજાતિ સુડિયો લોભી,
થયા આપે ઇશ્વર અક્રોધી હરિ ૩
જુઓ વાલમિકજીની વાત ખરી, જેણે દરભ શલાભ દેહધરી,
તેણે સતકોટિ રામાયણ કરી હરિ ૪
જુવો માડવની મેડકિ માતા, જુઓ વસિષ્ઠ વેશા વિખ્યાતા,
જુવો ચતુરાનન પંકજ જાતા હરિ. ૫
જુએ અગસ્ત કુંભથી પ્રગટ થયા, અંજલિમા સાગર શોસિગયા;
તેતો વિશ્વમા વિખ્યાત થયા. હરિ ૬
જુઓ એકલશૃંગી હરણિના, જુઓ વ્યાસ મુનિ વણપરણીના,
જુઓ સુત પુરાણી કુણ કરણીના હરિ ૭
જેમ મધ્યમ જળ ગંગામા ભળે, તે ગંગા સરખુ થઇને પળે;
જેમ પારસ ગરશે લોહ ટળે હરિ ૮
એમ જાત ભાત સહુની જાણિ, હરિ ભજે તે હરિ સરખા પ્રાણિ;
કહે પ્રિતમ ઓળખો એંધાણિ હરિ ૯

પદ ૫

મન માને નહી, સો ફેરા સમજાવુ તોય શુ થાય,
ખળ કઠણુ કઠેર, ચચળ ચોર ચપલ ચિત ચોદસ ધાય ૧
મન ભુતતણી પેરે ભમતુ, ચાલે માયાની સાથે રમતુ
એને હરી ભજવાનું નથી ગમતુ. મન ૨
મન નિર્લજને લજ્યા ન મળે, પીળુ ભાળે પોતાને કમળે,
લઇ નાખે માયાને વમળે મન ૩
જેમ કુકર માથે માર પડે, તોય આવિ ઉભુ દ્વાર અડે
ફળ દેખીને મરકટ ઝાડ ચડે મન ૪
જે જમ કિંકરનુ દુખ જાણે, તો મિથ્યા સુખને સિદ માણે,
ગયો અવસર ઉરમા નવ આણે મન ૫
કહે પ્રીતમ પચ્પચ પરહરતા, શુધ ભાવે હરીનુ સ્મરણ કરતા,
કાંઇ વાર નહી ભવજળ તરતા મન ૬

પદ ૬

તન રેંટિડો સદગુરૂ શબ્દે સુતર ફરવા લાગ્યો,
થઇ મેહેર ઘણી ગુરૂ દયાળે દીલનો ધોખો ભાગ્યો ૧
શુભ કરમ કાષ્ટ રેંટીયો કીધો, તેતો સુઘડ સુતારે ઘડી દીધો
બુધ માનુનિએ માગિ લીધો તન ૨
પચરંગી પાંખડ્યુ આરા, થાંભલીયુ તોરણીયા સારા
ચિત ચપળ ચમરખે રંગ ન્યારા તન ૩
અંતસ્કર્ણ ઉઢાણિ પ્રોયે, એને અંન ઉદક ઉજણુ જોઇયે,
દશ દામણિયો સુંદર સોહીએ તન ૪
તે મધ્ય ચૈતન્ય માળ ફરે, પરા પાર પુણિ પ્રાણ ધરે,
ત્રિવેણી ત્રાકે તાર ભરે તન ૫
મન માકડિ ચોકસ કરીયે, ઘર મુકી પરઘેર નવ ફરીયે,
એક ધ્યાન ધણી કેરૂ ધરીયે તન ૬
ગુણવંતિ નાર કમાય ઘણુ, જેને બળ હોય હરિગુરૂ સંતતણુ
તેને સેહેજે આવે શીળપણુ તન ૭
કહે પ્રીતમ પ્રગટે પુરણદશા, રસીયોજી આવી રૂદિયામા વસ્યા;
તેના જનમ મરણ દુખ દુર ખસ્યા તન ૮

પદ ૭

અજ્ઞાની જીવ, સંગ કરે સાચો પણ રંગ ચડે નહિ,
એમ દમે શરીર, હરિ મળવાને મારગ તોય જડે નહિ ૧
એક પથર પાણી નવ પરસે, તેને ટાંકે તો અગ્નિ વરસે,
એવા સાકુટને હરિ કેમ દરસે અજ્ઞાની૦ ૨
સાકુટને સંગત કેમ ગમશે, ઉંધે ઘડે તે ઉધક કેમ ભરશે,
એમ પાત્ર વિના રસ કેમ ઠરશે અજ્ઞા૦ ૩
જેમ પુષ્પ પાંદડા આસપાસ, તેમાં કો કોને નવ લાગે બાસ
એમ ભગત જગત બારે માસ અજ્ઞા૦ ૪
એક મેંડક પંકજ પાસ રહે તે કમળતણિ વાસ કાંઇ નવ લહે
વાસ કમળતણી તે ભમર લહે અજ્ઞા૦ ૫
તરૂ ચંદનથી ચંદન જેવાં, બિજા વાસ એરેંડ રહ્યા તેવા,
તેને નહી કાંઇ લેવા દેવા અજ્ઞા૦ ૬
તું વેદપુરાણ ઘણુસાભળે, તારા મનની દુગ્ધા કાંઇ ન ટળે
સાચા રંગ વિના હરી નહી મળે અજ્ઞા૦ ૭
જેમ થાકયા ફેરા ફરી ફરી, થયા કાયર મેહેનત કરી કરી
તુ ન થાકયો દેહ વરી ધરી અજ્ઞા૦ ૮
કહે પ્રીતમ સમજે સુખ થાશે, તારૂં જનમ મરણનુ દુઃખ જાશે
આગળની પ્રીતે ઓળખાશે અજ્ઞા ૯

પદ ૮

તજ દેહાભિમાન, મિથ્યા સુખ સારૂં શું ફોગટ ફુલે
સત્ય વચન વિચાર, વાર વાર સંસાર વિષે શું ભુલે, ટેક ૧
આ કાયાનો કાચો પાયો, તે દેખીને શુ લોભાયો,
રવિનંદન ફિલમા છે ડાહ્યો તજ દેહા ૨
તારી જમ કિંકર હણશે છાતી,ત્યારે કયાં જાશેતારી કુળનાતિ,
જઈ ભોગવશો પશુની જાતી તજ દેહા ૩
દુખ અસિપત્રિ દીઠા નથી, પંચમ સ્કંધમાં કહ્યા કથી,
કહે પ્રિતમ કાંઇક સાધન કરજે, હરિ ગુરૂ નામ હૃદે ધરજે,
નામ નાવ ચઢિ ભવસિંધુ તરજે તજ દેહા ૫

પદ ૯

ા જીવડલા, જન્મ ધરીને ન લહ્યું હરિનું રૂપ,

શું બાહેર ભમે, ભીંતર જોનો તારૂ બ્રહ્મસ્વપ ટેક.
તું ક્યાથી આવ્યો ને ક્યા જાવુ, તને માયા ચેટક ક્યાથી હવું,
નિજ નામ જપીને નિર્ભે થયુ હો જી. ૧
તું શું કરવાને આવ્યોતો, તુને કોણે અહી બોલાવ્યોતો,
શુ લઇ જાવુ ને શુ લાવ્યોતો હો જી. ૨
તને શે સુખે ભોજન ભાવે છે, તને નિદ્રા તે કેમ આવે છે;
શિર નોબત કાળ બજાવે છે હો જી ૩
આ કાયા કાગનો ચારો છે, બહુનામી બોલણહારો છે,
સુખ દુખથિ નિર્ગુણ ન્યારો છે હો જી ૫
જે બોલે તેને શોધજે, ગુરૂજ્ઞાન બુદ્ધિએ ધાગજે,
હરિ હીરે હિરો વીધજે હો જી ૫
તુરિયા તે તારૂ રૂપ છે, ભજશે તે બ્રહ્મસ્વરૂપ છે
અવિનાશિ અકળ અરૂપ છે હો જી ૬
કહે પ્રીતમ પુરણાનંદ છે, ઘટ ઘટ રમિયો ગોવિંદ છે,
ન સમજે તેની મતિ મંદ છે હો જી ૭

પદ ૧૦

નર ગફૂલ ગુમર, ગદ્દી દેહનો ગર્વ કરે શુ થાય,
નહિ વિલબ લગાર, વાત કરતા કાયા વણશિ જાય ૧
તુ અંશ હતો ઇશ્વર કેરો, જીવ થઈ ગ્યો અવિદ્યાનો ચેરો,
તારે માથે રવિ સુતનો હેરો. નર ગા ૨
શુ સુરભિ સુતનિ પેરે ચાલે તુ ગર્ધવનિ પેરે મહાલે,
તુ હાથે ધુળ માથે ઘાલે નર ગા ૩
એક સ્વાતિ બુંદ સીપે ગ્રહ્યું, તેનું મહા મુક્તાફલ થઇ રહ્યુ,
કદળીમા પડયુ તે કપુર થયુ નર ગા ૪
અહિ સુખમા પડયુ તે ગરલ થયુ સાગરમા પડયુ તેલવણ થયુ;
પૃથ્વીમા પડયું તે પ્રલે થયુ નર ગા ૫
જેમ કનકમા કથીર ભળે, એમ વિના વિચાર સાર નવ જડે;
કહે પ્રીતમ રવિ ઉગે રજની ટળે નર ગા ૬

પદ ૧૧

તારૂ સુપન શરિર, નિર ઉસનુ એબિંપેરે ઉડિ જાશે,
હેતે ભજ રઘુવિર, નામતણે પરતાપે નિર્ભય થાશે

જેમ સરીતા પુરે વહી જાશે, તારૂ અયુષ ઓછુ એમ થાશેઃ
જેમ કમળને કુજર ખાશે તારૂ ૨
જેમ પારો પાણિ થઇ ચાલે, તેને કહોને કેઇ પેરે ઝાલે
ખર્યું પાન નહી લાગે ડાળે તારૂ. ૩
જેમ કદળી ફળી તે નવ ફળે, તેમ ગઇ મનુષા દેહ તે નવ મળે.
ઉડયું કપુર વાળ્યુ નહિ વળે તારૂ. ૪
જેમ વીજ ચમકે ગગનમહી, તેમ દિપક જોત્ય સમે નહી,
તારી અસ્થીર દેહ તે સ્થીર નહિ તારૂ. ૫
દેહ મનુષ્ય જન્મ મુક્તિ જાણો, એ સાર શબ્દ હૃદે આણો,
કહે પ્રિતમ પરમ પદને માણો તારૂ ૬

પદ ૧૨

આજ ધન્ય ઘડી, સત પધાર્યા પ્રેમે પાવન કીધા,
અતિ આનંદ અપાર, દયા કરીને અમને દરશન દીધા ટેક.
હરીજન તે હરી સરખા હેલી, મળીએ મન મરજાદ મેલી;
હોય અરસપરસ આનદ હેલી, આજ ધન્ય ઘડી. ૧
જે વેકુઠપતીને ઘણા પ્યારા, હરીથી નીમખ નહી રહે ન્યારા;
રસ ભક્તિ મુક્તિના જાણનહારા, આજ ધન્ય ઘડી ૨
ગંગાદિક તીરથ ચરણ વીશે, શ્રુતિ સ્મૃતી સાખ સિદ્ધાત લખે;
જેનો મહિમા કહે મહારાજ મુખે, આજ૦ ૩
પુણ્ય પ્રગટે પૂર્વ જનમતણુ, તેને હેયે હરીજનસુ હેત ઘણુ.
કહે પ્રીતમ તારૂ ભાગ્ય ભણુ, આજ૦ ૪

પદ. ૧૩

તારી કાયામા કોણ બોલે છે તેને તુ શોધી કાઢને;
જળ થળમા જેહ, અતરજામી એક નીરતર ન્યાળને ટેક.
એને અવર કોનો આધાર છે, એને ભક્ષ ભોજન શો અહાર છે;
એ પુરૂષ નપુસક નાર છે, તારી કાયામા. ૧
લઘુ દીરઘ છે કે વામણો, વૃદ્ધ જોબન બાળ બિયામણો,
એ લાયક છે કે લજામણો, તારી કાયામા ૨
એને સુખ દુખ કે પીડા થાય છે, કરી શબ્દને કયા સમાય છે;
એ પીંડ પડે કયા જાય છે, તારી કાયામા ૩
આઠે પોહોર રહેછે ધ્યાનમા, મન રાખો અનુભવ જ્ઞાનમા

કહે પ્રીતમ સમજો સાનમા, તારી કાયામા કોણ બોલે છે તેને. ૪

પદ ૧૪

રાખે જડ દેહ, તેના તુ દૈવતને શે નથી દેખતો,
સચરાચર શામ, વિશ્વ વ્યાપક તેને તુ ઉવેખતો ટેક.
પીંડ પાણીથી પેદા થયો, તેને કરનારો ન્યારો રહ્યો,
તે સચરાચર શોભી રહ્યો, રાખે જડ દેહ. ૧
એણે રમવાને રચના કરી, નરનારી રૂપ જુજવા ધરી,
ખેલ ખોટોને ખુબી ખરી, રાખે જડ દેહ૦ ૨
જુઓ જાતા તો જડનો નથી, મહા વાપક વીરલા કહે કથી;
એવી અકળ એની અકળગતિ, રાખે જડ૦ ૩
કહે પ્રીતમ આનદ ઉપન્યો જ્યારે નિશ્ચે થયો નીજ રૂપનો;
ત્યારે ફેરો ટળ્યો ભવ કુપનો, રાખે જડ ૪

પદ ૧૫

તારા તનમા તપાસ, ત્રીવેણી આહિ તીરથ તુજમા વસે
માહી મજ્જન કરો કોટી જનમના કીલમશ તે ધોવાશે ટેક.
આ કાયા તે કાચી જાણો શુદ્ધ પ્રેમ પ્રયાગ તે પરમાણો,
હરી હરનુ રૂપ હૃદે આણો, તારા મનમા૦ ૧
ગુરૂ જ્ઞાન ભક્તિ ગગા કહીએ, શુભ કરમ સુરજ સુતા લહીએ
સરસ્વતી વૈરાગ્ય વિશે રહીએ તારા૦ ૨
ત્યા વિશ્વનાથ ચઈતન ગજે, ગેબી ઘટ તે અનહદ વાજે,
ધુન અર્ણવ પર્ણવપર ગાજે, તારા ૩
જે સદા તીરથ તેને સેવે, તે આ તીરથનુ ફળ લેવે,
કહે પ્રીતમ પ્રભુમા ચિત્ત દેવે તારા૦ ૪

પદ ૧૬

રસ અગમ અપાર, સુરીનર પાર ન પામે મન વાણી વડે,
મારા વાલાજી, રૂપ અકળ સ્વરૂપ કહો કોને જડે ટેક.
રસ અરજ જરે નહી એવા છે, એ માનવીઓનો મેવો છે,
તે રસીયાને મળ્યા જેવો છે રસ અગમ. ૧
રસ રીત પ્રીત ઘણી છે ન્યારી, કોઈ જાણે એના અધિકારી;
શુ જાણે બીજા સસારી રસ અગમ ૨
રસ વ્યાસ પુત્રે પ્રેમ ચાખ્યો, તે ઉત્તરા કુંવર પ્રત્યે દાખ્યો;

ભ્રખુમાણુ સુતાએ ઉરમા રાખ્યો,   રસ અગમ. ૩
કહે પ્રીતમ પ્રગટી પુરણુ દશા, રસીયોજી રૂદીયામાહી વશ્યા;
પેલા દુરીજાનીયાથી દુર ખશ્યા   રસ અગમ ૪

પદ ૧૭

શુદ્ધ વૃત્તિ વિના,જપ તપ તીરથ વૃત્ત કરે શું થાય,
હરીનામ વિના, હ્રદાને અધકાર કેમે નવ જાય,   ટેક
શુદ્ધ ચિત્તવિના શી જોગ જુક્તિ,શુદ્ધ ચિત્તવિનાશી ભાવભક્તિ,
શુદ્ધ ચિત્તવિના કયા મળે મુક્તિ   શુદ્ધ ૧
શુદ્ધ ચિત્તવિના જો ન્હાયે ગગ, સો વરસ લગીજો કરે સગ
તોએ રૂદીયામા નવ લાગે રગ   શુદ્ધ ૨
શુદ્ધ ચિત્તે સાધન સા થાયે અતકરણુનુ અજ્ઞાન જાયે,
રહે રૂદીયામા ગોપાળ રાયે   શુદ્ધ ૩
શુદ્ધ ચિત્તે મોહનલાલ મળે,ચિત્ત ચઇતન્ય સાગર માહી ભળે
કહે પ્રીતમ ભવનો ફેરો ટળે   શુદ્ધ ૪

પદ ૧૮

હરી ભજન કરો, ભય ભાગે જમદુતનો ભક્તિ ભાવે,
અતકાળ સમે, હરીનુ બહાનુ હોય તો જમ શીદ આવે ટેક
જેને છાપ તીલક તુલસીની માળા, જેને મુખડે ગોવિદ ગોપાળા
તેને શુ કરશે જમડા કાળા   હરી ભજન કરો ૧
જેને બાનાનો પરતાપ છે, જેને, "ભગત" નામની છાપ છે
તેને લખચોરાશી માફ છે,   હરી ભજન કરો ૨
જેનુ જાહેર છે જુગમા બાનુ, તે ચૌદ લોકમા નહી છાનુ
ધમ રાજા શીદ ખોળે પાનુ,   હરી ભજન ૩
હરીનુ બાનુ દેખી જમ ત્રાસે, જમ દુર થકી નાવે પાસે,
જીવ લેઇ જાતા વળી ત્રાસે,   હરી ભજન. ૪
એવુ જાણી હરી સ્મરણુ કરીએ,કાઇ અતરગત સાધન ધરીએ,
કહે પ્રીતમ ભવસાગર તરીએ   હરી ભજન કરો ૫

પદ ૧૯

જીવ કેમ જાણે, હરી માયાબળ મોટુ અગમ અપાર,
તે ભરમાવે ભૂલવણીમા ભૂલ્યો સો સસાર   ટેક,
એક માતા હરી ભજતા વારે, એક નારી થઇ કાળજુ સારે;

શીદ પરણ્યોતો પીટયા ત્યારે જીવ કેમ જાણે ૧
એક મામો થઇ મળવા આવે,એક માસી થઇ મોહ ઉપજાવે;
એક બેહેન થઇને બોલાવે, જીવ કેમ જાણે ૨
એક બાપ થઈ બળ દેખાડે, એક ભાઇ થઇને ભૂલાડે,
એક ફોઇ થઇ ફદમા ચાડે, જીવ કેમ ૩
એક કાકો થઇને કોમળ બોલે, નહી કુળમા કોઇ તારી તોલે;
શુ હરી મદીર તીરથ ડોલે, જીવ કેમ ૪
એ કામ ધામ કાયા માયા, બહુ બધનમા નર બધાયા,
જડ જગત જાળમા ઝીટાયા, જીવ કેમ ૫
એક સ્વારથ ભૂત સર્વે જાણો, જેમ સુડલો સીમળ લોભાણો;
ફળ ચાખી પાછો પસ્તાણો, જીવ કેમ ૬
એ સગપણ સૌ મિથ્યા માનુ, જયારે રોવુ તો મરવુ શાનુ,
એક સાચુ શ્યામ તણુ બાનુ, જીવ કેમ ૭
સાચા પતિ સાથે સ્નેહ ધરો, જુઠાની સગત શીદ કરો,
કહે પ્રીતમ પ્રપચ મેલ પરો, જીવ કેમ ૮

પદ ૨૦

જે જે કલ્પતરૂ, તાપ નિવારણ શીતળ તેની છાયા
સકટ કાપે, વ્યાપે નહી મન વીશ્વમોહની માયા ટેક
દીસે દ્વાદશ ડાળ વીશાળ એહ શાખા ત્રણસેને પાત્રીશ તેહ,
ઉપશાખા સહસ્ત્ર અઢાર જેહ, જે જે કલ્પતરૂ ૧
પાત્ર પાચ લાખછન્નુ સહસ્ત્ર છોતેર, તેની પુષ્પવાસ પ્રગટી ચોફેર,
રહે નવપલ્લવ ઘન ઘટા ઘેર, જય જય, ૨
તે ઉપર મહામુનિ ભ્રમર ભમે; ભક્ત અનત કોટી એ સુખમારમે
તેને એ વિના અવર કશુ ન ગમે, જય જય ૩
ફળ પ્રેમ ભક્તિ પૂરણ રસાળ, ગુણ મિષ્ઠ મધુરો બાળગોપાળ,
તેને સેવે સનકાદિ સદાકાળ, જય જય ૪
વ્યાસ એક વેદના ચાર વેદકર્યા,તેની સહસ્ત્ર સહસ્ત્ર શાખા વીસ્તર્યા,
ઇતિહાસ સાઠલાખ ઉચર્યા, જય જય ૬
ચારલાખ અધલાખ વેદાત કહ્યુ, નહી શાસ્ત્ર પુરાણે શીતળ હેયુ,

શ્રી ભાગવત કહેતા કારજ થયું, જય જય ૬
શ્રી ભાગવત ભગવત રૂપસહી,એથી અધિકું બીજું કાંઈ નહી;
કહે પ્રીતમ વ્યાસની તપત ગઇ, જય જય કલ્પતરૂ. ૭

પદ ૨૧

બ્રખુભાન લલી, નવલ લાલસુ નેહ ઘણો છે તારે,
બ્રજવાસી લોક, મનમાને તેમ દિલમા વાત વિચારે ટેક
કહે કીર્તિ સુતાને કુવર કાન, એક એકની ઉપર અધીક તાન;
વણુ સુખ દીઠે નવ ખાયે પાન, બ્રખુભાન લલી ૧
શે હરી સાથે આવડો હેડો, કોઇ કોનો મુકે નહી કેડો,
માનુનીએ માથે નાખ્યો છેડો, બ્રખુભાન ૨
સખી એ શામ સુત કોનો હશે, મને સમજાવી સાચુ કહે;
શુ મિથ્યા દોષ ચઢાવે છે, બ્રખુભાન ૩
સખી હુ એકવાર નદભુવન ગઈ એનુ રૂપ જોઇ રસ મગન થઈ;
તે વેળાની છબી મારે રૂદે રહી, બ્રખુભાન ૪
એ સુખનો સ્વાદ જડે જેને, વર ઘણો ગોઠે નહી તેને,
એવી લગન વાત કહીએ કોને, બ્રખુભાન લલી ૫
લાગ્યા નેણ બાણુ ઉર અતરમા, મન હર્યા મોહની અતરમાં;
પ્રીતમનો સ્વામી સ્વતતરમા બ્રખુભાન લલી. ૬

પદ ૨૨

અરે અણુસમજુ જીવ,શીશીખામણ દેઉ તારૂ મન માને નહી;
માથે મરણ ભમે, જમ આવે ત્યા તારૂ જોર ચાલે નહી ટેક.
પ્રાણી મારૂ મારૂ મિથ્યા કરવુ, એક પેટ પરપચે ભરવુ,
નથી જાણુતો જે આખર મરવુ, અણુસમ ૧
મોહોટા ભણ્યા ગણ્યા પડિત ડાહ્યા, મુકી ધર્મ અને ધનને ધાયા;
તેને કાળે ઝટ લઈને માર્યા અણુસમ. ૨
મહા ભાગ્ય શાળી હીડે ભમતા,પાસ દ્રવ્ય છતા પુન્ય નથી કરતા
તેને દીઠા ઘણા દીપસમ બળતા અણુસમ ૩
ઘેર હસ્તી અને હયની સ્વારી, એક આણુ ફરે ચોદીશ તારી.
નથી પુન્ય તણી પુજી સારી, અણુસમ ૪
પ્રાણી જેમ આવ્યો તેમજ જાશે,એ જીવ તે સુખીયો કયા થાશે;
કહે પ્રીતમ પાછળ પસ્તાશે અણુસમજુ જીવ ૫

પદ ૨૩

તમે હરી બોલો, મિથ્યા ભાષણુ મનથી મુકી દીજે,
ચિતવો હરીરૂપ, બીજુ તે ચિતવન શુ કરવા કીજે, ટેક.
આવી વાણી વૃથા નવ ખોઇયે, હરી હારો દીલ દોરે પ્રોઇયે,
રોતા દેખીને નવ રોઇયે તમે હરી ૧
હરી નામ વિના વઝાવાણી, તે નવ રાખો ઉરમા આણી,
તે કથની કાગતણી જાણી તમે હરી ૨
કોઇ આગે ખોટુ નવ ભાખીયે, કોઇને કુડુ નવ દાખીયે
એક રામ રૂદેમા રાખીયે તમે હરી
વાણીથી વ્હેરપણુ વાધે, વાણીથી સ્નેહપણુ સાધે,
વાણી છોડે ને વાણી બાધે તમે હરી ૪
એવી વાણી વીચારી જે બોલે, કોઇ નાવે તે નરને તોલે,
અહીં બોલ્યાથી બધાયે ખોલે તમે હરી ૫
કહે પ્રીતમ ધન્ય તે પુરૂષ કહીયે, જેને સદા વિચાર વસે હૈયે,
તેને ચરણે ચિત આરોપી રહીયે તમે હરી ૬

પદ ૨૪

માયા તજીને જીવ કયા જશેરે,જોને માયા તજીને જીવ કયા જશે,
રાજારે રંક ફકીર સન્યાસીરે સર્વેમા વાસો વસેરે જોને ૧
ધરે આયુધ કરે જુદ્ધ જોરાવરરે,ધન લેવા સર્વે ધસેરે જોને ૨
ઉપરથી ટાળશો તો અ નરમા એમછેરે,અહમેવ મુમતા આવશેરે,
મમતા તજે તો મોહ ઘટે નહિરે,મોહ થકી કામ ઉદે થશેરે જો ૪
કામ નિવારે તો ક્રોધ અતિ ઉપજેરે ક્રોધ હણે લોભ લાગશેરે જો૫
જરા જો લોભની લે'ર સમાવેરે, તો માન મરડીને મારશેરે જો.૬
જેમ જેમ ત્યાગે તેમ તેમ વાગેરે,અળગીતે ક્ષણુ એક ના ખસેરે ૭
જ્ઞાન વિવેકે વિચારીને જોજોરે, એ ખરૂ કે ખોટુ હશેરે જો ૮
કહે પ્રીતમ એનો એક ઉપાયછેરે, જા આપુ તજેતો સુખીયો થશેરે.

પદ ૨૫

માયા મથીછે તને મારવારે, જોને માયા મથીછે તને મારવા;
કાતુ તે લેઇને ઉપર બેઠી કાળજુ તારૂ કાઢવારે જોને ૧
ત્રિવિધ તાપની કીધી સાયડીરે,આઠે અગ તારા શારવારે જો ૨

પ્રભુને મળતા આડો પત્ર કીધોરે, વિખીયામાંહ્યલ વધારવારે. ૩
પ્રીતમનો સ્વામી ભલે મળીયોરે, માયાનું માન ઉતારવારે જોને.

પદ ૨૬

રહ્યો માયામા મોહીનેરે જીવ રહ્યો માયામા મોહીને ટેક.
જનમના તે જેરબંધ ખાવાને કાજેરે,બેસજે બરડો ધોઇનેરે જીવ ૧
સગા સ્નેહાનુ જોર નહી ચાલેરે, રહેશે દીવસ દશ રોઈનેરેજી.૨
ત્રિયા તે તારી દીવસ દશબારેરે, જશે બીજુ ઘર જોઇનેરે જી ૩
પ્રીતમ પ્રભુનું ભજન કરીલેરે, ચરણકમળ ચિત્ત પ્રોઇનેરે જી.૪

પદ ૨૭

કાયા કુસુમ કરમાશે, આજકાલ કાયા કસુમ કરમાશે ટેક.
સોસો શ્વાસમા વીનાશ શરીરનો પરવશ પલકમા થાશે
પુન્ય ભજન પેહેલુ નવ કીછે, તે પ્રાણી પછે પસ્તાશે આજ.
સંશાર વાડી વિચીત્ર પુલી. માહી બહુ વીધી પુષ્પ પ્રકાશે
ઘડીયાર પુલના નજરા, પછી આપે ભ્રમર ઉડી જાશે આજ ૨
હીંડશે હંશ ફરી હાથ ન આવે, જ્યારે તન નરાવર સુકાશે.
કહે પ્રીતમ તે લાભ કમાશે, જે ગુણ ગોવિંદના ગાશે આજ ૩

પદ ૨૮

સાચી કોની સગાઇ સંસારમા સાચી તે કોની સગાઇ ટેક.
માત તાત કહે આતો મારે. પુત્ર પ્યારો જયાત્યાથી લાવેકમાઇ
બંધવ કહે એતો બેલી છે મારો,ભેળા રળીશુ બે ભાઇ સ૦ ૧
બેની કહે મારૂ પીયર છે પ્રાઢુ, સાસરવાસો કરવાની બડાઈ:
સ્ત્રી કહે અભીલાખ પૂરો મારો, બીજી નહી ચાલે ચતુરાઇ સ ૨
અંતસમે અળગા રહેવાના, જ્યારે જમડા આવે ધાઇ
કૃષ્ણ ભજન વિના કેશનુતાપણુ રાખ ન નીપજે જરાઈ સ. ૩
પ્રીય પરમારથ મૂકી સ્વારથ, કર કર સત્સંગ સુખદાઇ,
કહે પ્રીતમ તેને પ્રભુ પમાડે, પ્રેમનો પ્યાલો પાઇ સંસારમા ૪

પદ ૨૯

પોતાના જનને ઉદ્ધારે જેમ તેમ પોતાના જનને ઉદ્ધારે ટેક.
કામી ક્રોધી લોભી અધમ અતી, તેના ત્રાસ નીવારે,
અવગુણ મૂળ સમૂળો છેદે, ભાવેશુ ભક્તિ વધારે, જેમ તેમ. ૧
ક્રોધી કંસને આપ્યુ અભેપદ, બીહત મંગળને તારે,

લોભી કહરજ અધમ અજામેળ, તેને બીજા કોણુ તારે જેમ.. ૨
સંસાર સાગરની લેહેર ન લાગે, પ્રેમસુ પાર ઉતારે,
દાસના દુ ખડા ટાળે દયાનીધિ,એવા પ્રીતમને પ્રભુ કોણુ વિસારે. ૩

પદ, ૩૦

પ્રેમનો પંથ છે ન્યારો,સરવથી પ્રેમનો પંથ છે ન્યારો ટેક.
જે જાણુશે તે શીર સાટે માણુશે, એમા નથી ઉધારો,
પ્રેમ અમલ આંવ્યો જેની આખમા,ઉતરે નહી ઉતાર્યો સરવ ૧
ઓઠે પોહોર રહે આનંદમા, પ્રેમ રસનો પીનારો,
વાલા વિના તેને લુખુ લાગે, સંસાર સાગર ખારો, સરવથી ૨
પ્રેમરસ કથ્યામા ન આવે જાણે જાણુનહારો,
પ્રીતમ પ્રેમી જન મળે તો આતમ રામ અમારો, સરવથી ૩

પદ ૩૧

સ્નેહ વિના વશ નાવે સામળીયો સ્નેહ વિના વશ નાવે, ટેક
કોટિ ઉપાય કરે જો બીજા, રસીયો રૂદે નવ લાવે,
સ્નેહની સાકળે બાંધ્યો શામળીયો,અણુ તેડયો ઘેર આવે શા
પ્રીત વિના પાક તજ્યા રાયના, ભાજી વિદુરની ભાવે,
વાલાજીને વ્રજ ભામનીઓ નેહસુ નાચ નચાવે શામ
સાચા સનેહ વિના સુંદર વર, એ હરી કોના ન કહાવે;
પ્રીતમનો પ્રભુ પરમ સનેહી, એને પ્રીત થઇ મૂલ ભાવે, શા ૩

પદ ૩૨

આનંદકારીરે આવો, નેણુ કમળમા નેહ ઉપજાવો
સુખના સાગરરે સ્વામી, તમને પૂરણુ પુન્યે પામી
તમને જોઇનેરે જીવુ, મારે બીજા કોઈથી નહી બીવુ,
જ્ઞાન તમારીરે સાથે, કાંઈ ન ભૂલુ બીજી ભાતે
મનડુ અટકયુરે માવા, જીવણુ નહી દઉ તમને જાવા,
રૂદીયા ભીતરરે રાખુ, તન મન ધન વારીને નાખુ
પ્રભુ પ્રીતમનારે પ્યારા, પલક ના રહેશો અમથી ન્યારા.

પદ. ૩૩

આંખો આગળરે રહોને, અમને નિત્ય નિત્ય દર્શન દોને.
લોચન લાલચરે લગાડી, વેરણુ પલક પડે છે આડી,
પલક કલપ સમરે થાયે, અધક્ષણુ અળગુ નવ રહેવાયે.

નયણા રેકેરે રસમા, જીન્હા ઝીલે તમારા જસમા,
શ્રવણે સેહાય નહીરે બીજુ, તમારા શબ્દ સાભળી રીઝું.
મનના મનોરથરે એવા, કરીએ સદા તમારી સેવા
મનડુ મળવારે હીસે, આ તન સર્વે તમારૂ દીસે.
રૂપ તમારૂરે રસીયુ, તે મારા હૃદે કમળમા વસીયુ
પ્રભુ પ્રીતમનારે પામી, અતર વસીયા અંતરજામી

પદ ૩૪

સદા તમારેરે સગે, આનદ ઉલટ વાધ્યો અગે,
એ આનદની લેહેરે, તે સુખ વણુવીએ કઇ પેરે
જેને ઉપજે તેરે જાણે, મન પોતાનું મહાસુખ માણે
મેહેરમ સાથેરે મળવુ, મહીએરીએ સુખ નહી કાઇ હળવુ;
વાહાલપણાનીરે વાતો, આનદ કહુ પણ નથી કહેવાતો.
સાચુ કહુ છુ રે તુજને, પ્રભુ પ્રીતમના મળીયા મુજને;

પદ ૩૫

તાર ન તુટેરે તે સુ, અરસ પરસ મન એક રસ એ સુ.
હરિને હેતેરે હેલી, લોક લાજ મરજાદા મેલી,
નિર્લજ થઇનેરે ચાલુ, નહી કોઇ વહાલા સરખુ વહાલુ.
ગોઠડી ગોવિદનીરે ગમે છે, ચિતડુ ચતુર વર સુ રમે છે;
કોઇક જાણેરે કળમા, દર્શન પરસન પાણી વળમા
પ્રભુ પ્રીતમનારે રસીયા, મોહનજી મારે મન વસીયા.

પદ. ૩૬

જીવડા જોનેરે જાગી, તારૂં આયુષ્ય જાય અભાગી
પ્રપચ નિદ્રારે પોઢી, તેણે જ્ઞાન ચિત્તડુ તોડી,
કાળે કાયારે ખાધી, નખશીખ લગી અવિદ્યા વાધી;
જન્મ ગમાવ્યોરે હીરા, પીધી માયા મોહ મદિરા.
સુરભી સુતનીરે પેરે, લોચન ભર્યા હળાહળ ઝેરે;
કેરે ન સુઝેરે કાઇ, આઠે પહોર અવિદ્યા માહી
દિલમા દુર્મતિરે ભરાઇ, અતર લાગી કરમની કાઇ,
હરી હૃદામારે ક્યાથી, તામસ ટળે નહી તનમાથી
મનની મમતારે ન વામે, પ્રીતમ કેમ પ્રાણી સુખ પામે;

પદ ૩૭

મહી મટકી માથે ભરી, વ્રજ સુંદરી ગોરસ વેચે હેડે હરીનું ધ્યાન વ્રીજ સુદરી મહી વેચવુ ભૂલી ગઇ, વ્રીજ-સુદરી, લોકોને કહે લ્યો કોઈ લ્યો કોઇકાન વ્રીજસુદરી સામળીયો સોઘો કર્યો, વ્રીજસુંદરી, મોટો પૈસો મૂલ એનુ થાય, વ્રીજસુદરી. કોઈ કહે ગોપી ઘેલી થઇ, વ્રીજસુદરી, ત્રીભુવનપતિ તે વેચ્યો કેમ વેચાય વ્રીજસુદરી, જગત મર્યું સ જોવાને, વ્રીજસુદરી મટકીમા નીરખે' તો નદકીશોર વ્રીજસુદરી જગન કરતા ઝાખો નહી, વ્રીજસુદરી, તે પ્રભુ કહાવે મહી માખણનો ચોર વ્રીજસુદરી, ધન્ય ગોપીઉપર ધજા, વ્રીજસુદરી પ્રેમી જનના પ્રેમતણી બલીહારી વ્રીજસુદરી પ્રીતમનો સ્વામી રસીયો, વ્રીજસુદરી, વહાલપણે વશ કીયો અખંડવિહારી વ્રીજસુદરી

પદ ૩૮

પ્રેમતણે વશ પાતળીયો, સખી જાણીલે બીજા અનેક ઉપાય કરે શુ થાય સખી જાણીલે હુકારે હરી વેગળા, સખી જાણીલે, એક રતી એને ગોઠે નહી અભિમાન સખી જાણીલે. કરતવનુ બળ પોહોચે નહી સખી જાણીલે ભાવવિના રીઝે નહી શ્રીભગવાન, સખી જાણીલે જપ તપ તીરથ વ્રત કરે, સખી જાણીલે તેણેતો જીવપણુ નવ જાય સખી જાણીલે જે જળનુ મોતી થયુ, સખી જાણીલે પાછુ પાણી કેમે કર્યું નવ થાય, સખી જાણીલે ચિત વીત સોપ્યું હરીચરણે, સખી જાણીલે હાર જીત તે સર્વે હરીને હાથ સખી જાણીલે આપ ટળીને અનુસરવુ, સખી જાણીલે પ્રેમધરો પ્રીતમના સ્વામીની સાથ સખી જાણીલે

પદ ૯

આસો શુદી એજવાળીયું, રંગભેર રમતા શરદ સોહામણી નૌતમ છે નવરાત રંગભેર રમતા ગોપીને ગમતું થયુ, રંગભેર રમતા વળી વાલે કહી વાલપણાની વાત રંગભેર રમતા સન્મુખ ઉભા શામળીયો રંગભેર રમતા ત્રીભુવન વ્યાપક તેજ અધિક તનમાય રંગભેર રમતા ભુવન ભુવ-

નથી ભામની, રંગભેર રમતા. દામની જુથ વિલસ કરે ઘનમાય, રંગભેર રમતા ઠમકે ઘમકે ઘુઘરી રંગભેર રમતા. કોકીલા સ્વરે ગાતી ગીત રસાળ રંગભેર રમતા કનક કમળ વન ફુલીયા રંગભેર રમતા મધ્યે મધુકર સુંદર ગીરધરલાલ. રંગભેર રમતા પ્રેમ ચતુર ચત્તા રહો, રંગભેર રમતા હેતે લેહેકી દીચે હરીની સાથ, રંગભેર રમતા તાલ તાન ચુકે નહી, રંગભેર રમતા છંદ છબીલો નાચે નટવર નાથ રંગ ભેર રમતા કુસુમ વૃષ્ટિકરે દેવતા, રંગભેર રમતા. જય જય ગીરા ઉચારે ગગનમોઝાર રંગભેર રમતા પ્રીત-મના સ્વામી શામળો રંગભેર રમતા લીલાલેહેર અપાર વિચિત્ર વિહાર રંગભેર રમતા

પદ ૪૦

હો પ્રાણીરે પ્રપંચ મૂકી સાચપાણુ ઉર આણજે,
હો પ્રાણીરે જગત તમાસો જુઠો કરીને જાણજે.
હો પ્રાણીરે માયાની ભૂલવણીમા ભુલીશમા,
હો પ્રાણીરે મિથ્યા સુખમા ફોગટ તુ ફુલીશમા,
હો પ્રાણીરે રખે વગોતા સ્વપ્ન તણા વેહવારમા
હો પ્રાણીરે લુટાઇશમા લોકડીયાનો લારમા,
હો પ્રાણીરે રસીયાજીનુ રૂપ રૂદેમા રાખજે,
હો પ્રાણીરે પ્રેમસુધા રસ પ્રેમકરીને ચાખજો
હો પ્રાણીરે પ્રીતમના સ્વામીને પળ ના વિસારીએ,
હો પ્રાણીરે ભજન કરીને આપણો જનમ સુધારીએ

પદ ૪૧

ચીત્ત ચેતોરે જનમ ધરીને નામ હરીનુ લીજીએ.
ચીત ચેતોરે પ્રેમથકી પરમારથ કાંઇક કીજીએ
ચીત ચેતોરે રાગદ્વેષ કાંઇ રૂદેમા નવ લાવીએ,
ચીત ચેતોરે કેઇ પ્રાણીને પીડા ના ઉપજાવીએ
ચીત ચેતોરે આવો અવસર ફરી ફરીને નહી મળે;
ચીત ચેતોરે જો જાણેતો જનમ મરણ દુખડા ટળે.
ચીત ચેતોરે ઇંદ્રજાળમા મૂઢ રહ્યા શુ મોહીને;
ચીત ચેતોરે લક્ષ્મીવરની લીલા લેને જોઇને

ચીત ચેતોરે એક કળે કરી બાંધ્યો આ સંસારને,
ચીત ચેતોરે ઝટ અંતરમાં ઓળખ જુગદાધારને
ચીત ચેતોરે મિથ્યા મૃગજળ લેહેરતણી તૃષ્ણાતજો,
ચીત ચેતોરે પ્રીતમના સ્વામીને શુદ્ધ ભાવે ભજો.

પદ ૪૨ રાગ કલ્યાણ.

જીવ વચન વિચારી બોલે, બહુ બકવાદ ન કીજે.
નિર્મળ નામ રામ રઘુવરનું, નિત્ય નિરંતર લીજે જીવ૦ ૧
શીવ વિરંચી શેષ શારદા, નિગમ પુરાણ વખાણે
નામ અમુલખ દામ ન બેસે, કેમ જડ જીવ ન જાણે જીવ ૨
ફુટે ફુલે નિર ઠરે નહી, વૃક્ષ વેડાયે ફળ કયાથી,
એમ અસત ભાષણથી થાયે, હિણુ તેજ તપ ત્યાથી જીવ ૩
શીબી દધીચિ બળી નૃપ દશરથ હરિચંદ્ર પણ કહીએ
શરીર ગયુ પણ શબ્દ ન ચુકયા, તે પુરા નર લહીએ જીવ ૪
દાતા સુર સત સહુ સદ્‌ગુણ, ભક્ત તણે રૂદે રહે છે,
કહે પ્રીતમ તે પ્રભુના પ્યારા, નીશદીન હરી હરી કહેછે જીવ૦ ૫

પદ ૪૩

તુ તારૂ તન દેખ તપાસી, અનુસંત આંખ ઉઘાડી
આશા તૃષ્ણા લોભ ઇર્ષ્યા, નાખ કલ્પના કાઢી તુ તારૂ ૧
પ્રભુ પ્રેમે પરસે અમૃત વરસે, ઠરશે દહાડી દહાડી,
આઠે પોહોર આનંદની હેલી, ફુલી રહી ફુલવાડી તુ તારૂ ૨
દેહના નેહ થકી નહી ન્યારો, ચીત્તચૈતન્યમાં લગાડી,
કહે પ્રીતમ તો તુજ હરી વદે, નીગમ નગારા વગાડી, તુ તારૂ ૩

પદ ૪૪

આજ અમારૂ ભાગ્ય સજની, મોહન મોહેલે પધાર્યો,
અંગો અંગ સંગ સુખ પામી, રસીએ રંગ વધાર્યો આજ ૧
મનના મનોરથ સુફલ કર્યાશુ, તનના તાપ નિવાર્યો
અંત્ત મીધુ કારજ સીધ્યુ, આનંદ મન વધાર્યો આજ ૨
સોભાનો સાગર શામળીયો, રૂપે રતિ પ્રતિહારો,
પ્રીતમનો પ્રભુ પરમ સ્નેહી, પ્રાણ થકી ઘણુ પ્યારો આજ ૩

પદ ૪૫

જે સત્સંગ કરે શુદ્ધ ચીત્તે, સઘળા તીરથ તેને;

નીરખે નિત્ય નિરંતર હરી, ભુલે નિંદ નહી કેને. જે સ. ૧
કામધેનુ ચિંતામણી સુરતરૂ, અમૃત ફળ નિત્ય એને;
શું કરવા ભ્રમે તે ભટકે, ઘટમા ગોવિંદ ચિને જે સ. ૨
આઠે પોહોર આનંદનો સિંધુ, છેલ્લો રહે દીન રેણે;
નીત્ય નીત્ય નેહ સહિત સતસંગે, પ્રીતમ પ્રેમરસ પીને. જે સ. ૩

પદ ૪૬

સામુ જોઇછે તેને શામળેરે જીવ જોને વીચારી,
કૃષ્ણ કૃપાનો તને નથી ઉધારો, આવો મનુષ્ય દેહ
કયાથી મળેરે, જીવ જોને વિચારી.
કાચુ રહ્યુ તો તે તારી કોરનું, સમજ્યાથી શંસય ટળેરે, જીવ
પીડા પામે તેમા દોષ નહી કોઇનો સૌ આપ આપણી આપે
બળેરે, જીવ પ્રીતમ પ્રભુજીનું ભજન જે કરે, તેના અંગ
ઉપર અમી ઢળેરે, જીવ

પદ ૪૭

એવો અપરાધી કોણ છે રે, જેને ભજન ન ભાવે,
ભજનવિના ભુતળભાર વેહેશો, ગધંવને શીર ગુણછેરે, જેને.
નિર્મળ નયણે હરી ના નિરખ્યા,તેના લોચનમા રાઇ ધુણછેરે જેને.
જેને હૃદયે હરી હેતે ના વસીયા,તેના ઉજડ આઠે પહોર છેરે. જેને
પ્રીતમ પ્રભુજીનુ સ્મરણ સાચુ,બીજી જુઠી જગતની જાળ છેરે,જેને

પદ ૪૮

ચાલો વેગે વંદ્રાવન જઇએ વાલાની વેણ વાગે છે,
હરી મળવા વાંચ્યુ છે હેત હેયે, વાલાની વેણ વાગે છે
નેહ નિરખવા નીસરી, વાલાની૦ શુદ્ધ બુદ્ધ સા દેહની વી-
સરી વા૦ અંગે અવળા અંબર ઓઢીયા, વા૦ કોણે ધાવનાં
બાળ વછોડીયા વા૦ કોણે સાથે તે કાજળ સાર્યાં, વ૦ કોઇ
સિંદુર નેણા સાંધા વા૦ વેઢ વીટીને વીછોયા જાણ્ય વા૦
આગળીએ અણુવટ આણ્યા, વા૦ ચેણુમાળા સેવરાવી
ચરણે, વા૦ પગ નેપુર પેર્યા કરણે, વા૦ કેણે પયમા પાણી
ભેળ્યા વા૦ કણે મરચા મોદકમા રોળ્યા વા૦ કર કંકણ
કંઠે ઘાલ્યા, વા૦ સૌ ચતુરા ચુપમા ચાલ્યા, વા૦ કેણે તક્ર-
તણા નૃપ તાવ્યા, વા૦ જે જેમ તે તેમ મળી આવ્યા વા૦

કોયને કથે આવી બાય ઝાલી, વા૦ તન ત્યાગ કરીને ચાલી વા૦ પ્રીતમના સ્વામીની પાસ આવ્યા, વા૦ વ્રજબાળાને, વેગે બોલાવ્યા વાલાની વેણુ વાગે છે

પદ ૪૯

તમે સુંદરી વીચાર શો કીધોરે કામની કેમ આવ્યા,
તમે અમને દોષ કેમ દીધોરે, કામની કેમ આવ્યા.
કાઇ કથ તમારો કે'શેરે કામની૦ લોકલાજ વેહેવાર કેમ રેશેરે, કામની૦ તમે પતીની આજ્ઞા ન પાળોરે, કામની૦ સંસારને માથે છો વાળીરે કા૦ તમે વેદ મરજાદા લોપીરે, કા૦ એવુ અમને ગમે નહી ગોપીરે, કા૦ વેગે વળો આ વેળા વટેછેરે, કા૦ ગોપી ઘેર જાએ તમને ઘટેછરે, કા૦ પ્રીતમના સ્વામીના વેણુ વાકારે, કામની૦ જઈ જુવતી થયા સા ઝાખારે, કામની કેમ આવ્યા

પદ ૫૦

એક અરજ અમારી ચિ ધારોરે, ગીરધર ગુણવંતા,
શું બોલ્યાતા શામ સભારોર ગીરધર ગુણવંતા, ટેક.
અમે નથી અજાણ્યે આવ્યારે, ગીર૦ તમે તાન કરીને તેડાવ્યારે, ગીરધર૦ રાસ રમવા પ્રભુની પસ આવ્યા રે ગીરધર અમે દાસ તમારા કાવ્યા ર, ગીરધર૦ સસારમા જઇને શુ કરીએરે ગીરધર૦ પડ પડે પાછા નવ ફરીએરે ગીરધર૦ એમ સુદરી કહે શીશ નામીરે, ગીરધર પડુ પાએ. પ્રીતમના સ્વામીરે, ગીરધર ગુણવંતા

પદ ૫૧

વ્રજ બાળાના વચન ઉર આણ્યાર, રંગભેર રમવાને
ગોપી ખરા પ્રેમી જન જાણ્યારે, રંગભેર રમવાને ટેક
વાલે વશ મધુરા વાયા રે, રંગભેર નભ દેવ વમાને છાયા રે ર ગ૦ જોવા જુમનાજી આવ્યા આવ્યાં રે, ર ગ૦ સૂકે લાકડે ફૂળ પુલ લાગ્યારે ર ગ૦ ખગ મ્રગ મીન માહી રહ્યા તાને રે ર ગ૦ પાણી થપને પાષાણુ ગળ્યા ગ્નાનેરે, ર ગ૦ જુએ શિવ વિરચી, સરખારે, ર ગ૦ કરે પુષ્પ તણી બહુ વરખારે, ર ગ૦ તાન માન છદ ગીત ગાય ગોપીરે, ર ગ૦

અક્ષભેલા સંગ નાર ઓપીરે, રગ૦ ત્યા થઇ રહ્યો થેઈ થેઇકારરે, રંગ૦ જુથ જુવતીના અનંત અપારરે, રગ૦ પુરો પ્રેમી જનની આશરે, રંગ૦ જશ ગાય જન પ્રીતમ-દાસરે, રગભેર રમવાને

તીથીઓ.

પડવે તે પ્રથમ ચેતને, હજુએ પેહેલોરે દન,
પુર્વ પુન્યે પામ્યો દેહડી, કર કાંઇક સાધન રામસમર દીન જાય છે
બીજે તે બહુ ફેરા ધર્યા, અવતાર અનેક
જન્મમરણુની આપદા, પીડા પામ્યો વિશેક, રામ૦ ૨
ત્રીજે જે તૃષ્ણા ટળે નહી, તપ્યો ત્રિવિધી તાપ
હરિગુરૂ સતને સેવ્યા વિના, અગે અધીક અદાપ, રામ૦ ૩
ચોથે તે ચારે ખીણુનુ, દુખ દીઠુ અપાર,
ઘાટે ઘાટે ઘણુ આથડયો, લખચોરાશીવાર, રામ૦ ૪
પાચમે પ્રપચ પરહરો, ધરો હરીનુ ધ્યાન,
પ્રીત સહિત પ્રભુને ભજો, તજો દેહાભિમાન, રામ૦ ૫
છઠ્ઠે છ ઊર્મીતણી, આત્માને આઠ,
દશ ઇંદ્રી દશ દેવતા, ફરતી વિષયની વાડ, રામ૦ ૬
સાતમે શોધ શરીરમા, કરો સગમ સોય
સેહેજે સમાધિ પ્રગટે, અતિ આનદ હોય, રામ૦ ૭
આઠમે ઇષ્ટ ઉપાસના, હરી ગુરૂની જો હોય,
અવર બીજા સો પપાળ, રખે કરતા કોઇ રામ૦ ૮
નુમે નાવ નીજ નામનુ, આવી બેઠો જે જન,
સેહેજે સાગર પાર ઉતર્યા, નવ પડયુ પ્રેતન, રામ૦ ૯
દશમે દશા શુદ્ધ ભક્તિની, કરો સતોસુ નેહ,
જે પદ દુર્લભ દેવને, પ્રાણી પામ્યો છુ તેહ રામ૦ ૧૦
એકાદશીએ અનુભવો, જોગી જનકની વાત,
ઉદ્ધવને શ્રી કૃષ્ણે કહ્યુ, શ્રીમુખે સાક્ષાત રામ૦ ૧૨
બારે બેશી રહેવુ નથી મોટુ મરણુનુ સાલ,
કોઈ ચાલ્યા ને કોઇ ચાલશે કોઇ આજને કાલ. રામ૦ ૧૨
તેરશે તારૂ તપાસને, શુ આવશે સગાથ,
તેમનુ તેમ ત્યા રહેશે, જાવુ ઠાલે હાથ, રામ૦ ૧૩

ચતુર્દશી ચક્રિ હુતા, મોટા સુભટ સુર,
અથા તેની ગણુતી નહી, ભારે ભવજળ પુર, રામ૦ ૧૪
પુનમે પ્રભુના ભજનથી, પોહોચ્યા પરમ જ ધામ,
પ્રીતમ પોહોચ્યા તે પાછા નહી ફરે,
પોહોચ્યા અવીચળ ઠામ, ગમ સમર દીન જાય છે ૧૫

પદ ૫૩

માણસ તેને તુ માનજે, માને વેદની વાત
પુન્ય ભજનનીરે વછના, હૃદે હેત હરિ સાથ મા૦ ૧
તીરથ તપ વૃત દાનસુ, જેને પુરણ પ્રીત
શુભ કરમનેરે આચરે, તજે અવર અનીત, ત્રીજા ૨
સમજણુ સાર અસારની, બોલે વચન વિવેક,
રાખે ભરોસો રામનો, ના ધરે ભ્રમ અનેક મા૦ ૩
નીતિ ધર્મનેરે અનુસરે, ઇચ્છે ભવ ત વા એહ,
પ્રીતમ તેને પ્રમાણુજે, માણુસ ઉત્તમ તેહ મા૦ ૪

પદ ૫૪

હરિજન તેને તુ જાણજે, જેને કદીએ હરિ રગ,
સ્મરણુ સેવન ગુરૂદેવનુ, તુલસી તીલક ધરે અગ હરીજન ૧
સદબુદ્ધિ સતશાસ્ત્રનુ, જેને શ્રવણુ મનન,
મન કર્મ વચને મહારાજને, અપણુ તન મન ધન હરી. ૨
વૃથા વાણી વદે નહિ, રસનાએ રટે હરી નામ,
હૃદયકમળ જેને ભયુ પુરણ પ્રેમ નિધાન હરી ૩
ભૂલે કોઇને નિંદે નહી વદે સદ્ગુરૂ રામ,
પ્રીતમ સત્ય તે સાધુવા, હરીજન તેનુ નામ. હરી ૪

પદ ૫૫

સત શિરોમણિ સર્વથી, શીતળ શબ્દ રસાળ
કરૂણા સા પ્રાણી ઉપરે, પુરણુ પરમ દયાળ સત. ૧
ભક્તિ જ્ઞાન વૈરાગ્યવત, નિત્યાનિત્ય વિવેક
સમદૃષ્ટિ માને લેખવે, દેખે આતમા એક સત ૨
શરણે આવે જે ચાહીને, તેને આપે અભેદાન,
આત્મતત્વ ઉપદેશ દઇ, કરે આપે સમાન. સત ૩

નિર્ગુણ નિર્મળ નિશ્ચળ સદા, જીવનમુક્ત જન જેહ,
વૃત્તિ અખંડ સમાધીમા, વળતુ રૂપ વિદેહ   સંત. ૪
દર્શન દુર્લભ, દેવને, વંછે હરિ હર અજ,
પ્રીતમ પૂરણ પ્રીતસુ, પરસે તન પદરજ   સંત ૫

પદ ૫૬

મૂરખ સરખા તે માણસા, જેને નહી સમજણ રેખ,
ભાવ ભરોસો ભક્તિ નહિ ન મળે જ્ઞાન વિવેક મૂ૦   ૧
ભોજન મૈથુન ભય નિંદરા, તે સૌ પ્રાણીને હોય.
જેણે હરિને જાણ્યા નહી, શને ભણીયા સૌ કોઇ   મૂ૦ ૨
ડાહ્યા હીને વેદેવાગ્મા, ગાયા નહિરે ગોવિંદ,
કાયા સદાએ સુન્દરી, વાધ્ય માયાએ મદ   મૂ૦ ૩
જેવા જંગલમા રોઝડા, પામર પશુ સમાન
ભુંડ તણુ સુખ ભોગવે, રૂદે નહી હરિનુરે ધ્યાન   મૂ૦ ૪
શબ્દ માને નહી સતના ન મુકે દેહા માન
કહે પ્રીતમ તે પ્રાણીને, પડવુ નરક નિદાન   મૂ૦ ૫

પદ ૫૭

પામર પ્રભુ રસ તે શુ પીએ, જુગના હરીનારે જન,
ખર શુ ખાઇ જાણે ખીરને, નલકે ઉકરડે મન,   પામર.
બગલો મોતીને શુ કરે, મોતી ચુગે મરાળ
પાનના બીડા શા પાડાને પાડો શોભે પરાળ   પામર,
અંધા આગળ શી આરસી, સમજે છાગુ સમાન
બેહેરા આગળ શુ બોલવુ, કેમ કરી ઉઘડશે કાન   પામર.
ભમરે ગીગાને ભોળવ્યો, ગધો દેખ ડગો બાગ
જોતા વાડીના ઝાડવા, ભાવ્યા વિષ્ટાનો ભાગ   પામર
અનના ભાન શા ઉંટને, રીઝે ઝાખરા જોઇ
કુતિડી વગડીરે ઓડણે, પીપે પય તજી લોહી,   પામર
શાન ના સમજે સપમા, અગાધીન દે ઉપદેશ,
નજરે નાતીલો નિહાળીને, દીલમા દાબતગે દ્વેષ.   પામર
પુરૂષારથ નહી છે પવૈયો નામ એક લેના જણાય,
કાળી કામળને કરમજનો, રંગ ન ચઢે રૂસીરાય.   પામર.
ખાતા પીતા બોલતા સુતા બેસતા સાર,

કહે પ્રીતમ તજીએ નહી, આતમ તત્વ વિચાર. પામર.

૫૬ ૫૮

હરી મહિમા મોટા જન જાણે, સનકાદિક શુકદેવ જોને,
અજતન ઉમિયાપતિ વદે, કરે કમળાપતિ સેવ જોને
વ્યાસ વિરચી વેદ વખાણે અપાર લીલા એની જોને,
નાથ વિના બીજો નહી ભળીયો, જોયુ ચિત્તમા ચીની જોને
સદા સર્વદા સુખમા ઝીલુ, સુદર વરને સગે જોને
માટે મારૂ મન મોહ્યુ છે, રસીક વરને રગે જોને
અગર ચદનના વનમા જઈને, ભોગી ભમરો બેઠો જોને,
ઉડીને અળગો નવ જાયે, સ્વાદ સુખડનો દીઠો જોને,
અમૃતના સાગરની માહી, મગન થયુ મન મીન જોને,
એક નિમિષ ન્યારૂ નહી થાયે, રહે રસ માહી લીન જોને
કમળનેણની સુદરી શોભા, નીરખુ નીત્યાન નીત્ય જોને,
પ્રીતમના સ્વામીની સાથે બાધી પુરણ પ્રીત જોને

૫૦ ૫૯

હરીની માયા થહા બળવતી, કોણે જીતી નવ જાય જોને.
જોગીને તો જોતી હીડે, ભોગીને તો ખાય જોને
કાયરને તો કુટી નાખે, શુરા પુઠળ ધાય જોને
જ્ઞાનીને ગેર્તીને મારે, અજ્ઞાની અવડય જોને
પડિતને પ્રપચે મારે, કોણે નવ કળાય જોને,
હરી પનોતો હાથે મારે, મહા ઠગણી કહેવાય જોને
ચતુરને તો ચુટી નાખે, ચટક ચોટી જાય જોને,
તપસીને તો રીપી નાખે, કરણીમા કુટાય જોને
હરીના અરિ એ પગ્બળ માયા, જોરે નવ જીતાય જોને,
પ્રીતમના સ્વામી પરમ સ્નેહી, પ્રેમતણે વશ થાય જોને

૫૮ ૬૦

રસન ગન રટણ કરી લે, બીજુ બકવુ મુકી દે ૧
બીજુ બોલ્યાનુ શુ કામ, લેને એક હરીનુ નામ ૨
નામે નિમળ કાયા થાય, ભવના બધન છુટી જાય ૩
લેતા કશો ન પોહોચે શ્રમ, તેને વિસારોછો કેમ ૪
હવે શુ કહુ વારવાર, દેખતા ડુબ્યો સૌ સસાર. ૫

અમૃત પીતા આળસ થાય, વહાલ ધરીને વીખડુ ખાય ૬
એવો જીવ અભાગી જાણુ, ભૂલી ભટકયો ચારે ખાણુ. ૭
નીંદા ન કરીશ કોઇની કાય, રાખો હરીને રૂદીયામાય ૮
તેથી ટળશે તારા તાપ પડશે પ્રેમે પ્રીતની છાપ ૯
ધરજો પ્રભુસુ પુરણ પ્રેમ, હૈડુ થાશે ટાઢુ હેમ ૧૦
આવે સુખડુ અગમ અપાર, પ્રીતમ સુફળ થાય અવતાર. ૧૧

પદ ૬૧

તુ નો રામ સમરને પાપીરે, તને મુનશા દેહડી આપીરે
તારા તાપ નિવાર્યો હરીએરે, તેની ભક્તિ શે ના કરીએરે.
પશુ ફેડીને પુરૂષ કીધોરે, તેનો સાચો શરણો ના લીધોરે.
તુતો કાગ થઇ કળકળતોરે, તું તો રોઝ થઇ રઝળતોરે
તુતો ઢોર થઇને ધાતોરે, અન મુકીને ખરસલુ ખાતોરે
તુતો અશ્વ થઇ અથડાતોરે, ઘાસ દાણો વેળાએ ના જડતોરે
તુતો ઉંટ થઇને ભમતોરે, બહુ ભાર અપાર ઊંચકતોરે
ગામ શુકર થઇને ફરતોરે, મહા પાપે કરી પેટ ભરતોરે
ઘણુ ગધવ થઈ આથડતોરે, બહુ માર જગતનો પડતોરે
જબુક થઈ જગલમા રેડેનોરે, તુનો સાર અસાર ના લેતોરે
મીન મઘર થઇ આફળતેરે, જીવજત અનતને ગળતોરે.
તુતો ઝાડ થઇ અવતરનોરે, કોઇ કાપીને કડકા કરતોરે
તુનો પખી થઇ પરવરતોરે, બહુ માળા જાળામા કરતોરે
કીટ કૃમી પતગ થયો પ્રાણીરે, એ ભટકયો જીવ ચારે ખાણીરે.
દુખ દીઠું તે દીન દયાળેરે, કરી કરૂણા શ્રી ગોપાળેરે.
મેહેર કરી મુનશા દેહ આપીરે, સૌ સકટ નાખ્યા કાપીરે
પામ્યો ભાવતા ભોગ વિલાસરે, સુત સુંદર દાસી ને દાસરે
પડછાયો પોતાનો નિહાળેરે, જાણે મરવુ નથી કોઇ કાળેરે
સિહાસન બેઠો પુલીરે, દહાડા દુખના ગયો સૌ ભુલીરે
કરે કરમ અતિ અહકારેરે, આવી નડશે તે એકી વારેરે
બાધી નોધીને જમપુરી લીધોરે, બહુ માર વિવિધપેરે દીધોરે
એવુ જાણીને ભજ અવિનાશીરે, ટળે ચાર ખાણું ચોરાશીરે
ભજો પ્રીતમ ભાવ કરીનેરે, ગયો અવસર નાવે ફરીનેરે.

પ. ૬૨

ભાઇઓ ભક્તિ મારગ છે આકરો રે, શીર સાટાનો સોદોરે,
હામી ખેલ નોય એતો કામ છે હીમતનુ,
એમા અજ્ઞાનીનો નહી આશરોરે, શીર ૧
પ્રેમી જન હોય તેતો પ્રેમનારે પારખુ
એમા બીજાને આવે ઉભરોરે શીર ૨
હરી હરી ભજીએ ને ઓર સુખ તજીએ,
બીજો મત પાખડ મેલો પરોરે શીર ૩
પ્રીતમ પ્રભુનુ ભજન કરી લ્યો,
તુને જોઈ લેશે ખોટો ખરોને શીર ૪

પદ ૬૩.

સુરતા લાગી છે જેની ભ્રમણા ભાગી છે,
જાણે કોઈ સત સુજાણ સોહાગી જેની સુરતા લાગી છે ટેક
નટડીનો ખેલ એતો રચ્યો રે ચોગાનમા
વરત વિના બીજુ નજરે ન આવે, જેની સુરતા લાગી છે ૧
ચાતક સ્વાતિનુ બિંદુ પોકારે
અવર ન ભાવે બીજુ નજરે ન આવે જેની સુરતા ૨
સુરાના લક્ષણ એવારે ભાઈ
જુઝ ચઢે ત્યારે પૂઠે ન જુએ જેની સુરતા લાગી છે ૩
મોટા જોગેશ્વરે જોને મનવશ કીધારે
સીધુમા પેશીને મોતીરે લીધા . જેની સુરતા ૪
ભક્તિના લક્ષણ એવારે ભાઇ,
પ્રીતમના સ્વામી મારા વશ્યા છો હૈયે જેની સુરતા લાગીછે ૫

પદ ૬૪ રાગ વાળ

મુદીર શામ સોહામણો. ભજ ભાવસુ, જેને નિગમ નિરતર ગાય તેને ભજ ભાવસુ શીવ વીરંચીને નારદ, ભજ ભાવસુ જે ચરણ કમળ ચિત્ત લ્હાય, તેને ભજ ભાવસુ જેણે પાણીમા પથ્થર તારીયા, ભ૦ એવો નામ તણો મહિમાય તેને ભજ૦ જેણે તાર્યો અજામેળ પાતકી, ભજ૦ ગજ ગુણકાની કીધી સ્હાય, તેને ભજ૦ જેણે દ્રુપદ

સુતાને પટ પૂરીયા, ભજ૦ એવા અગણિત ગુણ ન ગણાય, તેને ભજ૦ દાસ તણા દુખ ટાળવા, ભજ૦ એક શ્વાસે ઉડીને ધાય, તેને ભજ૦ અવગુણ સામુ જુએ નહી, ભજ૦ એવા ગુણવતા ગોકુળરાય, તેને ભજ૦ જેનો ઠોર નહી ત્રિલોકમા, ભજ૦ તે હરીને શરણે સમાય તેને ભજ૦ અખીલ લોકનો આતમા ભજ૦ જના સ્મરણથી સુખ થાય તેને ભજ૦ પ્રીતમ પ્રભુને સભારતા, ભજ૦ દુખ જન્મ મરણ મટી જાય, તેને ભજ ભાવસુ

પદ ૬૫

શામ ટે સમજે નહી નથી જાણુતા,
પામ્યો મોઘા મનુષ્યાવતાર, શે નથી જાણતો
વામ્યો વહ્યો વેરી વચ્ચે નથી જાણતા
કેમ ગાફલ રહેરે ગમાર, શે નથી જાણતો

શે સુખે આવે તને નિદરા નથી૦ છે માથે મરણનો માર શે નથી કાળ ફરે શીર ઉપરે, નથી૦ ક્ષણ લેતા નહિ લાગે વાર શે નથી૦ હાથે હણે પગ પેગડે, નથી૦ તેમા રહેવાનો કોણ વિચાર શે નથી૦ મુસાફર સો કો મળ્યુ, નથી૦ વેગે વહ્યા જાય સસાર શ નથી૦ મારગ વહે છે ઉતાવળા નથી૦ સા ચાલ્યુ લાર કતાર શે નથી૦ કોઈ કોનુ સગી નહી નથી૦ જાવુ અગમ પથ નિરધાર શે નથી૦ સ્વારથનુ સર્વ સગુ નથી૦ માયા પ્રપચ રચ્યોરે અપાર, શે નથી૦ બહુ બધન આ જીવને, નથી૦ નહી છુટયાનો લાગ લગાર, શે નથી૦ ધન બેડી ને ઘર ભામકી. નથી૦ ગળે તોસ કુટુબ પરિવાર, શે નથી૦ દેહ ઘર સુત સુદરી, નથી૦ એ મોટા બધન ચાર, શે નથી૦ અનેક પેર-ની આપદા, નથી૦ પીડે પ્રાણીને વિવિધ વિકાર, શે નથી૦ તેમાથી કોઇક છુટશે, નથી૦ જેને હરી ગુરૂ છોડણ હાર, શે નથી૦ ગર્ભ સકટ આવે નહી, નથી૦ ફરી ન પડે ફદ મોઝાર, શે નથી૦ કહે પ્રીતમ પદ પામીયા, નથી જાણતો. જે સર્વ શીરોમણી સાર, શે નથી જાણતો

પદ ૬૬

આજ ભલે તમે આવીયા, ઓધવજી શ્યામનો સંદે-
શો લાવીયા, ઓધવજી૦ કમળનેન હરી શુ કરે, ઓ૦ અમને
ક્ષણુએ નવ વિસરે, ઓ૦ વાલે અમને વિસારીયા, ઓ૦
કુબજાના કારજ સારીયા, ઓ૦ કર્મે અમારે મળી કુબડી
ઓ૦ તે હરીની દ્રષ્ટે પડી ઓ૦ રાકને રાજ બેસારીયા, ઓ૦
વ્રજના સુખ વિસારીયા ઓ૦ મેડક માથે ન શોભે મણી
ઓ૦ તમો છો ચતુર શિરોમણી, ઓ૦ એવુ સાભળીને લા
જી મુવા, ઓ૦ જદુનાથે પાડયા જુવા, ઓ૦ હવે કલપીને
શુ કીજીએ, ઓ૦ કરમ આપણાને દોષ દીજીએ, ઓ૦ પો-
તમના સ્વામીને શુ કહીએ, ઓ૦ ચતુર નર સમજો હયે,
ઓધવજી

પદ ૬૭

પ્રેમની વાતો ન્યારીઓ, ઓધવજી જુવતી જાણુનહા
રીઓ, ઓધવજી નેહનુ નાતુ તોડીયુ, ઓ૦ કુબજાસુ ચી-
ત્ત હરી જોડીયુ ઓ૦ ગજાને સગત શી રાકની ઓ૦
એ કુબજા દશ વાકની, ઓ૦ માગ હનને પ્રોઠી કરશી,
ઓ૦ દાસી રહી મનમા વસી ઓ૦ એ શુ ત્રીયાની
ખોટ છે, ઓ૦ નિશાન ઉપર ચોટ છે, ઓ૦ એમ શુ માયા
મોહની, ઓ૦ લજ્જા ન આવી કોઈની, ઓ૦ જોયુ તે હેત
હરજી તણુ ઓ૦ તે દુખ અમને સાલે ઘણુ, ઓ૦ પ્રો-
તમનો સ્વામી ભેટશે, ઓ૦ ત્યારે દારૂણ દુખ મેટશે, ઓ૦

પદ ૬૮

ઓછુ માણસ અકરૂરીઓ, ઓધવજી૦ મહા કપટી ને
કુડીયો ઓધવજી૦ જે દીનનો અહી આવીઓ, ઓ૦ એને
શોક ઉપજાવીયો ઓ૦ લઇ ચાલ્યો જદુનાથને, ઓ૦ દુખ
દીધુ વ્રજ સાથને ઓ૦ અમો અબળા રહ્યા રોઇને, ઓ૦
થાકયા તે વાટડી જોઇને, ઓ૦ રચના બ્રહ્મા ભુલ્યો સહી,
ઓ૦ અમને પાખ આપી નહી, ઓ૦ ભુજા પવનપર ચા
લતી, ઓ૦ જુગતે કરીને ઝાલતી, ઓ૦ જઈ મળતી એક
પળમા, ઓ૦ એવી આતુરતા દીલમા, ઓ૦ હરી હૈયાનો

વ્હાર છે, ઓ૦ પ્રીતમનો પ્રાણ આધાર છે, ઓધવજી૭

પદ. ૭૦

પ્રીતમા પડદો ન કીજીએ, ઓધવજી પ્રીત ત્યા તન મન દીજીએ ઓધવજી પીતનુ કારણુ જોર છે, ઓ૦ જેમ કાંઈ ચદ ચકોર છે, ઓ૦ નરમાહા મોતી ખરા, ઓ૦ અનેક ઉપાયે ના રહે પરા ઓ૦ ભ્રમર કમળ વિના ન રહે ઓ૦ ન મળે તો દુખડુ સહે ઓ૦ ચાતકને મન મેહ છે, ઓ૦ નદકુવરસુ નેહ છે, ઓ૦ છાયડી નમતા સુરની, ઓ૦ પ્રીતડી પરમ ચતુરની, ઓ૦ તાર ટુટયો સાધીએ ફરી, ઓ૦ ચોળનો ચઢયો ન જાય ઉતરી, ઓ૦ પ્રીતમના સ્વામીનો રગ છે, ઓ૦ જન્મો જનમનો સગ છે, ઓધવજી

પદ ૮૧ રાગ ગોડી

વ્રદાવનનોરે ચદ મારે કહીયે વશ્યો છે,
ઓધવજી ભલે આવ્યા તમે આજ, વ્રદાવનનોરે ટેક
ગોવિદજીનીરે ગોઠડી કીજે,
મુકી દેઇ સર્વે મનનીરે લાજ, વ્રદાવનને રે.
ગયા પછી ફરી ગોકુળ નાવ્યા,
એવો અમારો શો દીઠોરે દોષ વ્રદાવનનોરે
વસુદેવ દેવકીને સતાવ્યા કધે,
તેની ઉપર શો કરવોરે રોશ વ્રદાવનનોરે
લોકની લાજ અમે સર્વે નિવારી,
બાળપણાની કીધી પુરણ પ્રીત વ્રદાવનનોરે
કુબજાના ભોગ જોગ સાળવો અમને,
એવી તમારી છે ઉલટીરે રીત વ્રદાવનનોરે.
મથુરાની વાસી એ કસની દાસી
હાસી કરે છે અમને પઘળો સસાર વ્રદાવનનોરે
મધુપુર મેલી હવે કાંઈએ ના જાશો,
કુબજા સરખી તમને નહી મળે નાર વ્રદાવનનોરે.
ભાગ્ય હશે ત્યારે મળી એ ભામની,
પુણ્ય કર્યા તે કેમ પાછારે થાય. વ્રદાવનનોરે.
કુબજારે એવી જેવા ઠાકોર તમારા,

તવા પ્રીતમ તેમના ગુણ ગાય વ્રદાવનનો.

પદ ૭૨

ગોપીજનનારે પ્રાણ તે તો પ્રભુજીની પાસે,
આતો રહ્યા છે તે તો સુના શરીર ગોપીજનનારે.
કુર્મે અમારે ક્યાથી અક્રુર આવ્યો
છળ કરી લઇ ગયો બળભદ્રવીર, ગોપીજનનારે.
રથને રોકીને જ્યારે રહ્યારે રાધાજી,
તેમને તે આપી બહુ ધારણ ધીર ગોપીજનનારે.
આવ્યાની આરે અમે રહ્યા વિશ્વાસે,
આવનુ ના જાણ્યુ હરી હૈડાનુ હીર ગોપીજનનારે
વચન તમારા ઉદ્ધવ રૂદીયાના વાગ્યા
એતો લગાડ્યા જેમ તાણીને તીર. ગોપીજનનારે,
જળ વિના જીવે તેતો જાણ્યા દાદુરડા
મીન મરે જ્યારે ન મળેરે નીર ગોપીજનનારે
પ્રેમની વાતો તેતો પ્રેમી જન જાણે
વઝા ના જાણે કાંઇ પ્રસવનીરે પીડ. ગોપીજનનારે
શ્યામ સ્વરૂપ વિના શુ થાય સાધન
અબ તજીને રાણુ એવે કરીર ગોપીજનનારે
ગીરધરલાલ વિના અવર ના ગોઠે
નેણામા વસી રહ્યો નદકુમાર ગોપીજનનારે
કેસરી ભણ્યો ક્યારે ઘાસ ન ખાયે
ચડ્યો ના ઉતરે કાંઇ સતીના શણગાર ગોપીજનનારે
આના તે જળને ક્યારે છીપ ના ચાખે,
કેળ કળ નહી ફરી બીજીરે વાર ગોપીજનનારે
એક પલક અમને કહો કેમ વીસરે,
પ્રીતમનો સ્વામી અમારો પ્રાણ આધાર ગોપીજનનારે.

પદ ૭૩

વાલે વાઇરે વાસલડી લાલ, વ્રદાવનમાજીરે,
મનડુ માડ વીધાયુ લાલ, માલે તનમાજીરે. ૧
નોતમ નાદને લટકે લાલ, મારૂ મન અટકે જીરે,
નયણે નેહ ઉપજાવો લાલ હેડે ખટકે જીરે ૨

સુંદર શામ શા માટે લાલ, હેત ઉતાર્યાજીરે,
કોઇક સુંદરીની સંગે લાલ, વહાલ વધાર્યાજીરે ૩
ગીરધર છોજી ગુણવંતા લાલ મંદીરે પધારોજીરે
જન પ્રીતમના સ્વામી રમીયા લાલ, રંગ વધારોજીરે. ૪

પદ. ૭૪

આવો છેલ છબીલા લાલ, કામણ કીધાજીરે,
મુખડે બોલીને મીઠા લાલ, મન હરી લીધાજીરે ૧
તમને પુછુ પાતળીયા લાલ, ઉભલા રહોનેજીરે,
રૂજની કયા જઇ રમીયા લાલ સાચુ કહોનેજીરે ૨
ખુચી કાકાણીની કોરો લાલ, મુદીગ અંગેજીરે,
નયણા ચોળ કસુંબા લાલ, રાતે રંગેજીરે ૩
હેત હૈયાના લાલ, જીવને જોયાજીર,
જન પ્રીતમના સ્વામીની સાથે લાલ મનડા મોહ્યાજીરે ૪

પદ ૭૫

પ્રીતે પધારો પાતળીયા લાલ મંદીર મારેજીરે,
આજુ શું કહીએ તમને લાલ, વારે વારે જીરે ૧
પહેલી પ્રીત કરીને લાલ, કોઈ ના વિસારે જીરે,
મનડુ મારૂં લોભાયુ લાલ, તારે લારે જીરે, ૨
અમને રાસ રમાડયો લાલ, શરદની રાતે જીરે,
તે દહાડાનું મન મોહ્યુ લાલ, ચતુરવર સાથે જીરે ૩
સુતા બેઠા ના સોહાએ લાલ, દરશન દોને જીરે,
જન પ્રીતમના સ્વામી રમીયા લાલ, રૂદામા રહોને જીરે ૫

પદ ૭૬

સોળ કળા લઈ ચંદ ઉગ્યો લાલ શોભા સારી જીરે
ગરબો ગીરધર સાથે રમવા લાલ મળી વ્રજ નારીજીરે ૧
ધરીયા સોળે શણગારો લાલ, આપે એવા જીરે,
અંગે ઉલટ ન માયે લાલ અધરરસ લેવા જીરે, ૨
ગાન કરે સઉ ગોપીજન લાલ, વેચે વનમાળી જીરે,
જન પ્રીતમના સ્વામીની સાથે લાલ, લાગી તાળીજીરે.

પદ ૭૭

આજ અનોપમ દહાડો લાલ, હરી ઘેર આવ્યા જીરે,

મોતી કેરે ઝુમખડે લાલ, વહાલો વધાવ્યા જીરે, ૧
મોહે પાઘ કસુંબી લાલ. છોગેરી છેડો જીરે,
રસીયા સાથે રંગ લાગ્યો લાલ, ન મુકું કેડો જીરે ૨
જાણું જઈને ભેટું લાલ સાભળ સાહેલી જીરે
જન પ્રીતમના સ્વામીને મળવા લાલ, લજ્જા મેલી જીરે ૩

પદ ૭૮

પ્રેમ તણે પથ ચાલેરે તે મહાપદ મહાલે,
બે ડગલા માણક ચઢે સીડી સાતા આવીને કર ઝાલેરે તે મહા.
ત્રીભુવન વ્યાપક તેજ તમારૂ, તમ વિના તરણુ ન હાલેરે,તે મહા.
જેને હૈયે હરી આપ બીરાજે તેને તાપ ન સાલેરે, તે મહા.
પ્રીતમનો સ્વામી શામળીયો, ભક્ત ભાવ પ્રતિપાળેરે, તે મહા.

પદ ૭૯

લે ગોવિંદ ગુણ ગાઈરે, દેહ દુર્લભ ભાઈ
રત્ન પદારથ દેહ અમુલખ ઠોઠાને બદલે ગમાઇરે, દેહ
એક ઘડી હરી નામ ન લીધુ, મુરખ ધંધામા ધાઇરે દેહ
કરે બીજાનુ કરમ કમાયો આપ રહ્યો ઉર જાઈરે, દેહ.
પ્રીતમનો સ્વામી શામળીયો સેવકનો સુખ દાઈરે દેહ.

પદ ૮૦

કરૂણાસિંધુ હરીનેરે, ભજ ભાવ ધરીને,
હું હું કરતા શુરે હીંડે છે મુરખ જાશે મરીનેરે ભજભાવ
ગયા અનેક તેની નહી ગણતી, કો ન ફરી રીનેરે ભજભાવ,
સાચુ જુઠુ કરીને જીવો, પાપે પેટ ભરીનેરે ભજભાવ
પ્રીતમના પ્રભુનુ ભજન કરી લે, એમ ઠેકાણે ઠરીનેરે, ભજભાવ

પદ ૮૧

ઉર હરી સ્મરણ સાચુરે કામ કાયનું કાચુ'
મિથ્યા દેહમાં શુ મોહ પામ્યો ફરી ફરી પડવુ પાછુ રે, કામ.
ચાર દીનુ લટકુ ચટકુ, રંગ પતંગે શુ રાચુ રે, કામ
કૃષ્ન કથા કર કીર્તન પ્રેમે, શે નહી નેહે નાચુ રે, કામ.
પ્રીતમ પ્રભુ શુ પાણી જોડીને, ભક્તિ જુગો જુગ જાચુ રે,કામ

પદ ૮૨

અંતરજામીનુ નથી અજાણ્યુ મન માને તેમ મહાલો,

પુન્ય પાપના એ મારગ છે, મન માને તે ઝાલો ટેક
કર્યો કર્મ ભોગવવા પડશે, જોઈ વિચારીને ચાલો, અતર
હરીને ઘેર તો હિસાબ એક છે કોણ વેરીકોણ વહાલો, અતર
વણ સમજ્યો વેપાર કરો છો, ફેરો પડશે ઠાલો, અંતર
પ્રીતમનો સ્વામી પ્રેમ તણો છે, નાગર નદનો લાલો, અતર

પદ ૮ રાગ પ્રભાતી ધોળ

ચેત ચેતરે અચેત પ્રાણી શુ સુતો આળસ આણીરે,
ઉત્તમ અવસર જાણી જીવડા જાગનેરે
કાચી કાયા વાદળ છાયા, તેમા શુ લોભાયોરે,
મિથ્યા માયા મૃગતૃષ્ણાના જળ ત્યાગનેરે ૧
અનેક શુરા ગયા અધુરા કામે કાયર પૂરાર,
ચાવી ચુગ કર્યો તેની ગણુતી નહીરે,
ગુલર ફળના જતુ જેવા, સૃષ્ટીના સુખ એવારે,
માને મન એવુ એ સાચુ સહીરે ૨
જાણ્યા જેવા જળ પરપોટા, દીસે નના મોટારે,
ફુલ્યા તે તો સર્વે ફુટી જાય છેરે,
હરીને શરણે આવે જયારે તેના તાપ નિવારેરે,
કહે પ્રીતમ તે ત્યારે નીરભે થાયછે રે ૩

પદ ૮૯

જીવ અભાગી કઈ ના જાણે, મિથ્ય સુખને માણેરે,
પ્રભુ ઉર ના આણે એ અરજ રહ્યા રે
સીસાબાજીમા શુ મોહ્યો અમુલખ અવસર ખોયોરે,
જુઠે જન્મ વગોવ્યો તો કહીએ કહારે ૧
દેખત ભૂલ્યો કહ્યુ ન માને, તેને શુ સમજાવેરે
હથ ન આવે સો મણ છલા કુટીએરે,
ખળને કાઈ પ્રતીત ન આવે, સામા ઉત્તર આપેરે,
જ્ઞાન ન આવે નિશ્ચે નાસી છુટીએરે ૨
અધિકારીને સગ લાગે, જેમ નિદ્રાથી જાગેરે,
તેના સશય ભાગે, જે ભાવે ભજેરે,
મુમુક્ષુની સમજણ ન્યારી, શુ જાણે સસારીરે,
પ્રીતમ અર્થ વિચારે સો અનરથ તજેરે. ૩

પદ ૮૫

સદગુરૂ સંગે રહીએ રંગે આનંદ વાધે અંગેરે,
પુરણ પ્રેમ ત્યાં રંગે પ્રભુને નિહાળીએરે,
નેહે નીરખું હેડે હરખું, નહી શામળીયા સન્મુખરે
અલબેલા વાલા શું અંતર ટાળીએરે ૧
આનંદકારી અખંડ વિહારી, ગોપીવર ગીરધારીરે
હું બલીહારી વારી તારા નામનેરે,
જ્યાં જેવો ત્યાં તેવો તે તો અકળ સ્વરૂપી એવોરે,
સ્નેહ ધરીને સેવો સુંદર શ્યામનેરે ૨
રમતા નામ નિરંતર ન્યાળો હું મારાને ટાળોરે
પ્રીતમ પ્રેમે પાળો નાતું નેહનુંરે ૩

પદ ૮૬

નેહવિના હરી ન મળે કેને, એવું લક્ષણ એનેરે,
જેને ભેટે તેના ભવદુઃખ જાયછેરે
ભૂપ ભુવન ભોજન ના ભાવે દાસ તેડે ત્યાં આવેરે,
ભક્ત તણે ઘેર ભાવે ભાજી ખાયછેરે ૧
શવરી સજ્નો મલીન વિચારી, કરમા કુણ આચારીરે,
સ્નેહ વિચારી શામળીઓ ભોજન કરેરે,
જન્મ કર્મ કુળ જાત નાતની, નહી એને અધિકાઈરે,
ભાવે ભકતશું ભૂધરજી પાણી ભરેરે ૨
સ્નેહ તાણું એ કારણું મોટું, પ્રેમ વિના સૌ ખોટું રે,
જપ તપ તીરથ જગન કરે શું થાયછેરે,
ગોપીના ગોરસ પીધા, ચીર હરીને લીધારે,
બાળ ચરિત્ર બહુ કીધા ગ્રંથે ગાયછેરે, ૩
પ્રેમતણે વશ ધાયો આવે, હેને હસીને બોલાવેરે,
પ્રીતવિના પ્રપંચ ના ભાવે નાથનેરે,
પ્રીતમનો સ્વામી શામળીયો, અતિ બળિયામાં બળીઓરે,
આવી અઢળક ઢળીઓ અબળા સાથનેરે ૪

પદ ૮૭ રાગ કાફી

રતન પદારથરે અલ્યા તને જનમ દીયો,
માયામાં વીટાણોરે, ભુંડા તુંતો કાંઈ ન લહ્યો ટેક.

બાર વરસ બાળપણુમા ખોયા, ત્રીસ વરસનો થયો,
સીત્તેર વરસ સુધી સમજ્યો નહી, અફળ જન્મારો ગયો;
હવે શુ ચેતેરે જન્મ તો પુરો થયો • રતન પદા. ૧
સુનશા દેહીએ પ્રભુ ભજ્યો તે, અખંડ ઉગી રહ્યો,
આવા ગમનનો ફેરોરે ટળીયો, તે સદ્ગુરૂ સરખો થયો
પૂરણુ પદ પામ્યોરે, તે તો વૈકુંઠ ગયો રતન પદા. ૨
સાચો ધણી તે સમરથ બેલી, જે ગુણુ હરીના ગાય,
પ્રીતમના સ્વામીને ભજતા, જન્મો જનમ ઓળખાય,
પ્રાણુ જીવન પાતળીયોરે, મારા તો ઘટમા રહ્યો રતન પદા. ૪

પદ ૮૮ કાપી.

હરી રસ પીજેરે પરમ પ્રેમે કરી
ઉર અનરમારે, લીજ એક ધ્યાન ધરી ટેક.
અધમ ઉદ્ધારણુ ભવ જળ તારણુ, નરક નિવારણુ નામ,
જાણે અજાણે જપે જીહ્વાએ, તે પામે અવિચળ ઠામ,
શ્વાસ ઉશ્વાસેરે, રસના રટને હરી હરી રસ. ૧
અજામેળ ગજ ગુણુકા નારી, નામે પામ્યા પાર,
પ્રાયશ્ચિત પ્રાઢ કર્યા તેના પ્રતાપે, ક્ષણુ ન લાગી વાર;
ગોવિંદ ગુણુ ગાનારે ગયા બહુ પતીત તરી, હરી રસ. ૨
નામ નીસરણી જે જન ચઢીયા, પોહોચ્યા ઇંડને પાર,
ધ્રુવના ધામ થકી અતી ઊંચા, અચળ થયા નીરધાર,
ડગે નહી કબહુરે, બેઠા ઠીક ઠરી, હરી રસ. ૩
પીંડ બ્રહ્માડનો પ્રેરક પોતે, સાનો સાક્ષી સોય,
અકળ અરૂપા સહજ સ્વરૂપી, આવરણુ એકે ન હોય,
માયા નવ લાગેરે, નાઠો કાળ ડરી હરી રસ ૪
અમલ અખંડ મારી, સદ્ગુરૂથી પીવાય
લગન મગન તે સાનમા ગાજે, અભે અમર તે થાય,
કહે જન પ્રીતમરે ન પડે ફેદ ફરી, હરી રસ. ૫

પદ ૮૯ કાપી

સદ્ગુરૂ શબ્દેરે, ત્રિવિધિ તાપ ટળ્યા,
એવા અંતરજામીરે, પ્રેમે પ્રગટ મળ્યા ટેક.
કરી કસોટી કુદન કીધુ, કાપી કાઢયો મેલ
બાહ્ય ભીતર એક સ્વતનત્ર થઈ ગયુ સૌ મેહેલ,

જ્ઞાન વન્હીમારે, અઘના ઓઘ બળ્યા સદ્ગુરૂ. ૧

જીવ ભાવ મેટીને ગુરૂએ કીધો બ્રહ્મસ્વરૂપ,
સંશય રહિત થયો શુદ્ધ ચેતન, કોણ પડે ભવકુપ
કલ્પના મટીરે મન પાષાણ ગળ્યા. સદ્ગુરૂ ૨

કળા કુચી આપી સદ્ગુરૂએ, રાખ્યો આપ ઉદાસ;
ધરણીરે ઉપર ચરણ ધરે નહી, જેમ અનળ રહે આકાશ,
અજર રસ પીધોરે, પ્રપંચ દુર પળ્યા સદ્ગુરૂ ૩

તત્વમસી તુરીયાપદ પાર્યુ ટળ્યા દ્વૈતના દ્વંદ,
નીજાનંદ નિરંતર નિરખ્યા, નિરાલંબ નિર્દ્વંદ,
પ્રીતમ સ્વે પોત્યોરે, અઢળક સહુને ઢળ્યા સદ્ગુરૂ ૪

પદ ૯૦ કાફી

તત્વ સાખ્યમારે, જોયુ જુગત કરી,
સરવ સમાતારે, ઉગરે એક હરી ટેક.

ઇંદ્રી દેવ વિશે ગુણવૃત્તિ, સૌનો પ્રેરક સોય,
વસ્તુ વિચાર કરીને જોતા, આવરણ એકે ન હોય,
આનંદ કોશેરે, અનુભવ દ્રષ્ટિ ઠરી તત્વ સાખ્ય ૧

શુદ્ધ ચેતન્ય સાક્ષી પ્રમતા પ્રમાણ પ્રમેતી એક,
અદ્વૈત એક અખંડ અવિનાશી, નીગમ કહે નેતી નેતી
નાથ નિરંતરરે નિરખ્યા નજર ભરી. તત્વ સાખ્ય ૨

કનક દડ સાકરનુ શ્રીફળ, જળકુંભ એક રૂપ,
બાહ્ય ભીતર સવ નિરંતર, આપે અકળ સ્વરૂપ,
એકરસ ઇશ્વરરે નહી કોઇ ભિન્ન અરી તત્વ સાખ્ય ૩

બ્રહ્મપયોધિ ભર્યો પરિપુરણ, ન મળે ન્યુન લગાર
મૃત્યુ તે અમૃત થઈ નિવર્યુ પ્રગટયો પ્રેમ અપાર,
પ્રીતમ પ્રીછેરે, ગુરૂગમ સાન ખરી તત્વ સાખ્ય, ૪

પદ ૯૧ ધોળ

સખી આજ અનોપમ હાડીલો, અતિ ઉલટ અંગ ન માય;
પ્રાણ પ્યારી તે પરણે પ્રીતસુ મળી માનુની મંગળ ગાય સ૦
વર તો સુંદર નંદજીનો લાડીલો, ભ્રખુભાણ તણીરે કન્યાય;
રાધા મોહન રાગે રળીયા મળ્યા,જેની શોભાતોવર્ણવી ન જાય સ૦
તરીયા તોરણ બાંધ્યા રે બારણે, મણી મુક્તાના ચોક પુરાય,
મોટા મંડપ છાવારે, કુમ કુમ કેસરના છાટણા છંટાય સ૦

સુવાચંદન અંગ મદ મુક્તા. પ્રેમે ફોફળ પાન વેહેચાય,
સ્વામી પ્રીતમનાની શોભા ઘણી, જેનો રસ ભરીયો બીડું
વાચ સ૦

પદ ૫૩ રાગ ફેર ધોળ

સખી આનંદ સાગર ઉલટયો, મને પ્રગટયો છે પ્રેમ અપાર;
રૂપ સુંદર શ્યામારે સુંદરી, એવા નટવર નંદકુમાર સખી૦
સખી સુંદરતા ત્રીલોકની આવી એકઠી થઇ એક ઠામ,
એની ઉપમામાં કોઇ આવે નહી, બલીહારી ને કોટીક કામ સ૦
બ્રહ્માએ લાખેણું લગન વિચારીયુ, શુભ મુહુર્ત ને શુભવાર;
તેવુ જોઇને ત્રીકમજી તોરણ ચઢયા, સાસુ પંખવા આવ્યા સાર સ૦
વેદ વિધિ કરીને પધરાવિયા, પ્રભુ આવ્યા છે માયરા માંય,
સ્વામી પ્રીતમનો અતિ રૂડો, બ્રહ્મા વેદ ભણે છે ત્યાંય. સ૦

પદ ૯૨ ધોળ

બ્રહ્મા વેદ ભણેછેરે, અતિ હેતે હરખે
સુરજન જય બોલેરે કુસુમ ઘણું વરસે ૧
વેદીપર પાવકરે જવ તલ હેમાયે
વાજા બહુ વાજેરે રંગ રેલો થાયે ૨
કંચનને કળશેરે, ચોરી રચી રુડે,
મોહ્યા લોક અનંદરે, મોયાને રૂપે ૩
વર પાસે બેસાડયારે, ચંદ્રમુખી બાળા
કંઠે આરોપી, સુંદર વરમાળા ૪
કુમ કુમ કેસરનારે છાંટયા છાંટણલા
જુગતેસુ કીધું છેડા ગાંઠલડા ૫
ફરવાને લાગ્યારે, મંગળ ફેર
દુધે મેહ ઉઠયારે કરા સાકર કેરા ૬
કંસાર આરોગ્યોરે, પ્રીતે બેઉ જણા,
ધ્રુવ દર્શન કીધારે દીધા દાન ઘણા ૭
પ્રીતમના પ્રભુનારે, મિઢળ છોડાયે
મળી તરૂણી ટોળેરે, મનગમતુ ગાયે ૮

પદ ૯૪. ધોળ રાગ ફેર

છોડ છોડ છબીલા દોરડોરે, તારે દોરડીએ દશ ગાંઠ અલબેલા
તે તુજથી કેમ છુટશેરે, બ્રહ્માએ પાડી આંટા અલબેલા૦ ૧

મય પીતા મારી પૂતનારે, મહી માખણુના ચોર, અ૦
આહીર કુળમા ઉછર્યોરે ચાર્યા ગોકુળમા ઢોર અ૦ ૨
કુબ્જા તે દાસી કંસનીરે, તે સુ કર્યો ઘરવાસ અ૦
નવલખ દુઝે નંદનેરે તોય પીધી પીયારી છાશ, અ૦ ૩
જે બાપનો તુ બાળકોરે જાણ્યુ તમારુ જોર, અ૦
ચતુરપણુ તમા શુ હશેરે,ચાખ્યા તે ભીલડીના બોર અ૦ ૪
તારી જાતને ભાત જડે નહીરે, ન મળે મોટા સંગ, અ૦
પ્રીતમના સ્વામી શુ કહીએરે, એવા તમારા ઢંગ અ૦ ૫

પદ ૯૫ ધોળ

છોડ છોડ છબીલી દોરડોરે, તારો સુદામો વીર તેડાવ,અલબેલી
તેથી જો અથ મરે નહીરે, તારો બ્રખુભાણુ બાપ તેડાવ અ૦ ૧
તુ કુંવરી કીરતી તણીરે તેનુ કર્યુ સ્તન પાન અ૦
જોર જરાય મા રાખશોરે, અંતરમા અભિમાન અ૦ ૨
મનમા તે મરડ ન રાખશોરે, માન મુકીને કરજોડ, અ૦
શીર નમાવે સૌ દેખતા રે, હાથે હારીને દાંતે તોડ અ૦ ૩
કુણ તપ કીધા તરૂણીરે, તારા પુન્ય તણો નહી પાર, અ૦
કોટી બ્રહ્માંડપતિ કૃષ્ણજીરે, તે તુ પામી ભરથાર અ૦ ૪
લાડીલી લાજ ન રાખજોરે જ્યમ જેમ તે તેમ થાય, અ૦
પ્રીતમના સ્વામી શ્યામળારે, તેને તુ લાગ પ્રેમે પાય,
અલબેલી દોરડોરે, છોડ છોડ છબીલા દોરડોરે ૫

પદ ૯૬ ધોળ નાગ ફેં

સાભળ સૈયર વાતડી, હુ વારીરે, નદીરે આવ્યા માવ મંગળકારીરે જોતી હતી જેની વાટડી હુ વારીરે, ઉર અંતરમા ભાવ મંગળકારીરે અચક મચક ઘેર આવીયા, હુ વા૦ દીધા છે દરશન, મંગળકારીરે દયા કરી નીજ દાસને હુ વારીરે, પ્રેમે કર્યા દર્શન મંગળકારીરે, સુંદર શોભા જોઇને, હુ વારીરે, ભાગી ગઇ સૌ ભ્રાન, મંગળકારીરે ઓરડીયા અજવાળીયા, હુ વારીરે, સેજે પામી સુખશાત, મંગળકારીરે, શત્રુ નહી સંસારમા, હુ વારીરે, સિધ્યા સર્વે કાજ મંગળકારીરે, કુટારો કઇએ ગયો, હુ વારીરે, આવ્યુ અકટક રાજ, મંગળકારીરે, શોક નહી સ્વપ્નાતરે, હુ વારીરે, દુખનો ફેડયો ઠામ, મંગળકારીરે સુખનો સાગર હુલસ્યો, હુ વારીરે, સ-

ન્મુખ ઊભા સ્યામ મંગળકારીરે મેહેર થઇ મહારાજની, હું વારીરે, ટળીયા ત્રિવીધિ તાપ મંગળકરીરે પ્રીતમનેઃ સ્વામી શામળો, હુ વારીરે, મળીયા આપો આપમંગળકારીરે.

પદ ૪૭ રાગ મોતીદામ છંદ

હવે હરી ભજતા રખે જીવ હારે, નહી દેહ મુનશ્યઃ મળે વારે વારે વિષયને નનાદે વળગતો ફરેછે, શાને માનવી મોહ મિથ્યા ધરેછે. ૧ જોઇ લે તપાસી નથી કોઇ કેનુ કરે છે કુંમડા થશે દુખ તેનુ, મળ્યા સ્વાર્થી સૌ કો સુતનારી, ભજો ભાવસુ કૃષ્ણ આનંદકારી ૨ જોનામા ગયો જન્મ તે મર્ણ વાટે, નથી ચેતતો મૂઢ તે કોણુ માટે, ધન વાન ઘણી ત્રીયા કાજ પ્રાણી ભમે જીવ નસારમા ચક્ર ઘાણી તેં કરેકલ્પના ભ્રમણ ચિત્ત ભારી, ભજો ભાવસુ કૃષ્ણ આનંદકારી, ગયા રંક રાજા મોટા ચક્રવર્તી, જેની આણ ફરતી જહા લગી ધરતી ૪ ગયુ બાળ જોબન તે તન તારૂ, નથી મૂકતો મૂરખા લોકલારૂ ગયો બાપનો બાપ જોને વિચારી, ભજો ભાવસુ કૃષ્ણ આનંદકારી ૫ જાણો જગતના જીવના પ્રીત જુઠી નથી દેખતો દુર્મતિ આખ ફુટી વાગી તરત તારે મઉ રોગ ઉંજયો ચાખ્યો કણ કાચો ચઢયો સર્વ સુજ્યોઃ ૬ સદા સદ્‌ગુરૂ સંત કહેછે પોકારી, ભજો ભાવસુ કૃષ્ણ આનંદકારી, પડયો પામર ખાડમા શીદ પાછો, ગ્રહો રામના નામનો દ્રવ્ય સાચો ૭ ખોટા ખેલમા શુ રહ્યો છુ ઘુંચાઇ, નથી હાથ આવે એવુ કાઈ ભાઇ, કર્યું કારસુ મોહ માટે મોગરી, ભજો ભવશુ કૃષ્ણ આનંદકારી ૮ વળગી જીવને એક નારી નઠારી, જોડયો જુસરે નાથ ઘાલી કરાગી, કર્યો કામરૂ દેશનોઃ બેલ બાળા, ઘાલ્યા કંઠમા કાથના દઢ ગાળા ૯ છુટે કેઈ પેરે કરીને સંસારી ભજો ભાવસુ કૃષ્ણ આનંદકારી રચી વિશ્વ વાડી વિચિત્ર પ્રકારે, વેડયા કાચા પાકા સઉ એકીવારે ૧૦ કોનો હર્ખ ધરીએ કોનો શોક કીજે, ગયા કંઇક કોટી કોનુ નામ લીજે, રાખો રૂદીયામા હરી એક ધારી, ભજો ભાવસુ કૃષ્ણ આનંદકારી ૧૧ જેના નામથી ભવનુ કષ્ટ ભાગે, ત્રણે તાપની આચ એકે ન લાગે, તથા ઘોર સંસાર તે મહાપાપી, હરીનામ ખડગે નાખી જાળ કાપી, ૧૨ આવ્યા શર્ણ લીધા અ-

નેક ઉગારી, ભજો ભાવસુ કૃષ્ણ આનંદકારી કે'તા જીભ આઠી સુણી કાન ફુટયા, હૃદે નાવ્યુ જ્ઞાન તેના રામ રૂઠયા. ૧૩ વૃથા વાતમા તુ રખે દીન ખોતો, ગયો દાવ નાવે વળતો રેહેશે રોતો, પ્રભુ ભજે તેને પ્રીતમ બલીહારી, ભજો ભાવસુ કૃષ્ણ આનંદકારી

પદ ૫૮

માયા મોહની તે નથી કોઇની દાસી, વાલો વીખ પાશે દેશે કંઠ ફાસી, નાખે નીરમા ગુલકાટા કરીને, ભ્રખે ભાવે તે મીન જાયે મરીને, પાળે પશુને ખાન્કી જેહ રીતે, એવો સદગુરૂ શ્રીપતી શુદ્ધ ચિત્તે. ૧ સુના અસ્તિને શ્વાન ખેચે હજારો, લડે આથડે જાય મુકી બિચારા, ત્રિયા હેમ ભુમી સવે જુદ્ધ કરતા, હણે માહો માહી દીશે મરતા, ધરે જન્મને મર્ણ તે નીત્ય નીત્યે, એવો સદગુરૂ શ્રીપતી શુદ્ધ ચિત્ત ૨ પડયો જીવ જંજાળમા જોઈ જાણી, હાથે હેડ માહી પેઠો હરખ આણી ત્રિયા તાસ કંઠે પગે બાળ બેડી, ભારે ભા સકી જાણજે મેહેલ મેડી, દમે ધમ ફુતો વેળા વિપરીત, એવો સદગુરૂ શ્રીપતિ શુદ્ધ ચિત્તે ૩ કયુ સાચુ જુઠુ ભર્યુ પેટ પાપે જેવુ કર્મ કીધુ એવુ ફળ આપે, જેવુ વાવ્યુ એવુ ઉગ્યુ ખેતી માહી, ઉછર્યા કંટ ળા ફ્રુજે અબ કાહી શુભાશુભ આવી મળે સા અંતે, એવો સદગુરૂ શ્રીપતિ શુદ્ધ ચિત્તે ૪ આશા તૃષ્ણા ને ઇર્ષ્યા લોભ લેહેરી, વસે એકઠા પંડમા પંચ વેરી, દગો દીન ગત કરે રહી પાસે, ગ્રહે કેશ કાળ ત્યારે જીવ જાશે, ભરોસે કોને નર રહે છે નચિંતે, સેવો સદગુરૂ શ્રીપતિ શુદ્ધ ચિત્તે ૫ વિષય વાસના કામનો દાસ કીધો, ક્યુ નામ નારી તણા જન્મ લીધો ટળે આપદા જા જપી જાપ જાણે પ્રીછે પામરો વેદ શાસ્ત્રો વખાણે, નહી નીપજે સાર અવતાર વીતે, સેવો સદગુરૂ શ્રીપતિ શુદ્ધ ચિત્તે ૬ છેલ્લો દેહ મનુષ્યા તણા પ્રેમે, જુવે જો વિચારી મહા કષ્ટ વામે, ક્ષણ એક માહી મળે નાથ ગરવો, ભળે બ્રહ્મમા તો ટળે જન્મ ધરવો, પ્રીતમના પ્રભુને ભજો પ્રેમ પ્રીતે, સેવો સદગુરૂ શ્રીપતિ શુદ્ધ ચિતે ૭

પદ ૯૯

કાળ વ્યાલનો ડખ ન લાગે, અમૃત નામ ઉચારે જો,
પ્રેમ પ્રકાશ કરે ઘટ ભીતર, કુમત દૂર નિવારે જો
ચિંતામણી ચિંતાને ટાળે વાત લેજે માની જો,
જે પખી સુરતરૂને સેવે, તેને સકટ શાનુ જો
હરીનું સ્મરણ કરે નિરંતર, તેને સકટ શાનુ જો
નૈકાઓને પાર ઉતારે, કોણ મોટુ કોણ નાનુ જો
ઊચ નીચનુ અતર ન મળે, હરીને ભજે તે હરીનો જો,
તે પ્રાણી ન પડે માયામા, વાસી વૈકુઠ પુરીનો જો.
જેને માથે ગિરવર ગાજે, તેને શાનો ટોગો જો,
પ્રીતમ પ્રભુનુ ભજન કરશે, તે સરખો નહી મોટો જો.

પદ ૧૦૦

તુંતો નિદા ન કરીશ કોઇની પ્રેમે સુધારસ પીજે જો,
આ સૃષ્ટિ શામળીયાજીની, કોઇને દુખ ના દીજે જો.
જીવ દુખાવે હરી દુખાયે, એનો અર્થ છે એવો જો,
અવગુણ કોઇનો ઉર ના ધરીએ ગુણ ગોતીને લેવો જો
માંદાને મિષ્ટાન્ન પચે નહી, પાચા ખીલો થાય જો,
ઓસડ ખાયને ચરી ન પળે, તેનો રોગ ન જાય જો
હક બોલો હરીને સભારો દયા ઉરના ધારો જો
આશા તૃષ્ણા લોભ ઇર્ષ્યા, દિલથી દુર નિવારોજો
સમદૃષ્ટિ સૌ ઉપર આણો, દુષ્ટ ભાવન ટાળો જો,
પ્રીતમના સ્વામીના નાથે પ્રેમ નેમ નિત્ય પાળો જો,

પદ ૧૦૧

પ્રેમીજનની પાસ પ્રભુ છે, દુર્જનીયાથી દુર જો,
કીડી કુજર સ્થાવર જગમ, રામ રહ્યો ભરપુર જો,
સર્વ દેવના માહી નિરજન, ઘટ ઘટ માહી બોલે જો,
દયા કરે તે દર્શન પામે માયાના પટ ખોલે જો
સચરાચર શોભી રહ્યા એક, અતરજામી જો,
અણુ માત્ર ખાલી ન મળે કઈ, પગ ધરવાનો ઠામ જો,
જ્યા જુઓ ત્યા તેવા થઇને રસીએ રગ મચાવ્યો જો,

પદ ૧૦૨

પ્રીતમનો સ્વામી શામળીયો ભાવ્ય તેને ભાવ્યો,
એરા આવો અલબેલા એક વાત કહુ સમજાવી જો;

કાલે મારે મહીએર હુતી, આજ સાસરીએ આવી જે
અમે વહુવારુ નાને વેશે, પ્રીત રીત નવ જાણું જે,
રસીયા તારૂ રૂપ મારૂ મન લોભાણું જે
દુરીજન દેખે આળ ન કીજે, એ અમારે માઠુ જે,
ગોરસ પીવા ધાયા આવો, એમ જાય સૌ નાઠુ જે
સસુ મારી શૂળી સરખી, જાણી બોલે બાળે જે
પીયુડો મારી પીડ ન જાણે, હરીને મળતા ખાળે જે,
લાડસવાયા લોકડીઆમા, સાવધાન થઇ ચાલુ જે,
મારા સમજો મોહનજી મને તમ સરખુ નહી વહાલુ જે.
હુમણા હુમણા હેત વધાર્યું, પેહેલા આવડુ નહોતુ જે,
પ્રીતમના સ્વામીને મળવા, નર્વે મેલ્યુ સુતુ જે

પદ ૧૦૩

કાયાનો અહકાર ન કરશો, કાચા કાચો કળાયો જે
આજકાલ દીન પાચ સાતમા, ધુળ થઇને ઠગશો જે
વેળુનુ ઘર વણસી જાશે, માન કહ્યુ તુ મારૂ જે
મૃગ તૃષ્ણા સાગરની લેહેરો, એવુ છે તન તારૂ જે
દહીએ દુધે દાડી સીચે, સુધા અગ લગાવે જે
જતન કરી બહુ જાળવે કાઇ, અતે કામ નહી આવે જે.
વ્યાધી દુખ કલેવર કહીએ, કલેશ કેરૂ મૂળ જે,
મૂરખ તેમા શુ મોહ્યો છે, મુખમા પડશે ધુળ જે
જમરા ભમરા ફરે શીશ પર, કરશે ખેચા તાણ જે,
પ્રીતમ પ્રભુનુ ભજન કરી લે, જો ઇચ્છે કલ્યાણ જે

પદ ૧૦૪

અચેત તારી ઉઘ ન ઉડે, માથે મરણ ગાજે જે
ઘણા કાળ કુટાયો કુબુદ્ધિ તોય લપટ ના લાજે જે
વિષય ભોગથી ભૂખ ન ભાગી ભૂત તણી પેરે ભમતો જે.
પોતાના ઉદરને અર્થે, અનેક જીવને દમતો જે
શીળપણુ સતોષ ન આવ્યો, ઢોર તણી પેરે ધાતો જે
ધર્મનો ઠગલો મૂકી દઇને, જઈ ખરસલુ ખાતો જે
પશુ પખી થઈને પરવરતો, ઝાડ પહાડ અવતરતો જે,
આશા તૃષ્ણા લોભઇચ્છા, તેનો તાણ્યો ફરતો જે
હવે હરીનુ ભજન કરીલે, ભવનુ ભટકણ ભાગે જે,

પ્રીતમના સ્વામીની સાથે, જો સાચો રંગ લાગે જો

પદ ૧૦૫

પરમારથનો અર્થ ન પ્રીછયો, તુ તો પામર પ્રાણી જો,
મુનશા દેહ મુક્તિનો અવસર, તેની જુક્તિ ન જાણી જો.
પુરૂષ ખરો પણ પશુથી ખોટો, જીવ જનાવર જેવો જો;
જો ઇચ્છો ભવ તરવાને તો, હરિગુરૂ સતને સેવો જો,
આપ આપ તે આપણુ ને, રાખ રાખ તે રાખ જો,
ધન નામું ખરચી નવ જાણ્યુ, જેવી મધની માખ જો,
અસત્ય જુઠ દ્રવ્ય કર્યું એકઠુ, તે તો કોઇક ખાશે જો
અંતર સમેઆવી દુખ પડશે, તે પ્રાણી પસ્તાશે જો,
ઘડથી ભૂલ્યો દેખત ડુલ્યો, હરી મેલ્યા વિસારી જો,
પ્રીતમ પ્રભુનુ ભજન કરી લ્યો, આનદ અખડ વિહારી જો.

પદ. ૧૦૬

આળપપાળે અવસર વીત્યો શુભ કારજ ના કીધુ જો;
એક ઘડી એકાતે બેશી, હરીનુ નામ ન લીધુ જ.
આવ્યો તો કાઇ લાભ કમાવા, મુદલ માહી ગમાયો જો;
હરી હીરો મૂકીને મૂરખ, કોડી માહી લલચાયો જા
ધામ ધુમ ધધામા ધાયો, ગાયો નહી ગીરધારી જે,
હુકારે કાઇ હાથ ન આવ્યુ સર્વસ બેઠો હારી જો.
હરીના ભજન વિના બહુ ભમવુ, મરવુ ને અવતરવુ જો,
પ્રીતમ પ્રભુનુ ભજન કરી લે, તેથી તારે તરવુ જો

પદ ૧૦૭

ચડવુ તારે હરીને નામે, અવર નહી ઉપાય જે,
અનતકોટી આગીઆ પ્રગટે પણ રવી વીના રાત ના જાય જો.
લોહાનુ કચન કરે પણ, પારસ વિના નવ થાય જે
શુદ્ધ વિચાર વિના નવ સમજે, રાત દિવસ શુ ગાય જો;
સમજે સાધન થાય સેહજમા, વણ સમજે પચી મરવુ જો.
ગાડે બેઠા ગામ આવે, ન પડે પ્રેતન કરવુ જા
હરી ગુરૂ સત કૃપા કરે તો જન્મ મરણ દુખ જાય જો;
પ્રીતમ પ્રભુના ભજન પ્રતાપે, કોઇ દીન કાળ ન ખાય જો.

પદ ૧૦૮

સુતા બેઠાં શામળીયાજી, તાન તમારી સાથે જો,

બીજું ન ગમે બીજા કોઈનું નેહ વધાયો નાથે જો
દાતણ કરતા દર્શન પામુ, ન્હાતા નજરે આવે જો,
ભોજન વેળા ભેળા ભાળુ, આનંદ ઊર ઉપજાવે જો
વસુધા ઉપર વ્યાપક દેખુ, ગગને જોઉ તો ગાજે જો,
દશે દીશા દીસે છે રમતા, સઘળે શામ બિરાજે જો
સર્વ નિરંતર અંતરજામી, કાઈક ઊરમા આણે જો,
પ્રીતમના સ્વામીની સાથે, કોઈક માનુની માણે જો

પદ ૧૦૯

જોઈ વિચારી હુ વરીછુ, હવે ડગે નહી મન જો
શામ પીયાજી સરવસ સોપ્યુ તમને તન મન ધન જો,
ત્રીભુવન વ્યાપક તેજ તનારૂ, નેહ નિરંતર કીધે જો,
અંતરનો અહમેવ તજીને પ્રેમ સુધરસ પીધો જો
રસનો ચસકો રૂદીએ લાગ્યો, તે ટાળ્યો કેમ ટળશે જો.
જે સરીતા ચાલી સાગરમ, તે પાછી કેમ વળશે જો
એક પલક અળગો નવ મુકુ, હરી હૈયનો હાર જો,
પ્રીતમનો સ્વામી શામળીઓ પ્રાણતણો આધાર જો

પ- ૧૧૦

આનંદકારી અખંડ વિહારા, આદ્ય પુરૂષ અવિનાશી જો.
એક પલક અળગા નવ રહીએ, અમે તમારા દાસી જો
મારૂ મન માન્યુ તમ સાથે કોઈ કહીને શુ કરશે જો.
સિદ્ધ સતીને શુરવીર નર, તે પાછા કેમ ફરશે જો
થાકયાના વિસામા પ્રભુજી, નાઠાના મેવાસી જો
શિવ વિરચી સરખા સેવે કમળા જેની દાસી જો
ત્રિવિધિ તાપે તપી રહ્યા તેને ઠરવાનુ ઠેકાણુ જો,
કામનીઓના કલ્પદ્રુમ છો નિર્ધનીયા ધન જાણુ જો
શુ કરશે સસારી કહીને, તમ સગાથે સાચુ જો
પ્રીતમના સ્વામી સામળીયા, તમ સંગાથે રાચુ જો

પદ ૧૧૧

પ્રપચ મુકો મારા પ્રાણી અંતે સાચ હશે તે ફળશે જો,
કોટિક આગીયા અજવાળુ કરે રવિ વિના રજની કેમ ટળશેજો
માયા મીઠી મીસરી ખાંડસી, મુરખ મખ થઈ નવ વળગ્યોજો,
તપ તુટે પણ મન છુટે નહી, મુઢ મરે તોય ન રહે અળગોજો
પ્રભુ પરમચતુર અંતરજામી, હવે તે કેના વાહ્યા કેમ જાશેજો;

કર્મ શુભ અશુભ કર્યા હશે, અંતે આવીને હાજર થાશેજો.
મુસે હંમ તણા પર કાતર્યાં એવું મન આત્માનુ હેતુ જો;
પ્રીતમ પોતાના અજ્ઞાનથી, દોષ પારકા દીલમા લેતુ જો.

પદ. ૧૧૨

આ અવસરમા હરીને ઓળખો, જ્ઞાન પામવા તત્પર થાજો;
ચુકયો તો ચોરાશીમા ગયો, એવુ જાણી હરીગુણ ગાજો
જેવો સ્વારથમા શુરો થયો, તેવો પરમારથ આદરતો જો,
તો તુ અવીચળ પદવી પામતો,શાને મરતો ને અવતરતોજો;
ઘરના સુખમા શુ રાચી રહ્યો, ઉમરડા ફળ જંતુની પેરેજો,
હરી નામ તણી નાકા મળે, પ્રાણી સેહેજે પામે પાર જો
પ્રીતમ જે પરમારથ પ્રીછશે પુનરપિ નહી તેને અવતારજો;

પદ. ૧૧૩

સ્મરણ કરને સચ્ચિદાનંદનુ મુકી મન તણો અહંકારજો,
આ સઉ જુઠી બાજી જાણજો, જેમો સ્વપ્નતણો વેહેવારજો,સ્મ.
જેવા ધુમાડાના બાચકા, જેવું ઝાંઝવાનુ નીરજો,
શીશુના સરખો સર્વે ખેલ છે, ક્ષણમા વણશી જાય શરીરજો સ્મ.
શેહેર ગુજરીની પેરે સર્વે મળ્યુ, તેને વીછડે તે શુ રેહેયજો;
માટે સમજીને સોદો કરે, તેણે અંતે હાણ ન હોય જો સ્મ.
હેતે પ્રીતે હરીને સંભારજો, એ છે તરવાનો ઉપાયજો,
પ્રીતમ પ્રભુનુ ભજન નવ ભૂલીએ, તારો જંમ કૃતારથથાયજો

પદ ૧૧૪

જે જે જકતગુરૂ પરમાત્મા, તમારો મહીમાતે શુ કહીએજો,
એક જીભ્હાનો તે શો આશરો, શેષ સહસ્ર મુખે પાર નલહીએજો
અગમ નિગમ અનુમાને કહે, સરિતા પુરે વરષા વરતે જો,
ધુમ્ર દેખીને વહની કહે, બાણ ચાલે પુરૂષથી સરતે જો જે.
સાગર તીરે જે ઉભા રહે, તે સઉ તટનુ વર્ણન કરશે જો,
મહાજળમાપ્યામા આવે નહી, તે તો અપાર કહો ઓચરેજો;
બાજી બાજીગરને શુ લહે, પુત્ર પીતાને તે શુ જાણે જો,
પ્રીતમ જે પરમારથ પ્રીછશે, તેતો અખંડ અભેપદ માણે જો.

પદ ૧૧૫

આવો મારા અંતર જામી સંત, સુખડુ લીજે આનં-

રસુ અમે જો, ભુજ ભરી ભેટુ ભાવ ધરી ભગવાન, ભવજળ તારણ નૌકા છો તમો જો, ઉજવળ નિર્મળ કોમળ અંગ રસાળ, સાભળતામા સૌ સંશય ટળે જો પતીત પાવન પુરણ પ્રેમ દયાળ, દરશન પરસનથી દુખડુ ટળે જો દેવ મનુષ્યને દુર્લભ છે દેદાર, સુરસુરી આદે ચરણરજ ચહાય છે જે, જેનો મહિમા મોટો અગમ અપાર, નિગમ નિરતર જે જશ ગાય છે જો ભાવે ભેટયા મેટયા ભવ દુખ ફંદ, જનમ મરણનુ જોખમ ખોઇને જો પ્રીતમ પ્રગટ પામ્યા પરમ આનદ, હરીગુરૂ નન તણુ સુખ જેહને જો

પ૦ ૧૧૬

સાભળ સૈન વહાલપણાની વાત નાથ જીવન અ મારે આવીયા જ ભાવે ભેટી સુદર વરની સાથ, ગામડી ઓજી ભીતર ભાવીયા જ સુદર મુગટ મનોહર કુડળ કાન, કેશરી તિલક કર્યું કડાગુકરે જે ચચળ લોચન ઉત્તમ કમળ સમાન, વાણ અધર ધની ગોપીવર જો ગુજમાળ નવી કુસુમ કળીના હાર, હરીને કઠે આભુરણ ૧મના જા સુધા સરોવર નાભિ અબુજ આકાર માનુનો મન મધુકર રસ પ્રેમના જે કટી કહેરો સુદર પીડા નાગચિન્હ અષ્ટ દશ ચિતડા હરયા જ કનક તપાવ્યુ હાયે તેજ અપાર, અંબ. પીત વસન હરીએ વર્યાં જો નેપુર વીંછીયા ઘુઘરડીના ઓર શોભા રહીને સરવસ વારીએ જ પ્રીતમ પ્રભુ નાગર લાલકીશોર, નીરખી રૂપ રૂદામા ધારીએ જો.

પ૦ ૧૧૭

જગતનુ સુખ ઝાંઝવાનુ છે પાણીરે, જાણો લે.
ચાગુરી જાતા વાર નહી સત વાણીરે, જાણી લે
મીંઆબાજી સંસારનો છે ખેલરે, જાણી લે
એમ વિચારી અહકાર તુ મેલરે જાણી લે
જોતા જોતા જાવુ છે તત્કાળરે, જાણી લે.
દેહેટનણી જેડયો જેવી ઘટમાળરે જાણી લે.
એક ભરાયે એક ઠાલી થાય રે જાણી લે.
એક અવતરે એક મરીને જાય રે, જાણી લે
પરમારથને પથે પગલા માડ રે, જાણી લે.

કુડ કપટને છળવિદ્યા તું છાડ રે જાણી લે.
પાપ પુન્યનો ઉત્તર દેવો પડશે રે જાણી લે
જમકિંકરજયારે આવી અડશે રે જાણી લે
માટે ગરવ તજી ગોવિંદ ગુણ ગાજેરે જાણી લે
પ્રીતમ પ્રભુને ભજીને પાવન થાજેરે જાણી લે.

પદ ૧૧૮

મિથ્યા માયામા શું મોહો મુઢ રે ચેતી લે
હું હું કરતો શુ હીંડે છે હૂંડ રે ચેતી લે
કુબુદ્ધિથી તારૂં કર્તવ્ય કાંયે ન ચાલેરે ચેતી લે
હરિના હુકમ વિના તો તરણુ ન હાલે રે ચેતી લે
મરખ મિથ્યા મમત કરે શુ થાય રે ચેતી લે,
તુજથી તુટયો વાળ નવ સંધાય રે ચેતી લે
મારૂં મારૂં કરતો જઈશ મરીને રે ચેતી લે,
મુનષ્યા દેહ તે મળવો નથી ફરીનેરે ચેતી લે
મલીન માયા મૃગતૃષ્ણાનુ તોય રે ચેતી લે,
ઓસતણા મોતીના હાર ન હોય રે ચેતી લે
અંજળીનુ જળ ક્ષણુ ક્ષણુ ઓછુ થાય રે ચેતી લે,
એણીપેરે આવરદા તારો જાય રે ચેતી લે
આવો બનાવ બને નહી બીજીવારરે ચેતી લે,
પ્રીતમ પ્રભુને ભજતા ભવનો પાર રે ચેતી લે

પદ ૧૧૯

હુ મારૂં તે સંસારનું છે મૂળ રે સમજી લે,
ક્ષણુ ક્ષણુ ચાલે સંશયરૂપી શુળ રે સમજી લે
મારૂં તારૂં મટતા ભવનો અંતરે સમજી લે,
સૌ શાસ્ત્ર પોકારી કહે છે સંત રે સમજી લે
દ્રુમતણે દૃષ્ટાંતે આ વૈરાટ રે સમજી લે.
પત્રતણી પેરે આવે જાયે ઘાટ રે સમજી લે.
કનકકુટ જેમ ઘાટ ઘડીને ભાગે રે સમજી લે,
એમ એને બ્રહ્માંડની વાર ન લાગે રે સમજી લે.
ઈંદ્રજાળ જેમ બાજીગરનો ખેલ રે સમજી લે,
કમર કોકડા ગુચાયા ઉકેલ રે સમજી લે.
શુ સૂતો છે અચેત આળસ આણીરે સમજી લે.

આયુષ્ય તારૂ ઓસતણુ છે પાણી રે સમજી લે.
સંસાર સુખથી રેહેજે સદા ઉદાસરે સમજી લે;
જેમ મધુકર ન કરે ચંપક વન વાસરે સમજી લે.
શ્વાસે શ્વાસે સમરણ કરજે સારરે સમજી લે,
રખે ધરતો તુ દેહ તણો અહંકારરે સમજી લે
હરી નામ હીરો રૂદીયામા રાખેરે સમજી લે,
પ્રીતમ પ્રેમે પ્રેમ સુધારસ ચાખેરે સમજી લે.

પદ ૧૨૦

રામ રસાયણ પ્રેમ ધરી જે પીશેરે માણી લે,
તેને અખીલ લોકોનુ દૈવત દીસેરે, માણી લે,
અમર થાય તે મરે નહી કોઇ કાળ રે માણી લે,
આપાગહિત થઇ આપોપુ સભાળ રે માણી લે.
અજર પ્યાલો અધર ફરે છે જેહરે માણી લે,
મરજીવા હોય તે મુખ માડી લેહરે માણી લે,
આળસ નિદ્રા ભુખ તરસ સૌ ભાગેરે માણી લે,
ત્રીભુવન પતિશુ તનમા તાળી લાગેરે માણી લે,
અખડ બ્રહ્મ જુએ એકમેક થઇ જાયરે માણી લે,
સાગર નીર ભળ્યુ ત્યારૂ નવ થાય રે માણી લે
તેના સુખને અત્તર ના જણે કોય રે માણી લે,
અમૃત પાન કરી અતિ આનદ હોય રે માણી લે,
મહા મગન થઇ મુગો મીસરી ખાય રે, માણી લે,
પતિનુ સુખ સુન્દરીએ કેમ કહેવાય રે માણી લે,
શુદ્ધ વિચાર કરી સુખ માહે સમાયોરે માણી લે,
કહે પ્રીતમ તે રગમાહે રગાયો રે માણી લે.

પદ ૧૨૧

રગીએ રગ વધારીયા અતિ આનદમા,
મોહનજી રગ પધારીયા, અતિ આનદમા
દયા કરી દુખ ટાળીયુ, અ૦ ભાવશુ સન્મુખ ભાળીયુ અ૦
પ્રભુ પ્રેમે પરસન કીધલા અ૦ આજ અમને દરસન દીધલા, અ૦
બધાનુ ભાગ્ય બાગ્યુ, અ૦ તન મન ધન કીજે વારણે, અ૦
ઉત્તમ આનત આપીના, અ૦ ભવફેરા બધન કાપીયા, અ૦

પય સાકર પ્રેમે પીજીએ, અ૦ મુખ બીડી નાથની લીજીએ. અ૦
સુખ સેજલડીનું સાર છે, અ૦ હૈડામા હરખ અપાર છે, અ૦
હું રસબસ થઈ રસમા રહી, અ૦ રંગમા રંજની વીની ગઇ, અ૦
પ્રીતમનો સ્વામી શ્યામળો અ૦ અંગળાપર અઢળક ઢળ્યો અ૦

પદ ૧૧૨

તનની પીડા સૌ ટળી, મોહન મળતા,
મહા રસ વ્યાપ્યો વેળા વળી, મોહન મળતા

તન મન પલટયુ તે વારનુ મો સુખ દીઠું જગદાધારનુ મો
હૈડામા હેત વધારીયું, મો સેંજે સૌ કારજ સારીયુ, મો.
આનંદે સુખ આપીયુ, મો દુઃખ જન્મો જનમનુ કાપીયુ, મો.
સંશયનુ શુળ સમાવીયુ, મો એનુ રૂપ રસીલુ ભાવીયુ, મો
થઇ પ્રફુલ્લિત હેતે હૈયે, મો રસ પ્રીતમ પ્રેમેશુ પીયે, મો૦

પદ ૧૨૩

નવ રસના ભર્યા નાથજી, નૌતમ વયમા,
રહે સદા અમારી સાથજી, નૌતમ વયમા

વદન સુધારક સાર છે, નૌ૦ તે તેજ તણો ભંડાર છે નૌ૦
અધર અરૂણ ઓપે વળી નૈ દીસે દશન કુંદ કેરી કળી, નૌ૦
નાસા જળસુત સોહાવ્યુ, નૌ ભ્રૂ મન્મથ ચાપ ચઢાવ્યુ નૌ૦
નેણ બાણ તીખી અણી, નૈ૦ હેલામા મન લેછે હણી, નૌ૦
રવિનંદક કુંડળ કાન છે, નૈ રસીયાજી રૂપ નિધાન છે, નૌ૦
મૃગમદ ચંદન ટીકો કર્યો નૌ૦ મણીમુગટ લસીત છોગો ધર્યો નૌ૦
નટવરની છબી જોઇને, નૌ૦ ભજ પ્રીતમ ચીતડું પ્રોઈને, નૌ૦

પદ ૧૨૪

શામ સોહાગી આવીયા, નવલે નેહે,
ભૂધરજી ભીતર ભાવીયા, નવલે નેહે.

નેણ ભરીને નિહાળીયા, ન૦ તન તાપ ત્રીવીધી ટાળીયા, ન૦
એનુ રૂપ રસીલુ જોઇને ન૦ રહ્યુ મનડુ મારૂ મોહીને, ન૦
નવ અંબુજ નેણ વિશાળ છે ન૦ શિર મુગટ કુંડળ ગળે માળ છે, ન૦
પિતાંબર જામો જરકસી, ન૦ રહ્યા ચરણ કમળ ચિત્તમા વસી ન૦
પ્રીતમના સ્વામીને ભજુ, ન બીજુ સૌ તુચ્છ કરી તજું ન૦

પદ. ૧૨૫

પામી પ્રેમ સ્નેહીને, પૂરણ પ્રીતે.
રસ પીધો ઉરપર લેઈને, પૂરણ પ્રીતે
પ્રેમે પીઉજી માણીયો, પુ૦ જુગજીવન જુગતે જાણીયો, પુ૦
જે કારણ જોગી દેહ દમે,પુ૦ તે રસીયો અમ સગે રમે પુ૦
દીલ દેખી આવે ધસ્યો પુ૦ તે ટાણે નહી અતર કશો, પુ૦
જન પ્રીતમનો સ્વામી મળ્યો, પુ૦ ભવસાગર કેરો ભયટળ્યો,પુ૦

પદ ૧૨૬

સ્નેહ વધારી શામળો, રગભેર રમતા
જેના દરશનથી દુખડા ટળે, રગભેર રમતાં
કમળનેન કરૂણા ભર્યાં, રગ૦ જોઈ લાલે લાખેણા કર્યા, ર૦
રસ વ્યાપ્યો પુરણ પ્રીતમા ર૦ વાલો વસ્યો ચતુરવર ચિત્તમાર૦
મન અટકયું મોહનલાલમા, ર૦ ખતલાગીલાલજીનાખ્યાલમા,ર૦
સખી સુખસાગર સે'જેઉછળ્યોર૦મનગમતોવર મુજને મળ્યોર૦
પ્રીતમનો સ્વામી પ્રાણપતી, ર૦ કેમ મૂકાય મારી વતી રગ૦

પદ. ૧૨૭

પાતળીયો પ્રાણ આધાર છે ભાવે ભજીએ,
હોસી હૈયાનો હાર છે, ભાવે ભજીએ,
વર વરવા સરખો છે સહી, ભાવે ભજીએ
એ સરખો નર બીજો નહી, ભાવે ભજીએ
પ્રેમીજન કેરો પ્રાણ છે, ભાવે ભજીએ
સુઢગ વર ચતુર સુજાણ છે, ભાવે ભજીએ
એની રૂપ કળા ગુણ ચાતુરી, ભાવે ભજીએ
છે મોહન મુરત માધુરી ભાવે ભજીએ
સુખસાગર નાગર નદનો, ભાવે ભજીએ
ગુણ પામી ગોકુળચદનો, ભાવે ભજીએ
પ્રીતમનો સ્વામી મન વસ્યો, ભાવે ભજીએ
જેમ હીરો હાટકમા રસ્યો ભાવે ભજીએ

પદ ૧૨૮

સખી શામળીયો વર સાર છે, વહાલે વરીએ,
ગુણવતો ગુણભડાર છે, વહાલે વરીએ.
સા સુખદાયક લાયક હરી, વહાલે વરીએ

નિશદીન નિરખુ નેણાં ભરી. વાહાલે વરીએ
એનુ રૂપ રૂદીયામા રાખીએ, વાહાલે વરીએ
સુખ જનમ કરમ જશ ભાખીએ. વાહાલે વરીએ
એ સુખ આનદનો ઓઘ છે, વાહાલે વરીએ
ભૂધરજી ભજવા યોગ્ય છે, વાહાલે વરીએ
પ્રીતમ રસ પૂરણ પીજીએ, વાહાલે વરીએ
એને ચરણ કમળ ચિત્ત દીજીએ વાહાલે વરીએ

પદ ૧૨૯

પ્રેમ સુધારસ પીજીએ, આનંદ રસીયો,
ઓ સોપી લ્હાવો લીજીએ, આનદ રસીયો
નદ્રુમ તરૂણી તણો, આ૦ તે ફાલ્યો ફુલ્યો છે ઘણો, આ૦
ળતી જુગ સેવે સદા, આ૦ તેની સદા સમાવે આપદા, આ૦
ઠા ફળ ગુણમા નામના, આ૦ પુરે જેની જેવી મનકામના આ૦
ા પ્રીતમનો ચતુર શિરોમણી, આનદ રસીયો
તે અમર અખડ વર એ ધણી, આનદ રસીયો

પદ ૧૩૦ રાગ કોલેરો પ્રભાતી

ણે નહી જગજીવન અભાગી મરણ તણો ભય મોટોરે,
ા કુભ બરાબર કાયા, જેવો જળ પરપોટોરે જાણે
વ કસ જરાસઘ રાવણ, દતવક્ત્ર શિશુપાળરે,
ગ ગયા તેની નહી ગણતી, દેતા સાગર ફાળરે જાણે
ણિધરના મુખમાહે, મીડકી માખ્યને મારેરે,
ા આ સસાર ખેલ છે, વીરલા જ્ઞાન વિચારેરે જાણે
ાજીવન ચતુરાનુ ચવેણુ, કઇ ખાવા ને ખાશેરે,
ામ પ્રભુનું ભજન કરીલે, તે નર નિર્ભે થાશેરે જાણે

પદ ૧૩૧

મારથ પ્રીછો નહી પ્રાણી ઈચ્છો આપ સવારથરે,
મતિ માયામા મોહ્યો, ખોયો જનમ અકારથરે પર
પણી હોસે હેડમા પેઠો, અચેત પામર પોતેરે,
ધેનુનુ પય ઢોળીને શુ જડ શ્વાની દોહોતોરે પર.
પદારથ જન્મ ગુમાયો, ધાયો ધધા માહેરે;
પ્રીતમ તે અતની વેળા, કામ ન આવ્યુ કોરે પર.

પદ ૧૩૨

સાકુટ નરનો સગ ન કરીએ, મરીએ મહા વિખ ખાઈરે,
પરવત ચઢી પડીએ પાવકમા, તેથી દુષ્ટ દુખદાઇરે, સા૦
લેઈ સાણસા અગ મરોડે, વીછી તોડે તનરે,
સિહ ખાયે ભાવે વસીએ ભુજ ગમા, પણ મળશો નહી દુર્જનરે,
દુષ્ટ નર તે કેને કહીએ, જેને હૈયે દ્વેષ ઘણોરે,
હરીગુરૂ સતની કરે અવગણના, શત્રુ સૌ જુગ જીવતણોરે સા૦
નહી આધીન ગુરૂ ગોવિદને, જ્ઞાનહીણને ઘણુ ગુમાનરે,
કહે પ્રીતમ તેને પરહરીએ, જેમ ખર શુકર શ્વાન સમાનરે સા૦

પદ ૧૩૩

મુખમા નહી સીત ચરણામૃત, તે મુખ ન હોય પવિત્રરે
બળ્યા ઘરના ગોસ બરાબર, જેને ગાયા નહી ગોવિંદ ચરિત્રરે,
શુકર કુકર પ્રેતતણી પેરે, પોષ્યો પીડ બહુ પાપેરે,
અડયા થકી સ્નાન ઉપજે, સદા અશુચી આપેરે મ૦
મરીએ પણ સુપને નવ કરીએ, એવા પુરૂષનો સગરે;
સગ થકી સૌ સુકૃત નાસે, પડે ભજનમા ભગરે મ૦
કૃપા કરે ગુરૂદેવ દયાનિધિ તેના તાળા તુટેરે,
પ્રીતમ પ્રભુનુ ભજન કરીલે, ભવના બધન છુટેરે મ૦

પદ ૧૩૪

સત્ય સુધા શ્રી કૃષ્ણ નામ છે, જે જન જુગતે ચાખેરે,
પ્રીત સહિત નીત્ય નેહધરી હરીરૂપ રૂદીયામા રાખેરે સ૦
કોઈ કહે સુધા રહે સીધુમા, કોઈ કહે શશીમા છે સહીરે,
કો કહે વનિતા વદન રહે જેમ કહે છે તેમ વાત નહીરે સ૦
સાગરમા હોય તો નહોય ખારો શશીકળા કેમ ઝાખી હોયરે
પીયુષ પ્રેમદાને વદન વસે તો પતિ પોતાનો નાશ ન હોયરે, સ૦
પ્રેમે પિયુષ મુખ વમે વૈષ્ણવને પ્રેમે ધરે તેને રસ પાયરે,
કહે પ્રીતમ પીતા હોય અમર, જન્મ મરણનું જોખમ જાયરે સત્ય

પદ ૧૩૫

કુરમ કઇપેરે અંગ સમેટે, ઉપર દીસે નહી આકારરે,
જીવજત જોઇને વળે પાછો, તેને એ ન મળે સસારરે કુ૦
ઇદ્રી દેવ વિષે ગુણ વૃત્તિ સર્વ સકોચ ન કીજેરે,

મોતી કાજ પડે મરજીવા, એમ અમીરસ પીજેરે. કુરમ.
જોગીનો જીવ જડે નહી જમને, કાળ રહે શીર કુટીનેરે,
અમૃતપાને કોટી થયા અમર, શું કરે રવિસુત કઠીનેરે કુ.
રવિના કીરણ રહે જેમ રવિમા, સરીતા સાગરમા રહેરે,
કહે પ્રીતમ એમ હરીમા હરીજન, નિમિષમાત્ર તે ન્યારા ન રહેરે.

પદ ૧૩૬

આનંદકારી અચળ વિહારી, ગિરિવરધારી ગોકુળચંદરે,
સુખસાગર નાગર ગુણસાગર, ગોપીવર ગોવિંદરે આ૦
ઈંદ્રી કમળજ શેષ સનકાદિ, નિગમ નિરંતર ગાયરે,
અગમ અપાર હરીનો મહિમા, કોણે કળ્યો નવ જાયરે આ૦
ચિંતામણી સુરધેનુ કલ્પતરૂ જે સેવે શુદ્ધ ચિત્તે સારરે,
રિધસિધ મુક્ત ચતુરધા દાસી, સુખરાશી હરીનામ ઉદારરે આ૦
પાપ તાપ દીનના ટાળે, અખંડ અભેદ પામેરે,
કહે પ્રીતમ પ્રભુનામ સમરતા, એક આપદા વામેરે આ૦

પદ ૧૩૭

લંપટરે તુને લાજ ન આવી, મુરખમંદ અભાગીરે,
શાસ્ત્ર પુરાણ કહે સમજાવી, સમજણ શેષ ન લાગીરે લ૦
શ્વાનપુછ ને સાકુટનું મન, તે મુધુ નવ થાય રે,
નીર વલોવે નવનીત ન મળે, શ્રમ કર્યો તે જાયરે લ૦
કેશરી કુંજર કોઈ કરે વશ વશિયરને વશ લાવરે
ચંચળ ચોર ચપળ મન જાુહુ, કયમે કર્યું હાથ ન આવેરે લ૦
દુષ્ટ પાપીષ્ટ ઇષ્ટ નહી એને, જેને દુરમત્ય ઝઝીરે,
પ્રીતમ પ્રભુનુ ભજન કરીલે, પરહર પ્રપંચ બાજીરે લ૦

પદ. ૧૩૮

માયા સૌને મોહ પમાડે, હરીજનથી રહી હારીરે,
જેનો ધણી જોરાવર કહાવે, તેણે કાઢી નારીરે માયા
બાજીગરની બાજી માહે, જંબુરો સૌ જાણેરે,
નાડીનો નાગ કરી દેખાડે, ભેદી ભેદ નવ આણેરે માયા.
પીછા કેરૂ કરે કબુતર, જોઇ જગત મોહ પામેરે
ધુળનુ ધન કરી દેખાડે, સેવક ન ભૂલે ભામેરે માયા.
રહીરસ અમલ અખંડ ખુમારી, જે પ્રેમે કરી પીશેરે,

કહે પ્રીતમ કારજ સર્યું જેહનુ, કેમ બીજાથી બીશેરે મા.

પદ ૧૩૯

જે જન હરીનુ નામ ન જાણ્યુ તે પસ્તાયા પ્રાણીરે,
વેઠે વેળુ દળી તે પુરૂષે, મૃગજળ માયા માણીરે જે.
ધન દારા સુત કુટુંબ કબીલો, મૂઢમતિ શુ મોહ્યોરે,
ચિંતામણિ પામ્યો મુનશ્યા દેહ, તે ખળમા ખોયોરે જે.
જન્મ ધરી જુગદીશ ન જાણ્યા, હરીરસ અમલ ન પીધોરે,
કહે પ્રીતમ એળે ગયો અવસર, એકે અરથ ન સીધ્યોરે જે

પદ ૧૪૯

કાયાએ તારી કામ ન આવે, જો કરે કોટી ઉપાયરે,
વણશી જાતા વાર ન લાગે જો કુદન કાપીને ખાયરે કા૦
દેહના સ્નેહી સકળ સ્વારથીયા, અંતે અળગા રેહેશેરે
એક ઘડી ઘરમા નહી રાખે, કાઢો કાઢો કેહેશેરે કા૦
પાચ સાત દીન કોઇક સભારશે, વળતી મુકશે વીસારીરે
પોતે પોતાને મારગ લાગશે, કોણ પુરૂષ કોણ નારીરે કા૦
સુપનાનુ ધન જોયા સુધી, તેણે કાઇ કારજ નવ થાયરે,
પ્રીતમ પ્રભુનુ ભજન કરી લે, અમુલખ અવસર જાયરે. કા૦

પદ ૧૪૧

કાયા કલ્પદ્રુમ સમ જાણો, શોભા વરણી ન જાયરે,
કરમના મૂળ અનાદિ ઊંડા, ફુલે ફળે સદાયરે કાયા
શત શાખા શાખાડાળ દ્વાદશ, પત્ર છત્રીશ હજારરે,
આશાવેલ ગ્રહે નવપલ્લવ, પુષ્પ તણો નહી પારરે કાયા.
જીવ ઇશ્વિર પખી બેઉ બેઠા, એક જોગી એક ભોગીરે,
જોગે જુગ જાગતશુ જીવે, ભોગી તે અતિ રોગીરે કાયા.
કાળ કુંજર કરે ધ્વસ દ્રુમનો, ચેતન્ય ચોકી રહેનેરે.
જન પ્રીતમ એવુ જાણીને, નામ અમર ફળ લેનેરે કાયા.

પદ ૧૪૨ રાગ પ્રભાત

હરી હરી રટણુ કર કઠણુ કળી કાળમા
પણુ પરીબ્રહ્મનુ રાખ પ્રાણી,
પરપચ પરહરો સાચ રૂદીએ ધરો,
ઉચરો અમૃત વિમળ વાણી હરી૦

માયાના પુરમા વિધ મો વહી ગયું
નીરખવા નવ રહ્યા રક રાજા,
બ્રહ્માના દિવસમા કીટ ગણુતી કશી
ઉપજે ખપે બહુ જીવ ઝાઝા હરી૦
અલ્પ સુખ સારૂ શુ જીવ પુલ્યો ફરે,
શીરપર કાળ રહ્યો દાત કરડે,
પામરા પલકની ખબર નહી તુજને,
મૂઢ શુ જોઈને મૂછ મરડે હરી૦
કાળનુ ચવેણુ કીટ બ્રહ્મા લગે,
મોટા મહત તે મર્મ પ્રીછે,
પ્રીતમ પ્રભુનુ ભજન નવ ભુલીએ,
જો તારા આત્માનુ કલ્યાણુ ઇછે. હરી૦

પદ ૧૪૩

અચેત નર તારી ઊઘ ન ઊડી, કાળ આવીને પોહાચ્યોરે,
એક પલકમા પકડી લેશે, જાણે જન્મ્યો નહોતોરે અચેત
માત તાત સુત ભ્રાતને ભામની, એ સૌ ઠગની ટોળીરે,
સ્નેહ વધારી તારૂ સર્વસ લેશે, રેહેશો આખ્યો ચોળીરે અચેત.
સગા સબંધી સૌ સુખના બેલી, અતે રેહેશે અળગારે,
એરે સહુ પુરવના રણીયા, વે'રી થઇને વળગ્યારે અચેત.
માયા મોહ નદીમા ડુબ્યા, અતીસે ડહાપણુ ડાહ્યારે,
પ્રીતમ તે પુરૂષ જગ જીત્યા, જેણે હરીના ગુણુ ગાયારે અચેત.

પદ. ૧૪૪

જીભલડીરે તુને હરીગુણુ ગાતા, આવડી આળસ ક્યાથીરે
લવરી કરતા નવરી ન મળે, બોલી ઉઠે સૌ પેહેલીરે જીભ.
પરનિંદા કરવાને પૂરી, શૂરી ખટ રસ ખાવારે,
ઝગડો કરવા જાહેર ઝુઝે, કાયર હરીગુણુ ગાવારે, જીભ.
ઘર લાગ્યા પછી કુપ ખોદાવે, આગ એ ક્યા ઓલવાશેરે,
ચોરો તો ધન હરી ગયા પછી દીપકથી શુ થાશેરે જીભ.
તલ મગાવો ને તુલશી મગાવો, રામ નામ લેવરાવોરે,
પ્રથમ તો મસ્તક નહી નમતુ, પછી શુ નામ સુણાવોરે જીભ.
હરી નામ લેતા દામ ન બેસે, કામ ખડે નહી કરવુંરે,

સેહેજે પથનો પાર જ આવે, ભજન થકી ભવ તરવુ રે, જીભ
જેનુ નામ જપે જોગેશ્વર, શકર શેષ વિરચીરે,
કેહે પ્રીતમ પ્રભુ નામ વિસાર્યું, તે પ્રાણી પરપચીરે. જીભ

પદ ૧૪૫ રાગ પ્રભાતી

કોણ કરમે કરી હરી ગયો વીસરી,
ધરી ધરી દેહ દુઃખ પામ્યો પ્રાણી,
નિર્લજ તુજને લાજ આવે નહી,
શુ બેઠો હૈડામા હરખ આણી, કોણ
ભુવન એ ભામકી હેડ સુન સુદરી,
દામ ડહકલા લેજો જાણી,
માયાનો માર માથાપર બહુ પડે,
ફેરવ્યો અહકારે ચારે ખાણી કોણ
મરી મરી અવતર્યો મૂઢ થાકયો નહી,
થાકયા જમદુત કરી ખેંચતાણી,
કુકર પૂછને વૈદ કોટી મળે,
સીધી ન થાય એ વેદ વાણી કોણ.
લસને વાસ લાગે નહી ચદનની.
મુજ ભીજે નહી ગગપાણી,
પ્રીતમ પ્રતીત આવે નહી,
જો સમજાવે શીવ સારદ રાણી.

પદ ૧૪૬

શે નથી સમજતો મુરખ માનવી,
જાય પલક તે પાછી નાવે,
ઘડી ઘડી છીન છીન ઘટક ચટક રહે,
આયુષ્ય અજલીનુ નીર કહાવે શેo
કુભ કાણો કરી મુસ્તક મુકીએ,
વાર લાગે નહી થાય ઠાલો,
એણી પેરે જીવનુ જીવત જાણજો,
ચતુરનર ચિત્તમા ચેતી ચાલો શેo
શ્રવણ મેલા થયા નિદા બહુ સાભળી,
નેત્ર મેલાજ પરનારી નીરખી,

જીહ્વા આખી પડી જુઠુ બહુ બોલીને,
મનમેલુ મહા મોહ હરખી, શે૦
સર્વ અંગે કરી ભેટીએ શ્રીહરી
તે અંગે દોષ બીજા કમાયો,
પ્રીતમ પુરૂષ તે જગ જીતી ગયા,
સંસારમા જેણે શ્રીનાથ ગાયો. શે૦

પદ ૧૪૭

સ્મરણ છે સાચુ રે હરીનુ સ્મરણ છે સાચુ,
સ્મરણ કરશે તે ભવજળ તરશે કામ નથી કાચુ સ્મરણ ૧
જે મુખથી હરી નામ ન નીસરે, બાળ તેનુ ડાચુ,
કર્મ જાળના કુટારામા તે પડશે પાછુ સ્મરણ ૨
વ્યાપક અખંડિત બ્રહ્મચરાચર જોઇને રાચુ,
પ્રીતમ પ્રભુજીની કથા તે દીન રજની વાચુ સ્મરણ ૩

પદ ૧૪૮

પ્રભુને પરહરી જે કોઇ અન્ય વાણીને ગાવે,
આંધળો વણેને વાસે વાછડુ ચાવે
કાળ સ્વરૂપી વાછડુ કહીએ, આવરદા ચાવે,
દહાડે દહાડે મૃત્યુ તારૂ ઢુકડુ આવે, પ્રભુને ૨
વેશ પેહેર્યો પણ દેહ ન આવ્યો, બદલામુ બેહુ,
મંઝારી કાઢના ઘરમા ઊંટીયુ પેઠુ પ્રભુને ૩
આવ્યો તો તુ સાચે વહાડે, થયો જુઠારે ઓલો,
વિશ્વંભર વીસારી ગાયો મારૂ ને ઢોલો પ્રભુને ૪
હવારૂપક તુ જીવ ના ગાયો પ્રભુને મુકી,
આગે હુતો વાયુ છેલ્લો લીધી રેચની ભુકી પ્રભુને ૫
પ્રભુને વિમુખ જીવે કાંઇએ નવ જોયુ,
આવીતી ભલી ભલસરા બીજ બાવળનુ બોયુ પ્રભુને ૬
મનખા સ્વરૂપી મશરૂ જીવે, એળે વગોયુ,
કહે કૃષ્ણ પોત બગડયુ ત્યારે સુનાર ખોયુ પ્રભુને ૭

પદ ૧૪૯

જાગીને જપીએરે હરીને જાગીને જપીએ
જાગ્યાવિના જે જે કરીએ તે ઘેનમા ખપીએ ટેક ૧

જાહેર બેશીને હરી જશ ગાઈએ શુ કરવા છપીએ,
હરીજનીયાના વચન સાભળી,તાપે નવ તપીએ જાગીને ૨
તન મન ધન અતરજામીને, આપ તજી અર્પીએ,
પ્રાણ ગયા પણ પૃથ્વીનુ જળ, ન પીધુ બપૈયે જાગીને. ૩
અનન્યપણે ઇશ્વરને ભજતા, સા દુ ખડા ટળશે,
પ્રીતમનો સ્વામી પ્રેમ સનેહી, આવીને મળશે, જાગીને ૪

પદ. ૧૦૫

અનેક જન્મનો ઊઘ્યો પ્રાણી, કેમ કરી જાગે
કર્મઘેનનુ ઘાગણ પડીયુ, નિદ્રા નવ ત્યાગે ટેક ૧
મલીન અત કરણમા અધારૂ અજવાળુ ન મળે,
ઇદુ અર્કને પીળો દેખે, પોતાને કમળે અનેક ૨
માયા મોડ મદીરા પીધી, મદ ભરીઓ આગે,
સદ્ગુરૂની શીખામણ એને કઇ પેરે લાગે અનેક ૩
મરમ ન જાણે મુરખ પ્રાણી માયા સુખ માગે,
પ્રીતમ પ્રભુનુ ભજન કરે તો ભવ ભટકણ ભાગે. અનેક ૪

પદ ૧૫૧

રામજી સત્યછે સૂણ સાચુ કહુ તુજને,એક વાતલડી ચિત્ત ધરજેરે,
જો સુખ ઇચ્છે આપણુ તો સત સમાગમ કરજે રે
સતસગે સુખ છે ઘણુ, દુ ખ કોટી જનમનુ કાપેરે,
જીવતણી બુદ્ધિ પાલટે, શુદ્ધ જ્ઞાન જથારથ આપેરે
શીતળ નિર્મળ સતની, કાઇ વદન સરોજની વાણીરે,
સાભળતા સશય ટળે, મળે પ્રેમે સારગપાણીરે
સદ્ગુરૂ શબ્દે સસાર છુટીએ, જમ કીકરનો ભય ભાગેરે,
નૌકા સ્વરૂપી સત છે, ભવ તરતા વાર ન લાગેરે
એવી સંગત સતની, તન મનના તાપ નિવારેરે,
પ્રીતમ પુરણ પ્રેમશુ, સુખસાગર સ્નેહ વધારેરે

પદ ૧૫૨

સતવિના સસારમા, કોઈ હરીનો મરમ ન જાણેરે,
શ્રી મુખ મહિમા સતનો, પ્રભુ પુરણ પ્રીતે વખાણેરે
નારદ પ્રત્યે નાથજી, તે સતતણા જશ ભાખેરે,
સત મને વહાલા ઘણા, નિત્ય નામ રૂદીયામા રાખેરે

સત સદા સુખ ધામ છે, મારે રહેવાનું નિરધાર રે;
સંતની રક્ષા કારણે, ધરૂ અવનીમા અવતારરે.
અરસ પરસ રહું એકમા, જેમ સાકરમાં મીઠાઇરે.
પુષ્પ મધ્યે જેમ વાસના, તેમ સતમા સહુ સમાઇરે.
તરૂણ તેજ ન્યારૂ નહી, કનક કુડળ ભીન રૂપરે,
જળ તરગ નહી જુજવા, એમ સત તે મારૂ સ્વરૂપરે.
સત ચરણ રજ વંદશે, તે સર્વ શિરામણી થાશેરે,
શીવ વિરચી શારદા, તે સતતણા ગુણ ગાશેરે
મૂળે પાણી સીચતા, ફળફુલ પાદડે ફરશેરે,
જે સતોખે સતને, તેના સઘળા કારજ સરશેરે
સતતણો મહીમા ઘણો, તે કોઇ વીરલા જન જાણેરે
પ્રીતમ પુરણ પ્રેમશુ, પ્રભુ સતના સુજશ વખાણેરે.

પદ ૧૫૩

સત તે તીરથ રૂપ છે, માહે રામ સુધાજળ ભર્યુરે,
વચન લેઇ આનદમા. તન પરસે પાતક હર્યુરે
સાધુ ચદન બાવના, સેવે તે શીતળ થાયરે,
તાપ પાપ ભવ આપદા, સો દુકીત દૂર પળાયરે
કામધેનુ ચિતામણી, મનકામના પૂરણ થાયરે,
દ કોમળ નવનીતથી, પર તાપે ઓગળી જાયરે
સત સજીવન ઔષધી, ભવરોગના તાપ નિવારેરે
સસાર અપાર સમુદ્ર છે, એક પલકમા પાર ઉતારેરે
સત વચન બિંદુ સ્વાતીનુ, મન છીપમા મુક્તા થાયરે
પ્રીત સહિત ચિત્ત પ્રોઇ લે, તેનુ જનમતણુ દુ ખ જાયરે
જે જાણે સુખ સતનુ, તે પળભર સગ ન છાડેરે,
પ્રીતમ પૂરણ પ્રીતડી, તે મન કર્મ વચને માડેરે.

પદ ૧૫૪ કફી

પ્રીત વિના પ્રભુ દુર છે, તમે જો જો જુકિત કરીનેરે,
દ્રઢ પ્રેમ જેને પ્રગટે, તે ભાવે ભેટે હરીનેરે
પ્રીત જુઓ વ્રજનારની, જેણે વશ કીધા વનમાળીરે,
તન મન સદા વિસાર્યા, લોક લાજ મરજાદા ટાળીરે
સાચી પ્રીત એક મીનની, તે નીર વિના નવ જીવેરે,
જુઓ પ્રીત પતગની, તે દેહ દહન કરે દીવેરે

ચિત્ત ચોટયું ચકોરનું ચદ્રશું, તે પ્રીતે પાવક પાવક પ્રાશેરે,
રવી રહે લખ જોજને, જળ મધ્યે પ્રકાશેરે
પય પાણીને પ્રીતડી, એક મેક થઇને જાયરે
આપ બળે પય ઉગરે, તે સાચો સ્નેહ કહેવાયરે
પ્રીત જુઓ પંખી તણી, જળ ચાતક ચચ ન બોળેરે,
અબુ પીએ આકાશનું, અવનીનુ નીર ન ડોળેરે
નગ માદા મોતી જુઓ, શત જોજનપર વેચાયરે,
આવી મળે તે એકઠા, અધક્ષણુ અળગા નવ થાયરે
પ્રીતમ એવી પ્રીતડી, ગુરૂ સતની સાથે સચીરે,
તે પૂરણ પદ પામીયા, કાંઇ કહેણી ન રહી કાચીરે

પદ ૧૫૫

સખી શામ કીશોર કુવર જોને, કુવર જોને, કુવર જોને,
એનુ મુખ જોઇને મનના વિકાર ખોને, સખી० ટેક.
વસુદેવને દેવકીના સુત કહાવે, ધનુષ્ય જાગ જોવા આવે, સખી
કાળી કુબ્જાનુ ચદન લીધુ, તેનુ રૂપ કમળા સરખુ કીધ સ०
હતા નદરાય ઘેર ગોકુળમા મઘવાનુ માન હર્યું પળમા, સ०
નિત્ય નિત્ય નીરખે નાર વ્રજની, લોચન સફળ કરો સજની સ०
રસીક શિરોમણી રગ રસિયો, પ્રીતમના સ્વામી મનવસીયો સ०

પદ ૧૫૬

જુએ જુવતી ઝરૂખે ઝાખીને, ઝાખીનેરે જુએ ઝાખીને,
કહે પરસ્પર પાખીને, જુએ જુવતી ઝરૂખે ઝાખીને
કરેમાનુનીમનોરથ મધુપુરની, છબી નેહે નીરખે નાથ નટવરની જુ
મોર મુગટ કુડળ વનમાળા, નખ શીખ સુદર રૂપ રસાળ જુ.
તડીત સમાન પ્રીત પટરાજે, શોભા જોઈ મન્મથ લાજે, જુ.
અમૃત દૃષ્ટિ ગભીર ઘેરી, સૌ કોઇ કહે કસના વેરી, જુ
જ્યા જ્યા જાય શ્યામ સુખરાશી, મોતીડે વધાવે પુરવાસી, જુ
વરવા જોગ સખી આ વર છે, સુદરતાનો એ સાગર છે, જુ
માત તાતને કોણે ભરમાવ્યા, અવર પુરૂષને પરણાવ્યા, જુ.
અવર બીજુ સખી શુ કરીએ, પ્રીતમના સ્વામી પ્રેમે વરીએ જુ

પદ ૧૫૭

એ આવે રે એ આવે, અલબેલો આનંદ રસીયો,
સુદર સ્યામ સલુણો સજની, મોહનજી મારે મન વસીઓ, એ

કરમા ગેડીને કમળ ફેરાવે, શીર સોહે ફેટો ફુલ ભર્યો,
શ્રી ગીરીરાજ ધર્યો નખ ઉપર, ઇંદ્ર તણો અહંકાર હર્યો, એ.
બકી બકાસુર શકટ તૃણાવત, ધેનુક વછાસુર પ્રલંબ હણ્યો,
કાળી દૂર કીધો દાવાનળ પીધો, કેશી કંસને કીટ ગણ્યો એ.
કલ્પદ્રુમ વ્રજ જુવતી કેરા, સંત તણો સુખકારી રે,
પ્રીતમનો સ્વામી પ્રેમ સ્નેહી, નટવર નવલ વીહારીરે એ.

પદ ૧૫૮

ચાલ સખી જોવાને જઇએ, જીવન જોવા સરખોરે,
રૂપ કળા ગુણ લક્ષણ પુરણ, નેણ ભરી ભરી નરખોરે ચા.
ઘેર ઘેરથી ગોપીજન નીસર્યાં, કર ધરો કંચન થાળરે,
અગર કપુરે આરતી સાજી, સુંદર રૂપ રસાળરે ચાલ.
પય પકવાન મીઠાઇ મેવા, બીડા બહુ તાંબુલ તણા,
અધરરસ અરપે અંગ સમરપે,વ્રજ જુવતીના જુથ ઘણારે ચા.
કામની કનક કમળ વનકુંજસુ, મધ્ય મધુકર મોહનલાલરે,
પ્રીતમનો પ્રભુ પરમ સ્નેહી, ભક્ત વત્સળ પ્રતિપાળરે ચા.

પદ ૧૫૯

સુરભી સંગ શામળીયો આવે, જેમ ઉડગણમાં ઇંદુરે,
બાળ મરાળ વિશાળ મંડળી, ચરણ કમળ રજ વંદુરે સુ.
પુલી કમળ ધ્વજ જવ જાંબુ ફળ, ચિન્હ ખટદશ જાયરે
હાટક તડિત ઉડીત રવિ રંગે, રંગે અંગ પીતાંબર સોયરે સુ.
કેસરી લંક અલંકૃત ભૂષણ, ભુજ અંબુજ નખ જોતીરે,
વદન સુધારક સુંદર શોભે, શ્રમ નિરમળ મોતીરે સુરભી.
અરૂણ અધર ધરી મધુર મોરલી, પ્રેમે પાસ બોલાવેરે,
રસ ભર્યા લોચન ભવભય મોચન, આનંદ અતિ ઉપજાવેરે સુ
રવિ નિંદક કુંડળ કરણ શોભે, મદન કોટીક છબી છાજેરે,
કુટીલ કેશ આનન અંબુજપર, મધુપ મંડીલ બીરાજેરે, સુ.
મૃગમદ ચંદન તિલક બિરાજે, તેનુ તે તેજ અપારરે,
મણીમય મુગટપર મોર ચંદ્રીકા ઇંદ્ર ધનુષ આકારરે સુરભી.
નખ શીખ રૂપ નાથનુ નીરખી, રાખ્યુ રૂદીયા મોઝારરે,
પ્રીતમનો સ્વામી પરમ સ્નેહી, પ્રાણ તણો આધારરે. સુ.

પદ ૧૬૦

સુંદર રૂપ રસીકવર કેરૂ, કોટીક મન્મથ લાજેરે,

કમળ વદન અંબુજ આંખલડી, ભાલ તિલક રંગ રાજેરે સુંદર
મોર મુગટ મકરાકૃત કુંડલ, કર શીરોરૂહ સોહેરે,
નાભી નલીન નવલ પદપંકજ, મુનીમન મધુકર મોહેરે
કુસુમહાર શણગાર શોભીતા નીરખી નેણ ઠરાયેરે,
પ્રીતમનો પ્રભુ પરમ સ્નેહી, ભેટે ભવદુઃખ જાયેરે. સુંદર

પદ ૧૬૧

નિર્મળ નામ નિરંતર લેરે, રામ અનંત મુકુંદ મોરારી,
શ્રી ગીરીવરધારી ગોવિંદ તેહરે નિર્મળ ટેક
કેશવ કૃષ્ણ કૃપાનિધિ માધવ, સંભારે સૌ શોક હરેરે, નિર્મળ.
શ્રીવર સુંદર શ્યામ મનોહર, રૂપ અનેક થઇને રમેરે, નિર્મળ.
નારાયણ મધુસુદન મોહન, ત્રીભુવન તારણ ત્રીકમ છેરે, નિ
પ્રીતમ પ્રીત સહિત મન ભાવે, રાત દિવસ હરી રંગમાં
રહેરે નિર્મળ.

પદ ૧૬૨

નામવિના ગતિ મુક્તિ નહીરે,
સહસ્ત્રાનન ચતુરાનન શંકર,
સાંખ્ય સંત શ્રુતિ અગમ કહીરે નામ વિના
અજામેળ ગજ ગીધ વ્યાઘ્ર કપી,
ગુણકા વિમાન ચઢી ગગન ગઇરે નામ.
નામ આધાર તરે જળધર મહીધર,
મુઢમતી મન સમજ સહીરે, નાથ.
તપ તીરથ વ્રત દાન જગ્ન ફળ,
નામ સમોવડ નાવે એહીરે નામ.
રામ નામ સૌ માહે શિરોમણ,
ભજ પ્રીતમ રસરૂપ થઇરે. નામ

પદ. ૧૬૩

રામ સુધારસ જે જન પીવે, અદ્યાપિ સિદ્ધ નવનિધ મુક્તિ,
ચતુરધા ચાર પદારથકુ નહી છીવે. રામ.
બ્રહ્મપ્રકાશ હોય ઘટ ભીતર, તીમીર ટળી જાય અમીરસ હીવે રામ
જરા ન જંપે કાળ ન વ્યાપે, અમર જુગોજુગ તે નર જીવે, રામ.
ધ્રુવ પ્રલ્હાદ નારદ સનકાદિક, અજર પીયાલો પીધો શીવે, રામ.
કહે પ્રીતમ થયા તે તદ્દવત, જમકીકરથી કો નવ બીવે, રામ.

છંદ ૧૬૪

તુ તારૂ તન દેખ તપાસી, મટે મોહ મમતા મદ માયા
તો કાયામા કેદાર ને કાશી, તુ તારૂ તન દેખ તપાસી.
જાગ્રત સ્વપ્ન સુષુપ્તિ તુરીયા, રોમ રોમ રહ્યો પ્રકાશી. તું.
તુ છે સુક્ષમ કારણનો દ્રષ્ટા, આનંદ રૂપ અખિલ અવિનાશી તું.
ઉઠ પીઠકુ લાટક સાટક, ભમર ગુફ્ફા બ્રમરધ્ર વિનાશી તુ.
આઠે પોહોર રહે એ સુખમા, પ્રીતમ તેહની ટળી ચોરાશી તું.

પદ ૧૬૫

હરીનો મારગ છે શૂરાનો નહી કાયરનુ કામ, જોને.
પ્રથમ પેહેલુ મસ્તક મુકી, વળતી લેવુ નામ જોને
સુત વીત દારા શીશ સમરપે, તે પામે રસ પીવા, જોને.
સિંધુ મધ્યે મોતી લેવા, માહી પડયા મરજીવા, જોને.
મરણ આગમે તે ભરે મુઠી, દીલની દુગ્ધા વામે, જોને
તીરે ઉભો જુવે તમાસો, તે કોડી નવ પામે, જોને
પ્રેમ પંથ પાવકની જવાળા, ભાળી પાછા ભાગે, જોને,
માહી પડયા તે મહા સુખ પામે, દેખનારા દાઝે, જોને.
માથા સાટે મોઘી વસ્તુ, સાપડવી નહી સેહેલ, જોને.
મહાપદ પામ્યા તે મરજીવા, મુકી મનનો મેલ,
રામ અમલમા રાતા માતા, પૂરા પ્રેમી પરખે, જોને.
પ્રીતમના સ્વામીની લીલા, તે રજની દીન નીરખે, જોને.

પદ ૧૬૬

સંત સમાગમ જે જન કરશે, તેને પ્રગટે પ્રેમ, જોને.
જે ધાતુને પારસ પરસે, તે તો હોયે હેમ જોને.
કથીર કાસુ હેમ ન હોયે, કોટી પારસ પરસે, જોને.
શુન્ય છીપ તે ઉપર નાવે, સોમણ સ્વાતિ વરસે જોને
અચેતને ઉપદેશ ન લાગે, શીવ બ્રહ્મા સમજાવે જોને;
જેના અવળા અંતકરણો, તેને સમજણ નાવે, જોને.
કુબુદ્ધિ કાળપ જેને રૂદે, તેને ન લાગે રંગ, જોને.
અડદ ઉજળા કયમે ન થાયે, જઇ ઝબોળે ગંગ જોને.
કુથકા કુટેથી શુ થાય, કણ ન જડે તેમાથી, જોને.
મંદ અભાગી મુરખ નરને, સમજણ આવે કયાથી, જોને
પાપીને પ્રબોધ ન કરીએ, મૌન ગ્રહીને રહીએ, જોને.

કહે પ્રીતમ તુલસી દળ તોડી, પ્રેત ન પુજવા જાઈએ જોને.

પદ. ૫૬૭

સત કૃપાથી છૂટે માયા, કાયા નિર્મળ થાય, જોને.
શ્વાસો શ્વાસ સ્મરણ કરતા, પાચે પાતક જાય, જોને.
કેસરી કેરે નાદે નાસે, કોટી કુંજર જુથ જોને.
હિંમત હોય તો પોતે પામે, સઘળી વાતે સુથ જોને
અગ્નિને ઉધેઈ ન લાગે, મહામણીને મેલ, જોને
અપાર સિંધુ મહાજળ ઊંડા, મરમીને મન સ્હેલ, જોને.
બાજીગરની બાજી તે તો, જબુરો સૌ જાણે, જોને
હરીની માયા બહુ બળવતી, સત નજરમા નાણે, જોને
સત સેવતા સુકૃત વાધે, સ્હેજે મીજે કાજ, જોને
પ્રીતમના સ્વામીને ભજતા, આવે અખડ રાજ, જોને.

પદ ૧૬૮ ગરબી

ગુરૂ બ્રહ્મના ચરણ ઉપાસીએ, સેંજે શોક સમુળો જાય,
વચન સત્ય માનીએ.
જે કોઇ પ્રેમે પીએરે પગ ધોઇને, ઉઠ ક્રોડ તીરથ તેને થાય, વ.
જગ્ન લક્ષ તે પ્રેમ પ્રમાદમા, ભુક્તિ મુક્તિ તે સેંજમા હોય વ
જે કોઈ પ્રીતે કરીને પ્રવર્તશે, દેહદર્શી દેખે નહી હોય વ
શુદ્ધ ચૈતન્ય શાક્ષી તત્ત્વમસી, સદા સ્મરણ એકરસ જ્ઞાન વ
આઠે આવરણ પાર પરમાત્મા, નહી આદ્ય મધ્ય અવસાન, વ
રૂપ રમણ સગુણ સોહીએ સદ્ગુરૂ,જેને નિગમ નિરતર ગાય, વ
કહે પ્રીતમ પ્રપચ પરહરી, રાખો સદ્ગુરૂ સગ સદાય, વ.

પદ ૧૬૯

એવો અખડ અમર વર હું વરી, ફરી પડવુ નહી ભવફદ, અ.
જેનુ રૂપ સ્વરૂપ સોહામણુ, ગણો અખીલ લોકનો આનદ અ
જેને વરવા તીરથ તપ આચરે, ધરે ધ્યાન તે જોગ વૈરાગ્ય અ
કૈ કાશી કેદાર હિમાળે ગળે, તજે રાજ સર્વ સુખ ત્યાગ અ
વરતી ત્રણ લોકમા કોઇક આચરે, એવા શૂરવીર દઢ ધીર અ.
સૂસી ગૌપદ ગગન ગુંજામણી, સાત સાગર અજનીનુ નીર અ.
ખેલી ખેલ બનાવે બહુ ભાતના,કાઢી શકે નહી સતી કેરો વેશ અ.
સતી સ્વાગ ધરે તે નિશ્ચે બળે, કરે પાવક માહી પ્રવેશ અ.

પ્રેમે પામી પતિ પરમાત્મા રહી રૂપમા એક રસ લીન. અ.
સ્વામી પ્રીતમનોરે સભર ભર્યો,સિંધુ અમૃતમા મનમીન અ.

પદ ૧૭૦

ર્યું ગીતા ગાઇનેરે, તે શુ કર્યું ગીતા ગાઇને ટેક

પોથી વાચીને પરમારથ ન કીધોરે, રહ્યા આપ સ્વારથ સ્હાઇને રે, તે પરને પરમોધ્યો ને આપે ન શોધ્યો રે, ધીક્ક પડી પઢીતાઈને રે, તે૦ ભાગવત ભાખે ને હેત રૂદિયે ન રાખે રે, ધનને કાજે મુઓ ધાઇને રે, તે જેમ ભુજંગને માથે મણિછે રે, તેને તેજે જીવે જીવ ખાઇને રે, તે૦ ભણ્યો ખરો પણ ભેદ ન જાણ્યો રે, કુટુબ પોખ્યું કમાઇને રે, તે૦ મન મેલુ તેને માજી ન શક્યો રે, ટાળી નહી કર્મ કસાઇને રે, તે૦ કહે પ્રીતમ પોતાને ડહાપણુ રે, હરિ હીરો તે હાથથી ગમાઇને રે, તે૦

પદ. ૧૭૧

તુતો રામ રટણ કર રગમા, હવે રાખ હરિ સાથે હેત, અવસર આવો નહિ મળે ટેક વિષય ભુતે તે તુજને ભમાવીઓ, ક્ષણ એક બેઠો નહિ ઠરી કામ, અવસર૦ ખોટા ખેલમા શુરે ખુચી રહ્યા, ઉઠ આળસ મેલ અચેત અવસર૦ પ્રાણી પરપચમા શુ પચી રહ્યો, માની સ્વપ્ન તણુ સુખસાર અવસર૦ કાળ ખાશે જે કે'શે કહ્યુ નહિ, નથી માનતો ગાફેલ ગમાર, અવસર૦ અતે રગ પતગ જાશે ઉતારી, કાચી કાયા નહિ આવી કશે કામ અવસર૦ તુ તો સ્મરણ કરજે શુદ્ધ ભાવશુ, ટાળી તન મન કેરા વિકાર, અવસર૦ ભજો આતમ બ્રહ્મ સ્વરૂપને જેનો મહિમા છે અગમ અપાર અવસર૦

પદ ૧૭૨

સત પારસ ચંદન બાવના

કામધેનુ કલ્પતરૂ સાર, સમાગમ સતનો ટેક

એક સમજમા રે અતર ઘણો, તરૂ પારસ ત્રણ પ્રકાર; સમાગમ૦ એક પારસથી રે પારસ બને, એક પારસથી હોયે હેમ, સમાગમ૦ એક પારસ લોહને કુંદન કરે, સો વર્ષે એનુ એમ સ૦ એક ચદનથી વીખ ઉતરે એક ચદને અગ્નિ

ઓ'લાય,સ૦ એક તલભર તેલમા જો પડે, ફરી તેલ તાતું નવ
થાય, સમાગમ૦ સર્વે ગજશીર મોતી ન નીપજે તેની જુ-
ક્તિ વિચારીને જોય, સમાગમ૦ જ્ઞાનહિણા ગુરૂ નવ કીજીયે,
વઝા ગાય દોયે શુ થાય, સમાગમ૦ કહે પ્રીતમ બ્રહ્મવિદ
ભેટતા, ભવ રાગ સમુળો જાય સમાગમ સતનો

પદ ૧૭૩

તુતો રામ રટણ કર રગમા,
તારા અગમા ઉપજે આનદ, ગોવિદ ભજ ભાવશુ ટેક.
પરમારથ અર્થ વિચારીએ, તજ સ્વારથ માયાનો ફદ, ગોવિદ
કાયા માયા તે તો કારમી તેને વણમતા ન લાગે વારગોવિંદ.
મૃગ તૃપ્ણાના જળરે જાશકભર્યા, એવો જાણ સકળસસાર ગોવિંદ
ગુજા વન્હિ તે મરકટે માનીયો, તેણે ટાઢ ટળે ન લગાર,ગોવદ
ઉસ ઉદક બીડી બરાસની, તેને ઉડયા તણો ઈતબાર, ગોવિદ
સ્વપ્નામારે સમૃદ્ધિ પામિયે જાગીજોતા ન રહે જરાય,ગોવિદ
ધુમાડાના ઢગરે સોહામણા, ભર્યે મુઠીમા નવ રે ભરાય,ગોવિદ.
સાચી સગત સદગુરૂ સંતની તેથી જીવપણુ ટળી જાય,ગોવિદ
કહે પ્રીતમ પ્રભુને સભારતા મહા પાપી પાવન થાય, ગોવિદ.

પદ ૧૭૪

સદ્ગુરૂના તે શબ્દ વિચારતા,
મટે માયા મોહ વિકાર, હરીરસ પીજીએ ટેક.
બાળી ભસ્મ કરે બીજી વાસના, ઉર પ્રગટે પ્રેમ અપાર, હરી
એવો અજર અમીરસ જે પીવે, તેના નેણ વેણ પલટાય, હરી
લાગી બ્રહ્મખુમારી નવ ઉતરે મુખ મુખે કહ્યુ નવ જાય હરી.
તેને સભવ નથીરે શરીરનો થયો અનિમદૃષ્ટ ઉઘાડ, હરી
મરજીવા થઈ હરીને મળે, ગાળે જ્ઞાન હીમાળે હાડ હરી.
બ્રહ્મવ્યાને ગગનવત થૈ રહ જેમ કુભ મહાજળ માંઈ હરી.
કૃષ્ણ પોતામા પોતે કૃષ્ણમા, કૃષ્ણ વિના ન દીસે કાંઈ, હરી.
જઈ સરીતા સાગરમા ભળે, તેનુ નામ નદી ટળી જાય હરી
કહે પ્રીતમ સદગુરૂ સેવના તળે અતર એક રસ થાય હરી

પદ ૧૭૫

સત લક્ષણ ત્રીસ સોહામણા ચિત્તવૃત્તિ થઈ જેની શાન્ત,
એવા જન હરી તણા ટેક.

બ્રહ્માનંદ બ્રહ્મરસ ભોગીયા, જીવ ઇશ્વર ભાગી ભ્રાત, એવા.
દયા દાન દાસત્વ અતિ ઘણું, જ્ઞાન ભકિત વિવેક વૈરાગ્ય, એવા.
ક્ષમાવત તપે નહી તાપમા,આશા રહીત અમલ અનુરાગ,એવા.
અક્રોધી ઇંદ્રીજીત અનુભવી, કવિ કોમળ શીલ સતોખ. એવા
આશા રહિત અમૃત વાણી વદે, સહજાનદ આનદ કદ, એવા.
શુદ્ધ સ્નેહી સ્વારથ નવ મળે, પરમારથ ઉપર પ્રીત, એવા.
શશી સુરજવત સાક્ષી રહે, ઉદાર અર્ણવની રીત એવા.
હરખ શોક વિષે ડોલે નહી, અર્ધ નિમેષ ન મુકે નામ એવા.
સુરતરૂ સુરધેનુ ચિતામણી, મળતા પોહોચે મન કામ, એવા
પરિપુરણ લક્ષણ સતના, બત્રીસમા ઓછા એય, એવા
કહે પ્રીતમ એવા સતને, ચહુ સોપીને શરણ રેહેય, એવા

પદ ૧૭૬

મન તુ અળગુ કા અકળાય બીજો નથી બોલતો ટેક
તુ તો જાગીને જો તારા રૂપનુ,ખોળી જોતામા તુરે ખોવાય બી૦
તારે ઓથે હરીને નથી દેખતો,કુડલ ઓથે જેમ કનક ઢકાય,બી૦
તુ તો દરિયાની લહેર સમાન છે,લહેર સમતા જેમ સમુદ્ર દેખાય
તારે ઠેકાણે હરીને ઠેરાવને, એમ સમજે તો મહા સુખ થાય,બી૦
કહે પ્રીતમ એવા પુરૂષને, હુ તો લળી લળી લાગુ પાય બી૦

પદ ૧૭૭

સતની સેવા કીજીએરે, શુદ્ધ ચિત્તે કરીને, દેહ દ્રુત ટાળીને બ્રહ્મને નીહાળીએ, પ્રેમ નેમ નિત્ય પાળીએ રે, શુદ્ધ ભાવે કરીને, ચરણોદક પીજીએ ને પ્રસાદ લીજીએ, તન મન વારી દીજીએ રે, શુદ્ધ૦ પાન ચવરાવીએ ને ચરચા ચલાવીએ, પ્રેમની ગોષ્ટી બનાવીએ રે, શુદ્ધ૦ તાળા તુટશેને બધન છુટશે, ભ્રમની ગાગર ફુટશે રે, શુદ્ધ૦ સશય સમાવશે ને હરી ઓળખાવશે, પ્રીતમ પ્રેમ ઉપજાવશેરે, શુદ્ધ૦

પદ. ૧૭૮

સત ભગવત એક રૂપ છે રે, ભીન્ન ભાવ ન આણો. એક રૂપ જાણશે તે મહા રસ માણશે, તે શાને મત તાણશે રે, ભીન્ન૦ જેમ પુષ્પ વાસના તે અતર અબ ઉાસના; અખડ બ્રહ્મની ઉપાસના રે, ભીન્ન૦ જેમ સિધુ એક છે ને લેહેરી અનેક છે, જોયામા જુજવો વિવેક છે રે, ભીન્ન૦

જેમ હાર હેમ છે સત હરી રામ છે, પ્રીતમ પ્રભુશુ નિત્ય પ્રેમ છેરે, ભીન્ન૦

પદ ૧૭૯

જન્મ કૃતારથ કીજીએ રે રહીએ સાધુની સગે સત્સગ સાર છે એ તત્ત્વ વિચાર છે, ભજતા ભવનો પાર છે રે, રહીએ૦ પ્રેમ રસ પીજીએ ને કોઇથી ન બીજીએ, દેહ ધર્યાનો લાવ લીજીએ રે, રહીએ૦ સાધન શુ કરે તે શીદ કુટી મરે, સત્સગે ક્ષણમા તરે રે, રહીએ૦ પ્રીતમ પરમાર્થી હરીના હેતાર્થી, તે છુટા સસારથી રે, રહીએ૦

પદ ૧૮૦

જ્ઞાન ગગામા ઝીલીએરે, નિત્ય નેહ ધરીને, પાતીક પ્રજળે મેલ મનનો ટળે, સચ્ચિદાનદ સેહેજે મળેરે, નિત્ય૦ જીવ પણુ જાય છે ને આત્મા દરશાય છે, કાગ ટળીને હંસ થાય છે રે, નિત્ય૦ નીજાનદ ઉપજે ને બ્રહ્મ ભાવે ભજે; વિષય વિકાર ન લાગે રજે રે, નિત્ય૦ અખડ અદ્વૈત છે ને સુખ અપાર છે રે, પ્રીતમ પરમ પદ સાર છે રે, નિત્ય૦

પદ ૧૮૧ રાગ ધોળ

શુરૂ ગમે ઘટમા જોયોરે, સશય સર્વ ટળ્યો,
અવિનાશી ચૈતન્યરે, શબ્દાતીત મળ્યો
ચતુરદળ ચીતવી રે ખટદળ માહે ખળ્યો,
દશ દળમા દીઠોરે, દ્વાદશ દળમા મળ્યો,
ષોડશ દળ ખુપ્યો રે, દ્વીદળમા દરસો,
સહસ્રદળ ચઢયો રે, પખી થઇ પરસો
નહી નાદને વાણી રે, રવી શશી જોત્ય રહી,
શુદ્ધ સ્વયપ્રકાશી રે, દુનિયા ભાસ નહી,
નહી અભ્ર એ ઉરમી રે નહી માયા મમતા,
પ્રીતમ સ્વયં પોતે રે, શુન્ય શીખર સમતા.

પદ ૧૮૨

આ તનમા તીરથ રે, તત્વ વિચાર તણુ,
ચૈતન્ય સાગરમા રે, નહાવાનું ફળ છે ઘણું,
ગલીકમા ઝીલો રે, નીરમળ નીર વડે,

ગંગા ને જમુના રે, સરસ્વતી પુર ચઢે.
પ્રભાતમા પ્રાગે રે, ત્યાહા થાયે તરવેણુ;
મરજીવા જોગી રે, ઝીલે દીન રેણુ.
કાયા કાશીમા રે, વિશ્વના નાથ વસે,
પ્રીતમ પદ પરસે રે, તે તદરૂપ થશે.

પદ ૧૮૩

સદગુરૂને શબ્દે રે, સૌ તીરથ તેહને,
પડમા છે પોતે રે, જીતી ફરે જેહને,
ગુરૂદેવ દયા કરે રે, તેને સઉ સૂઝે,
બોલે બહુ નામીરે, બીજો શુ બુઝે
અંતર્ગત ઇશ્વર રે, આપે અવિનાશી,
પોતાની ભુલે રે, ભમે લખ ચોરાશી
છે શ્રીમત સુખીયો રે, રાક થઈ રઝડ્યો,
માયાને સગે રે ત્રિવિધી તાપે બળ્યો
સદ્‌ગુરૂને સેવે રે, તો નીજ રૂપ જડે,
તનમાહે તપાસે રે પોતે પોના વડે
નખ શીખ લગી ન્યાળો રે, ન મળે કોઈ બીજો.
પ્રીતમ એક અદ્વત રે, જોઇ હૃદયે રીઝો

પદ ૧૮૪

પુરણાનદ પોતે રે, પરપચ પરકરતા,
કારણનુ કારજ રે, લઈ અળગુ કરતા
નભ પવન નહી રે, નહી અબુ અવની,
પચ વિષય ચતુષ્ટી રે, નહી સૂક્ષ્મ નવની,
દશે ઇદ્રી અવસ્થારે, નહી સ્થળનુ ઠેકાણુ,
સૂરજ જેમ સાક્ષીરે એમ આત્મા જાણુ.
અન્વય વ્યતિરેકેરે, જયમ છે ત્યમ જોયુ,
પ્રીતમ છે સ્વરૂપે રે, નહી પામ્યો નહી ખોયુ

પદ ૧૮૫

ભૂલ ઘણી ભાગી રે, બ્રમ્હાનદ ભાસ્યો,
શુદ્ધ ચૈતન્ય સાક્ષીરે, સઘળે પ્રકાશ્યો
ટળ્યુ તિમીર ત્રિગુણનું રે, તુરીયા તેજ ઘણુ,
અખડ અજવાળુ રે, નિર્મળ નામ તણુ.

એક રસ અવિનાશી રે, શુદ્ધરૂપ સ્વયંજ્યોતિ;
તરવેણી તારે રે, પ્રોયું મન મોતી
હરીહાર હીરાનો રે, પેહરો પ્રીત ધરી,
થઈ પ્રેમ સોહાગણ રે, પુરણ મન મોદ ભરી
પામી અચળ એવાતણ રે, અખંડ વર વરતા,
પ્રીતમના સ્વામી રે, સંગ આનંદ ધરતા.

પદ ૧૮૬

ભજન કરી લ્યો ભાવેરે ભવ ભટકણ ભાગે,
સંસાર સાગર તરતાંરે ક્ષણ વાર ન લાગે. ૧
માયા મોહ નિદ્રામાંરે ગાફલ શું ઘોરે,
પાંચ ચોર વસે પાસેરે આતમધન ચોરે ૨
અચેત શું ઉંઘેછેરે જોને આંખ્ય ઉઘાડી,
વેગે વણશી જાશેરે કાયાની વાડી. ૩
ચેત ચિદાનંદ મળશેરે ટળશે અંધારૂં,
આ અવસર છે રૂડોરે હોય કારજ તારૂં. ૪
મહા પુરૂષનો મારગરે તે પગલાં સહાજે
પ્રીતમ પ્રેમ ધરીનેરે હરિના ગુણ ગાજે ૫

પદ ૧૮૭

જા સદ્ગુરૂને શરણેરે સઉ સંશય હરશે,
જીવ દશાને ટાળીરે હરી સરખો કરશે, ૧
ઉગ્રદશા અનુભવનીરે છે સમજણ મોટી,
મન કંચનને કસવારે ગુરૂ જ્ઞાન કસોટી ૨
હોય હેમ લોહ ફેરૂ રે જેને પારસ પરસે,
થાય મહા મુક્તાફળરે જળ સ્વાતિ વરસે. ૩
છીપ રહે સાગરમાંરે જેમાં મોતી નિપજે,
જ્ઞાન ગિનકા પરસેરે તેને રસ ઉપજે, ૫
એમ સતસંગે નર સમજેરે, સૌ દુબધ્યા જાય
પ્રીતમ તે પ્રાણીનુંરે સર્વે કારજ થાય. ૬

પદ ૧૮૮

જે પરમારથ પ્રિછે રે, તેને પાપ ન પરસે,
રૂપ અનુપમ હરિનુંરે, સચરાચર દરસે. ૧

સા સામગ્રી હરીની રે, હરીના થે રહીએ,
હરિને સમરપણ કરીને રે, ઉગરતુ લેયે ૨
સાચે રાચે રસીયો રે, પરપચ પરહરજે,
હેતારથ હરિજનસુરે, દુરિજનથી ડરજે. ૩
હુ' માર હરદેથી રે, ટાળીને રમજે,
વિશ્વ આત્મા વિષ્નુ રે, નિરખિને સમજે,
અસત અન્યાય ન કિજે રે, સત વચન ઉચરજે,
પ્રીતમ પ્રેમ ધરીને રે, પ્રભુજીસુ મળજે ૪

પદ ૧૮૯

કાયા બની છે તારી કારમી રે, હરીનુ ધ્યાન ધરજે,
તારો અમર નથી અવતાર રે, પ્રભુનુ ધ્યાન ધરજે
કાચો તે કુભ જળે ભર્યો રે, હરીનુ ધ્યાન ધરજે,
તેને ભાગતા કેટલી વાર રે, પ્રભુનુ ધ્યાન ધરજે.
તરૂવરથી ફળ છુટીયુ રે, હરીનુ ધ્યાન ધરજે.
તે ફરી ન ચોટે ડાળ રે, પ્રભુનુ ધ્યાન ધરજે
ગયો અવસર આવે નહી રે, હરીનુ ધ્યાન ધરજે
બાધ પાણી પેહેલી પાળ રે, પ્રભુનુ ધ્યાન ધરજે
નદી યોગે હેરી નાવ જર જડીરે, હરીનુ ધ્યાન ધરજે,
માહે બેઠા મૂઢ ગમાર રે, પ્રભુનુ ધ્યાન ધરજે
બોટો છે માહે બારવોરે, હરીનુ ધ્યાન ધરજે
તે તો હોડીનો હાકણુ હાર રે, પ્રભુનુ ધ્યાન ધરજે
કર્મ વા આવી આફળે રે હરીનુ ધ્યાન ધરજે.
માહે મોહના મોજા થાય રે પ્રભુનુ ધ્યાન ધરજે
તેડ ન સુઝે તેહની રે, હરીનુ ધ્યાન ધરજે
તેનો કરવો કોણુ ઉપાય રે પ્રભુનુ ધ્યાન ધરજે.
સદ્ગુરૂ શબ્દ ઉચારીએ રે, હરીનુ ધ્યાન ધરજે.
જો કરીએ સદા સત્સગ રે પ્રભુનુ ધ્યાન ધરજે
તો સહેજે પાર પામીએ રે, હરીનુ ધ્યાન ધરજે,
કહે પ્રીતમ પ્રગટે રગરે, પ્રભુનુ ધ્યાન ધરજે.

પદ ૧૯૦

મનમા જાણ્યુ છે મરવુ નથીરે.દેહને અભિમાને,બહુ ગોઠવણુ
કરતો ગમારરે, દેહને૦ મારા મદીર મારા માળીયા ર, દેહ-

નેο કહે મારા પુત્ર વારવાર રે, દેહનેο મારી જાયા ને મારી જુવતીરે,દેહનેο કહે મારૂ કુંટુભ પરીવારરે, દેહનેο જમદુત વરાતી આવશે રે, દેહનેο ઉઠી ચાલવું છે આજ કાલ રે, દેહનેο કાળે ગ્રહ્યા કેશ તાહરા રે, દેહનેο તે તો કરશે ઘડીમા વાતર, દેહનેο વળતી વિચારીશ જીવડારે દેહનેο ઘણા ઘસવા પડશે હાથ રે, દેહનેο વાત પીત કફ આવી કઠ રૂધશેરે દેહનેο નહી આવે ઉપર લવલેશ રે, દેહનેο મનનું ધાર્યું રહેશે મનમા રે, દેહનેο પ્રાણી પામશે કષ્ટ કલેશ રે દેહનેο કર્મ પ્રધાન છે જીવને રે, દેહનેο ફળ શુભ અશુભ દેનાર રે દેહο જેવા કર્યા તેવા ભોગવે રે દેહનેο ધરે ઉંચ નીચ અવતાર રે, દેહનેο પડે પશુ પખી જાતમા રે, દેહનેο ચાર ખાણુ ચોરાશી લક્ષ રે, દેહનેο દુખનો અત આવે નહીરે દેહનેο કહે નિગમ પુરાણ પ્રત્યક્ષ રે, દેહનેο ગુરૂ ગોવિંદ સેવ્યા નહી રે દેહનેο કઇપેરે કર્મનો નાશ રે,દેહનેο વાસના બીજ બળ્યુ નહી રે, દેહનેο ત્યા લગી ઉગરવાની શી આશ રે, દેહનેο મોહ માયાના મોટા મોરચા રે, દેહનેο જાત રૂપ જુવતીનુ જોર રે, દેહનેο કહે પ્રીતમ કોઇક જીતશે રે દેહનેο જેને સદગુરૂ શબ્દ અકોર રે, દેહનેο

પદ ૧૯૧

જતન કર્યે જીવવું નથી રે ચિત્તમા ચેત્ય ચોપે તજ દેહતણુ અભિમાન રે, ચિત્તમાο ચેત્ય ચોપે સો વરસ જીવ્યો તો શુ થયુ રે, ચિત્તમાο નરવાળે મરણ નિદાન રે, ચિત્તમાο આયુષ્ય નિરતર અજળી રે ચિત્તમાο તે ટપકે શ્વાસે શ્વાસ રે ચિત્તમાο દુર્મતિ શે નથી દેખતોરે, ચિત્તમાο આખો આગળ થતા નર નાશરે ચિતમાο દીન દશ પાચ મુકામ છે રે, ચિત્તમાο પછે કુચના નગારા કહેવાય રે ચિત્તમાο કેના પર્વત ચઢી ચાલશેરે, ચિત્તમાο ત્યા પાણી પીવા નહી રેવાય રે, ચિત્તમાο તુ તારૂ લજી બેસજે રે, ચિત્તમાο ભાગી પછે પસ્તાવો ન થાય રે ચિતમાο પુણ્ય રૂપ ન પાસે બાધીયુ રે, ચિત્તમાο કને ખરચી વિના શું થશે, ચિત્તમાο શુરા ને શી સોચનારે, ચિત્તમાο સતીને ... ના રે ચિત્તમાο એક ધણી શ્રીરંગ રાખજે

રે, ચિત્તમાં૦ કહે પ્રીતમ પ્રેમની વાત રે, ચિત્તમા૦

પદ, ૧૯૨

લપટ શે નથી લાજતો રે, કુબુદ્ધિ શુ કહીએં૦ તને સમજાવ્યો મો વારરે, કુબુદ્ધિ શુ કહીએ૦ તોચે મૂઢમતિ માને નહિરે. કુબુદ્ધિ૦ ધીક પામર પશુ ગમાર રે કુબુદ્ધિ૦ તારૂં ચતુરપણુ પડો ચુલમાં રે, કુબુદ્ધિ૦ તે પ્રીછી નહી પ્રભુની પેર રે, કુબુદ્ધિ૦ નારી જનુની ન રહી વાઝણીરે, કુબુદ્ધિ૦ શે જણ્યા ન દીધુ ઝેર રે, કુબુદ્ધિ૦ તેને નાળ વધેરતા નાવડયું રે, કુબુદ્ધિ૦ શે પ્રથમ ને છેદયુ શીશ રે, કુબુદ્ધિ૦ તુ કૃતઘ્નની કોટીઉ પાતકી રે, કુબુદ્ધિ૦ જો વિસાર્યો જુગદીશ રે, કુબુદ્ધિ૦ તું શીદ અપરાધી અવતર્યો રે, કુબુદ્ધિ૦ કરવા ભોમીને ભાર રે, કુબુદ્ધિ૦ શુભ કારજ કીધુ નહી રે, કુબુદ્ધિ૦ તે ભોગવ્યો બહુ સસારરે, કુબુદ્ધિ૦ જમરાજા લેખુ માગશે રે, કુબુદ્ધિ૦ શો દેશો તેને જવાબરે, કુબુદ્ધિ૦ બાંધી રૂંધીને નરકમા નાખશે રે, કુબુદ્ધિ૦ આવી વળગશે પ્રોઢા પાપ રે, કુબુદ્ધિ૦ હરીવિના બીજો બેલી નથીરે બુદ્ધિ૦ તારૂ કુડુ કુટુબ પરીવાર રે, કુબુદ્ધિ૦ કહે પ્રીતમ ચિત્તમા ચેતજે રે, કુબુદ્ધિ૦ જેથી જાય જનમનો માર રે, કુબુદ્ધિ શુ કહીએ

પદ ૧૯૩

દુખ ટળશે રે શ્વાસો શ્વાસે સ્મરણ કરજે શામનું,
દુખ ટળશે રે રસનાએ રટણ કરજે આતમરામનું
દુખ ટળશે રે આશા તૃષ્ણા લોભ ઈર્ષ્યા ત્યાગજે,
દુ'ખ ટળશે રે પરમેશ્વરની ભક્તિ ભવોભવ માગજે
દુ'ખ ટળશે રે જીભ્યાએ જાણી જુઠું ના બોલીએ,
દુખ ટળશે રે દુરીજન વચન સુણી દીલમા નવ ડોલીએ.
દુખ ટળશે રે દીનરજની રહીએ રસીયાના રગમા,
દુખ ટળશે રે આવરદા પુરો કરીએ સતસગમા
દુખ ટળશે રે એક હરિ વિના અન્ય પદારથ સૌ તજો,
દુખ ટળશે રે પ્રીતમના સ્વામીને શુદ્ધ ભાવે ભજો.

પદ ૧૯૪

પુન્ય કરજો રે પુન્યવિના પ્રભુ પ્રેમ સ્નેહી કેમ પામીએ,

પુન્ય કરજો રે પુન્યવિના સસાર સંકટ કેમ વામીએ
પુન્ય કરજો રે શીળ વિના સ્નાન કર્યે હરી નહિ તળે,
પુન્ય કરજો રે અર્ક ઉછેરી અબ કહો કયાથી ફળે.
પુન્ય કરજો રે મનમોદક ખાધે ક્ષુધા ભાગે નહી,
પુન્ય કરજો રે બાવળીએ બીજોરા કાંઇ લાગે નહી
પુન્ય કરજો રે વાવ્યાવિના લણવાની લાલચ શી કરે,
પુન્ય કરજો રે કથીરથી કચનનું કારજ નહી સરે
પુન્ય કરજો રે સ્વર્ગતણુ સુખ આવીને સેહેજે મળે,
પુન્ય કરજો રે દેવતણી પક્તિમા જઇને ભળે
પુન્ય કરજો રે દત્તવિના વિત્ત કોઈ પ્રાણી પામ્યો નથી,
પુન્ય કરજો રે કહે પ્રીતમ કહીએ તે શુ ઝાઝુ કથી

પદ ૧૯૫

જજાળી જીવડે મુક્તિની જુક્તિ ન જાણી
મિથ્યા માયા મૃગજળ સરખી, મોહ કરીને માણીરે, જ૦
ધામધુમ ધધામા ધાયો, ગીરધરલાલ ન ગાયો,
આવ્યો તો પરમારથ કરવા, ઉલટો દોષ કમાયોરે જ૦
વિષયવાસનામા વિટાયો, જેમ ઝીટાયો જાળે
મરતા સુધી કામ ન ખુટયુ, મન બહુ લોચા વાળેરે જ૦
ગાશી તીર ગડે તનમાહી, એમ મનમાની માયા,
છેદે પણ છેટે નવ થાયે, જેમ કાયાની છાયારે, જ૦
દશ ઇદ્રિયે દોષ કમાયો, ઉલટો બધાયો આપે,
કામ, ક્રોધ, મદ, મોહ, અભિમા, બળી રહ્યો બહુ તાપેરે જ૦
શ્રવણ દગ્ધ થયા નિદા સાભળી, નેત્ર દગ્ધ થયા નિહાળી,
જીભ્હા દગ્ધ થઇ જુઠું બોલી, સર્વસ્સ બેઠો હારીરે, જ૦
પ્રાણ દગ્ધ થયા કરી પ્રતિગ્રહ, પાય પદ્મ પર ચાલી,
સુકૃત બીજ બળી ગયુ સર્વે ક્ષેત્ર પડી રહ્યુ ખાલીરે જ૦
રાગ દ્વેષ ભર્યા હૃદિયામા, અનેક દોષ ઉપજાવે,
કલ્પદ્રુમ ચિતામણી સરખી, પ્રભુ ભક્તિ નવ ભાવેરે જ૦
રામનામનુ દામ ન બેસે, કામ આપણુ થાશે,
પ્રીતમ મન પ્રમોદ કરે તો, સકળ કલ્પના જાશેરે. જ૦

પદ ૧૯૬

સસારી જીવે હરી સાથે હેત ન આણ્યુ,

મરતાં સુધી લોભ ન મૂક્યો, ઘરનુ તરીલુ તાણ્યુંરે સં૦
પાચ પચીશ પચાસ થયા તોય રૂદે જ્ઞાન ન આવ્યુ;
અંગોઅંગ સૌ શીથલ થયુ તોય પ્રભુનું ભજન નવ ભાવ્યુરે સ.
અંતસમે જે સાથે કારજ, તે શુ હેત ન કીધુ,
અમૃતરસને ઢોળી દેઈને, ઝેર હળાહળ પીધુંરે સ૦
માયા છાયા એક બરાબર, કાયા કાચનો કુપો,
કરવુ ને કારવવુ સર્વે શામળીયાને સુપોરે સ૦
જીવન મરણ હાથ છે જેને, તેને ભાવે ભજીએ,
પ્રીતમના સ્વામીને સેવો, અન્ય પદારથ તજીએરે સ૦

પદ ૧૯૭

સંસારમાહી શોક મોહની માયા,
કરવુ ને અવતરવુ મરવુ, કર્મ સંજોગ કમાયારે સ૦
અલ્પ જીવવુ જપ મળે નહી, જીવ જંજાળે વાહ્યો,
પુન્ય પરમારથ કંઈ નવ પ્રોછ્યુ, લાલચમા લપટાયોરે સ૦
આશા તૃષ્ણા તાપ ટળે નહી, ઘણા ઘણાને ધાયો,
માથા ઉપર મરણ ભમે છે, તેની ખબર નવ પાયોરે સ૦
જે ઉગ્યા તે આથમ્યા ને, ફુલ્યા તે કરમાયા,
જે જન્મ્યા તે જાવુ જાણો, ભવમા કાં ભરમાયારે સ૦
મૃત્યુલોક આવ્યો તેને મરવુ, દીલ વીચારો ડાહ્યા,
કાળચક્ર કોને નવ મુકે, કોણ રંકને રાયારે સ
શુદ્ધચિતે જે ભક્તિ કરશે, તે નર લાભ કમાયા,
કહે પ્રીતમ કોઈક ઉગરશે, જેણે ગોવિંદ ગુણ ગાયારે સ૦

પદ ૧૯૮

હરી સ્મરણ કરી લ્યો, જ્યા લગી જુગમા જીવો,
દેહતણો વિશ્વાસ ન કરશો, વાયે ઓલાય જેમ દીવોરે હરી.
મારૂ તારૂ એ અંધારૂ, જ્ઞાન વિના કેમ ટળશે
પ્રેમ જ્ઞાન પ્રકાશ થશે તો, અંતરજામી મળશેરે હરી.
થોડાસા જીવ્યાને કાજે, ઘેલા ગર્વ ન કરીએ,
લોહતણે ત્રાપે વળગીને, કેમ ભવસાગર તરીએરે હરી.
ધનદારા સુત કુટુંબ કબીલો, મિથ્યા મોહ ચઢાવો,
મારગ વચ્ચે મ્લેચ્છ મળ્યા, જેણે વેઠે ઘાસ વઢાવ્યોરે સં.
સુરતરૂ તજી શીમળો સેવે, તેતો ભૂલ્યો ભામે,

તજી જાન્હવી ઝીલે ઝાંઝવા, તે કયાથી સુખ પામેરે. હરી૦
અર્ક ઉછેરી આમ્રતણું ફળ કોણ પામ્યા છે પ્રાણી,
હરી કથા વિના કથની તેતો સો કહેવાની કહાણી રે હરી
આયુષ્ય તારૂ નીર અંજલી, ઘડી ઘડી ઘટી જાયે,
અચેત પ્રાણી શુ ઊંઘે છે, કાળ નિરંતર ખાયેરે હરી
કાણો કુંભ ભરી જળ ભરીએ, ક્ષણમા ખાલી થાયે
સરીતાપુર વહે જેમ વેગે એમ આવરદા જાયેરે હરી
માટે હરી હરી કરજો સત્ય ઉચરજો, અધમથી ઓસરજો,
કહે પ્રીતમ સત્સંગ કરીને, સંસાર સાગર તરજોરે હરી

પદ ૧૯- રાગ ગરબી

મૂકી દે મુઢ અંહકાર, મમતા મન કેરી
સમજી લે સારમાં સાર જો હરીને હેરી ટેક
હરીને જોતા હુવા ખોતા, પોતે પાં બ્રહ્મરૂપ રે
અંતરજામીમા એકરસ થાતે, ફળ પડે ભવકૂપરે, મમતા
પંચ ભાગ પોઠ વહેચતા, ઊગેર તે અવિનાશીરે,
સ્થુળ સુક્ષ્મ કારણને દરીયા પોતે સ્વયં પ્રકાશીરે, મમતા
શુદ્ધ ચૈતન્ય તુ સાક્ષી સમતા, પ્રમ ભાનો પ્રતીતીરે,
પરનામ છે પુર્ણાનંદના, નીગમ કહે છે નેતિરે મમતા
નિર્ગુણ એક નિરંતર નિરખી હરખે હડા માચરે,
પ્રલયમા પાણી વિના બીજુ, નજરે ન આવે કાંરેરે, મમતા
ચિદાનંદનુ ચિંતવન કરતા કોટી કલ્પના જાયરે
પ્રીતમ પડદો મટે માયાનો મહાપદમાલય થાયરે મમતા

પદ ૨૦૦

છે બ્રહ્માનંદ ભરપૂર બ્રહ્મને ભાળેરે,
સચ્ચિદાનંદ સુખમુળ, તે કાવે નિરદાવેરે ટેક
અણુ થકી તે લઇ અજ સધી, વ્યાપક વિશ્વાધારરે;
જયા જોઇએ ત્યા તેનો થઇને, બોલે બોલણહારરે, બ્રહ્મને૦
જળ તરંગ નહી જુજવા રહે, જેમ હાટકમા હારરે,
તેમ તુમા હરીને હરીમા તુ, એમ નિગમ કહે નીરધારરે બ્રહ્મ
નખ શિખ સુધી હેમની પુતળી, હેમ તણા શણગારરે,
બાહ્યા ભીતર હેમ બિરાજે, હેમ તણો વિસ્તારરે, બ્રહ્મ
નિ શંક થઇને નાખી દે ને માથેથી સહુ ભારરે,

કર્તા હરતા આપ પોતે છે, અખીલ બ્રહ્માંડના આધારે બ્રહ્મ.
શુદ્ધ વિચાર કરી થા સુખીયો, દુખના બાળી બીજરે,
કહે પ્રીતમ પ્રભુમાહી સમજે, જેમ વાદળમા વીજરે બ્રહ્મ

પદ ૨૦૧ રાગ સામેરી

કઇક જુગ વીત્યારે ભૂતળ ભટકતારે, હવે ગુરૂ દયા કરો દુખ જાય, અનેકને વારરે અવનીમા અવતર્યોરે, પશુ પખી કીટ પતગ કહેવાય, કઇક જુગ વીત્યારે (ટેક) મેઘના બિંદુનીરે કોઇ સખ્યા કરેરે, ધરતીની રેણુ કદીક ગણાય, નવખડ તણારે તરૂવર લેખવેરે, મારા કાઇ જનમ ગણ્યા નવ જાય, કઇક સાતસિંધુ જેટલુરે પય મે પીધુ હશેરે, માતા પયોધરના તન પાન, જળચર થળચરરે ખેચર થઇ ફર્યો રે, અવતર્યોરે, હવે પામ્યો મોઘો મુનશ્યાદેહ, ભમતાને ભમતારે સદ્દગુરૂ ભેટીયારે, તેણે ઉપજાવ્યુ આત્મતત્ત્વ સ્નેહ, કઇક તર- છોડયોતોરે ચરણ કમળથીરે, દેહ પડે પણ નેહ નવ જાય પ્રીતમ ચરણેરે પ્રભુને આવીયારે, સન્મુખ ભાળ્યા સદ્દગુરૂરાય, કઇક.

પદ ૨૦૨

આળસ આણીરે ઊંઘ મા અભાગીયારે, જાગીને જોને અવસર વીતી જાય, તુતો નથી જોતોરે તારા મોહ પ્રમાદ- મારે, કાયાને તો કાળ નિરતર ખાય આળસ આણીરે૦ બાળપણુ ગયુરે ગયુ જોબન જયારે વળી નાગા રહ્યા તે દીન જાય, નજરે દેખેછેરે જાતા જીવ આવતરે, નોય તારા ચિ- ત્તમા ચિંતા નવ થાય, આળસ૦ રહેવને રચેછેરે મદીર માળીયારે, એ મા દેખત ભુલ્ય ઉપાય, સુગતા મુગીરે સેવે તુ શીમળેરે, તેમા ફળ શુ સવાળે થાય. આળસ ઘણે ઘણે દહાડેરે પામ્યો મુનષ્યા દેહનેરે, હવે કાઇ હેત હરીસુ આણુ ઓરાને વેપારે રે લાભ મળ્યો બોરનોરે, પ્રીતમ જો પરમારથ જાણુ આળસ આણીરે૦

પદ ૨૦૩

હરીરસ પીતારે વિલબ ન કીજીએરે, સમરણ કરને શ્વા સો શ્વાસ, આવો ને સમયોરે ફરી ફરી નહી મળે, કદીએ રાખજ દઢ વિશ્વાસ. હરીરસ આજકાલ કરતારે, ચોપે તારે

આલવુરે, જઇને નવખડમા કરવો વાસ, કાયા પ્રીટીનેરે થાશે ઢેરી ધુળનીરે કોઈ પ્રાણી નહી આવે તારી પાસ, હરીરસ શરીર સમીનેરે આડની આડી થશેરે, ઉપર ઢોરાં ચરશે ઘાસ, ગગન પવનરે પાવક જળ પૃથવીરે, જ્યા જેનો ત્યા તેનો સમાસ, હરીરસ કપટ તજીનેરે ભજી લે પરીબ્રહ્મનેરે ટાળી અનિત્ય વિષયની આશ, પ્રપચ ટાળેથીરે પ્રભુ દરશન થશેરે, પ્રીતમ પ્રગટે જ્ઞાન પ્રકાશ હરીરસ પીતારે

પદ ૨૦૪

ફરી ફરીનેરે શીદ પડે ફદમારે, નર્લિજ નાક વિના નર નીચ સદ્ગુરૂ શાસ્ત્રનુરે કહ્યુ નથી માનતોરે, કુબુદ્ધિ તુ કર્યો કમને કીચ ફરી ફરીનેરે જુઠા જગતનારે ખેલને જોઇનેરે, સુખ તુ શુ મનમા મલકાય, છાડયા છગધારે ઉલટયા અન્નનેરે ગર્ધવ શ્વાન સ્વાદે ખાય, ફરી ફરીનેરે ગોરખ ગોપીચન્દરે બાળ ધ્રુવ ભરથરીરે, ક્ષણુમા સર્વે સુખ કીધુ ત્યાગ, એહોનેરે તેના હ્રદય કેવા હશેરે ધન્ય ધન્ય એ ધીરજ વઇરાગ્ય, ફરી ફરીનેરે નાગરવેલ થકીરે જેજે પાન નીપજેરે, તે પાન ચઢે છે દેશ વિદેશ, જડ રહે લીલીરે ત્યા લગી લીલા રહેરે પ્રાતમ પ્રીછજો એ ઉપદેશ ફરી ફરીનેરે

પદ ૨૦૫ રાગ પરજીયો

ગોવિદ ગોવિદ ગાઇલેરે, જબ લગ ઘટમા શ્વાસ,
આ જુગ જુઠો જાણજે, જેવો સ્વપન વિલાસ ગોવિદ
અમૃત પીતા ન કીજીએરે, કાઇ આળસ અગ,
કોઇ સમે આવી મળે, મગહરમા ગગ ગોવિદ.
આકડે અબફળ ઉતરેરે કાઇ એરડે અનાર
ઉસક સુરતરૂ જામીયુ, મહાભાગ્ય અનુસાર ગોવિદ
લખચોરાશી જાતનારે ધર્યા બહુ અવતાર,
દુર્લભ દેહ પામ્યો માનસી, મહા મુક્તિનુ દ્વાર ગોવિદ
તોયે તુ સમજ્યો નહીરે મન મુઢ ગમાર,
પ્રાતમ પ્રભુને સભારજે, નિત્ય વારવાર ગોવિદ.

પદ ૨૦૬

રામસુધારસ પીજીએરે, આ અવસર સાર
ઝબકે મોતી પરોવીલે, પછે ઘોર અધાર રામ૦

જેવા તે ઝાકળ ઝાઝરારે તેવો આ સંસાર,
દીસેછે તે કારમો, નહી વણસતા વાર   રામ.
કાયા છે કુંપો કાચનોરે ઢબકે ઢળી જાય,
જગત ચવેણુ કાળનુ, નિસવાસુર ખાય   રામ.
માયા જ મીઠી મોહની જેસી મીસરી ખાંણ,
જોતા વગોવ્યો જીવને, કીધો જુગમા ભાંડ   રામ.
અંતરજામી ના ઓળખ્યારે સચરાચર સોય,
પ્રીતમ રાખ હરી ભાવના, આવાગમન ન હોય.   રામ.

પદ ૨૦૭

જોને વિચારી તુ જીવડારે માથે મરણનો માર,
આજ કાલ ઊઠી ચાલવુ, મુકી સૌ સંસાર   જોને૦
શુ કરવાને આવીયોરે, શો કીધો ઉચ્ચાર,
શુ સરવાળે ઊગર્યું, મન કરને વિચાર   જોને૦
જેમા ખર્ચ કરી દેખતારે, પડયા મહાજળ પાપ,
કરમ કરોળીયાની જાળમા, બંધાયો આપોઆપ,   જોને૦
જા શરણે ગુરૂ સંતનેરે તેથી ટળેશે તાપ,
ક્ષણુમા તે ખોદી નાખશે, પર્વત સમ પાપ   જોને૦
જેમ જાણો તેમ રાખજોરે હરી બાનાની લાજ,
પ્રીતમ પતીતને તારવા, થાઓ સાવધાન આજ   જોને૦

પદ ૨૦૮

હરી સમરણુ કર હેતમારે ચિત્તમા ચોંપે ચેત,
આ અવસર ચેત્યો નહી, મુખમા પડી રેત   હરી૦
કાયાનુ કાંઇ નીપજે નહીરે મુકી મિથ્યા અહંકાર,
તનના ત્રણ વાના થશે, કીટ વીટ કે છાર   હરી૦
રહ્યા ન કોઇ રહેસે નહીરે શશી સુરજ વંશ,
અડબડ કરતા ખપી ગયા, કંઇ કૌરવ ને કંસ   હરી૦
જેનો તે સુજશ સંસારમારે તે નર અમર જાણુ,
પ્રીતમ એ પરમાણુજે, હરી હૈયામાં આણુ   હરી૦

ચેતવણી ૨૦૯

ભજન કરીલે ધ્યાન ધરીલે, અવસર વીતી જાયે,
કહે પ્રીતમ ચેતી લે ચિત્તમા આયુષ્ય ઓછુ થાયે
આયુષ્ય તારૂ ઉસતણુ જળ, ક્ષણુમા ઉડી જાયે,

કહે પ્રીતમ મન મોદક ખાધે, ભુંડા ભુખ ન જાયે.
માયા તે મન મોદક મિથ્યા, ધુમ્રતણા જેમ ધામ,
કહે પ્રીતમ સ્વપ્નાનો વૈભવ, કશો ન આવે કામ.
ફકીરનુ ધન કામ ન આવે, સાચુ નાણું ચાલે;
કહે પ્રીતમ હીરા માણેક મુકી, કોડીને કોણ ઝાલે
કોડી તે સંસાર તણું સુખ, હીરો હરીનું નામ,
કહે પ્રીતમ પ્રીછી લે પ્રાણી સેહેજે સરશે કામ
કારજ થાશે ભવ દુખ જાશે, અનુભવ આખ ઉઘડશે,
કહે પ્રીતમ સદ્‌ગુરૂને સેવો, વસ્તુ જથારથ જડશે
જડશે ત્યારે જશે કલ્પના, માલ ઘણો છે ઘરમા,
કહે પ્રીતમ ભટકણુ સૌ ભાગે, ઓળખ આ અવસરમા
અવસર ચેતે તે નર ઉત્તમ, વળતી શીક્ષ વિચારે,
કહે પ્રીતમ જો દાવ ન સમજે તો જીતી બાજી હારે
હાર્યો ને હજી વામ સારો, માયા માય વિગોતો,
કહે પ્રીતમ પ્રપચે પ્રાણી પેટ ભરીને સુતો,
પેટ ભર્યું પમરની પેઠે. પરમારથ નવ પ્રીછો,
કહે પ્રીતમ દેવા તો ખોટી, અમર થવાને ઇચ્છો
અમર ધામ ઇશ્વર ઓળખતા, તે સમજણ છે ન્યારી,
કહે પ્રીતમ કહીએ શુ ઝાઝુ, જોજે જીવ વિચારી
જીવતા મરવુ જેમ મેરુ, મરવુ ને અવતરવુ,
કહે પ્રીતમ કુપ ઢને નગે, લખ ચોરાશી ફરવુ
લખ ચોરાશીનુ દુખ દીરઘ, દુર્મતિ શે ન દેખે,
કહે પ્રીતમ નર નજરે આવે પણ પશુને લેખે.
રૂપ ખરો પણ પશુના લક્ષણ, જીવ જનાવર જેવો,
કહે પ્રીતમ તેને શુ કહીએ, મિથ્યા દોશ ન દેવો,
દુષણ દેવું જે કાંઇ કહેવુ, માણસ હોય તે માને,
કહે પ્રીતમ અજ્ઞાની એવો, કહ્યુ ધરે નહી કાને
કાન ખરા પણ કશુ ન સમજે, જેવુ હોય તાબુત,
કહે પ્રીતમ ચોરાશી ચીત લાગ્યુ, વળગ્યો વિષયા ભુત.
વિષયભુત વળગ્યો પ્રાણીને, તેને કાંઇ ન સુઝે,
કહે પ્રીતમ ખોખુ કર્યો ખાઈ, હાણ લાભ ના બુઝે
જાણે નહી જે હાણ લાભને સ્વારથમા સૌ ખોયુ,

કેહે પ્રીતમ અમરકૃત કથાથી, બી ક્રાનજાનુ ખોયું

ચેતવણી ૨૧૦

શામાટે તુ સુઈ રહ્યો છે, અચેત પામર પ્રાણી,
માથા ઉપર મોત ભમે છે, તેની ખબર ન જાણી
મહા મોટા જોરવર જોદ્ધા, કુટી નાખ્યા કાળે,
ક્ષણુ માત્રમા કુદી જાતા સમુદ્ર તો એક ફાળે
જેને હાલે ધરતી ધ્રુ, આભ બાથથી ભરતા,
જેની ફુકે પરવત ફાટે તે નર દીઠા મરતા.
કુભકરણુ રાવણુ દુર્યોધન, કાળયવનને કસ,
ખસી ગયા તે ખોળ્યા ન જડિઆ, જેમ અકના હસ
મધુસુદન છે નામ હરિનુ કોઇનો મદ નવ રાખે
કાકરાની પેઠે તેને ઝટપ કહાડી નાખે
અરે બાપડા જીવ અભાગી, શીદ ફરે છે કુલી,
મિથ્યા રસમા મોહી રહ્યો છે ભજન હરીનુ ભુલી
હરી હીરો હારીને બેઠો કોડીમા મન મેલ્યુ,
કહે પીતમ ચેતીલ્યો ચિત્તમા, મુરખે સરવસ ખોયું

શ્રીકૃષ્ણુ ભગવાનના જન્મની વધાઇનુ ધોળ

ધન્ય ધન્ય વસુદેવ દેવકી રાણી રે, જેને ઘેર પ્રગટયા સારંગપાણીરે, શ્રાવણુ વદ અષ્ટમી બુધવાર રે, નક્ષત્ર રોહીણી આનસાર રે શુભ લગન સોળ ઘડી ગઇ રાત રે, દેવકીએ દીઠા વૈકુઠ નાથ રે. કીરીટ મુગટ કુડળ કઠે હાર રે, ચતુર્ભુજ આયુધ ધરીયા ચારરે લોચન અબુજ પરમ આનદરે મુખ સોહે સોળ કળાનો ચદરે જળાહળ જળહળ રૂપ નિધાન રે, ધર્યું પિતાબર વિદ્યુત સમાન રે, શોભ ચિન્હ જુગતે જુગલ જેને ચરણેરે નવઘન સુદર શામળ વર્ણે રે એવા હરી દીઠા તે અતર જામીરે અબળાતો અનિશે આનદ પામી રે, જઇને જગાડયા પોતાના સ્વામી રે, વસુદેવે નિરખ્યાનાથ બહુ નામિરે,હૈડામાવાધ્યો હરખ અપારરે, પ્રગટયા ત્યા જુગદાધાર રે હવે નિશ્ચે કામ તે આપણુ થયા રે; પછી મુખે બોલ્યો રસીક વર રાયરે તમે તપ કીધા ને ફળ પામ્યા રે, હવે નિશ્ચે જાણુજો દુઃખડા વામ્યા રે, રખે

...ત્રુનો રાખતાં ત્રાસ રે, હવે કરે કંસાદિકનો નાશ રે, હજુ એનુ પાપ થવા દોને પુરે રે એના માહી કાક છે અધુરૂ રે, શ્રીમુખ વચન વદે એમ વાલોરે, માટે મને ગોકુળીએ લઇ ચાલો રે નંદજી જસોદાજીને દ્વાર રે. મારી જોગમાયાએ લીધો અવતાર રે મને મુકી તેને લાવો નિરધાર રે, વિલબ ન કરશો એક લગાર રે, એટલુ કહીને રૂપ સમાવ્યુ રે, નાનું સ્વરૂપ તે નજરે આવ્યું રે, પ્રભુજીએ પુત્ર ભાવ પ્રગટાવ્યો રે, મનમાહી માયાનો પ્રપંચ રાખ્યો રે વસુદેવ બોલ્યા તે વળતી વિચારી રે, લાવો લઇજઉં કુંવરને નારી રે, દેવકીજી કહે કુવર કેમ દીજે રે, પરઘેર દેતા મન ના પતિજે રે, વસુદેવ કહે સાભળો વાત રે, જો જાણે કંશ તો કરે ઉતપાત રે, વારવાર વસુદેવ સમજાવે રે, પછે સુત આપના આસુડા આવે રે, વસુદેવ લઇ ચાલ્યા જેણીવાર રે, ભાગી ગઇ ભુંગળ ઉઘડયા દ્વાર રે, રાયના રક્ષક હતા જેહરે, તેને ધારણમા ઘેય છે તેહ રે, જેનો શીવ બ્રહ્મા ન પામે પાર ... ત શુ જાણે સંસાર રે, ઝરમર ઝરમર વરસે મેહ રે, જુમનાની તીરે આવ્યા વસુદેવ રે, પ્રીતે પ્રવેશ કરે જળમા જેવા રે, પ્રેમપુર વાધ્યુ ચરણોદક લેવા રે, લાલજીએ લાબો ચરણ ત્યા કીધો રે, વેહેતી જુમનાજીએ માર્ગ દીધો રે શેષે આવી છત્ર શીરપર કીધુરે, તેને દયા આણીને દર્શન દીધુ રે, આનંદે આવ્યા નંદજીને દ્વાર રે, સો કોઇ સૂતુ ભુવન મોઝાર રે સેજે સુતા નીદરાવશ નંદરાણી રે, તેણે સુતા જન્મી પણ નવ જાણી રે, જશોદાની સેજે મુકયા જગ તાત રે, તેની તો કોઇએ ન જાણી વાતરે, વસુદેવે હરિની સ્તુતિ કીધી રે, કુવર મુકીને કુવરી લીધી રે, વસુદેવ આવ્યા મથુરા મોઝાર રે, પ્રીતમના સ્વામીનો લે કોણ પાર રે.

ધોળ ૨—પદ ૨૧૨.

જીરે નંદજીનો કુવર કોડામણો, મારા મનમા રે વસીયા મહારાજ, આજ આનંદ રંગ અતિઘણો. ટેક જીરે ઘેર ઘેરથી સૌ ગોપિકા, સૌ સજની રે કાંઈ સુભગ સમાજ આજ૦ જીરે મંગળ ગાતી રે માનની, આવે આનંદે રે નંદજીને દ્વાર. આજ૦ જીરે વાજા વગેરે સોહામણા, ધુન ગાજેરે કઇ ગગ-

નમોઝાર, આજ૦ જીરે તરીયા તોરણે બારણે મણી મુક્તાનારે કાઇ ચોક પુરાય આજ૦ જીરે વિવાહથીરે રળીયામણું, સુખ શોભાએ કાંઈ વર્ણવી ન જાય, આજ૦ જીરે અડસઠ તીરથ આવીયા, આવ્યા શકરરે ચતુરાનન દેવ આજ૦ જીરે રિદ્ધિ સિદ્ધિ નવ નિધિ આવીયા કરે કમળાને પદપકજ સેવ. આજ૦ જીરે નદજીનુ સદન સોહામણુ, જયહાં પ્રગટયારે પુ-રૂશોત્તમરાય. આજ૦ જીરે લીલા અખડ અવિનાશની, જન પ્રીતમ પ્રેમે જશ ગાય આજ૦

ધોળ ૩—પદ ૨૧૩

જીયે હરી લીલા રળીયામણી,વજવાજેરે કાં રગ વધાઈ હરીલીલા૦ જીરે સગુણ બ્રહ્મ પ્રભુ પ્રગટયા,સચ્ચિદાનદરે સેવક સુખદાઇ હરીલીલા જીરે જગત મગળ જશ એહના, નીજ વાસનારે દુખડાના જાણ હરીલીલા જીરે અજ ભવ અમર અહિપતિ, ગુણ ગાયરે કોઇ નિગમ પુરાણ, હરીલીલા. જીરે ભકત મનોરથ પૂરવા, ધરે ઇશ્વરરે ઉત્તમ અવતાર, હરીલીલા જીરે પરમ ધર્મ પ્રિતે પાળવા, ઉતારવારે ભૂમિનો ભાર, હરીલીલા જુગ દ્વાપર સુદર શોભિતો શુભ મુહુ-ર્તરે અનુકુળ ગ્રહ સાર હરીલીલા જીરે શ્રાવણ માસ સો-હામણો, વદ અષ્ટમીરે રોહીણી બુધવાર, હરીલીલા જીરે સોળ અર્ધ નિશાએ હરી આવીયા, વર્ત્યો જુગમારે કાંઇ જય જયકાર, હરીલીલા જીરે સોળ ક એ શશી ઉદીયો ટ-ળ્યો ત્રિભુવનરે કેરો અધકાર. હરીલીલા જીરે ગોકુળ લીલા ગૌ લોકની, ગા ગોપીરે નીજ ઘરના નિદાન, હરીલીલા. જીરે વીરજા તો જુમના જાણીએ, ગોવરધનરે શત સ્વર્ગ સમાન, હરીલીલા જીરે કલ્પવૃક્ષ દ્રુમ વેલડી સુર મુનિવરરે કાંઈ મોર ચકોર, હરીલીલા કહે પ્રીતમ પૂરણ પ્રેમસુ, નિત્ય નિરખેરે કાઇ નદકિશોર, હરીલીલા

પદ ૨૪૧

સખી આજ આનદ રગ અંગમા, નેહે નીરખ્યારે શ્રીનંદ કિશોર, આનદ હરીને મસ્તક મુગટ સોહામણો તેપર ચ-મકે છે ચદ્રિકા મોર આનદ હરીને લીલવટ તિલક કેસર તણુ, બહુ કુડળ ઝળકે છે કાપ, આનદ નાકે નિર્મળ

મોતી મકરા તણું, સુંદર લોચન કમળ સમાન, આનંદ. આપે અધર અરૂણુ પરવાળાશા, મુખ સુંદર રૂપ રસાળ, આનંદ, કંઠે હીરા મોતીના રે હારડા; કળી કુસુમ ગુંજા હણીમાળ, આનંદ ભુજ ભૂષણુ રતન જડાવન, પોચી મુદ્રિકા વેઢ વિશાળ, આનંદ નાભી અગમ ઉદર રેખા ત્રીવળી, કેડે કદોરો મણિકૃત માળ, આનંદ પગ પલ્લવ પંકજ પાખડી, નખ ચંદ્ર છટા છબી જોર, આનંદ ઝમકે ઝાંઝર ધમકે છે ઘુઘરી, શબ્દ સંગીત નાદના ઠોર આનંદ. પેહેર્યું પીતાંબર ઘુની દામની, તન નવઘન તરૂણુ તમાલ, આનંદ સ્વામી પ્રીતમનાની શોભા ઘણી, સદા સેવકનો પ્રતિપાળ આનંદ રંગ અંગમાં.

પદ ૨૧૫

ભક્તિ એવી રે ભાઈ એવી, તરસ્વાને પાણી રે જેવી
ભક્તિ જુગમાં કરે નર સોઈ,જાકે ધડપર શીશ ન હોઈ,ભક્તિ૦૧
એક ચોર તે ચોરી કરે છે, ઘર ફુડતાં ન ડરે છે,
તેને પારકું ધનજ હરવું,એવું હરિ ચરણે ચિત્ત ધરવું ભક્તિ૦૨
એક શૂરો તે રણુમાં લડે છે ધડ જાતે ન પાછો ફરે છે,
એને સન્મુખ પગલું રે ભરવું,એવું હરિચરણે ચિત્ત ધરવું ભ૦ ૩
એક ગુણુકા તે ગાન કરે છે, તે તો સોળે શણુગાર ધરે છે,
એને પારકું મનજ હરવું, એવું હરિ ચરણે ચિત્ત ધરવું ભક્તિ૦૪
એક સતી રે શણુગાર કરેછે, તે તો અગ્નિમાં અંગ ધરે છે.
એને અગનથકી નવ ડરવું, એવું હરિ ચરણે ચિત્ત ધરવું,ભ૦૫
એક છીપ સાગરમાં રે રેંછે તે તો ખારૂં નીર તજેછે
(તેને)એક સ્વાતિ બુંદમન કરવું એવું હરિચરણે ચિત્તધરવું ભ૦૬
કહે પ્રીતમ સંત સનેહી, જેણે ધરી રે મનુષા દેહી,
તેણે અભિમાન પરહરવું, એવું હરિ ચરણે ચિત્ત ધરવું ભક્તિ૦૭

પદ ૨૧૬

જે રાધાવર રાસ બિહારી, સુંદરતાપર વારી,
કૃપાનિધાન કમળ દળ લોચન, દુખમોચન સુખકારી જે૦ ૧
નટવર નાગર નવલ નાગરી, નિર્મળ જોત ઉજાગી
શામ રામ સકળ ગુણુ ગંજન, કોટિ કામ બલિહારી જે૦ ૨
નંદાનંદ વ્રખુભાણુનંદની, અદ્ભુત આનંદકારી,

પ્રીતમ રૂપ હૃદેમા રાખો, ચરણકમળ ચિત્ત ધારી. જે૦ ૩

પદ ૨૧૭

કૃષ્ણ કૃષ્ણ કહો વાસુદેવ, હેત હૈયામા આણી,
ગોપીવર ગોવર્દ્ધન ધારી, વૃંદાવન દધિનો દાણી, કૃ૦ ૧
પુત્ર ભાવે પ્રેમ લડાવે, નંદરાયની રાણી,
નવલ કિશોર ચોર માખણનો, મીઠી મુખની વાણી કૃ૦ ૨
બ્રજરજ અજ ઉમયાપતિ ઇચ્છે પ્રાપ્ત કોઈ એક પ્રાણી,
પ્રીતમ પ્રેમ ધરી ભજ્ય ભાવે, સુંદરવર સુખખાણી. કૃ૦ ૩

પદ ૨૧૮

ઉત્તમ હરિના ગુણવાદ જેણે, સુણ્યા નહિ સ્નેહ ધરીને;
તે પ્રાણીને પશુ બરબર, જોજો જુગત કરીને ઉત્તમ૦ ૧
મનુષા દેહ ધરીને પાપી, ના ભજ્યે હેતે હરિને ઉત્તમ૦ ૨
કહી કલ્પાતે આવ્યો અવસર, ના આવે દાવ ફરીને,
પ્રીતમ પ્રભુનું ભજન કરીને, જા ભવસાગર તરીને ઉત્તમ૦ ૩

પદ ૨૧૯

શામળિયાનું સ્મરણ કરતા, ભવનું બંધન છૂટે,
હારે હીરો જેને હાથે આવ્યો, તે કેમ અગ્નગો કુટે શા૦ ૧
આશા તૃષ્ણા લોભ અભિમાન, તેની ગાગર ફુટે
પ્રભુનામ પારસનો પર્વત, કો કાળે ના ખૂટે સા૦ ૨
નિર્ભે થઇ નારાયણ ભજતા, જમ કિંકર નહિ લૂંટે,
પ્રીતમનો સ્વામી પ્રેમ સ્નેહી તે શુ તાર ના તુટે શા૦ ૩

પદ ૨૨૦

રામ રામ નિજ નામ રટતા, મટે તે મોહ ને માયા
તૃષ્ણા જળ સાચુ જાણીને, પશુ પીવાને ધાયા રામ૦ ૧
ધન જોબન તન જુઠું જાણો જયમ વાદળની છાયા,
અખિલ બ્રહ્મનુ સ્મરણ કરતા, નિર્મળ થાયે કાયા રામ૦ ૨
પૂરણબ્રહ્મશુ પ્રીત બંધાણી, તે નર લાભ કમાયા
કહે પ્રીતમ તે પાર ઉતર્યો, જેને હરિએ હાથે સાહ્યા રામ ૩

પદ ૨૨૧

હરી નામ લેતાં રે વિલંબ ના કીજીએ રે, ટેક
સ્મરણ કરીએ શ્વાસોશ્વાસ, કાયાનો ભરોસો રે કાંઇ

કરવો નહી રે, એક પળમાં પામે નાશ હરી૦ જગત વેહે વાર રે મેળો તીરથ તણો રે, જે જેમ આવ્યુ તે તેમ જાય; રાખ્યુ નથી રહેતુ રે કોઇ કેની વતી રે તેનો શોક કરે શુ થાય ! હરી૦ સવારથ સુધી રે સૌ વળગી રહ્યુ રે, અંતે કામ નહી આવે કાય, ઉદાસી તું રેહેજે રે આ સંસારથી રે જેમ મધુ રહે ચંપકવન માંય હરી નામ આજ કાલ માહે રે ઊઠીને ચાલવુ રે, તન ધન ધામ તજી નિરધાર એવુ ને વિચારી રે ચિત્તમા ચેતજો રે, પ્રીતમ પ્રભુ ભજ વારવાર. હરી નામ. ૯

પદ ૨૨૨

ફરી ફરી મુનષ્યા રે દેહ મળયો નથી રે ટેક, બીજા અનેક ધરશો અવતાર, નરતન જુગતે રે જગમા છે નહી રે જેમ કોઇ કેળ ફળે અકવાર ફરી ફરી કકર પથ્થર રે બહુ વીધી ખોળતા રે,કાઈક હીરલો આવ્યો રે હાથ, કહ્યુ ને થવાને રે કોઇ આવી મળેરે, બીજા રોખડીયા વન સાથ ફરી ફરી સો હાથ દોગી રે મેલે જળ કુપમા રે એ આગળથી આવે બહાર, એણીને રીતે રે જાણુ તન તાહેર રે, પછી આવે ભવનો પાર ફરી ફરી ભમતા ને ભમતા રે ભાગ્યેગશુ મળ્યુ રે, ભવજળ તરવા કેરૂ નાવ, પ્રીતમ વિચારી રે, રૂદીયામા રાખજે ર હરી ગુણુ ચરણે ભક્તિ ભાવ, ફરી ફરી.

પદ ૨૨૩

પૂરવેને પુન્યે રે પામ્યો આ દેહડી રે ટેક હરી ભજન વિના એળે જાય, પાસેથી ઘટાવોરે કાઇ રહ્યો નહી રે, તેનેતેને ધન કયા થી ટોળે થાય પૂરવેને ખાન પાન માહી રે ખોઈ સો સંપદા રે, જયા સુધી સુક્ત હતુ સ્વાસ, ભોગને કરતા રે રોગ વધ્યો ઘણો રે ક્રોધ કરે તેમ તપનો નાશ પૂ૦ માન ગુમાને રે જ્ઞાન તો રહે નહીરે, નહી મધપાને લાજ લગાર, લોભને કરતા ધરમ રહે નહીરે; ના રહે કુસંગે વિવેક વિચાર પૂ૦ સત્સંગ કરીરે સાસો ટાળજોરે ફરી નહી આવેરે જોગ, પ્રીતમ પ્રેમે રે રસ પાઇને પીજીએરે ટળી જાય જનમ મરણુ ભય રોગ પુ૦

પદ ૨૨૪

અતી છબી સારી રે શ્રી રણછોડ છોગાળા,
મુખપર વારી રે જાઉ કાનડ કાળા ટેક

પીળા પીતાંબરને જરકસી જામા, ઓઢી ઉપરણી અમુલ્ય, લટકે ને પટકે મન મારૂ અટકે, બે ભાગ્યા સમતુલ; ભવ દુખ ભંજન રે ભગતના પ્રતિપાળા અતી૦ કેડે કદોરો કર કડા સાકળા, પોચી બાજુબંધ, હૈયે તે હીરાહાર હેમનો, મણી સાકળા ગજુબંધ ઉપર ઓપેરે મુકતાફળ માળા અતી૦ મુસ્તકે પાઘ કલગી તોરો, કુંડળ ઝળકે કાન ભાળે તીલક કેસરનુ સોહે, શોભોછો બીને વાન, આદ્ય અનાદિ રે રાજ ઘણા રૂપાળા, અતી૦ નખશીખ સુધી નગ જડીત્ર સોભીના શણગાર, એવા પ્રભુજી મારા રૂદીયામા રેહેજો, દયા કરી આ વાર, દેવને દુલભરે મે નેણા ભરી ન્યાળ્યા, અતી૦ એવા પ્રભુજીને અરજ કરૂછુ વળી વધારજો પ્રીત, પ્રીતમના સ્વામી અંતરજામી, દરશન દેજો નિત્ય, નિત્યપરસન થઈને રે ઠાકોર ડાકોરવાળા અતી૦

પદ ૨૨૫ રાગ વસંત

માયા બ્રહ્મ હોરી ખેલીએ હો,
હો ખેલીએરી જાકો ન આર ને પાર, માયા ટેક
બ્રહ્મ ચિદાનંદ આનંદ સિંધુ, જયા નહિ ઉદે ને અસ્ત, સાધુ
અસે હરીકે એક રોમ પરરી, વારૂ આ વિશ્વ સમસ્ત માયા.
સાગર તીર નીલ એક ટબકો, મિથ્યા માયા તેહ સાધો.
તામે પર્યો પ્રતિબિંબ બ્રહ્મકોરી, ઇશ્વર ચૈતન્ય એહ માયા
ઈશ્વર માયાએ મળી ઉપજાયો, પ્રગટયો પુત્ર મહત્તત્વ, સાધો
મહત્તત્વ તે અહંકાર ઉપાયેરી તામસ રાજસ સત્વ માયા
તામસ કે પંચભૂત તન્માત્રા, રાજસ ઇંદ્રિ દેવ, સાધો
સાત્વિકથી અંતઃકરણ ઉપાયોરી, જાકે ઉર અહંમેવ; માયા
એ સબ મીલી ખેલ મચાયો, જક્ત ચઢાવ્યો ચાક, સાધો
કાહુકો ખેલ હોતનહી પુરોરી,રહેત અધુરો અભિલાખ માયા
મુક્ત તાર ગ્રહી ઉલટ ચઢે જબહી, તબહી પાવે નીજ રૂપ,
પ્રીતમ સોઇ પરમપદ પાવેરી, ફેર ન પડે ભવકુપ, માયા.

પદ ૨૧ રાગ વસંત

સોહં સંગ હોરી ખેલીએ હો,
હો ખેલીએરી સ્મરણ શ્વાસ ઉશ્વાસ, સોહં સંગ૦
રેહેણી કરણી કર કેસરો કસ્તુરી શોધો સાધુ સંગ, સાધો૦
ગુરૂ ગમ ઘોલ લગાયો લગનસેરી, ચઢાયા સોઈ ન ટળે રંગ,
ચિત ચંદન શુદ્ધ ભાવ અરગજા, ધમ ધ્વજા રે ફેરાયે, સાધો૦
વિવેક વિચાર સેવક સંગ લીજેરી અવિદ્યાજુથ હરાયે, સોહં૦
ક્ષમા દયા કર ઝંઝ મંજીરા પ્રેમ પખાજ બજાય, સાધો૦
અંતર છાડી નિરંતર ખેલોરી, આવાગમન મીટી જાય, સોહં૦
સુરત સુરતકી ભરો પીચકારી, જ્ઞાન ગુલાલ અબીર, સાધો૦
ધ્યાનકી ધુન મચાય નીશ દીવશી, તરા ત્રીવેણી તીર, સોહં૦
ચૈતન્ય સાગર માંહી ઝીલતા શુદ્ધ સ્વરૂપ દેખાય, સાધો૦
પ્રીતમ બ્રહ્મ ચિદાનંદ મેરો ફગવા પરમ પદ પાય સોહં૦

ચેતવણી છંદ

ચેત મન ચેત મન ચાલવાની ચાલ છે,
કેડા મોરે સા કો ચાલે, કોણ બુઢા બાળ છે,
દિવસમાં ત્રણવાર તારે શીર સીચાણો કાળ છે,
તેને ત્રાસે લોકો કંપે ભલા ભલાને ફાળ છે
કાયાને છે કાચો પાયો ધરથી સરોવર ઢાળ છે
ઘર ધંધામાં સૌ ગુંચવાયું માયાની મધ લાળ છે
આજ માયા મીઠી લાગે અંતે તો જંજાળ છે,
દાતરડા ગળતા તો મેહલા, વળતા તો વિકરાળ છે

નામ મહિમા.

દુહા—રામ નામ અમુલખ રતન, જતન કરે જે કોય,
સુખી રહે સંસારમાં કોઇ દીન દુખી ન હોય ૧
રામ નામ શંકર જપે, ચતુરાનન અહિ રાય,
રામ નામ સમરૂ સદા, સદ્‌ગુરૂ સંત પસાય. ૨

છંદ મોતીદામ

એવું હરી નામ ઉચારે જેહ, સદા સુખ સાગર ઝીલે તેહ,
મીઠું હરી નામ સુવાપે સાર, જપે તેના જાયે કોટી વિકાર ૧
જેવો અંધકારમાંઆદિત્ય ભાસે, એવું કળી કાળમાં નામ પ્રકાશે,
વિષયવ્યાળ કાળનીજ્વાળાનલાગે, જેનુંનામલેતા મહાઅઘભાગે

નામને આધારે રહ્યુ ત્રીલોક, જપે જીવ તેના ટળે સહુ શોક,
ભારે ભવરોગ નિવારણ નામ, નાઠાને નિવાસ તણો વિશ્રામ
ભાગ્યાનો ભીરૂ નોધારા આધાર, એવુ હરીનામ શિરોમણી સાર;
સંસાર સમુદ્ર તર્યાનુ પોત. એવુ હરી નામ અખંડ ઉદ્યોત
જેનુ નામ શીતળ ચંદક છાંઈ, પ્રાણી પરિતાપ ન પામે કાંઈ.
એવુ હરી આનંદાનંદ સ્વરૂપ, મટાડે અમંગળ મંગળ રૂપ
અંતસમે નામ ઉચ્ચારે જેહ, સેડેજે મન દુખ ન પામે તેહ,
પીત્રી દેવ ગ્રહ ન પીડે કોય, જેને હરી નામ રૂદેમાં હોય
નામ તણો મહિમા કહ્યો નવ જાય, જેને વેદશાસ્ત્ર નિરંતર ગાય,
ગૌકોટી આપે ગંગાના દાન, ન આવે ગોવિંદના નામસમાન
કરે જગ્ન સુરનારી તીરે હજાર, નાવે હરી નામને તુલ્ય લગાર,
ખણાવે વાપી કુપ તડાગ, નાવે હરી નામને સહસ્ત્રમે ભાગ.
આપે ભુમી હેમ કન્યાનાદાન, ન આવે ગોવિંદના નામ સમાન
કરે તપ તીર્થ વ્રત અનેક નાવે હરી નામને તુલ્યે રેખ
એવુ હરી નામ અપરંપાર, જાણે મોટા મુનિ જે જાણનહાર,
અધમ ઉદ્ધારણ નિર્મળ નામ, પતીતોને આપે અવચળ ધામ
અજામેળ નામ પોકાર્યો પાપી, જાણે સર્વ જગ્તમહામુક્તિઆપી
પીડયો ગજગ્રાજ પોકાર્યો નામ ટળ્યુ તનુ સંકટ સુંદર શામ
જાણે અજાણે ઉચ્ચારણ કીધુ તેને જમદૂતે નામ ન લીધુ
ઢીનકરનંદ કંઈ પંખ પાક્ષી રખે હરી નામ લેત, જોત આંખી
ગુણકાના અવગુણ સામુ ન જોયુ, તેનુ ધમરાજાએપાનીયુ ખોયુ,
પ્રલ્હાદે પ્રેમ લીધુ હરી નામ, ટળ્યાં હિરણ્યકસ કેરો ઠામ
ધ્રુવજી આકાશે જપે નિરધાર, મધ્ય લોક માહી જપે ત્રિપુરાર,
પાતાળમા નામ જપે નિત્ય શેષ, ભુમી તણો ભાર ન લગે લેશ
પીંડ બ્રહ્માંડમા રહ્યો રણુકાર નામે કરી શોભે સરે સંસાર,
હરી ગુરૂ રાધા ગોવિંદ નામ, નારાયણ કેશવ સીતારામ
જેના નામ રૂપ અનંત અપાર, જેના ગુણ પાવન પરમ ઉદાર,
જેના ચરણાંબુજ કેરૂ નીર, ધરે શીશ શંકર મહામુનિ ધીર
એવુ ચરણામૃત પીએ જે પ્રાણી, વસે વૈકુંઠ અભયપદ જાણી,
સુધાદિક ચંદન તુલસી સાર, શાળીગ્રામ શીસ્યારે શંખ ઉદાર
ઘંટાનાદ ત્રંબા પાત્ર શુભ સાર, એવુ ચરણામૃત અષ્ટપ્રકાર,
પીએ હૃદે હોય પ્રકાશ અપાર, મહિમા જાણે ઉમા ત્રિપુરાર.

જાણે ભક્ત ઉદ્ધવ બ્રહ્મકુમાર, જપે નામ નરસૈયો વારવાર;
જેને ચારૂચિન્હ શોભેઅંગ છાપ, તેને કોઇ કાળે ન પરસેપાપ.
માળા મુદ્રા બન્ને ધરે નર જેહ, કરે સર્વ ભુવન પવિત્રજ તેહ;
ધરે જે દ્વાદશ તિલક વિશાળ,તેને ભાવે ભેટે ભક્ત પ્રતિપાળ
હેતે હરી મંદિર ચાલી જે જાય, તેને શત યજ્ઞતણુ ફળ થાય,
હેતે હરી મંદિર કરે સુધારે, તેના હરી કોટિક વિઘ્ન નિવારે.
હેતે હરી મંદિર કરે જે દીપ, તેતો વાસ પામે સદાય સંપીપ,
કરે હરી મંદિરમા કીરતન, તેને બ્રહ્મ દીક કહે ધન્ય ધન્ય
કથા કરે હરી મંદિર મોઝાર, પામે શત ઇંદ્રનાણુ સુખ સાર.
હેતે હરીમંદિર કરે જે ચિત્ર, તેતો નર પામે વિભુતિવિચિત્ર.
હેતે હરી દ્વારે કરે દંડવત, તેનો અવતાર કહીએ કૃત કૃત્ય
હરી અર્થે કરે બાગીચા બાગ, વસે હરી ચરણે કરી અનુરાગ.
પ્રસાદ લઈ પુષ્પ ચઢાવે જે શીશ, તેનો ત્રિલોક તણો હોયઇશ,
પ્રભાતે પામે હરી દરશન, તેને હોય દેવ સમસ્ત પ્રસન્ન
મધ્યાને માધવ દરશન થાય તેના બહુ જન્મ તણા દુખ જાય,
સંધ્યા સમે દરશન પામે જેહ, સેંજે સંસાર તરે નર તેહ
ભાવે કરી પુજે જે ભગવત દાસ,તેતો સદા પામે હરીપુર વાસ,
એવુ મહા દુલભ સુંદર નામ, ભજે તેને બેસે નહી કાંઇ દામ
મૂઢ નર નીચને શુ દઇએ ગાળ પ્રભુ તજી કરે જે આળ પંપાળ,
પ્રીતમ પ્રેમે નામ જપો શ્રીરંગ, ધરી નિત્ય નેહ કરો સત્સંગ

દુહો—સત્સંગે સુખ ઉપજે, ભજનાનંદ અનંદ
સેહેજે સેહેજે સા ટળે, મેહ માયા ફંદ ૧
કળી કેવળ કિર્તન કથા, પુન્ય ભજન હરીનામ,
ગુરૂ ઈશ્વરની ઉપાસના, એ ઠરવાનો ઠામ ૨

અથ જ્ઞાન ગીતા

પ્રથમ પ્રણમુ શ્રી ગુરૂ સ્વામીજી,સર્વ ઘટ પુરણ અંતરજામીજી.
કહુ કરજોડી ચરણ શીર નામીજી, જન્મ મરણની ટાળો ખામીજી.

ઢાળ.

જન્મ મરણની ખામી ટાળો, ભાળો કરૂણા દ્રષ્ટે કરી,
દયાસિંધુ દીનબંધુ, ભક્ત હેતે નર દેહ ધરી, ૨
કોમળ વચન રસાળ રૂડા, સાંભળતા સુખ લીજીએ,

કૃપારૂપ સ્વરૂપ શીતળ, ચરણ કમળ ચિત્ત હિજીએ ૩
ચરણ અંબુજ રૂપી નિરભે નોકા, સિદ્ધ વિચારે સંગ જે કરે,
ઉંચ નીચ ને વરણ આવરણ, આશ્રય તે ભવ નિધિતરે ૪
અજ્ઞાન તિમિરને ટાળવા, ગુરૂ વચન તે રવિ રૂપ,
અંતર ચક્ષુ અંતર પ્રગટે, પડે નહિ ભવ કૂપ ૫
ના જાણે તેના પાપ પુરણ, પછી પસ્તાશે ફરી,
ગુરૂ વચન વિશ્વાસ નહી જેને, અવિદ્યાએ તેની દેહ ધરી. ૬
હરી ગુરૂ સંતનો મોટો મહિમા, મુઢમતિ નર નવ લહે,
અર્કને જેમ ઉંબુક ન માને, રીસાવ્યો નીશ દીન રહે ૭
દોષે કરી દેખે નહી, આખ્યો ખરી પણ અંધ,
શ્રવણ ખરા પણ સાંભળે નહી, રસના ખરી પણ રૂંધ. ૮
નાક છે પણ નથી જાણ્યો, જે વારે વારે હરી વિસરે,
પરમ સુખને પરહરીને, કુંભીપાક કબુલ કરે ૯
હસ્ત છે પણ નથી જેવા, સેવા શુભ નવ આદરે,
ચરણ છે પણ નથી સરખા, સત્સંગે નવ સંચરે ૧૦
નર દેહ ધરી ધન્ય તેહને કહીએ, જે રહે પરમ પવિત્ર,
શ્રવણ તેના સફલ કહીએ, જે સાંભળે હરીના ચરીત્ર ૧૧
નયણા નિર્મળ કહીએ તેહના, જે નીરખે હરીનું નુર,
રાગ દ્વેષ ન રાખે કોઈશુ, ભાવે એક ભરપુર ૧૨
જીવ્હા તો ધન્ય તેહની જાણો, જપે હરીનો જાપ,
આળપંપાળ ન ઉચરે, પરહરે જુઠું પાપ. ૧૩
કૃતારથ કર કહીએ તેહના, જે સેવા શુભ કર્મ આચરે,
પાય તેહના પવિત્ર કહીએ, જે પ્રકમ્યા પ્રભુની કરે ૧૪
આદ્ય મધ્ય અંત એક હરીગુરૂ, અન્ય પદારથ સત્ય નહી,
એવું જાણી પ્રભુ શરણ આવ્યો, અભેદાન દીજે સહી ૧૫
પ્રેમે પુછુ પાણ જોડી, જે મને સંશય ઉપન્યો,
મહારાજ નિશ્ચે કરી કીજે, નીવેડો નામ રૂપનો. ૧૬
જીવ તે શું ઇશ્વર તે શુ ? માયા તે શું જગ માંય,
કેમ થયુ એ કર્યો કોણે, સમજાવો સુખ થાય ૧૭
સંશય સર્વે સમે સિદ્ધાંતે, એવો ઉત્તર આપીએ,
કહે પ્રીતમ કરૂણા કરીને, અસ્થીર મન સ્થીર થાપીએ. ૧૮

વિશ્રામ,

સદ્ગુરૂ બોલ્યા પુરણ પ્રીતેજી, જે તેં પુછયુ રૂડી રીતેજી,
દ્રષ્ટ પદારથ સર્વ અનીત્યજી, આદ્ય અનાદ્યે એક હરી સત્યજી.

ઢાળ

આદ્ય સનાતન એક હરી સત્ય, અખંડીત અવિનાશ,
વિશ્વમાહી રહ્યો વ્યાપી જેની નહિ ઉત્પત્તિ નાશ ૨૦
શુદ્ધ ચૈતન્ય સાબસમરસ, બ્રહ્મસાગર રહ્યો ભરી,
મધ્યે માયા અણ છતી, ને અજ્ઞાને કલ્પી કેરી, ૨૧
વાઝણીને જેમ કુવર કલ્પ્યો ઇંદુ અમાસે જોય
ગગનમા જેમ કુસુમ કલ્પીત, ગાધર્વ નગર ન હોય ૨૨
ધુમરના જેમ ધામ કલ્પીત, સસ્સા શીંગ કલ્પીત સહી,
અધ્યારૂપ ઉપવાદ માટે, થયા વિના ફીટે નહી ૨૩
માટે સહુ માડીને કહીએ, થયુ તેનો થાપ
જ્ઞાન વિવેક વિચારી જોતા, એક આપો આપ ૨૪
લોહને જડરૂપ જાણો ચેતન થાય ચમક વડે,
કરૂ અરીસો અર્ક જોગે, અણ ઇચ્છયો અગ્નિ પડે ૨૫
સાગરમા જેમ લીલ પ્રગટી, કિંચિત કહેવા માત્ર,
તે તણો વિસ્તાર વધ્યે, થઇ જોયાની જાત્ર ૨૬
માયા અવ્યાકૃત શુદ્ધ તમો ગુણ, પ્રલય અવસ્થા જેહ,
તે મધ્યે પડયુ પ્રતિબિંબ બ્રહ્મનુ, ઇશ્વર ચૈતન્ય તેહ ૨૭
અહં થાઉં અનેક રૂપે, ઇશ્વરનો કોહ અહંકાર
પ્રીતમ એણીપેરે વૃદ્ધિ પામ્યુ પુરૂષ પ્રકૃતિ સાર ૨૮

વિશ્રામ

મુળ માયા એમ જાણો વિસ્તારજી, ઇશ્વરસ તેબળ પામી અપારજી,
એકમાયાથઇપચપ્રકારજી શબ્દ સ્પર્શ રૂપ રસ ગંધ સારજી ૯

ઢાળ

એ પચે મહાભૂત પ્રગટયા, અને છઠ્ઠો શુદ્ધ રજોગુણ રહ્યો,
હિરણ્ય ગર્ભ વપુ સુત્ર આત્મા, સ્થિતિઅવસ્થ એસ્થિર થયો ૩૦
શબ્દ વૃદ્ધિ પામ્યો વિશેષે તેનુ થયુ આકાશ,
સ્પર્શ વૃદ્ધિ પામ્યે વિશેષે, હવો પવન પ્રકાશ ૩૧
રૂપ વૃદ્ધિ પામ્યુ વિશેષે, તનુ હવુ તતક્ષણ તેજ,
રસ વૃદ્ધિ પામ્યો વિશેષે, તેનુ તેવુ ઉદક એજ. ૩૨

ા વૃદ્ધિ પામ્યો વિશેષે, તેની હવી અવની એહ,
પચના પચીશ પ્રગટ્યા, સેળભેળ થયા તેહ ૩૩
વર જગમ થઇ સૃષ્ટિ, નાના મોટા ઘાટ;
છા ઉત્પત્તિ શુદ્ધ સાત્વિક, વિશ્વ ને વૈરાટ ૩૪
ઈશ્વરનુ અંગ કહીએ, શીશ સપ્તમે ભુવન,
ર અઢાલ રોમાવલી, રવી શશી તે લોચન. ૩૫
દિશા તે શ્રવણુ એહના, મહા પવન નાસા વહે,
ણે કર વિષ્ણુ ડાબે શીવજી, રૂદે ચતુરાનન રહે ૩૬
ા સમુદ્ર ઉદર એનુ, વદન વન્હિ વિશાળ
કાડ પર્વત અસ્ત એના, પાય સપ્ત પીયાલ ૩૭
ર અશ તે જીવ જાણો, સાગર બિદુ જોય,
ખા દીપ મશાલ ભડકા, ભિન્ન અગ્નિ ન હોય. ૩૮
ના જીવ ઇશ્વર ફળ દાતા, સુભ અશુભ અનુસાર
વેદ્યા માયાને સગે, ભમે ભવ મોઝાર. ૩૯
ા કેરો જોર જાગ્યો, જુગત જાણે તેહની
મ પ્રીછે ભ્રાત ભાગે, ટળે ખડભડ દેહની ૪૦

વિશ્રામ

સાભળો સ્વામી અરજ અમારીજી, વચન તમારા ણકારીજી, વાત બ્રહ્માડની કહી વિસ્તારીજી, આ કાયાનો ઘણો ભારીજી ૪૧

ઢાળ

ભાગી કાયા કેરો, કાય સમજી નવ શકે,
ય દૃષ્ટિ સર્વની પણ, ભાળે નહી ભીતર વિશે ૪૨
સકલ્પ કરે ઘટમા ભુખ તરશ કોને વિશે,
અવસ્થા ભોગવેને, જન્મ મરણુ કોને હેાે. ૪૩
ા વિના સશય એ ટળે નહી, સ્વામી શરણે આવીયો
ા કરીને કહો મુજને, સાભળવા સન્મુખ રહ્યો ૪૪
કરી ગુરૂ દેવ બોલ્યા, સાભળ શુદ્ધ ચિત્તે કરી,
યાનો પરિઉત્તર કહીએ, રાખે જે જે રૂદીએ ધરી. ૪૫
દ બ્રહ્માએ કરી સૃષ્ટિ, તેને આત્મદૃષ્ટિ ઉપજે,
ા મોહ પામે નહી, ભાવે કરી હરીને ભજે. ૪૬

કોણ મરે કોણ અવતરે, કોણ ધરે નાના દેહ;
માયાનો પ્રપચ ન પીડે, સસારશું નહી સ્નેહ ૪૭
વિરંચીએ મન વિચાર્યું, ઉપાય એક એવો કરો,
દશ ઇંદ્રીનાં દ્વાર અવળા, વિષય રસ તેમાં ધરો. ૪૮
ત્યારે સર્વ ભુલ્યુ ભેદ માહી, ભીતર કોઇ ભાળે નહી,
માટે દષ્ટિ બાહ્ય સર્વની અવિદ્યાએ અટકી રહી ૪૯
સકલ્પ વિકલ્પ ધર્મ મનનો, ભોગ કારણ બહુ કરે.
ક્ષુધા પીપાસા પ્રાણને, તે પોતાનો અર્થ આચરે ૫૦
ખાય પીએ જે ભક્ષ ભોજન, વાયુ વિશેષે વિધિ કરે,
પાચ મળીને પઠ પોષે, સમજ્યાથી કારજ સરે ૫૧
ગગનનો ભાગ જાય ગગને, પવનનો પવને મળે,
તેજનો તે તેજ માહી, જળનો ભાગ જળમા ભળે ૫૨
કઠણ ભાગ મળે અવની કેરો, અગથી અળગો રહે,
કોલુને દષ્ટાંતે કરી, જેમ કુચા રસ ન્યારો લહે ૫૩
તામસના પચભૂત માત્રા, રજોની ઇંદ્રી થાય,
ચાર અતકરણ સત્ગુણના, એ તત્વ ચોવીશ કે'વાય. ૫૪
તત્વ ચોવીશનુ સ્થુળ થયુ, પચીશમી માયા જેહ,
છવીશમો એ શુદ્ધ ચૈતન્યે, પ્રીતમ પ્રીછે તેહ ૫૫

વિશ્રામ.

સાભળશિષ્યતુ સુરત ધરીનેજી, કહીએ જથારથ જુગત કરીનેજી
જે સમજે ભવ જાય તરીનેજી, ત્રીપુટી વર્જીત જાણ હરીનેજી

ઢાળ.

તેહનુ વર્ણન કરીને કહી ત્રીપુટીપર અવિનાશ,
અચળ અમળ અખડ અદ્વૈત, પરમ જ્યોત પ્રકાશ, ૫૭
સુખનુ સુખ સિદ્ધાત સોનુ, સમજે સંત મધીર,
દેહ ભાવ ભાસે નહી, આપે તે આત્મ શરીર ૫૮
ત્રીપુટી તજતા જથારથ દીસે, જેમ છે તેમ લેહેવાય,
ભિન્ન ભિન્ન ભાસે છે બહુધા, સમજે સમરસ થાય. ૫૯
શ્રવણ ઇંદ્રી શબ્દ વિષે, દીગ દેવ કહેવાય,
ત્રિધા ચૈતન્ય ત્રિધા વૃત્તિ, ત્રિગુણ છે તે માય ૬૦
ત્વચા ઇંદ્રી વિષે સ્પર્શ, મારૂત દેવ કહેવાય,
ત્રીયાચૈતન્ય ત્રિધા વૃત્તિ, ત્રિગુણ છે તે માય. ૬૧

નેત્ર ઇંદ્રી રૂપ વશે, સુરજ દેવ કહેવાય, ત્રીધા ચૈ૦ ૬૨
જીવ્હા ઇંદ્રી રસ વિશે, વરૂણ દેવ કહેવાય, ત્રીધા ચૈ૦ ૬૩
નાસા ઇંદ્રી ગંધ વિશે, પૃથ્વી દેવ કહેવાય, ત્રીધા ચૈ૦ ૬૪
વદન ઇંદ્રી વિશે વાણી વન્હિ દેવ કહેવાય, ત્રીધા ચૈ૦ ૬૫
પાણુ ઇંદ્રી વિશે કારજ, ઇંદ્રિ દેવ કહેવાય, ત્રીધા ચૈ૦ ૬૬
ચરણુ ઇંદ્રી વિશે ચલવો, વિષ્ણુ દેવ કહેવાય, ત્રીધા ચૈ૦ ૬૭
પાયુ ઇંદ્રી વિશે આનંદ, પ્રજાપ દેવ કહેવાય, ત્રીધા ચૈ૦ ૬૮
ઉપસ્ત ઇંદ્રી વિશે ક્રિયા, યમ દેવ કહેવાય, ત્રીધા ચૈ૦ ૬૯
મન ઇંદ્રિ વિશે વિકલ્પ ચંદ્ર દેવ કહેવાય
ચૈતન્યને અભ્યાસે ભાસે, સમજે શંસય પળાય ૭૦
બુદ્ધિ ઇંદ્રી નિશ્ચે વિશે, બ્રહ્મા દેવ કહેવાય, ચૈતન્યને ૭૧
ચિત્ત ઇંદ્રી વિશે ચિંતવન, વાસુદેવ કહેવાય, ચૈતન્યને ૭૨
અહંકાર ઇંદ્રી ગર્વ વિશે, રુદ્ર દેવ કહેવાય, ચૈતન્યને ૭૩
ચૌદ ઇંદ્રી ચૌદ વિષય, ચૌદ દેવ કહેવાય,
ગ્રંથ અનેકમા સાખ એહની, વેદશાસ્ત્ર સો ગાય ૭૪
જ્ઞાન વિવેક વિચારી જોતા ઉપજે નહી દુઃખ દ્વંદ
પ્રીતમ કહીએ કમળની ગત્ય, પ્રગટે પરમાનંદ ૭૫

વિશ્રામ

કાયા કમળનો કહું વિસ્તારજી, જે જાણેથી હોય નિસ્તારજી
પ્રીછે આવે ભવનો પારજી, ગુરૂ ગમે કરીએ વસ્તુ વિચારજી ૭૬

ઢાળ

વસ્તુ વિચાર કરીને જોતા, ટળે ત્રીવિધી તાપ,
અનભે આનંદ અધિક પ્રગટે, આવે સુખ અમાપ ૭૭
મુળ દ્વાર દળ ચાર પાખડી, દેવ ગણેશનો વાસ,
ખટસે નિત્ય અજપા ઉઠે, સૂક્ષ્મ જ્યોત્ય પ્રકાશ ૭૮
લિંગ ચક્ર કંજ ખટ પાખડી, તેમા બ્રહ્મા આપ,
ઝગમગ ઝગમગ જ્યોત જેનો, ખટ સહસ્ત્ર થાય જાપ, ૭૯
મણિપુરક નાભિ કમળ દળ દશ, ત્યા વિષ્ણુ વાસ,
અજાપા ખટ સહસ્ત્ર નિત્યે, પુરણુ જ્યોત્ય પ્રકાશ ૮૦
હૃદે અનાહત રહે સદાશિવ, કમળ દ્વાદસ પત્ર,
જ્યોતિરૂપ સ્વરૂપ સુંદર, અજપા ખટ સહસ્ત્ર ૮૧
કંઠ વિશુદ્ધ શોડશ પાખડી, જીવ રૂપ ત્યા જો',

સહસ્ત્ર અજપા થાય નિત્યે, સહસ્ત્ર ગુરૂ સગ હોય. ૮૨
અગ્નિ ચક્ર ભ્રૂ મધ્યે ભણીએ, દ્વીદળ અણુ આકાર,
શુદ્ધ ચૈતન્ય જોત્ય નિર્મળ, સહસ્ત્રે અજપા સાર ૮૩
શીશ કમળ દળ સહસ્ત્ર કેરૂ, ધુની અનાહદ હોય
બ્રહ્મરંધ્રનો ભેદ ભારી, જાણે જોગી કોય ૮૪
તત્વમસી તુરીયાપદ કહીએ, ગુણ માયા અવસ્થા રહીત,
જાગ્રત સ્વપ્ન સુષુપ્તીને, વાસના લિંગ સહિત, ૮૫
જાગ્રત જાણે નેત્ર વાસો, સ્થુળ ભોગ વિશ્વાભિમાન,
દીઠુ વિચાર્યુ સાભળ્યું, સ્ફુરે સુપન નિદાન. ૮૬
સ્વપ્ન અવસ્થા કંઠ વાસો, ભાસે મિથ્યા ભોગ,
ચૈતન્ય તૈજસ અભિમાની, લીગ શરીરને જોગ ૮૭
સુષુપ્તીમા સમે વૃત્તી, હૃદામા હોય લીન,
આનંદ ભોગવતા પ્રાગજ્ઞ ભોક્તા, સહજાનંદ સુખ ચેન ૮૮
ઇશ્વર ચૈતન્ય પ્રાગજ્ઞ એકતા પ્રલ્લે સુષુપ્તી એક,
સુત્રાત્મા તૈજસ એકતા, ક્રિયા ભિન્ન વિવેક ૮૯
વિશ્વાભિમાની વિશ્વાનર ચઇતન્ય, એને એકતા જોય,
પ્રીતમ પ્રીછે રૂપ પોતાનુ તો હરીસુ એકાત્મ હોય ૯૦

વિશ્રામ

સઘળે નરખો એક રસ જાણોજી, વેદ વચન તે સત્ય પ્રમાણોજી,
એ અનુભવ તે ઉરમા આણોજી મુક્ત થઇને મહારસ માણોજી

ઢાળ

મુક્ત થઇને માણે મહાસુખ, મુખ મિથ્યા માન,
હુ મારૂ દેહેથી તજતા, થઇને બ્રહ્મ સુમાન ૯૨
ગર્વે ઘણા નર ગયા અધવીચ, ડુબ્યા ભવ સસાર,
કુશળ ઇચ્છો આપણુ, તો મુકો માન અહંકાર ૯૩
સમજ્યાનુ સિદ્ધાત એ છે, જે ટાળવુ તિમિર અજ્ઞાન
શત્રુ બીજા છે ઘણા, પણ નહી ગર્વ સમાન ૯૪
કોઈ કહેશે જે કહ્યુ હમણા, જોડીને એ જુક્ત,
આગે અનેક સમજ્યા તે બોલ્યા, મોટા જીવન્મુક્ત. ૯૫
શબ્દ વિચારી જોશે જે જન, સમજીને ગ્રહેશે સાર,
ઊચ નીચનો નથી અતર, પ્રીછે પામે પાર ૯૬
થોડા માહી ઘણુ કહ્યુ છે સમજે સરશે કામ,

શ્રી ગુરૂ ચરણ સરોજ ભજતા, પામે મન વિશ્રામ ૯૭
ગુરૂ કૃપા વિના ન હોય જથારથ, જો કરે કોટિ ઉપાય,
ફરી ફરી અટકે આવરણમા, જીવદશા નવ જાય ૯૮
કૃપા કરે ગુરૂદેવ દયા નિધિ, તો ભવ ભટકણ ભાગે,
આ સસાર અર્ણવ દુ ખદાયી, તરતા વાર ન લાગે ૯૯
આપ બળે કેમ સિધુ તરીએ, નિરભે નૌકા સાથ,
મેહેનત મમતા ટળે તેહની, મળે પારસ મણી હાથ ૧૦૦
એમ મહામણી જ્ઞાન ગીતા, જ્ઞાન ગુણ ભડાર,
સુન્ન ધરીને સાભળે તો, ટળે દુ ખ સસાર ૧૦૧
પય સાકર પુરણ પીવે તે, પ્રેમે થાયે પુષ્ટ,
તજ પય પન્નગ પીવે તો, હોય ગરલ ઉત્કૃષ્ટ. ૧૦૨
માટે મન વિચારી લીજે, સમજ્યાનો છે અરથ,
શ્રદ્ધાવતને સ્નેહ કહીએ, ગ્રેહેશે તે સમરથ ૧૦૩
જિજ્ઞાસુને જુગતે કહીએ, આણી હરખ અપાર,
અણ અધિકારી સાભળે તો, વાધે દોષ વિકાર ૧૦૪
હરિગુરૂ સતની હોય ભક્તિ, અથવા નર કેહેનાર
તેને એ ભણવુ, સાભળવુ, પામે પદ નિરધાર ૧૦૫
હરીગુરૂ સત પ્રસાદે પામ્યો, પ્રીતમ પરમ આનદ,
કૃત કૃત્ય ધન્ય ધન્ય થયો તે, કૃપા ગુરૂ ગોવિદ ૧૦૬
સદેસરમા સાધુ સગે, દયા હરી ગુરૂની થઈ,
કમળ લોચન કુજ વિહારી, કૃપા દૃષ્ટે ભાળ્યુ સહી. ૧૦૭
શુદ્ધ ચૈતન્ય સકળ વ્યાપક, ગુરૂ વચને સાચુ લહ્યુ,
મન વાણીના પ્રેરક પોતે, ઉપજાવ્યુ એવુ કહ્યુ ૧૦૮
સવત ૧૮૪૧ ના વરષે, અશાડ વદ દ્વોતીયાદીન રવિવાર,
જ્ઞાન ગીતા થઈ પૂરણ, પ્રીતમ પરમપદ સાર ૧૦૯

તુલસીજીનો વિવાહ

પદ ૨૨૯ ધોળ ૧

ત્રીભુવન પાવન તુલસીજીનો વીવાહરે, પ્રેમી જનને પ્રેમ તણો રસ પીવારે. શીવ ચતુરાનને ધાર્યું લગન વિચારીરે, કાર્તક શુદી એકાદશી ઉત્તમ સારીરે. વર કન્યાને જોયા મળતા વિશેકરે, જેના રૂપ કર્મ ગુણ નામ અનેકરે વર તો છેલ છબીલો શાળગરામરે, કન્યા તે તો તુલસી નિર્મળ

નામરે જાનૈયા તો જુઓ હરીના જનરે, જેને તુલસી વર છે તન મન ધનરે પ્રીતમનો સ્વામી છે પુર્ણાનંદરે, અખીલ લોકને ઉપજાવે આનંદરે.

પદ ૨૩૦ ધોળ બીજુ

વાલો ચડયા વરઘોડલે રે, સુખ સાગર કલોલરે,
પાંચ પચીશ મળી પ્રેમદા રે, ગાય મંગળ ને ધોળ રે ૧
સુંદર સાબેલા શોભતારે, વર વીઠ્ઠલની જોગે રે,
ધ્રુવ અમરીષ પ્રહલાદજી રે, ભક્ત અનંત કરોડ રે ૨
વાજા વાજે રંગીયામણા રે, ગાજે નિગમ નગારા રે,
રવી શશી બેઉ મશાલચી રે, મહિમા અગમ અપારરે. ૩
બારે તે મેઘ કરે છાંટણા રે, કરે ચમર પવન રે,
વિશ્વ વિચિત્ર રંગ વાડીઓ રે, શોભે ચૌદ ભુવનરે ૪
તત્વ, ચોવીશને તોરણે રે, ચડયા ચૈતન્ય બ્રહ્મરે,
પ્રીતમ સ્વરૂપને પ્રીછે તો રે, ટળે ત્રીવિધિ કર્મ રે ૫

પદ ૨૩૧ ધોળ ૩ જુ

વરકન્યા તો મંડપમા પધરાવ્યા રે, મચચી સાવિત્રી મંગળ ગાવા આવ્યા રે વિધિ નારદ શુક સારદ વેદ ઉચારે રે, પલક પલકમા પ્રભુસુ પ્રેમ વધારે રે, વસુધા વેદી કીધી છે શુભ સાર રે રવિ શશી દીપક ઝગમગ જ્યોત અપાર રે. સાતે સાગર કુંભ ભર્યા જળ પાણીરે, પંખા પવન કરે ઉર આનંદ આણીરે ચૌદ માળની ચિતરાવી છે ચોરી રે, ભાર અષ્ટાદશ બુપ વનસ્પતિ મોરી રે, વિશ્વ ચરાચર અખંડ અંતરજામી રે, પ્રેમ સ્નેહી જન પ્રીતમનો સ્વામી રે.

પદ ૨૩૨ ધોળ ૪ થુ

ગગન મંડળમા અનહદ વાજા વાગેરે, સુંદરતાનો સાગર શામ બિરાજે રે. તેણે દીસે રાજ ઘણા રૂપાળા રે, કંઠે આરોપી સુંદીર વનમાળા રે પ્રેમ તણે પટકુળે પાડી ગાંઠી રે, ઓઢીતી ઉપરણી કેમર છાટી રે વરકન્યાએ વરત્યા મંગળ ચ્યાર રે, સુરનર મુનિવર બોલે જય જયકાર રે. વરકન્યાએ આરોગ્યો કંસારરે, જેણે સરજ્યો આ સઘળો સંસારરે. અલબેલોજી પ્રેમે પરણી ઉઠયારે. મંગળકારી મોતીડે મેહ ઉઠ્યારે, પ્રીતમનો સ્વામીછે પ્રેમ સ્નેહીરે, ભુવન પધા-

ર્યાં લાલ લાડણી હેઈરે,

પદ ૨૩૩ ધોળ ૫ મુ.

વરકન્યાના દોરડીયા છોડાયરે, જુવતી જુથ મળીને મગળ ગાયરે રાધા મોહન રમાડયા રૂપૈયેરે, નેહે નીરખી હરખ ઘણો છે હૈયેરે તુળશી વિવાહ સાભળશે જે ગાશેરે, માત પિતા કુળ તેના પાવન થાશેરે પતિત પાવન ગોપી-વર ગુણ ગ્રામરે, અધમ ઉદ્ધારણ જેનું નિર્મળ નામરે. પ્રીતમના સ્વામીની શોભા સારીરે, રસીયાજીના રૂપ તણી બલીહારીરે

પદ ૨૩૪ ધોળ છઠુ

આજ સખી અલબેલોજી ઘેર આવ્યારે પ્રેમ ધરીને મદીરમા પધરાવ્યારે રતન સિહાસન આસન લેઇ આપ્યારે, જન્મો જન્મના સકટ સઘળા કાપ્યા રે ઓરડીયામા દીવડીયા અજવાળો રે, નેણા ભરી નદકુવરને ન્યાળોરે આગણે મારે મોતીચોક પુરાવોરે, કેસર કુમકુમ છાટણા છટાવોરે, બારણે બાગણે તોરણીયા બધાવોરે, અતી સુદર સુગધી સીચાવોરે, પચ પકવાન મગાવ્યા મીઠા મેવારે લેહેર તોરગી લક્ષ્મીવરને લેવારે અગે મારે સોળે શણગાર સારૂરે, અગર કપુરની આરતી ઉતારૂ રે, પ્રેમ સનેહી જન પ્રીતમનો સ્વામીરે, ઉર અતરમા વસીયા અતરજામીરે

સાખીઓ. ખળનુ અગ

સતને અડીએ નહી, અડકે ઉપજે સ્નાન,
કહે પ્રીતમ તજ તેહને, શુકર શ્વાન સમાન ૧
અસત ઉરગથી નીચ હે, વાણી વિશે વિકાર,
કહે પ્રીતમ સગ દુષ્ટકે, જન્મે મરે બહુવાર ૨
અસત અમગળ આત્મા, કબહુ ન કરીએ સગ
કહે પ્રીતમ સાધન ખડે, પડે ભજનમા ભગ. ૩
વીખ ઘોળીને પીજીએ, પડીએ પાવક માહી,
કહે પ્રીતમ સાકુટ તણો, સગ કરે સુખ નાહી ૪
સીંહ ભખો વસીયર ગ્રસો, વીંછી વળગો અનત,
કહે પ્રીતમ સ્વપ્નાતરે, મળશો નહી અસત. ૫

શુળી ઉપર સેંજડી, ત્યા સૂતે સુખ હોય,
કહે પ્રીતમ કટક તણો, સગ ન કરશો કોય ૬
અસત અવિદ્યા રૂપ હે, ઉપજાવે, અજ્ઞાન,
કહે પ્રીતમ સર્વે ભુલે, ભજન સ્મરણ તપ ધ્યાન ૭
દુષ્ટ તણો નહી દેહ દેશ, દુષ્ટકે નગ્ર નવ હોય,
પ્રીતમ દુષ્ટ સ્વભાવ હે, સંત કહે સમ કોઈ ૮
બાળકાડમે બહુ કહે, ખળકે ચરીત્ર અપાર,
કહે પ્રીતમ અનુક્રમે, જાણે જાણનહાર ૯
બહુત કહે બગડે બુધી, રસના હોય ખુવાર,
કહે પ્રીતમ સકેતમે, સમજે સમજણહાર ૧૦
લક્ષણ લખીને ગણીએ, સમજ બુજ કર
કહે પ્રીતમ કહુ કેટલુ, રાખ રૂદે પરતીત ૧૧
મનથી મૂકી દીજીએ, તનસુ નહી વેહેવાર
કહે પ્રીતમ ન્યારો રહે, જ્યુ જલ કમલ વિચાર ૧૨
ભેખ દેખી ના ભુલીએ, સ્વાગ ધરે સબ કોઇ
કહે પ્રીતમ ચિત્ત શુદ્ધ હોય, સીદ્ધ કહાવે સોઈ ૧૩
ખીર તક્ર બેઉ શ્વેત હે, સ્વાદ વિચાર વિવેક,
કહે પ્રીતમ પટતરે, સત અસતકુ દેખ ૧૪
હસ બગ દોઉ ઉજળે, ચારે ચિન્હ જણાય
સોમણ સાબુ ધોઈએ, ગરધવ ગાય ન થાય ૧૫
કોયલ કાવા એક રગ હે, ભાષા ભિન્ન જણાય,
કહે પ્રીતમ સૂન ગણહુકુ, સબ કોઈ મારન ધાય ૧૬
ઉદક અન અમતનુ, ખાન પાન કરે જેહ
કહે પ્રીતમ સશય નહી, પડે નરકમા તેહ ૧૭
દુષ્ટ સગનો દોશ બહુ, શસ્ત્ર પુરાણે સાખ,
કહે પ્રીતમ પ્રપચ તજી, રામ નામ ચિત્ત રાખ ૧૮

૩ નામ મહાત્મ્ય

રામ નામ શકર જપે, સ્મરણ અખડ સમાધ,
કહે પ્રીતમ મગળ મહી ન મળે એક ઉપાધ ૧
રામ નામ નિત્ય રટણ કરે, સનકાદિક શુક શેષ,
કહે પ્રીતમ સદ્ગુરૂ તણો, રરામ નામ ઉપદેશ ૨

નામ નિરંતર લીજીએ, મુકી માન ગુમાન,
કહે પ્રીતમ દુગધા મિટે, પ્રગટે પૂરણ જ્ઞાન ૩
રામ નામ રચના રટે, જે કો પરમ સુજાણ
કહે પ્રીતમ નામે તરે, પાણીમા પાશાણ. ૪
અધમ અજામેળ પાતકી, અતિ મતિમંદ ગમાર,
કહે પ્રીતમ હરી નામ તે, સેહેજે પામે પાર ૫
નામ ઉચાર્યુ ગજપતિ, સંકટમા જેહી વાર,
કહે પ્રીતમ એક પલેકમે, કાટે કષ્ટ અપાર ૬
ગુનકા સબ ગુન રહિત હે, અવગુણ કે ભંડાર,
કહે પ્રીતમ હરી નામને, ઉતરી ગઈ ભવપાર ૭
રામ નામ જોગી જપે, તપે નહી ભવ તાપ,
કહે પ્રીતમ મન જીતકે, જપે અજપા જાપ ૮
નામ બરાબર કોઉ નહી, તપ તીરથ વ્રત દાન,
કહે પ્રીતમ સાધન સબે, નહી હરી નામ સમાન ૯
રામ નામ ચિંતામણિ કલ્પદ્રુમ કામધેન,
કહે પ્રીતમ હરિ નામસે, લગે રટે દીન રેન ૧૦
નામ સુધારસ જે પીએ, જન્મ મરણ ભય જાય,
કહે પ્રીતમ પ્રીને રટે, અમર અભેપદ પાય ૧૧
નામ રામતેં અધિક હે, મહિમા અધિક અપાર,
કહે પ્રીતમ વીરલા લહે, જાકું તત્વ વિચાર ૧૨
પર્વતમે મેરૂ બડા, તીરથ બડા કેદાર,
કહે પ્રીતમ સબ નામતેં, રામ નામ નીજ સાર. ૧૩
રામનામ પારમણિ, મન લોહા હોય હેમ,
કહે પ્રીતમ એક નામસે, કરહુ નિરંતર પ્રેમ ૧૪
હરી હીરા હીરદે ધરો, મીટે મોહ અંધકાર,
પ્રીતમ રવિ પરમાતમા, પ્રગટે તેજ અપાર ૧૫
રામનામ હે મહામણિ, કાટે વિષય વિકાર,
કહે પ્રીતમ નીજ નામકી, ઝગમગ જ્યોત અપાર. ૧૬
નામ તણી રચના સકળ, સપ્તદ્વીપ નવખંડ,
પ્રીતમ પસારા નામકા, સો ગાજે બ્રહ્માંડ ૧૭
નામ લીયે નામી મીલે, એસા નામ બળવંત,
પ્રીતમ સ્મરણ નામકે, ભયે શીરોમણિ સંત ૧૮

નિર્મળ નામ ઉચ્ચારતા, ઉઘડે નેન અનત
પ્રીતમ સ્વપદ પરસતા, હોય પરમ સુખ શાત ૧૯
એક નામ આધાર હે, નામ વિના નહી કોય,
પ્રીતમ નામ ઉચ્ચારતા, જીવ ટળી બ્રહ્મ હોય ૨૦
નામ નગારા ગડગડે, અનહદ આઠે પહોર,
કહે પ્રીતમ દીલ ના ડગે, રહે ઠોરકા ઠોર ૨૧
નામ બરાબર કછુ નહી, જોગ જગન તપ દાન,
કહે પ્રીતમ ભજ ભાવનુ, તજી દેહ અભિમાન ૨૨
નામ સકળ સસારમા, વ્યાપક પીડ બ્રહ્માડ,
કહે પ્રીતમ સત નામ હે, સપ્તદ્વીપ નવ ખડ ૨૩
નામ સુધારસ જે પીયે, જન્મ મરણ ભય જાય
કહે પ્રીતમ સુખ સહજમા, અભય અમર તે થાય ૨૪
નામ રત્ન અમુલખ હે, દિલ દરિયા કે માહી,
કહે પ્રીતમ મરજીવા લહે, દુજા પાવે નાહી, ૨૫
નામ દીપ ઉદ્યોત હે, મન મદીર કે મધ્ય,
કહે પ્રીતમ રટ નામકુ પ્રગટે જ્ઞાન પ્રસીદ્ધ ૨૬

૩ સતમહાત્મકો અગ

સત સમાગમ કીજીએ, રૂદીએ રાખી ભાવ
કહે પ્રીતમ સસારમા, તરવાનુ એ નાવ
સેવા પૂજા સતની, જે કરશે નર નાર,
કહે પ્રીતમ આનદમે ઉતર ગયે ભવપાર ૨
સત વાણી વૈકુઠકે ઉત્તર અવની મોઝાર,
કહે પ્રીતમ પાવન કીયા, પાપરૂપ સસાર ૩
સત સ્વરૂપ હે બ્રહ્મકો, એમા નહી સદેહ,
કહે પ્રીતમ ઉપદેશકુ, ધર્યો મનુષ્યકો દેહ ૪
સત બ્રહ્મકો હસહે, બ્રહ્મ સરોવર વાસ,
કહે પ્રીતમ મુક્તા ચુગે, નિર્મળ નામ સુવાસ ૫
સત સમો સસારમા, નહી કોઈ પરમ દયાળ,
કહે પ્રીતમ એક પલકમા, નજરે કરે નિહાલ ૬
સત હરીકે લાડીલે, નિર્મળ બચન રસાળ,
કહે પ્રીતમ નીજ જ્ઞાન દે, માટે જમકી જાળ ૭

સત પ્રગટ પરમાત્મા, પુરણુ પરમાનંદ,
કહે પ્રીતમ મહીમા અગમા, જાણે નહિ મતિમંદ ૮
સત બ્રહ્મકો તેજ હે, પુરણુ જ્યોત પ્રકાશ,
કહે પ્રીતમ માયા તીમર, તતક્ષણુ હોયે નાશ. ૯
સત સગુણુ અવતાર હે, હરીકે અનત અપાર,
કહે પ્રીતમ ગુણુ ગાયકે, કીનો નિજ વિસ્તાર. ૧૦
સત સુધારસ કે ભરે, નખસે શીશ પર્યંત,
કહે પ્રીતમ પદ પરસતા, ઉઘડે નેણુ અનંત ૧૧
સત સમાધીમા રહે, દેહ તણી વૃદ્ધ નાહી,
કહે પ્રીતમ બ્રહ્મમા ભળે, જ્યમ પાલો પાણીમાહી. ૧૨
સત ચિદાનદ સિંધુ હે, આનદ અતિ ઉદાર,
કહે પ્રીતમ રજ પરસતા, છુટે ભવ સસાર ૧૩
સત સમુદ્રકી લેહેર હે, વાણી વચન તરગ,
કહે પ્રીતમ નિત્ય પરસના પ્રગટે પુરણુ રગ ૧૪
સત પરમ ધનવત હે, કરે દીનતા દૂર,
કહે પ્રીતમ હરી ભજનમા, રહે રગ ભરપૂર ૧૫
સત શરણુ શીતળ સદા, સેવતા સુખ હોય,
કહે પ્રીતમ ત્રિલોકમે, ગાજ શકે નહી કોય ૧૬
સત મહિમા શ્રીમુખ કહે, કમળાને બહુવાર,
કહે પ્રીતમ કોઇ જાનહી, જાકુ તત્વ વિચાર ૧૭
સત મૂળ મે ડાળ હુ, પત્ર સકળ સસાર,
કહે પ્રીતમ વીરલા લહે, મહીમા અગમ અપાર ૧૮
સત સદા મમરૂપ હે, નાહીન આન વિચાર,
કહે પ્રીતમ મગલમય, વિચરે અવની મોઝાર ૧૯
સત દીસાસે હોત હે, સ્વાગે સગ ન હોય,
કહે પ્રીતમ સોનામુખી, કુદન કહે ન કોય ૨૦
સત વિષયથી વર્જીતા, નાહીન લોભ લગાર,
કહે પ્રીતમ પરમારથી, પ્રેમે પર ઉપકાર ૨૧
આશા તૃષ્ણા ઇરખ્યા, નીદા નહી લવલેશ,
કહે પ્રીતમ આનદમા, આપે સત ઉપદેશ. ૨૨
મિથ્યા ભાષણુ નહી કરે, બોલે અવિચળ વેણુ,
કહે પ્રીતમ અતિ સુદીત મન, નિર્મળ વાકે નેણુ. ૨૩

જ્ઞાન ગીરા તે ઉચરે, જ્ઞાન તણું દે દાન,
કહે પ્રીતમ રહે જ્ઞાનમા, ખાનપાનકુ જ્ઞાન ૨૪
દયા દાન ને દીનતા, આશા રહિત અમાન,
કહે પ્રીતમ પલ ના ડગે, એવુ નિરતર ધ્યાન ૨૫
નિષ્કચન નિર વેરતા, બીજા ભિન્ન પવિત્ર,
કહે પ્રીતમ શુદ્ધ ભાવતે, ગાય સુણે હરી ચરીત્ર. ૨૬
કામ ક્રોધ મદ મોહમા પામે નહિ પરિતાપ,
કહે પ્રીતમ શીતળ રહે, જપે અજપા જાપ ૨૭
સુરતરૂ સુરધેનુ સદા, ચિતામણીને ચેન,
કહે પ્રીતમ પાવન પરમ, સુધા સન્તહી સુખચેન ૨૮
સત અમર પદ ભોગવે, રાજકુવરનુ રાજ,
કહે પ્રીતમ દુર્બળ ડરે, સુણી ગજગજ અવાજ ૨૯
સત લક્ષણ કેણ કહી શકે શેશ ન પાવે પાર,
કહે પ્રીતમ કૈસે કરૂ, વાણી રહિત વિચાર ૩૦
સતકોટિ મળી શારદા, કચે કલ્પ પર્યંત,
કહે પ્રીતમ કહી નવ શકે, લક્ષણ સત મહત ૩૧
જાત ન જોઇએ સતકી, સત નિરજન દેવ,
કહે પ્રીતમ પ્રેમે કરી, કીજે વાકી સેવ ૩૨
કાગ વિષ્ટામે પીપળો, ઉગે ઠોર ઠોર,
કહે પ્રીતમ પૂજે સબે, ભાવ ધરે નહિ ઓર ૩૩

૪ ગુરૂ મહિમાકા અગ.

ગુરૂ પદ પ્રેમે પૂજીએ પ્રગટે જ્ઞાન પ્રકાશ
કહે પ્રીતમ એક પલકમા, કરે અવિદ્યા નાશ ૧
ગુરૂ ગોવિંદને અધિક છે, શુદ્ધ ચિત્તે કરી જોય,
કહે પ્રીતમ કરુણા કરે, આવાગમન ન હોય. ૨
સદ્ગુરુ ચરણ સરોજમા, મન મધુકર કરી રાખ
કહે પ્રીતમ નિત્ય નેહસુ, રામ સુધારસ ચાખ ૩
સદ્ગુરૂ સમ સસારમા, હીતકારી કોઉ નાહી,
કહે પ્રીતમ ભવપાશતે, છોડાવે પલમાહી ૪
ગુરૂકુ માને માનવી દેખે દેહ વ્યવહાર,
કહે પ્રીતમ સશય નહી, પડે તે નરક મોઝાર ૫

ગુરૂ ઈશ્વરતે અધિક હે, બ્રહ્મરૂપ ભગવાન,
કહે પ્રીતમ પદ પરસતા કાટે કોટિ અજ્ઞાન. ૬
અશન વસન વાહન સદન સદ્‌ગુરૂ અર્પે જેહ,
કહે પ્રીતમ સુખ ભોગવે, અખંડ અભેપદ તેહ. ૭
જાકે મુસ્તક ગુરૂ નહિ, સો નર નુગરા જાણુ,
કહે પ્રીતમ પાતક નહી, પુરૂષ નહી પાષાણુ ૮
ચંદ્રવિના જેમ જામની, કંથવિના જેમ નાર,
કહે પ્રીતમ એમ ગુરૂવિના, પ્રાણી પશુ ગમાર ૯
નુગરા નર જ્યા પગ ધરે, કાંપે ધરણી શેશ,
કહે પ્રીતમ સુખ દેખતા, પાપ કરે પ્રવેશ ૧૦
ગુરૂ આજ્ઞા માને નહી, તજે ન દેહ અભિમાન,
કહે પ્રીતમ મહા અરણ્યમે, રાક્ષસ હોય નિદાન. ૧૧
ગુરૂકું તન મન સોંપીએ, સર્વસ પ્રાણ સમેત,
કહે પ્રીતમ ભવસિંધુમે, બુડત ભુજ ગ્રહી લેત. ૧૨
સેવકકે સુખ કારણે, ગુરૂ કસોટી દેત,
કહે પ્રીતમ શિક્ષા કરે અંતરમાંહી હેત ૧૩
પારસમણી ચિંતામણી, કલ્પદ્રુમ કામધેન,
કહે પ્રીતમ ગુરૂ ચરણપર, કોટિ વારણુ કીન ૧૪
કોટી ઇંદ્ર કોટી કમલભૂ, કોટી સારદા શેષ,
કહે પ્રીતમ ગુરૂકુ ભજે ગૌરી સિદ્ધ ગણેશ. ૧૫
ઉડ કરોડ તીર્થ સબે ગુરૂ ચરણોદક જેહ.
કહે પ્રીતમ પીએ પ્રેમસુ, પામે અટલપદ એહ ૧૬
લાખ યજ્ઞ જે કોઈ કરે, વિધિ પૂર્વક વિખ્યાત,
કહે પ્રીતમ પ્રસાદમા સમજી લો સાક્ષાત ૧૭
ગુરૂકો વચન વિચારીએ, મનસુ વારવાર,
કહે પ્રીતમ એક શબ્દમા, ચાર વેદકો સાર ૧૮
સબહી મિટાવે કલ્પના, કરે ભ્રમણા દુર,
કહે પ્રીતમ પરમાત્મા, દેખાડે ભરપૂર ૧૯
કમઠ દૃષ્ટિ જેમ ઇંડપર, પોષે પૂરણ હેત,
કહે પ્રીતમ એમ શીશકુ, જ્ઞાન કૃપા કરી દેત ૨૦
ગુરૂ મહિમા અતિ અગમહે, નીગમ ન પાવે પાર,
કહે પ્રીતમ કેસો લહે, જડમતિ જીવ ગમાર ૨૧

ગુરૂકી પૂજે પાદુકા, આસન સેજ સલામ,
કહે પ્રીતમ રીધ સીદ્ધ સબે, તાકી હોય ગુલામ. ૨૨
શુક નારદ શંકર રટે, ગુરૂકો મહિમા અપાર
કહે પ્રીતમ ગુરૂ શબ્દસે, તરીએ ભવ સંમાર. ૨૩
જન્મ મરણ જોખમ ટળે, અખંડ અલેપદ પાય.
કહે પ્રીતમ જોખમ ટળે, અનુભવ એકરસ થાય. ૨૪
અંતરજામી ગુરૂ આતમા, સબ ઘટ કરે પ્રકાશ,
કહે પ્રીતમ ચર અચરમા, ગુરૂ નિરંતર વાસ. ૨૫
તૃણ ન હાલે ગુરૂ વિના, વ્યાપક વિશ્વાધાર,
કહે પ્રીતમ કાયા વિશે, સદ્ગુરૂ બોલણહાર ૨૬
ગુરૂકો ધ્યાન જેકો ધરે, બોલે ગુરૂ મુખ વાણુ,
પ્રીતમ સંત સમાજમે, સકલ શરોમણિ જાણુ ૨૭
સંત હરી ગુરૂ એક હે, ભિન્ન કહો મતકોય,
કહે પ્રીતમ સદ્ગુરૂ મીલે, તાકુ માલમ હોય ૨૮
ગુરૂ કે ગુન કહી ગાઇએ, મેરે મુખ રસના એક,
પ્રીતમ સાગર પુજીએ, અંજલી કશો વિશેક ૨૯
દીપ આરતી અર્કપર, ઉતારે જે કોઇ,
કહે પ્રીતમ એ દેખતા, કૈસી શોભા હોય, ૩૦
વાણી વડે કયા વર્ણવુ, મન વાણી કે પાર,
કહે પ્રીતમ કૈસે કરૂ, વાણી રહિત વિચાર ૩૧

૫. અથ વિચારકે અંગ

સદ્ વિચાર નિત્ય કીજીએ, મુકી મન અહંકાર,
કહે પ્રીતમ ચિત્ત વીચારીએ, કો હુ કો સંસાર ૧
સંસાર કોણે પેદા કર્યો, કોણે ઉપજાવ્યો હું,
કહે પ્રીતમ સૌ કારનુ, દીસે છે તે શું. ૨
હુંકારે આવી અડર્યું, દાનવ માનવ દેવ,
કહે પ્રીતમ સમજાવતા, ટળે નહી અહંમેવ ૩
હુંકારે હરી વેગળા, હુંનું કામ કઠોર,
કહે પ્રીતમ ભાગે નહી, હુંકા જંપા જોર ૪
કોઇ વીરલા જન વીસરે, આપા કૃત અહંકાર,
કહે પ્રીતમ સબ દેખતા, નીકસ ગયે ભવપાર ૫

ખાતા પીતા પેહેરતા, સૂતા બેઠા સાર,
કહે પ્રીતમ તજીએ નહીં, આત્મ તત્વ વિચાર. ૬
જપ તપ જોગ વિચારમા, તીરથ વ્રત અનેક;
પ્રીતમ પલક ન છાડીએ, સાર વિચાર વિવેક. ૭
વિચાર વિરંચીએ કર્યો, ઉપજાવી સૌ સૃષ્ટ,
કહે પ્રીતમ વિષ્ણુ વિચારતે, સૌનુ કાપે કષ્ટ ૮
સદ્દવિચાર શીવજીએ કર્યો, રૂદીએ રાખ્યા રામ;
કહે પ્રીતમ શત કોટીમા, લીયો વિચાર નીજ નામ. ૯
સદ્દવિચાર સનકાદિકે કર્યો, ધર્યો હરિસુ સ્નેહ,
કહે પ્રીતમ પરણ્યા નહી, રહ્યા સ્વરૂપે તેહ ૧૦
શ્રી શુકજી શમ કોઈ નહી, કીયો સુવસ્તુ વિહાર;
કહે પ્રીતમ માયા તણો, વળગ્યો નહી વિકાર ૧૧
વિચાર વિના જેજે કરે, છે સો સાધન ફોક,
કહે પ્રીતમ સુખ નહી મળે, યહ લોક પરલોક. ૧૨
વચન વિચારી બોલીએ, વચને ટળે વિરોધ,
વિના વિચારે પ્રીતમ કહે, બોલે ઉપજે ક્રોધ. ૧૩
ક્રોધ ટળે ટળે કામના, લાભ ન લાગે લગાર,
કહે પ્રીતમ નિર્મળ રહે, એવો તત્વ વિચાર ૧૪
વિચારે વ્યાપે નહી, વિષય વાસનાશૂળ,
કહે પ્રીતમ તજીએ નહી, સદ્દ વિચાર સુખ મૂળ. ૧૫
વીચારી વીખ ખાત હૈ, તાકુ દુખ ન થાય,
કહે પ્રીતમ સુખમા રહે, શોક સમૂળો જાય. ૧૬
કર્તવ્ય કોઈ પોહોચે નહી, પોહોચે સદ્દવિચાર
કહે પ્રીતમ રહે વિચારમા, વ્યાપે નહી વિકાર ૧૭
રાગ દ્વેષ સબહી સમે, દે મન દેહ વ્યવહાર,
કહે પ્રીતમ વસ્તુ વિચારતા, કહો કહા સંસાર. ૧૮
વેદ તત્વ વિચારતા, હારદ આવે હાથ,
કહે પ્રીતમ પ્રગટ મીલે, તરત ત્રિભુવન નાથ. ૧૯
ભક્તિ વિચારથી ઉપજે, ભક્તિથી ઉપજે જ્ઞાન;
જ્ઞાન થકી હું તુ ટળે, પ્રીતમ પ્રેમ નિધાન. ૨૦
તત્વ વિચારે દેહનુ, સર્વ ટળે અભિમાન,
પ્રીતમ પ્રગટ આત્મા, એક રસ નિર્મળ જ્ઞાન. ૨૧

જીવ ટળી બ્રહ્મ હોત હૈ, ઐસો તત્વ વિચાર,
કહે પ્રીતમ લાગે નહી, વીખીયા લેહેર લગાર ૨૨
જન્મ મરણ જોખમ ટળે, મૃત્યુ અમૃત હોય,
કહે પ્રીતમ સાર વિચાર હૈ, કરી શકે જો કોય. ૨૩
સમજે સાધન હોત હૈ જપ તપ યજ્ઞ અપાર,
કહે પ્રીતમ વિચાર વિના, કર્યા કરાવ્યા છાર ૨૪
કીનિંદ્ય આતમ બ્રહ્મ હૈ, સમ ઘટ કરે પ્રકાશ,
કહે પ્રીતમ તત્વ વિચારતે, ભાસ્યો બ્રહ્મવિલાસ ૨૫
જોગ જુગત સજમ કરે, એ સબ તત્વ વિચાર,
કહે પ્રીતમ ટળે કલ્પના, પામે પદ નિરધાર ૨૬

૬ જોગનુ અંગ.

જોગ સમાધિ જે કરે સાધે આઠે અંગ,
કહે પ્રીતમ પ્રવૃત્તિ તજે, પ્રગટે પુરણ રંગ ૧
આસન પ્રાણાયામ પ્રતિહાર કરે, ધ્યાન ધારણા સજમ નેમ
કહે પ્રીતમ જોગ સમાધિમે, ધરે નિરંતર પ્રેમ ૨
મૂળ કમળ દળ ચારનું અજનુ ખટ દળ હોય,
કહે પ્રીતમ દશદળ ત્રિગુનુ, જુક્તિ કરીને જોય ૩
દ્વાદશ દળ હૃદય કમળ, એક અનાહત શીવ
કહે પ્રીતમ દળ સોળનુ, કંઠ સ્થાને વસે જીવ ૪
જુગલ પાખડી ભ્રૂમધ્યે, જયા ઈશ્વર અવિનાશ,
કહે પ્રીતમ દળ સહસ્રનું, પ્રેમે કરે પ્રકાશ ૫
ખટસે અજપા હોત હૈ, ગણપતિ દ્વાર ઉદાર,
કહે પ્રીતમ બ્રહ્મા વિષ્ણુ રીત્ર તહા અજપા સહસ્ર અઢાર ૬
કહે અજપા સહસ્ર એક જીવાત્મા જયા હોય,
કહે પ્રીતમ પરમાત્મા, સહસ્ર અજપા સોય ૭
એકવીસ ખટ સહસ્ર અજપા ધુની અનાહત હોય,
કહે પ્રીતમ પુરણ નિધિ, બ્રહ્મ દષ્ટ કરી જોય. ૮
પંચમુખી ગંગા વહે, ઉઠે અનાહદ નાદ,
કહે પ્રીતમ પદ પરસતા, મટી જાય મોહ પ્રમાદ ૯
ચીણી ચીણી મંજીરી, વીણા તાલ મૃદંગ,

કહે પ્રીતમ ઘટા શંખ ધુની, ભેરી મેઘ સારંગ. ૧૦
ધોતી નેતી બસ્તી ભ્રમરી, નોળી ત્રાટક ધ્યાન,
પ્રીતમ ખટ કર્મ જોગકે, સમજે સાધનવાન. ૧૧
સુખક હંસ ખગપતિ ગતિ, વૃષભ ચાલ નિરધાર,
કહે પ્રીતમ ગુરૂ ગમ કરી, નીરખો નીજ દેદાર. ૧૨
કુરમ સંકાચે શરીરને, એમ સમેટે અંગ,
કહે પ્રીતમ અમૃત પીવે, સુરત સખીકે સંગ ૧૩
કરે અગોચરી પેંગડા, ખેચરીપર અસવાર,
પ્રીતમ લગામ ગ્રહે ભુચરી, ખેલે ચાચરી સાર. ૧૪
રહે ઉન્મુની આસન, આઠે પોહોરે આનંદ,
કહે પ્રીતમ તે નહી પડે, ફરીને માયા ફંદ ૧૫
ત્રીકુટા ઉઠ પીઠ કુલાટ ભ્રમર ગુફા બ્રહ્મરંધ્ર મકામ,
કહે પ્રીતમ સંસાર સુખ, તાકુ સબહી નહી હૈ કામ ૧૬
ગગન મંડળમે ઘર કરે, ધરે સમાધિ ધ્યાન,
કહે પ્રિતમ પ્રેમે કરે, અજર અમીરસ પાન. ૧૭
પ્રેમ જરી અમૃત ઝરે, ભીંજે આઠે અંગ,
કહે પ્રિતમ જાગ તણો, નીત્ય નીત્ય નૌતમ રંગ. ૧૮
ઝગમગ ઝગમગ હોત હૈ તેજ પુંજ ભરપૂર,
કહે પ્રિતમ સબ દેવતા, સેવા માહી હજુર ૧૯
ગણુ નાયક પ્રજાપતિ, વિષ્ણુ શંકર ઈંદ્ર,
કહે પ્રિતમ સેવા કરે, અશ્વનીકુમાર રવિ ચંદ્ર ૨૦
વાયુ વરૂણ અગ્નિ વસુ, દસે દિશા દિકપાળ,
કહે પ્રિતમ લાગે નહી, કાળ બ્યાળ જંજાળ ૨૧
ચોરાશી લાખ આસન જગકે, તામે ચોરાશી સાર
તામે સોળ પ્રસિદ્ધ હૈ, પ્રિતમ કહે વિચાર ૨૨
તા માહી દ્વાદશ કહે, દ્વાદશ માહી તીન,
કહે પ્રિતમ એ તીનમે, પદ્મ સિદ્ધ સત કીન. ૨૩
એ સબ સાધન તબ લગે, જબ લગ લાગે સમાધ,
કહે પ્રિતમ નિર્વિઘ્નસે, મીટ જાય સકલ ઉપાધ. ૨૪
એ સબ સાધન સત્ય હે, જબલગ ઉપજે જ્ઞાન,
પ્રિતમ જ્ઞાન પ્રકાશતે, સબહી દુષ્ટ સમાન ૨૫

૭ અથ જ્ઞાનકો અંગ

જ્ઞાન વિના અભિમાનકી, ટળે નહી અહંતા આડ
કહે પ્રીતમ નીજ જ્ઞાનકા જાહેર ઝડા ગાડ ૧
જ્ઞાન રવિ ઘટમે ઉદે, ટાળે તીમીર અજ્ઞાન,
પ્રીતમ મોટમ જ્ઞાનકી, ભાખે શ્રી ભગવાન ૨
ગીતાકે અધ્યે સાતમે, જ્ઞાન શિરોમણિ કીન્હ,
પ્રીતમ પારથકુ કહા, કૃષ્ણ ચદ્ર પ્રવીણ ૩
એકાદશ ઉદ્ધવ પ્રત્યે, કરી જ્ઞાનકી ગોષ્ટ,
કહે પ્રીતમ રઘુવર પ્રત્યે, કહ્યો જોગ વસીષ્ઠ ૪
સનકાદિક શંકર સદા, હે જ્ઞાનમે લીન,
કહે પ્રીતમ પૂરણ સદા, જ્ઞાન ગુરૂકી સેન ૫
જ્ઞાનીકો જીવન સુફલ, સબહીકુ સુખરૂપ,
કહે પ્રીતમ જ્ઞાન મીટે, માયા ભ્રમ તમ કુપ ૬
જ્ઞાન ગિરાતે ઉચરે, જ્ઞાન તણો ઉપદેશ
કહે પ્રીતમ જ્ઞાને ટળે બહુરૂપી રાગ ને દ્વેષ ૭
એક ચરાચર આતમા, અપના તુલ્ય સમ કોઇ,
કહે પ્રીતમ કો ઉપરે, દુષ્ટ ભાવ ના હોય ૮
અપને પગસેં પગ સબે, અપને પાણમે પાણ,
અપને મુખસે મુખ સબે, પ્રીતમ એહ પ્રમાણ ૯
આપને નૈનસે નૈન સબે, અપને કરનસેં કરન,
અપને અંગસે અંગ સબે, પ્રીતમ એ દુખ હરન. ૧૦
સાગર માહી હોત હે, હેરી લોઢ તરંગ,
કહે પ્રીતમ ઓ બ્રહ્મમે, ઊપજત હૈ બહુ રંગ. ૧૧
વાપી કુપ તડાગકે, નીર ભિન્ન ન હોય,
કહે પ્રીતમ ઓ આતમા, જ્ઞાન દષ્ટ કરી જોય. ૧૨
ઉગ્ર દશા હે જ્ઞાનકી, જે કોઇ જાણે ભેદ,
કહે પ્રીતમ વર્ણન કરે, નીશદીન ચારે વેદ ૧૩
જ્ઞાની કર્મ કરે સબે, અંતર નહી અહમેવ,
કહે પ્રીતમ ભીતર નહી, ઉપર સકળ અવેવ. ૧૪
જ્ઞાન ગુરૂતે પાઇએ, ગુરૂ હે જ્ઞાન સ્વરૂપ,
કહે પ્રીતમ જ્ઞાને મીલે, અખીલ ભુવન કે ભૂપ. ૧૫

નિંદા સ્તુતિ કો કરો, ચંદન અથવા છાર,
કહે પ્રીતમ દુખે નહી, દિલમે એક લગાર, ૧૬
શત્રુ મિત્ર સમાન ચિત્ત, પરખુ કંચન લોહ,
કહે પ્રીતમ જ્ઞાન વિષે, નહી મમતા મદ મોહ ૧૭
સોળ વરસની સુંદરી, નખ શીખ સજે શણગાર,
કહે પ્રીતમ ભેળા રહે, ન મળે વિષય વિકાર ૧૮
ખડગ કાઢી શિરપર ગ્રહે, મારનકુ નિરધાર,
કહે પ્રીતમ ભય ઉપજે નહી, જ્ઞાન લક્ષણ સાર ૧૯
છળ પ્રપંચ કરે નહી, સબહી હૈ શુધ્ધ ભાવ,
કહે પ્રીતમ પૂરણ રહે, કોય દો કોય લે જાવ ૨૦
વસ્તુ છુપાવે નહી કશી, નહી કોઇ ચોર શાહુકાર,
કહે પ્રીતમ એક આતમા, સબહી સરજનહાર ૨૧
જ્ઞાન વિના બહુ ચરબડો, ઉપજે અનંત અપાર,
કહે પ્રીતમ જ્ઞાન સમે, ભાસે બ્રહ્માકાર ૨૨
જ્ઞાન જ્ઞાન સબકો કહે, આતમ જ્ઞાન સો જ્ઞાન,
કહે પ્રીતમ પારસમણિ, ઔર સબે પાશાણ ૨૩
ભરત ઋષભ શુકદેવજી, દત્ત કપિલ ત્રિપુરાર,
ગરક રહે તે જ્ઞાનમે, પ્રીતમ પ્રેમ અપાર ૨૪
ભક્તિ જુક્તી જે જ્ઞાન હૈ, સોઇ જ્ઞાન શુભ સાર,
કહે પ્રીતમ પરમારથી, જ્ઞાની પુરૂષ ઉદાર ૨૫
દયા કરે મમ દુખ હરે, દેવે નિર્મળ જ્ઞાન,
કહે પ્રીતમ પ્રેમે કરી, મુકાવે અભિમાન ૨૬
તાકો સુખ મે કા કહુ, એસો અવર ન કોઇ,
કહે પ્રીતમ ત્રિભુવનપતિ, ભક્તનકુ વશ હોય ૨૭

૮ અથ ભક્તિકો અંગ.

ભક્તિ કરે ભગવાનકી તજે વિષય રસપાન,
કહે પ્રીતમ ભૂલે નહી, ભૂમિ તણુ નિશાન. ૧
અનન્ય ભાવ ઉપાસના, ગુરૂ ઇશ્વરકી હોય,
કહે પ્રીતમ ત્રિલોકમે, વિઘન કરે નહી કોય. ૨
અમૃત સરખુ ઉચરે, કરે તે પર ઉપકાર,
કહે પ્રીતમ ચુકે નહી, સેવા સ્મરણ સાર. ૩

અપને સુખ માગે નહી, ધન સંપત સુખરાજ,
કહે પ્રીતમ આનંદમે, કરે પરમારથ કાજ ૪
ઇશ્વરતા ઇચ્છે નહી, નહી, અજ પદની આશ,
કહે પ્રીતમ સમર્થ સમળ, રહે દાસનકા દાસ ૫
જોગ સિદ્ધિ જાચે નહી, રાચે હરીકે રંગ,
કહે પ્રીતમ શુદ્ધ ભાવસુ, કર સદા સત્સંગ ૬
કોઇ પ્રાણીકુ નીંદે નહી, વદે જથા બળ બુધ,
કહે પ્રીતમ પૂરણ સદા, સદા રહે ચિત્ત શુદ્ધ ૭
જન્મ કર્મ જશ રામકં, ગાય સુણે નિત્ય નિત્ય,
કહે પ્રીતમ સ્વારથ નહી, પરમારથપર ચીત, ૮
ભક્તિ ચિંતામણી ચિત્તધરે, કરે ન અન્ય ઉપાય,
કહે પ્રીતમ પ્રેમે કરી, ગુણ ગોવિંદકે ગાય, ૯
ભક્તિ પ્રિય ગોપાલકુ, એસો અવર ન કોય,
કહે પ્રીતમ ત્રિભુવનપતિ, ભકતનકે વશ હોય ૧૦
ભકિત કરી પ્રહલાદજી, હરિ ધર્યો નરસિંહ રૂપ,
કહે પ્રીતમ કર નખવડે, હણ્યો હિરણાકંસ ભૂપ ૧૧
ભકિત વિભિષણજીએ કરી, સાચા રૂઠીયા સાથ
કહે પ્રીતમ રાવણ હણ્યો, રૂપ ધરી રઘુનાથ ૧૨
ભકિત પાંડુ સુતે કરી, ભજ્યા દ્વારકાધીશ,
કહે પ્રીતમ કૈરવ તણી, જડ કાઢી જુગદીશ ૧૩
બાળપણે ધ્રુવજી ભજ્યા, આદ્ય પુરૂષ અવિનાશ
કહે પ્રીતમ અવિચળ થયા, ફરી નહી ગર્ભવાસ ૧૪
પ્રેમ ભકિત અનુપાયની, આનંદ સુખનુ મૂળ,
કહે પ્રીતમ વ્યાપે નહી, મોહ, માયાનુ શૂળ ૧૫
માયા સુરાતબ ભોગવે, દિવસ પાંચ દશ કોય,
કહે પ્રીતમ યમ યાતના, અંતકાળ બહુ હોય ૧૬
ભક્તી સુધાસાગર સહી, માયા દુ:ખ ભંડાર,
કહે પ્રીતમ સમજે નહી, તો દેખીલે સંસાર ૧૭
ભકિત માયા દોઉ સુંદરી, રહે પ્રભુકે પાસ,
કહે પ્રીતમ ભકિત અટલ, માયા સુપન વિલાસ ૧૮
દૈવીકુ ભકિત પ્રીય, આસુરી માયા મોહ,
કહે પ્રીતમ એ અનાદિકે, મારગ કહીએ દોય ૧૯

ભક્તિ વિના ભવમે ભ્રમે, ગમે નહી ગોપાળ,
કહે પ્રીતમ પીત્રી કહે, ફટ ભુંડા ચાડળ. ૨૦
બંધન કાટે જીવકે, ઉપજે મુની આનંદ,
કહે પ્રીતમ ભક્તિ તજે, તેથી કો મતીમંદ ૨૧
ભક્તિ કરે ભવજળ તરે, પીત્રી સહિત કુળ સાત,
કહે પ્રીતમ છાના નહી, વેદ શાસ્ત્ર વિખ્યાત, ૨૨
ભક્તિ કલ્પતરૂ કામધેનુ, અભિમત ફળ દાતાર,
કહે પ્રીતમ સેવે સદા, નાહીન દુખ લગાર ૨૩
ભક્તિ ભાવ વિના માનવી, મુરખ મુઢ ખમાણુ,
કહે પ્રીતમ કૈસે રહે, પ્રેમ પાટ બીન પ્રાણુ ૨૪
સહસ્ત્ર જનમ સાધન કરે, જોગ સમાધિ ધ્યાન,
પ્રીતમ પૂર્વ ભાગ્યતે, મિલે ભક્તિ ભગવાન. ૨૫
નહી વૈકુંઠ ગૌલોકમે, નહી અવની આકાશ,
કહે પ્રીતમ પ્રભુ ત્યા વસે, ગાય ભક્ત નિજ દાસ. ૨૬

૯ અથ પ્રેમકો અંગ.

પ્રેમ પંથ અતિ કઠીન હૈ, જૈસી ખાંડ ધાર,
કહે પ્રીતમ લક્ષ ક્રોડમે, કોઇક પોહોચે પાર ૧
સન્યમુખ રેહેણા સિદ્ધકુ, પ્રગટ પોના ઝેર,
પ્રીતમ પડના આગ્નમે, અગમ પ્રેમકી લેહેર. ૨
સ્વાગ સતીકા પેહેરકે, પીછા માંડે પાવ,
કહે પ્રીતમ એ દુષ્ટકા, દરશન મત દેખાવ ૩
પ્રેમ વિના પ્રાણી અધમ, ઇંડ અફળ અવતાર,
કહે પ્રીતમ મુખ દેખતા, ઉપજે દોષ અપાર ૪
સાચો પ્રેમ ન ઉપજે, જબ ગુરૂ દે સુજાર,
કહે પ્રીતમ કહા હોત હૈ, સ્વાગ ધરે સો વાર. ૫
પ્રેમ વિના પાવે નહી, હુન્નર કરો હજાર,
કહે પ્રીતમ એક પ્રેમ વિના, ન મળે નંદકુમાર ૬
પ્રેમ વિના સબ શુન્ય હૈ, જાનત નહી જડ જીવ,
કહે પ્રીતમ કૈસે મીલે, પ્રેમ સનેહી પીવ. ૭
સત્ય પ્રેમ વ્રજ નારકો, વીસરી તન ધન ધામ.
કહે પ્રીતમ પ્રેમે કરી, પરસે સુંદીર શ્યામ. ૮

લોકલાજ વેહેવારકી, નાહી ન ખબર લગાર,
કહે પ્રીતમ પ્રભુ મન વસે, ભૂલ ગઇ સંસાર ૯
પ્રેમ રસાયન જે પીએ, તન મન કરે કુરબાન,
કહે પ્રીતમ એક પલકમે, પાવે પદ નિરવાન ૧૦
શુદ્ધ ચૈતન્ય પરમાત્મા, વ્યાપક વિશ્વાધાર
કહે પ્રીતમ રસબસરહે, સત્ય પ્રેમ સોઇ સાર ૧૧
પ્રેમ નિરતર કીજીએ, સંત હરીગુરૂ સાથ,
કહે પ્રીતમ ન્યારા નહી, તાસે ત્રીભુવન નાથ ૧૨
પ્રેમ રત્ન અમુલ્ય હૈ, સદ્ગુરૂ સતકે હાટ,
કહે પ્રીતમ કૈસે મીલે, મોઘો માથા સાટ ૧૩
પ્રેમ સુધારસ પીજીએ, સોપી તન મન શીશ,
કહે પ્રીતમ પ્રેમી મળે, તો પ્રાણ કરૂ બખશીશ ૧૪
પ્રેમ દયા તે પાઇએ, સદ્ગુરૂ હોય દયાળ,
કહે પ્રીતમ પાતક મટે, મીટે મોહ જજાળ ૧૫
પ્રેમ પરદારથ સાર હૈ, જો હ્રદામા હોય
કહે પ્રીતમ ત્રીલોકમા, કરતી ગગા તોય ૧૬
પ્રેમ વિના પાવે નહી, અપને પીયાકો સગ,
કહે પ્રીતમ ઉતરે નહી, ચઢયા પ્રમકા રગ ૧૭
પ્રેમ વિના આ પાપલા, પાખડ ન પડે પાર,
કહે પ્રીતમ ઘોડા ચિત્રકા, ચલે ન એક લગાર ૧૮
પ્રેમ વિના પ્રપચ હ, સેવા સ્મરણ ધ્યાન,
કહે પ્રીતમ શુદ્ધ પ્રમ વિના, ફીકો લાગે જ્ઞાન ૧૯
જ્યો કામીકુ કામની, જ્યૌ લોભીકુ દામ,
કહે પ્રીતમ એક પ્રેમસુ, રટે નિરતર નામ, ૨૦
પ્રેમે પ્રગટયા નદઘરહે, ગોકુળ ચારી ગાય,
કહે પ્રીતમ પ્રેમે કરી, ગોરસ ચોરી ખાય ૨૧
ભાજીકો ભોજન કીયો પ્રેમે પ્રાસ્યા ઓર,
કહે પ્રીતમ વ્રજ સુદરા પ્રભુ બધે પ્રેમકી ડોર ૨૨
પ્રેમે છાયો છાપરો, પીયો પ્રેમસુ દુધ,
પ્રીતમ નાતો પ્રેમકા, નહી કુળ શુદ્ધ અશુદ્ધ ૨૩
પ્રેમે જઇ પાણી ભર્યો ત્રીલોચનને ઘેર,
પ્રીતમ પોઠ કબીરકી, લાયે ઉલટ ભેર ૨૪

પ્રેમે પોકારી દ્રૌપદી, પ્રેમે પુર્યાં ચીર,
કહે પ્રીતમ પારથ તણો, રથ હાકયો જદુવીર. ૨૫
વેદ શકે નહી વર્ણવી, આદ્ય પુરૂષ અવિનાશ,
કહે પ્રીતમ પરમાત્મા, પ્રેમે પ્રગટે પાસ. ૨૬
ઉંચ નીચ અવતારમે, વિષય કોટી વિધિ કીન્હ,
કહે પ્રીતમ વૈરાગ્ય વિના, રહા દીનકા દીન. ૨૭

અથ વૈરાગ્યકો અંગ

વૈરાગ્ય વિના વળગી રહ્યા, માયાની મદ લાળ,
કહે પ્રીતમ સુખ અલ્પ હૈ દુખ જુગતે કઇ કાળ. ૧
સુતવીત મંદીર સુંદરી, એ સબ કાલકો ફંદ,
કહે પ્રીતમ દશ દીશમે, સમજે નહી મતિમંદ. ૨
જીવતે કહે મેરો પતિ, જબ લગ પોહોચે આશ,
કહે પ્રીતમ શ્વાસ મીટે, પલક ન આવે પાસ ૩
જુઠી માયા મોહની, જુઠો જુગ સંસાર,
કહે પ્રીતમ પડ કાગ્મો, નહી વણસતા વાર. ૪
અરે જીવ અભાગીયા, લાજ નહી લગાર,
કહે પ્રીતમ કયૌ પડત હૈ, ફરી ફરી ભવ મોઝાર. ૫
કાયાકી ઉતપત કહા, પ્રગટ કહે નહી કોઇ,
કહે પ્રીતમ એ દેહકો, ગર્વ કીયો કહા હોય. ૬
અસ્ત માસ માળો કીયો, તામે પંખી પ્રાણ;
કાલ અહેડી શીર ભમે, પ્રીતમ ચેત અજાણ. ૭
મુસા મન હરખત ફીરે, માલ પીયારા ખાય;
કહે પ્રીતમ મળે મીનકા, જીવ પલકમે જાય. ૮
વાત પિત્ત કફ મુત્ર વીટ, ચર્મ રોમ નખ અંત,
કહે પ્રીતમ તામે બંધો, મુરખ જડમતિ જંત, ૯
ઐસો અધમ શરીર હૈ, શુકર શ્વાનકો આહાર
કહે પ્રીતમ ગોવિંદ ભજ, સુફલ હોય અવતાર. ૧૦
જબલગ અંતર આતમા, તબલગ દેહ અમુલ,
કહે પ્રીતમ ચૈતન ચલા, કરમાયા તન ફુલ ૧૧
જબલગ શ્વાસ શરીરમે, તબ કછુએ ચિત્ત ચેત,
કહે પ્રીતમ શીર મૃત્યુ હૈ, આંહી ઘડી તુંહી હેત. ૧૨

ભોગ કીયે બહુ ભાતકે, તોહુ ન ભાગી ભૂખ,
કહે પ્રીતમ કલ્પીત ફીરે, કબહી મીલે મોહી સુખ. ૧૩
ભોગ તજી તું જાયગો, કે તોકુ તજેગા ભોગ,
કહે પ્રીતમ કોઇ દીન મીલે, નહી નાવકો જોગ ૧૪
ઉંચ નીચ અવતારમે. વિષય કોટિ વિધિ કીન્હ,
કહે પ્રીતમ વૈરાગ્યવિના, રહા હીનકા હીન ૧૫
જીવ મુસાફર જઇ પડયા, ઠગકે ટોળા માય,
કહે પ્રીતમ કેસે કરે, જાકુ ગુરૂ ગમ નાહ્ય ૧૬
છીન છીન ઓછા હોત હે, અંજલી કેરા નીર
કહે પ્રીતમ કૈસે રહે, નવ છીદ્ર યુકત શરીર ૧૭
કામ ક્રોધ મદ લોભ મોહ, ધન લુટે ચહુઓર,
કહે પ્રીતમ ભેળા રહે, અપને ઘરમે ચોર ૧૮
કાયા ચારા કાલકા, ઉસમે કહા ગુમાન,
કહે પ્રીતમ અભિમાન તજ, ભજ ભાવે ભગવાન ૧૯
ગોપીચંદન ભરથરી બાજંદા સુલતાન,
કહે પ્રીતમ જુગ પરહર્યા ગ્રહ્યા ગુરૂકા જ્ઞાન ૨૦
જઉ ચપકવન ચચરી, નીશદીન રહે ઉદાસ,
કહે પ્રીતમ સસારમે, અમગ હે નીજ દાસ ૨૧
ગઇ પળ આવે નહી, એહી વિધિ આયુષ્ય જાય,
કહે પ્રીતમ જીવકો, કાળ નિરતર ખાય ૨૨
જમીન જલે તખુ ગગન, તકીયા પાવટ પાટ,
કહે પ્રીતમ વીત રાગકે, લાડી વનકે ઝડ ૨૩
વૈરાગે ટળે વાસના દોષ દૃષ્ટિ દગ્શાય,
કહે પ્રીતમ મુખ ઇદ્રકા ચિત્તમે, કબહુ ન ચાય ૨૪
વૈરાગ્ય વિના કરત હે, મનારીસુ પ્રીત,
ગર્વ ધરે ગુરૂ સતસુ, એહી બડી વિપરીત ૨૫
રાગ દ્રેષ સામા રહ્યા, કામ ક્રોધ મદ લોભ,
કહે પ્રીતમ કાળ કરી મબહી પામે ક્ષોભ ૨૬
સ્થાગતા નહી અજ ઇદ્રકી, દેવ સદન કવાસ
કહે પ્રીતમ એ સુખ તણી, તજે અતરગત આશ ૨૭
સુખ નહી સસારમા, રાજા પ્રજાને રક,
કહે પ્રીતમ વૈરાગ્ય વિના, નગ નહી હોય નિશક ૨૮

ભોગ સુખ સબ રોગવત, રામ રૂદામાં રાખ,
કહે પ્રીતમ એક અનન્ય હોઈ, પ્રેમ સુધારસ ચાખ ૨૯

અથ અનન્યકો અંગ

અન્યકી એસી મતી, કબહુ ચળે નહી ચિત્ત,
કહે પ્રીતમ આનંદમા, સદા એક રસ પ્રીત ૧
હરીકુ સમરપે પ્રાણ દેહ, ચિત્ત વિત્ત હરીકે ચરણ,
કહે પ્રીતમ એક હરી વિના, નહી કાહુકે શરણ ૨
ન દો વદો કોઈ કછુ, સુખ દુ ખ વિઘન અનેક,
કહે પ્રીતમ પ્રેમે કરી, આરાધે હરી એક ૩
રજ માત્ર ઇચ્છે નહી, સુખ સમૃદ્ધિ ભોગ,
કહે પ્રીતમ હરીકુ ભજે, તજે વિષય રસ ભોગ ૪
પતિવ્રતા પતિકુ ભજે, નહી અવરની આશ,
કહે પ્રીતમ રંગે રમે, પ્રેમ પીયાકે પાસ ૫
સત સોહાગ ના ઉતરે, આનંદ આઠે પોહોર,
કહે પ્રીતમ નીજ પતિ વિના, ભાવ ધરે નહી ઔર ૬
સરોવર સરિતા સમુદ્ર જળ, જહા તહા ભરે અપાર,
કહે પ્રીતમ ચાતક ચાચ દે, પીએ ન એક લગાર ૭
એસો સુખ સંસારકો, અનન્ય ન ઇચ્છે મન,
કહે પ્રીતમ પૂરણ રહે, આનંદમે નીશદીન. ૮
ચકોર નિહાળે ચંદકુ, શશીબિંબ હદે મોઝાર,
કહે પ્રીતમ પાવક ભખે, દાઝે નહી લગાર ૯
બ્રહ્મદ્રષ્ટિ જાકુ ભાઈ, દેખે હરી ભરપુર,
કહે પ્રીતમ માયા તણો, તાપ રહે સૌ દુર ૧૦
મધુકર કોરે કાષ્ટકુ, કમળ કોર્યો નહી જાત,
કહે પ્રીતમ એક પટંતરે, પ્રેમ પ્રીતકી બાત ૧૧
રવિ રહે લખ જોજને, અતિ ઊંચો આકાશ,
કહે પ્રીતમ સરોવર કમળ, પ્રેમે કરે પ્રકાશ. ૧૨
હાલર લાડી હાથમા, સુવે ન મૂકે નેહ,
કહે પ્રીતમ પ્રેમી તણી, લક્ષ નિરંતર એહ. ૧૩
હંસ ચુગે મુક્તાફલ, અન્તર ન ભાવે ભક્ષ,
કહે પ્રીતમ નીજ નામકી, અનન્ય તણી એ લક્ષ. ૧૪

સીપ રહે નિત્ય સમુદ્રમા, રતી જલ પરસે નાહી,
કહે પ્રીતમ એક સ્વામિકી, આશ ધરે મનમાહી ૧૫
આશા નાહી આનકી સાચો હરીકો હેત,
કહે પ્રીતમ જાચે નહી, કાહુકો દીયો નહી લેત. ૧૬
અનન્ય ચુકે ન ચાકરી, હાજર રહે હમેશ,
કહે પ્રીતમ કોઇક ચળે, કઠણુ દાસકા કેશ ૧૭
તારરયો તાકે નીરકુ, ઐસો કરે સત્સગ,
કહે પ્રીતમ ના ઉતરે, ચઢયો ચોળનો રગ ૧૮
સર્વેશ્વર સર્વ ભૂતમા, ભાખે એક ભગવાન
કહે પ્રીતમ સબકુ નમે, ભૂલે ન ભાસે આન ૧૯
ઉપાસના દ્રષ્ટિ અનન્યકી, અણ સમર્પ્યું લહે ન કાઇ,
કહે પ્રીતમ પ્રભુકુ ભજે, આન આશરો નાહી ૨૦
હરીકુ અર્પણુ આતમા, દેહ ગેહ સુત નાર,
કહે પ્રીતમ સેવક પણે, કરે ઉદ્યમ વેહેવાર. ૨૧
હ્રદે ધ્યાન મુખ નામ નિત્ય, ચિત્ત ચિતવે હરી રૂપ,
કહે પ્રીતમ એ અનન્યકી, રેહેણી કરણી અનુપ ૨૨
ચરણોદક પરસાદ આહાર, લેઇ ચઢાવે શીશ,
કહે પ્રીતમ ચર અચરમા, જાણે એક જુગદીશ. ૨૩
સ્વામી દેખે સર્વ મહી, આપે રહે નીજ દાસ,
કહે પ્રીતમ પરમાતમા, વ્યાપક સર્વાવાસ ૨૪
એ મેરી માને નહી, અનન્ય એક લગાર,
કહે પ્રીતમ હાણુ વૃદ્ધિકો ધણી એક કૃષ્ણુ મોરાર ૨૫

અથ વ્રેહકો અગ.

જબ લગી વ્રેહ ન ઉપજે, લગી હે હરી દૂર,
કહે પ્રીતમ કૈસે મીલે, નીજ પતિ પરમ ચતુર ૧
વિરહીકુ વીખ સારીખા, સસારીકા નેહ,
કહે પ્રીતમ ખોટા લાગે, બરખા રત્ય બિન મેહ ૨
વિરહીકુ વહાલ નહી, વિષય ભોગ વેહેવાર,
કહે પ્રીતમ ખ્યાગ લગે, જીવન જુગદાધાર ૩
વિરહીકુ વેરી લગે, સુખ સેજે સનમાન,
કહે પ્રીતમ કડવા લગે, મેવા પાન પકવાન. ૪

નજરે દેખ્યા ના ગમે, રગ ભોગ શણુગાર,
કહે પ્રીતમ પીયુકુ રટે, વીસરે નહી લગાર ૫

વીંછી જૈસે વીછુવા, વસીયર જસે હાર,
કહે પ્રીતમ વિરહણુ દુખી, સુખી સકળ સસાર. ૬

વિરહ તેલ તન કોડીઆ, પ્રાણુ બનાવુ બાત,
કહે પ્રીતમ પતિકુ મીલન, જારન હું દીનરાત. ૭

વીરહી જલતા રૂખડા, જરા જગલકા ધાસ,
કહે પ્રીતમ પખી જલે, જેકો આવે પાસ ૮

વીરહી દાઝી દેહડી, ગયા સમુદ્ર તીર,
કહે પ્રીતમ સાગર જલા, જૈમા વિરહ શરીર ૯

વિરહ વિના વરસે બહુ, મુકતા છીપ ના હોય,
કહે પ્રીતમ મેહ ઉપજે, નીજ પતિ પાવે સોય ૧૦

વીરહી તાતી આતમા, આઠે પોહોર ઉદાસ,
કહે પ્રીતમ લોચન લગે, શ્રાવણુ ભાદ્રો માસ ૧૧

વીરહી વીરહાસુ કહે, તુ મત બોલે મોર,
કહે પ્રીતમ કોમળ વચન, હીરદે અતિ કઠોર ૧૨

વીછી વહીયર ખાત હૈ, કરત ઉપલકો અહાર,
કહે પ્રીતમ પચી જાત હૈ, મેહ ઉર અગ્નિ અપાર ૧૩

વિરહકુ વીખ નહી લગે, ખાય હળાહળ ઝેર,
કહે પ્રીતમ ચિત્ત ધરે નહી, ચઢે કુનકુ લેહેર ૧૪

વીરહા દવ ભીતર જલે, જાર કીયા તન છાર,
કહે પ્રીતમ ધન વરખહી, બુજે નાહા અગાર ૧૫

વીરહી વન ઢુંઢત ફીરે, કોઈ મીલાવે પીવ,
કહે પ્રીતમ સર્વસ દઉ, કરૂ બલીહારી જીવ ૧૬

વીરહા મેરા મીતવા, અબ મત કરહુ વિલબ,
કહે પ્રીતમ પીયાકુ મીલુ, તેરે હાથ વિલબ ૧૭

વીરહીકુ વ્યાપે નહી, કામ ક્રોધ મદ લોભ,
કહે પ્રીતમ કાળે કરી, પાવે નહી મન ક્ષોભ ૧૮

પ્રથમ પલાસ જબ ફુલહી, તબ તન હોવે શ્યામ,
કહે પ્રીતમ લાલી ગહે, ફરે રૂપ ગુણુ નામ ૧૯

રહા ભમર જરી કેદકી, કરતા નીશ દીન રગ,
કહે પ્રીતમ શીર છાર લે, જાકર ડુબા ગગ. ૨૦

વીરહી મરહી મોત બીન, સો જાને પીયા પીર;
કહે પ્રીતમ મચ્છી મરે, જો છીન બિછુડે નીર ૨१
વીરહી કરહી કૃષ્ણસુ, અચલ અમલ અનુરાગ,
કહે પ્રીતમ પતિકુ મીલે, કરહી સકલ પરિત્યાગ ૨૨
સાચો ન્રેહ વ્રજનારકો, છોડ ચલી પરિવાર,
કહે પ્રીતમ પિયાકુ મીલી, ગાવત ગુણ સંસાર ૨૩
વીરહીકુ ચંદન કહા કહા ચંદ્રકી સીત,
કહે પ્રીતમ પુલન કહા, વ્રેહ વન્હિ વિપરીત ૨૪
વીરહી ડરે ન મરનસે, ચલે અગન જલ માહી,
કહે પ્રીતમ પ્રિયા અગમ હે, જાય મિલે પલ માહી. ૨૫

અથ તૃષ્ણાકો અંગ

તૃષ્ણા તુ થાકી નહી, ખાયો સબ સંસાર,
કહે પ્રીતમ કર દૂરથી, કરજોડી નમસ્કાર १
તૃષ્ણા તુ બડી પાપીણી, કીયા સબ લોક બેહાલ,
કહે પ્રીતમ કહુ કેટલુ, મૂક અમારો છાલ ૨
પૃથ્વી કોટી બ્રહ્માંડ ખાઈ ભાખરી, પીયો સબ સરીતા નીર,
કહે પ્રીતમ ધ્રાપી નહી, નાહીન શાંત શરીર ૩
એક પૈસા આદ લે, કીન્હે લાખ કરોડ,
કહે પ્રીતમ પૂરણ નહી, રહી તૃષ્ણા મુખ મોડ ૪
નગર દેશ ખંડ દ્વીપકો ભયો એકછત્ર રાજ,
કહે પ્રીતમ આગે ચલી, નહી તૃષ્ણાકુ લાજ ૫
પીત્રી ગાંધર્વ દેવ મુનિ, ઇંદ્ર વિરંચી શીવરાય,
કહે પ્રીતમ તૃપત નહી, તૃષ્ણા બુરી બલાય ૬
કોટિ બ્રહ્માંડ ભક્ષન કીયો તોહુ ન ભાગી ભુખ.
કહે પ્રીતમ ત્રિલોકમે, તૃષ્ણા પસાર્યો મુખ. ૭
તૃષ્ણા તુ પીછે પડી, નહી કરત વશ કોય
કહે પ્રીતમ સદ્દગુરૂ મીલે, કછુબલ હીણી હોય. ૮
તૃષ્ણા તનમે તાપણી, જરત રહે દીનરાત,
કહે પ્રીતમ ગુરૂજ્ઞાન જલ, તબ શીતલ હોઈ જાત. ૯
તૃષ્ણા ડોરી ડારકે, ખેચત ઢીમર કાલ,
કહે પ્રીતમ કર્મે કરી, પડે જીવ જંજાલ. १०
સંસાર પુર સરિતા વહે, તૃષ્ણા તાણ અપાર;

કહે પ્રીતમ કોઇ ઉબરે, જે રહે કોર કિનાર ૧૧
તૃષ્ણા દવ દહુ દિશ લગ્યા, વિશ્વ મુક્તાર બ્રહ્દ,
કહે પ્રીતમ પ્રલે ગયે, જે ન ભજે ગોવિંદ ૧૨
ધ્રુવ આદે જે ધીર નર, કીયો તૃષ્ણાકો ત્યાગ,
કહે પ્રીતમ પ્રભુકે મીલે, ઉર ધરી બેહ વૈરાગ ૧૩
ભક્ત અનંત ક્રોડ જે ભયે, રહે રામકે શરન,
કહે પ્રીતમ તૃષ્ણા તજી, મીટે જન્મ અરૂ મરન ૧૪
તૃષ્ણા મારી ભરથરી, છોડી માયા મોહ;
કહે પ્રીતમ બ્રહ્મરસ પીયે, મીટા હુ તુ દોય ૧૫
તૃષ્ણા તજી કપિલજી, શુકજી સનત કુમાર,
કહે પ્રીતમ ન્યારા રહે, નાહીન લગી લગાર ૧૬
તૃષ્ણા બેટી લોભકી, હૈ પ્રાઢા પરીવાર,
કહે પ્રીતમ પ્રપંચ કરી, ખાયા સબ સંસાર ૧૭
સુરીનર મુનિ જોગી જતી, ખાયે ભીક્ષુક ભુપ
કહે પ્રીતમ કેડે પડી, તૃષ્ણા વિકટ સ્વરૂપ ૧૮
કવિ કોવિદ ગુણ સુઘડ, વૈદ રોગી દાતા દીન,
કહે પ્રીતમ ખાયે સબે, મુરખ ચતુર પ્રબીન ૧૯
તૃષ્ણા ટાળે સદ્‌ગુરૂ, જાકે હાથ ઇલાજ,
કહે પ્રીતમ સમજણ વિના સબ તન તૃષ્ણારાજ ૨૦
હરીગુરૂ જત કૃપા કરે, દેવે જ્ઞાન વિચાર,
કહે પ્રીતમ તૃષ્ણા કહા, કાપે કોટિ વિકાર ૨૧
તૃષ્ણા પીડે તબ લગે, જબ લગ નહિ ગુરૂ જ્ઞાન,
કહે પ્રીતમ પ્રીછયા વિના, મિથ્યા દેહ અભિમાન ૨૨
જબ હરદામે હરી બસે, ત્રણા ટળે નીરાટ,
કહે પ્રીતમ કુચી જ્ઞાનકી, ઉઘડે અગમ કપાટ ૨૩
વિષય વેલાથી વિછડે, તુટે તૃષ્ણા ડીટ,
કહે પ્રીતમ કટુતા ટળે, તબ ફલ હોવે મીષ્ટ. ૨૪
તૃષ્ણા તોરંગ મન ચઢયા, ધાયા દેશ વિદેસ,
કહે પ્રીતમ સ્થીરતા નહી, બીના સદ્‌ગુરૂ ઉપદેશ. ૨૫

અથ મનકો અંગ

મન મતવાલા હો રહા, નાહીન માને શીખ,
કહે પ્રીતમ ભવમે ભમે, માગે ઘર ઘર ભીખ, ૧

ભીખ મળે હરી નામતેં, સો સત મુખ મતાય,
કહે પ્રીતમ આન મતસે, લખ ચોરાશી પાય. ૨
મન દુરીજન ઘરમા રહે, કરે દગો દીન રાત,
કહે પ્રીતમ કહા કીજીએ, મન ચંચળ બદ જાત ૩
મન દુર્જન અતિશય પ્રબલ, મનકે ખેલ અનેક,
કહે પ્રીતમ મન બસ નહી, જાકુ રૂપ ન રેખ. ૪
મર્કટ રાજ બેસાડીએ, કરકે ઓહોત બનાવ,
કહે પ્રીતમ ફલ દેખતે, પ્રગટે આપ સ્વભાવ ૫
કથા શ્રવણુ કરે મીનકા, શીર દીપક ધરી દેવ,
કહે પ્રીતમ મુસા મીલે, જાઇ પકડે તતખેવ. ૬
કોટિ જતન પરમોદીએ, મન નહી ગાને લેશ,
કહે પ્રીતમ કોઈ પોહોચે નહી, તહા મન કરે પ્રવેશ. ૭
મન સૃષ્ટિકો મૂલ હૈ, મનકુ હરખ ને શોક,
કહે પ્રીતમ મન ફેરવે, તેહી ફીરે ત્રણુ લોક ૮
સાગર લેહેરી ગુથીએ, જો આકાશ છેદાય,
પ્રાતમ પવનકુ બાધીએ, તો મન જીત્યો જાય ૯
પારાશર સૌભરીરૂષી, શગી વિશ્વામિત્ર,
કહે પ્રીતમ ફજેત કીયે, માનકો અગમ ચરીત્ર ૧૦
મન સુરપતિ ક બસ નહી, ગયો સો ગોતમ ઘેર,
કહે પ્રીતમ અમૃત પીયા, મીટા નહી મનકા ઝેર ૧૧
મન બ્રહ્માકે બસ નહી, હાર રહે મુનિ જન,
કહે પ્રીતમ સરસ્વતી સુતા, તે પૂઠે ધાયુ મન. ૧૨
મનશંકર નહી વશ કીયો, રૂપ મોહની જાણુ,
કહે પ્રીતમ ભૂતલ ભયી, સપ્ત ધાતુની ખાણુ ૧૩
મન સબપર અસ્વારહે, મનપર કઇ અસ્વાર,
કહે પ્રીતમ મન હાથ કરે, સોઇ પુરૂષ નિરધાર ૧૪
પૃથ્વીકો ગુણુ દેહ હૈ, આતમ નિર્ગુન નામ,
કહે પ્રીતમ બીચમે કીયો, મનહી અન્યથા કામ. ૧૬
નનકો કહ્યો ન માનીએ, મનકો કામ કઠોર,
કહે પ્રીતમ કો સાચવે, ઘર ભીતરકો ચોર. ૧૬
સોઈ બસીયરકુ બસ કરે, ધરી ધીરજ હૈયા સાથ,
કહે પ્રીતમ મન કુટિલ હે, કબહુ ન આવે હાથ. ૧૭

મણી લાવે પાતાલસુ જાય ચઢે આકાશ,
કહે પ્રીતમ મન મુઢકો, નાહી કછુ વિશ્વાસ. १८
કરે વિવાહનુ કાયદુ, અનનુ પત કરે કાય,
કહે પ્રીતમ સમજે નહી પ્રપચ બહુત મન માય १૯
બાહાર શત્રુ બહુ હણે, જે કોઈ શુરા હોય,
પ્રીતમ મન ભીતર રહે, વાકું માર શકે નહી કોય.
રીપુદળ જીતે રણવિષે, કોય ન મેટે આણ,
કહે પ્રીતમ મન જીત્યા નહી, તબ લગ કાયર જાણ २१
તપ તીરથ આચારવ્રત, ભણે બહુ શાસ્ત્ર પુરાણ,
કહે પ્રીતમ મન બસ નહી, તબ લગ મુરખ જાણ २२
કથી સાખી બહુતકે કથે, સમજાવે સબ લોક,
કહે પ્રીતમ આશાધરે, તો કહા કર્યા સબ ફોક २३
ખોટે મન ખોયા સબે, તન મન રૂપ અરૂ રગ,
કહે પ્રીતમ કરીએ નહી, મન મુરખકા સગ, २४
મન હરજીકે હાથ હે, ઓર કીસીકે નાહી,
કહે પ્રીતમ માને નહી, દેખો ગ્રથન માહી, २५
મન સાત્વિક તે ઉપન્યા, સાત્વિક વિષ્ણુ અશ,
પ્રીતમ મૂળ વિચારતા, મનકો બઢે નહી બંશ २६
શુદ્ધ ચિત્ત સુચરન કરે, તજે દેહાભિમાન,
કહે પ્રીતમ આપા મીટે, તબ ભેટે ભગવાન २७
મન વિકલ્પ મૂકે પરા, હરી ઇચ્છા વર્તમાન,
કહે પ્રીતમ પ્રેમે કરો, હરી સુમરન સાવધાન २८

અથ સુંમરનકો અગ

સુમરન સોઈ ન વીસરે, રહે રૂપમા મન,
કહે પ્રીતમ શુદ્ધ સ્નેહસુ, કરે સુમરન નીશ દીન. १
નીશ દીન નીમખ ન વીસરે, હરીકો તત્વ વિચાર,
કહે પ્રીતમ તદ્દવત રહે, સોઇ સુમરન સાર २
મિથ્યા મુખ બોલે નહી, બોલે તો હરીનામ,
કહે પ્રીતમ રૂદીએ વસે, જ્યું લોભી કે દામ. ३
સોહુ સોહુ હોત હૈ, નખ શીખ સકલ શરીર,
પ્રીતમ પલક ના બિસરે, રૂદીયેથે રઘુવીર ४

ઘડી પોહોર સુમરન કહ્યા, સુમરન સાસ ઉસાસ,
કહે પ્રીતમ અગમા રહે, આઠે પોહોર ઉલ્લાસ ૫
જોઉ આકાશકી આરશી, ભૂલે નહી સ્વરૂપ,
કહે પ્રીતમ સબ ઘટ વસે, નાથ નિરંજન ભૂપ. ૬
પેતર જેતી ખરપડી, સાગર જેતા વાહાણ,
કહે પ્રીતમ ભૂલે નહી, ભોમ તણો નિશાન ૭
મેરૂ ડગે તો મન ડગે, રહે ભજન લવલીન,
કહે પ્રીતમ સિંધુમે મગન રહે મન મીન ૮
હરી સાગર સન્મુખ ભર્યો, નાહીન ન્યુન્ય લગાર,
કહે પ્રીતમ એકરસ રહે સોઇ સુમરન સાર ૯
સબ ઘટ સીતા રામજી, જ્યુ હીગસુ હેમ,
કહે પ્રીતમ હરી પ જોઈ, કરહુ નિરંતર પ્રેમ ૧૦
સુતા સુમરન હોત હૈ, બેઠા બહુત પ્રકાર,
કહે પ્રીતમ ચલતા ચીતવે, હરીકો નામ ઉદાર ૧૧
સુમરનસે સંશય ટળે, શોક સમૂળો જાય,
કહે પ્રીતમ મનકે મહી, ગુણ ગોવિંદ કે ગાય. ૧૨
સહસ્રવદન સુમરન કરે, સદા સર્વદા શેષ,
કહે પ્રીતમ ભૂમિતણો, ભાર ન લાગે લેશ ૧૩
ગગન પવન પાવક ઉદક, અવની ભાર અઢાર,
કહે પ્રીતમ સુમરન કરે, સહુકો રૂદીયામોજાર ૧૪
સુમરન સેવા સતકી, કીર્તન કથા પ્રસંગ,
કહે પ્રીતમ સુમરન સબે, જ્યુ લાગે હરીરંગ ૧૫
મોહ ટળે ગ્રંથી ગળે, મળે ત્રીભોવન નાથ,
કહે પ્રીતમ ફેરો ફળે, હરી સ્મરણ હૈયા સાથ ૧૬
સેહેજે સુમરન હોત હૈ અખંડ અજપા જાપ
કહે પ્રીતમ સમજી શકે, ટળે શોક સંતાપ ૧૭
એકવીશ સહસ્ત્ર ખડસે ઉઠે, રાત દિવસ રરકાર,
કહે પ્રીતમ પદ પ્રીછતા, લાગે નહી વકાર ૧૮
મુખ જીહ્વા હાલે નહી, અવર ન જાણે કોઈ,
કહે પ્રીતમ આપા મીટે, સેહેજે સુમરન હોય ૧૯
પચાસ અક્ષર બંધન પડે, દો ત્યરે દુખ હરન,
કહે પ્રીતમ રરો મમ્મો, ભવજળ તારણ તરણ ૨૦

રરો નિર્ગુણ નામ હૈ, મમ્મો મગળ આપ,
કહે પ્રીતમ જુગતે જપે, તપે નહી ત્રિવિધિ તાપ. ૨૧
શત કોટી રામાયણમા, રામ નામ અક્ષર દોય,
કહે પ્રીતમ રરો મમ્મો, લીયા શકરને સોય ૨૨
સબ સાધનમે સુગમ હૈ, રામનામ મહા મત્ર,
કહે પ્રીતમ રસના રટે, તન મન હોય પવિત્ર. ૨૩
સમરણાથે માયા સમે, દમે નહી લવલેશ,
કહે પ્રીતમ સમરણ ભજન, હરીજન કરે હમેશ ૨૪
માયા દમે ન મન દમે, દમે ન દુખ નસાર,
કહે પ્રીતમ પરબ્રહ્મકો, ભજન કરે ભવપાર ૨૫

અથ માયાકો અગ

ત્રી મધ્ય ગુણભથી, કીયો ત્રિગુણ વિસ્તાર,
કહે પ્રીતમ માયાવડે, રચ્યો સકલ સસાર ૧
સાત્વિકથે સબ દેવતા, રાજસ ઇદ્રી વિકાર,
કહે પ્રીતમ તામસ તણા, વિષય તે પચ પ્રકાર. ૨
મૂળ માયા ઇશ્વર થકી, ઉપજાવ્યું બ્રહ્માડ,
કહે પ્રીતમ બ્રહ્માડમા, સપ્ત દ્વીપ નવખડ ૩
ખડ ખડ બહુ દેશ હૈ, દેશ નગર પુર ગામ,
કહે પ્રીતમ એક ગામમે, રચ્યો બહો વિધિ ધામ ૪
ધામ ધામ બહુ મનુષ્ય હૈ, ઊચ નીચ નર નાર,
કહે પ્રીતમ માયા ધરે, રૂપ અનંત અપાર ૫
રાગ દ્વેષ હું તુ કરે, એ માયાકો મુળ,
કહે પ્રીતમ કૈસે મીટે, ક્ષણ ક્ષણ ઉપજે શુળ ૬
માયા માયા એક હે, લાગી જીવકુ આય,
પ્રીતમ છાયા દેવકી, સો છેદે કયો જાય ૭
માયા મસાલે સબ બના, નાના મોટા ઘાટ,
કહે પ્રીતમ અણુ આદિ લઈ, સુક્ષ્મ અરૂ વેરાટ ૮
એ માયા દીસે સબે, દૃષ્ટ પદારથ હોય;
પ્રીતમ નાવે દૃષ્ટમે સાર પરપદ સોય ૯
માયા ચક ઓથે રહી, જક્ત ખેલકુ જોય,
કહે પ્રીતમ પ્રભુ દેખહી, પ્રભુકુ દેખે કોય ૧૦

અંતરજામી આતમા, સબહીકે ઉર વાસ;
કહે પ્રીતમ માયા ગ્રહીત, સો આદ્યપુરૂષ અવિનાશ ૧૧
પ્રકૃતિ સ્વભાવ જુદો પડયો, મૂળે વસ્તુ એક;
કહે પ્રીતમ વીરલા લહે, જાકુ જ્ઞાન વિવેક ૧૨
ઇદ્રજાલકે ખેલમે, મોહ્યા સબ સસાર,
કહે પ્રીતમ સબ દોહલા, જાને જાનનરહાર ૧૩
માયા મોટી ભાસકી, પડયા જીવતા માય,
કહે પ્રીતમ વીત કલ્પ તો હુ નીકસે નાહી. ૧૪
ઊંબરારૂ માયા રહી, ફલ બ્રહ્માડ અપાર,
કહે પ્રીતમ તામે પડે, જતુ કરે વિહાર ૧૫
કાલરૂપી ભક્ષણ કરે, ગુલરકે ફલ બહોત,
કહે પ્રીતમ એસે ફીરે, માણસકે શીર મોત ૧૬
માયા ગાંધી કોથળો, ચીજ અનેક તામાહી,
કહે પ્રીતમ જુગતે ધરે, તબ કછુ એકઠા નાહી. ૧૭
બાવલકો બીજ રાખહી, સહસ્ર વરસ લગી કોય,
કહે પ્રીતમ કાટા સહિત, જબ ઉગે તબ હોય ૧૮
માયાકે સબ નામ હૈ, કહે સબ શાસ્ત્ર પુરાણ
કહે પ્રીતમ ન્યારો રહે, સો નર પરમ સુજાણ ૧૯
માયા[1] અવિદ્યા[2] અવ્યાકૃત,[3] અક્ષર[4] અરૂ અજ્ઞાન[5],
કહે પ્રીતમ પ્રકૃતિ[6] અજા, ક્ષેત્ર[8] ધામ પ્રધાન[10] ૨૦
માયા મમમે મીલ રહી અવિદ્યા શીખાવે આન,
કહે પ્રીતમ આકૃતિ નહી અવ્યાકૃત અહમાન ૨૧
અક્ષર ટાળી ટળે નહી, મિથ્યા ભાસે ભાન,
કહે પ્રીતમ અનુભવ નહી, તાથે એ અજ્ઞાન ૨૨
પ્રકૃતિ કહીએ પગક્રમી, અજા જન્મ નહી માટ;
કહે પ્રીતમ સૌ ઉપજે ક્ષેત્ર કહી તે માટ ૨૩
ધામ તજે રહેઠાણ એ, ધરે બહુ વિધિ માન,
કહે પ્રીતમ પુરૂષ આગે કરતા હન્તા માટે એ પ્રધાન ૨૪
માયા આવરણ અષ્ટ હૈ પૃથ્વી ઉદક તેજ,
કહે પ્રીતમ વાયુ ગગન ગુણ અહંકાર મન એજ ૨૫
માયા તીમીર સેહેજે ટળે ને પ્રગટે બ્રહ્મ પ્રકાશ,
કહે પ્રીતમ તત્વ સાખ્યમા, ઉગરે તે અવિનાશ. ૨૬

અથ તત્વ સાંખ્યનું અંગ.

ક્ષીતી જળ પાવક પવન નભ હું, નહી ત્રિગુણ અહંકાર
કહે પ્રીતમ મહત્તત્વ નહી પ્રકૃતિ પુરૂષ વિસ્તાર ૧
ઇંદ્રી ચતુર્દશ દેવતા, શબ્દાદિક સાક્ષાત,
કહે પ્રીતમ સેવે સદા, વિષય ભોગ વિખ્યાત. ૨
પંચતત્વકી ઇંદ્રી દશ, પંચકર્મ પંચજ્ઞાન,
કહે પ્રીતમ એ પ્રીછતા, ટળે દેહાભિમાન ૩
શ્રવણ વદન આકાશકી, ત્વચા હસ્ત સોઇ પવન;
કહે પ્રીતમ ચક્ષુ ચરણ, તત્વ તેજકો રવન, ૪
જીંહ્વા લીંગ જળકે બને, ભોમ ગુદા અરૂ પ્રાણ,
કહે પ્રીતમ એ પ્રસીદ્ધ હૈ, ગાવે નિગમ પુરાણ ૫
કરણ ઇંદ્રી દિક દેવતા, શબ્દાદિકકો સંગ,
કહે પ્રીતમ ગુણ વાસના, પોહોચવે સર્વ અંગ. ૬
ત્વચા ઇંદ્રી સ્પર્શ વિશે, વાયુદવ દયાળ
કહે પ્રીતમ ત્રિપુટી તણી, ચૈતન્યકુ સંભાળ ૭
નેત્ર ઇંદ્રીકો રૂપ વિષય, સ્વામી તાકો સુર,
કહે પ્રીતમ તત્વ એ તેજકો, કરેસો તેજ હજુર ૮
જીંહ્વા ઇંદ્રિ રસ વિષય, વરૂણ દેવ સંજોગ,
કહે પ્રીતમ કારણવડે, કરે ચિત્તવૃત્તિ ભોગ ૯
નાસા ઇંદ્રિ ગંધ વિષય, અવની અધિદેવ સાર,
કહે પ્રીતમ ચૈતન્યકુ ચડેપૂજા પંચ પ્રકાર ૧૦
કર્મઇંદ્રીક્રિયા કરે, પંચ પ્રાણ સંગ સોય,
કહે પ્રીતમ શુદ્ધ સમજલે, કારજ કારણ દોય. ૧૧
કારજ કંચન ઘાટ હૈ, કારણ કુંદન મૂલ,
કહે પ્રીતમ એ દેખલે, જે કછુ સૂક્ષ્મ સ્થુલ ૧૨
પૃથ્વી કે પંચ ભાગ હૈ, અસ્ત માસ નસ ત્વચારોમ,
કહે પ્રીતમ એ નહી આતમા, પંચે ભાસે ભોમ ૧૩
પરસ્વેદ અરૂ લાળ કફ, આસુ અમારી સોય,
કહે પ્રીતમ ઉદકકે, આત્મા અળગો હોય ૧૪
કામ ક્રોધ અરૂ કલ્પના, દ્વેષ ઉદ્દમાત જાણ,
કહે પ્રીતમ એ તેજકે, પાચે ભાગ પ્રમાણ ૧૫

શ્વાસોશ્વાસ અરૂ હેડકી, છીંક બગાસુ સીદ્ધ,
કહે પ્રીતમ એ પવનકે, પાચે ભાગ પ્રસિદ્ધ ૧૬
કહે સાભળે વીસરે, થભણુ હે અવિકાશ,
કહે પ્રીતમ તુ પરખ લે, એ પચ આકાશ ૧૭
કઠણુ ભોમ ભારે ઉદક, તપત તેજ કહેવાય,
કહે પ્રીતમ પ્રસરતા પવનકો, સ્થીર આકાશ ગવાય ૧૮
પૃથ્વી અધિક પર્વત વિશે, ઉદક અધિક તરૂમાય,
કહે પ્રીતમ દૃષ્ટે પડે, પચતત્વ વિના નાય ૧૯
તેજ અધિક મછ મીનમા, અધિક પખીમા પવન,
કહે પ્રીતમ આકાશમા, રહે ચતુર્દશ ભુવન ૨૦
પરા પશ્યતિ મધ્યમા, વૈખરી વાણી જેહ,
કહે પ્રીતમ પરમાત્મા, સબકુ પ્રેરે તેહ ૨૧
મન બુદ્ધિ ચિત્ત અહકાર, શબ્દાદિ વિષય પચ.
કહે પ્રીતમ લીગ વાસના, કરે સદા પ્રપચ ૨૨
અતકરણ વૃત્તિવડે, જાણે સુખ દુખ ભોગ,
કહે પ્રીતમ નિર્લેપ હે, જાકુ આતમ જોગ ૨૩
કર્ત વૃત્તિ નખ શીખ લગી, ક્રિયા રહી દશ દ્વાર
કહે પ્રીતમ કર્મ વૃત્તિ જે, હો ગઇ વિષયાકાર ૨૪
ઈંદ્રી વિષયને ઓળખે, નહી જાણે નિજરૂપ,
કહે પ્રીતમ પ્રકાશક દેહકો, આત્મા બ્રહ્મસ્વરૂપ ૨૫

અથ બ્રહ્મસ્વરૂપ વર્ણન.

બ્રહ્મ અખંડિત અવિનાશ હૈ, અજ અવ્યય અવિકાર,
કહે પ્રીતમ નિર્લેપ હૈ, નિરાલબ નિરધાર ૧
નિર્ગુણ નિરાકાર નિત્ય, નિજાનંદ નિજરૂપ,
કહે પ્રીતમ વ્યાપી રહ્યા, ચૈતન્ય શુદ્ધ સ્વરૂપ, ૨
શુદ્ધ ચૈતન્ય સાક્ષી પ્રમાતા, પ્રમાણ પ્રમેતી જેહ,
કહે પ્રીતમ પચનામ બ્રહ્મકે, અનુભવે ઓળખે તેહ ૩
બ્રહ્મ સમુદ્ર નભર ભર્યો જ્યુ પ્રલેકાળ હોય,
કહે પ્રીતમ પુરણુ સદા એક નિરતર સોય ૪
સાગરમેં જ્યુ બુદબુદા, ઐસે ઉપજે સૃષ્ટ,
કહે પ્રીતમ વીરલા લહે, જાકુ આતમા દૃષ્ટ ૫

જ્યુ સિધુમે હોત હૈ, લહરી અનત અપાર,
કહે પ્રીતમ યુ બ્રહ્મમેં ઉપજે સબ સસાર ૬
અણુ મધ્યે નહી આતરો, વ્યોમ વિષે નહી વાડ,
કહે પ્રીતમ યુ બ્રહ્મમે, નહી આવરણ કછુ આડ. ૭
નાશ નહી આકાશકો, યુ આત્મા હૈ અદ્વૈત,
કહે પ્રીતમ આનદઘન, સબ ઘટ તુરીયાતીત ૮
અભ્ર હોત આકારસમે જ્યુ તરવર કે પાત,
કહે પ્રીતમ યુ બ્રહ્મમે, આ દેહ આવન જાત ૯
બ્રહ્મ અનાદિ અટલ હૈ, અકળ અરૂપ અછેદ,
કહે પ્રીતમ નિત્ય કહત હૈ, મહિમા ચારે વેદ. ૧૦
અગ્નિ કે અબારથે, દીપ બહુ વિધિ હોય,
કહે પ્રીતમ યુ બ્રહ્મસે, જીવ જગતકે જોય ૧૧
ભાડ ભૂમિમો ભિન્ન નહિ, આદ્ય અત મધ્ય એક
કહે પ્રીતમ યું બ્રહ્મમે ઉપજે ખપે અનેક ૧૨
કુદન કાઇ લાગે નહી, વગળ ભળે હોય હીન,
કહે પ્રીતમ સબ કર્મકે, જીવ ઇશ્વિર આધીન ૧૩
શુદ્ધ દૂધ સોઇ બ્રહ્મ હૈ, ઇશ્વર આયો નીર,
કહે પ્રીતમ જળ જ્યુ મીલા, ત્યુ ત્યુ વણસ્યા ખીર. ૧૪
બ્રહ્મ કર્મસે રહિત હૈ સકળ ધર્મકો મૂળ,
કહે પ્રીતમ દુખ પાવહી હોય બ્રહ્મ પતિકુળ ૧૫
ચેતન્ય સાગર એક રસ, કનક હડ મણી દીપ,
કહે પ્રીતમ ત્યાગ નહી, રહે સદાએ સમીપ ૧૬
ચદા અર્ક અગ્નિ, વિષે, જળહળ જયોત પ્રકાશ
કહે પ્રીતમ અજ મસકમા, બ્રહ્મ નિરતર વાસ ૧૭
શશી સુર ચક્ષુ વિષે, જઠરા અગ્નિ જાણ,
કહે પ્રીતમ બ્રહ્માડમા, એસે પડ પ્રમાણ ૧૮
અગ્નિ એક જળ અગ્નિ એક, એક વાયુ આકાશ,
પ્રીતમ એક બ્રહ્મમે, વસ્તુ વિશ્વ વિલાસ ૧૯
સુર તપે સબ ઉપરે, તૃષા સબહી પર હોય,
કહે પ્રીતમ દેહ આતમા, જ્ઞાનદૃષ્ટિ કરી જોય. ૨૦
તરૂવર એક શાખા બહુ, નીચ ઊચ લઘુ દીર્ઘ,

કહે પ્રીતમ શું બ્રહ્મમે, ભયો સર્ગ વિસર્ગ. ૨૧
મળ્યો ખાળીયો સમુદ્રમા, ભયો સમુદ્રાકાર,
કહે પ્રીતમ બ્રહ્મ ભજનથે, ભયો બ્રહ્મ નિરધાર ૨૨
પાઉસકો પર્વત બને, લીયો દીયો નહી જાય,
કહે પ્રીતમ સમજી રહે, વાકે એહી ઉપાય ૨૩
વાણી શકે નહી વર્ણવી, કૃત્ય ન પોહોચે હોય,
કહે પ્રીતમ આકાશમા, ચિત્ર કોણ વિધ હોય ૨૪
ઊંચ નીચ નહી ઇશ્વરકુ, પુરૂષ નપુસક નાર,
કહે પ્રીતમ વ્યાપી રહ્યો, સબ ઘટ બોલનહાર. ૨૫
મીન કમઠ શુકર સહી, આહીર કુળ અવતાર,
કહે પ્રીતમ પરીબ્રહ્મકુ, કહા વરણ વેહેવાર ૨૬
નિર્ગુણ બ્રહ્મ સગુણ ભયે, રામકૃષ્ણ અવતાર,
કહે પ્રીતમ ગુણ ગાયકે, તર ગયે અનેક અપાર ૨૭
અહંતા મમતા ઇરષ્યા, વિષયાદિક જજાળ,
કહે પ્રીતમ ભવ સિંધુકે, તીર કીચ સેવાલ. ૨૮
અઢાર અગ સાખી કહી સદ્ગુરૂ કે પ્રતાપી,
કહે પ્રીતમ સોઇ સમજના, મીટ જાય વાદ વિવાદ ૨૯
લોગ્ય પડે બ્રહ્મ ભાવના, જબ ટળે કામ કલાપ,
કહે પ્રીતમ કછુ કામના, તબ લગ શોક સતાપ ૩૦

અથ કામકો અગ.

કામી કરે ન શુભ કર્મ, ધર્મ ન સમજે ઘેર,
કહે પ્રીતમ કામી રૂદે, ઉઠે વિષયકી લેહેર ૧
વિષય વસીયર તન રાફડો, મન મલીન વીખ રૂપ,
કહે પ્રીતમ સબ શ્રેષ્ટ હે પણ કામી કાળ સ્વરૂપ ૨
કામી સુણે ન હરી કથા, નહી હરીજનસુ હેત,
કહે પ્રીતમ કામી તણી, ખાલી કાયા ખેત. ૩
કામીસે કુત્તા ભલા, વરસદીને એક માસ,
કહે પ્રીતમ કામી કરે, નિશદીન વિષય વિલાસ. ૪
કામી કલક જાકુ લગ્યા, એ સમ લાછન નાહ,
કહે પ્રીતમ સસારમા સરમધા સબ માહ ૫

કૃત્ય નિવારણ સ્વાંગ ધરે સો અધિક અધિકાય;
કહે પ્રીતમ સોઇ જીવ, મુક્ત કદી નવ થાય. ૬
કામ કામ સબકો કહે, કામ ન ચિને કોય,
પ્રીતમ મન ઉઠાવ કરે કામ કહાવે સોય. ૭
કામી નર સુકૃત કરે જૈસો કુંજર શ્વાન,
કહે પ્રીતમ લઇ શીશપર, ડારે ધુળ નિદાન ૮
આત્મા એક નિર્મળા, વિષય વાદળી છાય,
કહે પ્રીતમ કામે કરી, સાર ન સૂઝે કાય. ૯
આતમ અર્ક ઉદ્યોત હૈ, કામ ગ્રહણુ કહેવાય,
કહે પ્રીતમ કૈસે કરે, ભીતર લાગી લાય. ૧૦
વિષય વન્હિ અતિ પ્રબલ હૈ, દાવાનલસે દીર્ઘ,
કહે પ્રીતમ સબ જુગ ભલા, કામી નુગરા ઉર્ગ. ૧૧
કામીકુ સ્વામી નહી, માને નહી મુરજાદ
કહે પ્રીતમ ઉન્મત્ત રહે, આઠે પોહાર પ્રમાદ. ૧૨
કામી કૃત અકૃત કરે, જબલગ જુવતી તાન,
કહે પ્રીતમ નરકે પડે, નારી પુરૂષ નિદાન ૧૩
ત્રિયા ચમક લોહ પુરૂષ હૈ, પામર પશુ સમાન,
કહે પ્રીતમ કહો કોટિ વિધિ, કામી ધરે નહી કાન. ૧૪
કામીકુ લજ્જા નહી, નિર્લજ નિર્દે નઠોર,
કહે પ્રીતમ કૈસે કહું, સબહી કર્મ કઠોર. ૧૫
કામી કોઈ મત દુ:ખ ધરો કામી અવર ન કોય,
કહે પ્રીતમ મે કામી હુ, તાય શીખામન સોય. ૧૬
શત્રુ અવર અનેક હૈ, કામ સમો નહી કોય
કહે પ્રીતમ રજ કામના સબ જુગ વરી હોય ૧૭
કામ કપટ જા ઘટ વસે, સો નર નીચ ગમાર;
કહે પ્રીતમ સુખ અલ્પ હૈ અવગુન કરે અપાર. ૧૮
કામી કાગ સમાન હૈ ડરતા રહે નીશદીન,
કહે પ્રીતમ કામી તણો, સદા અપાવન મન. ૧૯
સુકૃત સાત જન્મકો, એક પલકમે જાય,
કહે પ્રીતમ ધન ગાઠડી, ઘર આગે લુંટાય. ૨૦
કામી ગર્ધવ સારીખા, સગ ગર્ધવી નાર,
કહે પ્રીતમ લાતે હણે, તોય ન છોડે લાર ૨૧

કામીકું બહુ કલ્પ, વિષય લેહેર દીલમાહી,
કહે પ્રીતમ સબહી તરે, પણ કામીકી ગતિ નાંહી, ૨૨
કામી ભૂત ભવમે ભમે, સમે નહી સતાપ,
કહે પ્રીતમ રહે કામના, કહુ પુરવલા પાપ ૨૩
કામ કલેશકો મૂલ હે, અનરથકો ભંડાર,
કહે પ્રાતમ તજ તાહકુ, ભજ હરી કૃષ્ણ મોરાર ૨૪
કામરૂપ કલેશ હે, ક્રોધ મિલે તબ આય,
કહે પ્રીતમ મોઈ જીવ, જમપુર બાધા જાય ૨૫
કામી કૃત જે જે કરે, સોઈ કામ સ્વરૂપ,
કહે પ્રીતમ ના વશ રહે, પડે મોહ અધકુપ ૨૬
કામ કુસગતે ઉપજે, કામે ઉપજે ક્રોધ,
કહે પ્રીતમ વશ કામકે, રહે ન જ્ઞાન પ્રબોધ ૨૭
અજ્ઞાને મોહ ઉપજે, મોહે કરી બુદ્ધિ નાશ
કહે પ્રાતમ બુદ્ધિ નાશતે, પ્રાણી નરક નિવાસ ૨૮
મન મરકટ માનવ તણો, કામ ફકીર તે સાથ,
કહે પ્રીતમ નાચ નચાવહી, લોભ લાઠી લાયે હાથ ૨૯
કામ નેત્ર મુખ ક્રોધકો, રૂદે લોભ કર વાસ
કહે પ્રીતમ તીનો મિલી, કરે જીવકો નાશ ૩૦
કામીકુ બહુ કલ્પના, નિવૃત્તિ નહી લગાર,
કહે પ્રીતમ ચિત્ત દૂધ હે, કસ્તર કામ વિકાર ૩૧
કામી કટક લોહ પુરૂષ હે, સેહજ સચેત ન હોય,
કહે પ્રીતમ મન સમજ કે, સગ કરો મત કોય ૩૨
કામી તાકુ જાનીએ, પ્રવૃત્તિ વિશે ઉદાર,
કહે પ્રીતમ સાચ સમજકે, વાકો સગ નિવાર ૩૩
કામ કૃત્ય અકૃત્ય કરે, ડરે ન એક લગાર,
કહે પ્રીતમ નરકે પડે, નારી પુરૂષ નીરધાર ૩૪

અથ નારી નિદનકો અગ

નારીકુ નિદ નહી, નીદ અવગુણ એક,
કહે પ્રીતમ કહેને ગયે, આગે પુરૂષ અનેક ૧
નારી નરકકી ખાણ હે, શાસ્ત્ર કહે સબ કોય,
કહે પ્રીતમ પ્રભુ ભજનથે, પરમ પવિત્ર હોય
નારી ચાર પ્રકારકી જ્યુ નાણાકી રીત,

કહે પ્રીતમ કર જુગતસુ, જાણુ ભુઝ કર પ્રીત. ૩
મોહોર રૂપૈયો તાબીયો, કોડી નાણા માહી,
કહે પ્રીતમ યહ દામ હૈ, સબહી બરાબર નાહી ૪
સતી શુરી પતિવ્રતા, કહ્યા કહીએ નાર,
કહે પ્રીતમ સોઇ સમજકે, વાકો સગ નિવાર ૫
અમૃત સીંચે એરડે, જુગતે જવાસા પાય,
કહે પ્રીતમ કોઇ કાળે કરી, અમૃત ફળ કાંઇ થાય ? ૬
સો વરસ સેવે શીમળો, તોય ન ભાગે ભૂખ,
કહે પ્રીતમ વિષય ભોગવે, તોય દુણા દુખ ૭
નારી નિર્દય નઠોર અતિ, કઠણ કૃપાણકી ધાર,
કહે પ્રીતમ નર કાટના, કછુ ન લાગે વાર. ૮
નારીકા અપરાધ નહી, પુરૂષ પાતકી હોય,
કહે પ્રીતમ એક હાથસુ, તાળી પડે ન કોય ૯
નારી પ્યારી લગત હૈ, તબલગ વિષય વિકાર
કહે પ્રીતમ કર દુરસે, નારીકુ નમસ્કાર ૧૦
હરીકી માયા મોહની, પ્રગટ નારી નીજરૂપ,
કહે પ્રીતમ મોહે સબે, દાનવ માનવ ભૂપ ૧૧
નારી નેહ ઉપજાવહી મિથ્યા પ્રપચ પ્રીત,
કહે પ્રીતમ સબહી હરત હે, જ્ઞાન ધ્યાન ગુણ ચિત્ત ૧૨
નારી નહી એ નાગીણી, નર મેડક નિરધાર,
કહે પ્રીતમ કેત્તા ગ્રસે, લેખા નહી લગાર ૧૩
લાલચ લોભ દિખાવહી, અતિ ઉપજાવે ભાવ,
કહે પ્રીતમ જ્યુ મુખકપર, મીની માડે દાવ ૧૪
નેણ વેહ મોહ બાણ હૈ, પ્રાણ કીયો બેહાલ,
કહે પ્રીતમ મુસાપરે, મીકી કે મન ખ્યાલ. ૧૫
મજારી કે મુખ થકી ઉદર નાસે આપ,
કહે પ્રીતમ ભુખે મરે મીનકા,તેમા ઉદરકુ કછુ પાપ ૧૬
નારી નદી સ્વરૂપ હૈ, પ્રબળ વિષયકો પુર,
કહે પ્રીતમ કેતે ગયે, તાથે રહીયો દુર ૧૭
નેણુ કાજળ નાક નથ, વેણી વહીયગ જાણ,
કહે પ્રીતમ ઘુગટ કરે, હરે પલકમે પ્રાણ ૧૮
કહેત કામરૂ દેશમે, કરે પુરૂષકુ બેલ,

કહે પ્રીતમ સબ દેશમે, એહી નિરતર ખેલ. ૧૯
નર મૂરખ માને નહી, કીજે કવન ઉપાય,
કહે પ્રીતમ હાથે કરા, પડે જાલમે જાય. ૨૦
બંધન બીજે બોહોત હે, નારી-સમા નહી કોય,
કહે પ્રીતમ છુટે નહી, જે કોય બધન હોય. ૨૧
મુખસે મીઠા ઊચરે, અંતર અરૂ બાત,
કહે પ્રીતમ જુદી ન હોય, કરે દગા દઇ ઘાત ૨૨
પરમેશ્વરકે પંથમે, નારી ડર ચોપાસ,
કહે પ્રીતમ અધવીચશેં, ઉડાવે આકાશ ૨૩
મારગ બુટા દો મીલી, કનક કાના કહેવાય,
કહે પ્રીતમ વાટ ભુલાવહી, જીદર તીદર લે જાય. ૨૪
બાત પીત કફ આધ લઈ, સપ્ત ધાતુકો દેહ,
કહે પ્રીતમ નર મૂઢ જે, કરે તેહસુ નેહ ૨૫
માસ લપેટયા ચરમસે, ઉપર આછા રગ,
કહે પ્રીતમ ભય પાવહી જબહી ઉઘડે અગ ૨૬
સ્ત્રી પુરૂષ આનદમે, સબહી હરીકો રૂપ,
કહે પ્રીતમ જાકુ જે ભાવના, તાકુ તા ફળ રૂપ. ૨૭

અથ ભાવકો અંગ.

કલ્પદ્રુમકુ સેવીએ, જૈસો આપણો ભાવ,
કહે પ્રીતમ તૈસે ફ્લ, ઓર ન લાગે દાવ ૧
ઉપજે ભગવત ભાવના, તો ભેટે ભગવાન,
કહે પ્રીતમ ચિત્ત આનદ ધરે, તો કછુ ન ભાસે આન ૨
અપને ભાવે ઇષ્ટ હે, અપને ભાવે જીવ
કહે પ્રીતમ ભાવે કરી, શુદ્ધ સનાતન શીવ ૩
આપણે ભાવે બ્રહ્મ હ, આપણે ભાવે ભૂત,
કહે પ્રીતમ નીજ ભાવસુ દીસે દેવ અરૂ દુત. ૪
ભાવે ગોકુળ અવતરે, ભાવે ચારી ગાય,
કહે પ્રીતમ ભાવે કરી, ગોરસ ચોરી ખાય. ૫
ભાવે રોકી સુદરી, ભાવે લીનો દાણ,
કહે પ્રીતમ ભાવે કરી ધર્યો ગોવરધન પાણ ૬
ભાવે ગુજા ઉરધરી, ભાવે ચદ્રીકા શીશ,
કહે પ્રીતમ ભાવે કરી, ગેડી ગ્રહી જુગદીશ. ૭

ભાવે વ્રજ લીલા કરી, ભાવે વાચો બસ;
કહે પ્રીતમ ભાવે કરી, માર્યો મામો કસ. ૮
ભાવે બસે બદ્રાબન, ભાવે રચીયો રાસ,
કહે પ્રીતમ ભાવે કરી, કર્યો દ્રરકા વાસ ૯
ભાવે છાયો છાપરો, ભાવે પીનો દુધ,
કહે પ્રીતમ ભાવે કર્યો, જઇ જમકો જુધ ૧૦
ભાવે ખાધો ખીચડો, ભાવે દીનો હાર,
કહે પ્રીતમ ભાવે ભયે, વણીક વેશ કીરતાર. ૧૧
ભાવે ભૂપ મરજન કીયો, નાઈ ધરાયો નામ,
કહે પ્રીતમ ભાવે કરે, અનેક ભકતકે કામ ૧૨
ભાવે વીખ અમૃત કીયો, ભાવે દીની છાપ,
કહે પ્રીતમ ભાવે કરી, આધીન હોય રહે આપ ૧૩
અપણે ભાવે ગોમતી, અપણે ભાવે ગગ;
કહે પ્રીતમ શુદ્ધ ભાવસુ, હોય પવિત્ર તે અગ ૧૪
ભાવે જાઓ મધુપુરી, ભાવે કાશી કેદાર,
કહે પ્રીતમ શુદ્ધ ભાવ વિના, ફળે ન એક લગાર ૧૫
ભાવ વિના પૃથ્વી ભમે, દમે દેહ બહુ ભાત,
કહે પ્રીતમ શુધ્ધ ભાવ વિના, મિલે નહી સુખ શાત ૧૬
ભાવે બ્રહ્મ લીલા કરે, હરે ભૂમિકો ભાર,
કહે પ્રીતમ ભાવે ધરે, ચતુર્વિશ અવતાર, ૧૭
ભાવ ભરોસો જે ઘટ નહી, સો ઘટ ઘોર અધાર,
કહે પ્રીતમ સમજે નહી, હરી હીરા અબાર ૧૮
હરી હીરા જાહેર પડયા, જગત ખુદકે જાય,
કહે પ્રીતમ દેખ્યા વિના કૈસે ધરે ઉઠાય. ૧૯
સુઝે સો બુઝે સહી, પુજે પ્રેમે સોય,
કહે પ્રીતમ પ્રીછયા વિના, પ્રીત કોન વિધિ હોય. ૨૦
ભાવે જોગી વન વસે, ભાવે ભોગવે રાજ,
કહે પ્રીતમ સમજ્યા વિના કછુ સરે નહી કાજ ૨૧
ભાવે મીલે આતમા, આનદરૂપ અખડ,
કહે પ્રીતમ શુધ્ધ ભાવ વિના, ભાવે નહી પાખડ ૨૨
ભાવે સ્વર્ગે સંચરે, ભાવે નરક નિદાન,
કહે પ્રીતમ ભાવે મળે, ભકતવત્સળ ભગવાન. ૨૩

ભાવ વિના ભટકી મરે, કરે જો કોટિ ઉપાય,
કહે પ્રીતમએક ભાવ વિના, સંશય શોક ન જાય. ૨૪
ભાવે ઈષ્ટ ઉપાસના, કરી શકે જે કોય,
કહે પ્રીતમ શુદ્ધ ભાવસુ, હરી હસ્તામલ હોય ૨૫
ભાવે બંધન ઉપજે, ભાવે હોવે મુક્ત,
કહે પ્રીતમ વીરલા લહે, જીવન મુક્તકી જુક્ત. ૨૬

અથ જીવનમુક્તકો અંગ.

જીવનમુક્ત રહે જક્તમા, વરતે દેહ વ્યવહાર,
કહે પ્રીતમ ભીતર નહી, ઉપર કે ઉપચાર ૧
સુપનામે કોઇ સુખ કરે, કોઇ દુઃખકો દેનાર,
કહે પ્રીતમ કોઇસુ નહી, રાગ દ્વેષ લગાર. ૨
સુપનામે લાડુ જમૈ, સુપને શાથાચાર,
કહે પ્રીતમ ચિને નહી, દેનારો લેનાર ૩
સતી સજે નખ શીખ લગી, અંગે સૌ શણગાર,
કહ પ્રીતમ દેહભાવના, ધરે ન એક લગાર ૪
સતી કામની ભૂષણ સજે, છાડ ચલે સબ સંગ,
કહે પ્રીતમ રૂહીએ રહે, નીજપતિ મીલન પ્રસંગ ૫
જીવન મુકત સંસાર્મે, જ્યુ અંબુજ જલ માહ,
કહે પ્રીતમ ભેળા રહ, જરા જલ ભેદે નાહ ૬
કનક આભુષણ નિત્ય રહે, રતિ કનક નહી લેહ,
કહે પ્રીતમ મહા મુકતકુ, નહી દેહ અરૂ ગેહ ૭
દગ્ધ અંબરવત દેહ રહે, લહે ન વર્ણ વહેવાર,
કહે પ્રીતમ યુ મુકતકો, દીસે હ વિકાર ૮
ભુન્યા અન ઉગે નહી ચોહોંચે તબલગ ખાય,
કહે પ્રીતમ પોંહોચી રહ્યા, જબ કહી આવે ન જાય. ૯
જૈસે ચક્ર કુલાલકા ફરે ફેરવે કોય,
કહે પ્રીતમ તબ લગી ફરે, વેગ જહા લગી હોય ૧૦
પ્રારબ્ધ વેગ તનમે બસે, તબલગ ભુગત ભોગ,
કહે પ્રીતમ ત્રિવિધિ ટળે, રહા ન એકે રગ ૧૧
પવન ઉડાવે પત્રકુ, ભાવે તહા લે જાય,
કહે પ્રીતમ ઇચ્છા રહિત નીજ દેહ વરતાય. ૧૨

જીવન્મુક્ત ચિંતામણી, જો ચિંતવે સો હોય,
કહે પ્રીતમ મણિકે વિશે, તનક તિમર નહી કોય. ૧૩
મયપકુ મુખ શત સહસ્ર હે, મુખ મુખ તેજ પ્રકાશ,
કહે પ્રીતમ મહા મુક્તકુ, નહી જગતકો ભાસ. ૧૪
જીવન્મુક્ત જે જે કરે, ધરે ન ઉર અહંકાર,
કહે પ્રીતમ ફળ લાભકી, લાલચ નહી લગાર ૧૫
અતિ ઊંચો આકાશમે, ચઢે ચઢાકે જોર,
કહે પ્રીતમ દેખે નહી, અવની કે અકોર ૧૬
જીવન્મુક્ત કે ચલણકુ, સમજે નહી સંસાર,
કહે પ્રીતમ સાક્ષી રહે, લહે ન લોકાચાર ૧૭
વાહાણ ફરે સાગર વિશે, દશે દિશા પ્રમાણ,
કહે પ્રીતમ સુઝે નહી, દર્શ દ્રષ્ટિ નિદાન. ૧૮
પાવ ધરે પાવન કરે, પૃથ્વી દેશ વિદેશ,
કહે પ્રીતમ શુદ્ધ હોત હે, જ્યા મુક્ત કરે પ્રવેશ ૧૯
વાટ ઘાટ વન વાટીકા, ગામ ઠામ ધન ધામ,
કહે પ્રીતમ પાવન સબે, જ્યા કરે વિશ્રામ ૨૦
તીરથ પાવન હોત હે, દરશ પરશ દેદાર,
કહે પ્રીતમ મહા મુક્તકો, મહીમા અગમ અપાર ૨૧
સેવે સો સુકૃત લહે, દુકૃત નિંદક આપ,
કહે પ્રીતમ મહા મુક્તકુ, નહી પુન્ય ઔર પાપ ૨૨
જીવનમુક્ત સબ દુઃખ રહિત, એકે આવરણ નાહે,
કહે પ્રીતમ મહા મુક્ત રહે, સદા સમાધિ માંહે ૨૩
પંખી પૃથ્વીપર ચલે, સુરત રહે આકાશ,
કહે પ્રીતમ યોગ લગી, કરે ભુમિપર વાસ ૨૪
જોગેશ્વર જીવન્મુક્ત સજ્જન સ્નેહ સમેત,
કહે પ્રીતમ પરમારથી, હરદે હરીકો હેત ૨૫

અથ સજ્જનકો અંગ.

સજ્જન સુરતરૂ સારીખા, શરણ હરણ તન તાપ,
કહે પ્રીતમ શીતળ સદા, રહે સ્વરૂપે આપ ૧
કલ્પદ્રુમતે અધિક હે, સજ્જનકો ગુણ સાર,
કહે પ્રીતમ તરૂ દેત ફલ, સજ્જન હરે વિકાર ૨

જલધર જૈસે જોઇ લે, દયા હળક ઉર માંહી;
કહે પ્રીતમ જગત જીવાવહી, મેહેનત માગે નાહી ૩
સેહેજે ગાજે ગગનમે, સેહેજે વરખા હોય,
કહે પ્રીતમ પરમારથી, સબકા દાતા સોય ૪
સજ્જન ચંદન સારીખા શીતલ વાસ સુવાસ,
કહે પ્રીતમ સહુ સારીખા, જો કોઈ રહેવે પાસ ૫
સજ્જન હીરા સારીખા, સહે ઘનનકી ચોટ,
કહે પ્રીતમ તન તુટહી, તામે ઇતની ખોટ ૬
સજ્જન કુંદન સારીખા, કરે કસોટી કોઇ,
કહે પ્રીતમ જ્યું જ્યું કસે, ત્યું ત્યુ ઝીણા હોય. ૭
હેમ ગઢા ભીતર વધે, અગન જરે નહી લેશ,
કહે પ્રીતમ સજ્જન કરે સેહેજે સદ્ઉપદેશ ૮
કટુ બચન મુખસે કહે મનમે મીઠા દ્રાખ,
કહે પ્રીતમ હરી મિલનકો, ઉર અંતર અભિલાખ. ૯
સજ્જનકા મન ઉજલા, જૈસા ઉજલા દુધ,
કહે પ્રીતમ નિર્મળ રહે, બાજ્ય ભીતર શુધ્ધ ૧૦
સજ્જન સુધાસે મીષ્ટ હૈ, અવગુણ હરે અનેક,
કહે પ્રીતમ પાવન કરે, દેવે જ્ઞાન વિવેક ૧૧
સજ્જન સુમતિ દેત હૈ, કરે કુમતકુ દુર,
કહે પ્રીતમ દેખાવહી, એક હરી ભરપુર ૧૨
વિકટ સમે વિચરે નહી, દગે મળે નહી દેશ,
કહે પ્રીતમ જબ દુખ પડે, દીન દીન દુણા નેહ ૧૩
સજ્જન મિલે સુખ ઉપજે, દુખકો આણે અંત,
કહે પ્રીતમ પુન્ય કળા, જાણે નહી જડ જંત ૧૪
સજ્જન ભજન પ્રાતકે, ઉપજાવે આનંદ,
કહે પ્રીતમ એક પલકમ, કાટે ભવકે ફંદ ૧૫
કોટિ વિઘન બિચમેં પડે, સજ્જન તજે ન સંગ,
કહે પ્રીતમ કયુ ઉતરે, ચઢના ચોળકા રંગ ૧૬
સજ્જન સદ્‌ગુણ દેત હે, કરે દુષ્ટતા દુર
કહે પ્રીતમ માને નહ', માયા કેરા મજુર ૧૭
સજ્જન અંજન આખકે, મજ્જન મુખકે પાન,
કહે પ્રીતમ કયુ છાડીએ, સજ્જન પરમ સુજાણ. ૧૮

સજ્જન સ્મરણુ ભજનમે, સદા રહે ભરપૂર,
કહે પ્રીતમ નિત્ય નિરખત, હરીકુ હાલ હજુર. ૧૯
સજ્જન સક્કર સારીખા, કડવા કબહુ ન હોય,
કહે પ્રીતમ ફુલ અબકા, કોઠા કહે ન કોય. ૨૦
સજ્જન સુખી સુખ અવરકે, દુખી અવર દુ ખ દેખ,
કહે પ્રીતમ કોમળ રૂદે, નવનીત થકી વિશેખ. ૨૧
સજ્જન ગુણુ પ્રગટ કરે, અવગુણુ દેખી દુગાય,
કહે પ્રીતમ જશ આપકે, નીજ મુખ નાહી સીરાય. ૨૨
સજ્જન સુરજ સારીખા, કરે ઘોર તમ નાશ,
કહે પ્રીતમ સબકુ પ્રીય, પુરણુ પ્રેમ પ્રકાશ ૨૩
સજ્જન સમુદ્ર સારીખા, સરિતા કોટિ સમાય;
કહે પ્રીતમ એકરસ રહે, કબહુ છલી નહિ જાય. ૨૪
સજ્જન નહિ સંસારકે સજ્જન સંત અનુપ,
કહે પ્રીતમ સજ્જન સોઇ, સ્મરણુ સહજ અનુપ. ૨૫

અથ સહજકો અંગ

સેહેજ સમજ આવ્યા વિના, પુરૂષ દુખી નિત્ય જાણુ,
કહે પ્રીતમ એક સહજ બિન, ટળે ન ખેચાતાણુ. ૧
સહજ સ્વરૂપ હૈ બ્રહ્મકો, ખેચા તાણુ સો જીવ,
કહે પ્રીતમ સમજી શકે, સેહેજે સુખી સદૈવ. ૨
સેહેજે સબ ઉચ્ચારહી, સેહેજે ઉદક આહાર;
કહે પ્રીતમ સેહેજે ચલે, નાહીન ખેચ લગાર ૩
સમજ સેહેજ બીન લહે નહિ; સાર અસાર વિવેક
કહે પ્રીતમ સુખ સેહેજસે, અનરથ ટળે અનેક. ૪
સેહેજે સાધન હોત હૈ, અગમ સુગમ હો જાય,
કહે પ્રીતમ સમજી શકે, કબહુ કાળ ન ખાય ૫
સમજ વિના સાધન કરે, સો ફળ રૂપ ન હોય,
કહે પ્રીતમ ધુળ પર લીપણુ, ખુદા ખમે ન કોય. ૬
સમજ વિના સબ સમ્ય હૈ, સાકર સિંધવ લુણુ,
કહે પ્રીતમ કછુ સમજે નહિ, તાસ પ્રમોદે કુણુ. ૭
રત્ન ગુંજા ગણે એક કર, સમજે નહિ સિદ્ધાંત,
કહે પ્રીતમ પ્રીછય વિના, ભાગે નહી ભવ ભ્રાંત. ૮

ખાનપાન સબ કરત હૈ અધિક પુરૂષકુ જ્ઞાન,
કહે પ્રીતમ નીજ જ્ઞાન બીન, પ્રાણી પશુ સમાન, ૯
મખી કાઝી કાળી અજા, કાળી કામળી રીછ,
કહે પ્રીતમ સમાન સબ, નાહીં પાસરી પ્રીછ ૧૦
સમજ વિના સરખુ ગણે, રોઝ બેલ અરૂ ગાય,
કહે પ્રીતમ સમજહી, તબ સબ સશય જાય ૧૧
સમજે જીતે સુભાવકુ સુભાવ જીતે સોઇ શૂર,
કહે પ્રીતમ સોઇ શુરવીર, રહે પગ રોપી હજુર ૧૨
સેહેજ દશા સબસે ભલી, જો ઉપજે ઉર આય,
કહે પ્રીતમ સસારકુ, જીતે નિશાન બજાય ૧૩
મનકુ મારે તન દમે, ધનકુ ધર્મ લગાય,
કહે પ્રીતમ સોઈ શુર હૈ, ગમ ધામકુ જાય ૧૪
વાયુ સગે વાસના, વાસના સગે પ્રાણ
કહે પ્રીતમ પ્રાણ આત્મા, ધરે દેહ દુખ ખાણ ૧૫
સમજ સેહેજે સુખ ઉપજે, આના ઉપાયે નાહ,
કહે પ્રીતમ આપે સુખી સુખી સબહી જયા જાય ૧૬
સમજ થકી હરી ઓળખે, ઓળખે ઉપજે હેત
કહે પ્રીતમ સમજ્યા વિના, તઙ દુધ દોઈ શ્વેત ૧૭
પરહીત સમાન પુન્ય નહિ, પર પીડા સમ પાપ,
કહે પ્રીતમ સબ શાસ્ત્રમે દેખ વિચારી આપ ૧૮
શીવ ચતુરાનન શેષ શ્રુતિ, સકલ શાસ્ત્ર મત સાર,
કહે પ્રીતમ હરી નામ વિના, નહી નરકો નિસ્તાર ૧૯
હરી ગુરૂ સત દયા કરી, દીયો પરમ ધન સાર,
કહે પ્રીતમ નામે ભયે, ઉર અતર ઉજીયાર ૨૦
ભયો પ્રકાશ નીજ જ્ઞાનકે, ઉપન્યો અતિ આનદ,
કહે પ્રીતમ પ્રેમે કરી, બોલો જે ગોવિદ ૨૧
સવત અઢાર વીશી રૂદ્રની, પીસ્તાળો આશ્વીન માસ,
કહે પ્રીતમ શુકલપક્ષ પચમી, સાખી ગ્રથ પ્રકાશ. ૨૨
સદેસરમા સુખનિધિ, જાનરાય જુગદીશ,
કહે પ્રીતમ સાખી પુરણ છસે આડત્રીસ. ૨૩
સાખી ગાયે સાભળે રાખે રૂદીએ વિચાર,
કહે પ્રીતમ પ્રપચ ટળે, પામે પદ નિરધાર ૨૪

હરી પદ પામે પ્રેમસુ હોય ભ્રમણા ભંગ,
કહે પ્રીતમ કહું કેટલુ, કરજુ સદા સત્સંગ ૨૫
સત્સંગ સુખકો મલ હૈ, દુખકો મેટણહાર,
કહે પ્રીતમ પરસા વહી, વ્યાપક વિશ્વાધાર ૨૬

અથ બ્રહ્માનો ગરબો

જ્યારે ભોમી ભાર વાધ્યો ઘણો, ત્યારે ગઈ ભોમી બ્રહ્મા પાસજો.
પોઢયાતા પ્રભુ ક્ષીર સમુદ્રમા, ત્યા જઈ આરાધ્યા અવિનાશ જો.
બ્રહ્માએ ભજન કર્યું ભગવાનનું.

જાગો જાગો જગન્નાથજી, દુનિયા બહુ પામે છે ત્રાસ જો
કાપો કષ્ટ અમારૂ કમળાપતિ, અમર રહે અવિનાશ જો
ગગનગિરિ હરિ એણી પેર ઉચર્યા, સુણો સહુ અમર મારી વાત જો,
હુ અવતાર લઈશ યદુકુળમા, વસુદેવ પિતા દેવકી માત જો બ્ર.
ગોકુળ લીલા મારે કરવી છે, મુજને વહાલો વ્રજનો સાથ જો.
ચતુરાનન ચિતા કરશો નહિ, એવુ બોલ્યા લક્ષ્મીનાથ જો બ્ર.
દેવકી પરણાવ્યા વસુદેવને, કંસે આપ્યુ કન્યાદાન જો,
દાન માન કરી સહુ સંતોષ્યા, પ્રેમે વહેચ્યા શ્રીફળ પાન જો.
વીર વળાવા ચાલ્યો બેનને, એવે થઈ વાણી આકાશ જો
એનો અષ્ટમો ગર્ભ તુને મારશે, તેનો રાખ દૃઢ વિશ્વાસ જો બ્ર.
સુણતા કોપ ચઢયો ત્યા કંસને, વસુદેવ સમજાવે બહુ વાર જો;
સ્ત્રી બાળ બેનને હણે, તેના પાપતણો નહિ પાર જો બ્ર.
પુત્ર થશે તે આણી આપશુ, મન ગોઠે તે કરજો ભૂપ જો
થોડાશા જીવ્હાને કારણે, ન હણીશ અબળા બાળ સ્વરૂપ જો બ્ર.
કીર્તિમાન કુવર પહેલો થયો, વસુદેવ લાવ્યા કંસની પાસ જો.
જોઇને દયા કંસને ઉપની, હૃદયે આવ્યો દૃઢ વિશ્વાસ જો બ્ર.
એનો અષ્ટમો ગર્ભ આણીને આપજો, બીજા બાળ હણે શુ થાય જો,
એટલે નારદજી ત્યા આવીઆ, કેમ તુ બેશી રહ્યો છુ રાય જો.
કંસે માડીને કહી વારતા, નારદ કહે સાભળો ભૂપાળ જો,
જ્યા ગણીએ ત્યાથી થાય અષ્ટમો, એમ જાણ તારો કાળ જો. બ્ર.
આ જાદવ અમર સહુ અવતર્યા, દેવી ઉદર વિષ્ણુનો અવતાર જો;
એટલુ કહી નારદજી ઉઠયા, કંસને ક્રોધ ચઢયો તેણી વાર જો.
વસુદેવ દેવકી કારગ્રહ નાખિયા, ભીડી ભુગળ સાકળ દ્વાર જો

ઉપર ચોકી મૂકી ચોસરી, રખે કોઇ અળગા રહેતા લગાર જો. પ્ર.
ચોકશ રહેજો ચિત્તમા ચેતીને, બાળક જન્મે કરજો જાણ જો;
કરાર કરીને બેઠો આસને, રાત દિવસ જંપે નહિ પ્રાણ જો. પ્ર.
પાપી લાગ્યો સહુને પીડવા, કંસે માંડયો મહાકલેશ જો;
આપડા જાદવ જ્યા ત્યા થઈ જઇ, રહ્યા જઈ દેશ વિદેશ જો. પ્ર.
જે જન્મે તે આપે આણીને, બાળક માર્યાં છે બે ચાર જો,
સાતમો ગર્ભ થયો ત્યા શેષજી, દેવતા પામ્યા હરખ અપાર જો.
હરિએ હુકમ કર્યો નિજ માયાને, વેગે કરજો એહ વિચાર જો;
ગર્ભ આકર્ષણ કરી લઇ મૂકજો, રોહિણીજીના ઉદર મોઝાર જો
આઠમે આપે નાથ પધારીઆ, સુર સહુ પામ્યા હરખ અપાર જો,
પુષ્પની વૃષ્ટિ કરે સહુ દેવતા, જે જે બોલે ગગન મોઝાર જો.
શ્રાવણ વદી અતિ ઉત્તમ અષ્ટમી, અભિજીત રોહિણી બુધવાર જો;
લગન જોત મુહુર્ત્ત શુભ તે ઘડી, અર્ધનિશાએ હરિ અવતાર જો
દરશન દીધુ દેવકી વસુદેવને, દેવતા પામ્યા અતિ આનંદ જો,
મુખડુ જોતા દુખડુ સહુ ટળ્યુ, ટળ્યા મોહ માયાના ફંદ જો
કીરીટ મુગટ કુંડળ હીરે જડયા, કોટે કૌસ્તુભમણિના હાર જો
પીત વસન તન ધન દામની, ગદા આયુધ ભુજા ચાર જો પ્ર.
ચરણકમળ સેવે સિંધુસુતા, પદરજ વંદે અજ ઉમયા ભર્તાર જો,
મંદ મંદ હાસ્યે હરિ બોલિયા, તમો તપ કીધુ હશે બાર હજાર જો
તપ કરી મુજ પાસે વર માગિયો, તે અર્થે લીધો અવતાર જો,
હાવે રખે શત્રુનો ભો રાખતા, થોડે દિવસે મળશે સારી ધીર જો
ગોકુળ લઈ ચાલો ચૂપે કરી, નંદ જશોદાને દ્વાર જો,
મુજ બદલે માયાને લાવજો, એમા કોઈ ન જાણે નિરધાર જો
એમ કહી હરિ સૂક્ષ્મરૂપે થયા, જેનો કોઈ ન પ્રીછે પાર જો,
લઈ ચાલ્યા વેગે વસુદેવજી, ભાગી ભુંગળ ઉઘડયા દ્વાર જો
સહુપર નાખી માયા મોહની, નિદ્રાવશ ઘોરે સંસાર જો,
રવિતનયાની તીરે આવિયા, વસુદેવે પ્રેમે ઉતાર્યા પાર જો. પ્ર.
ચંદ્ર આવી અજવાળુ કર્યું, ઈંદ્રે કીધી અમૃતધાર જો,
માયાએ આવીને ઓથો કર્યો, તે દિન બાવન ને વરસ અગિયાર જો.
ગોવિંદ ગોકુળમા પધારિયા, આવ્યા નંદજીને ઘેર જો,
જશોદાજીની સેજ્યાએ સુપ્યા શામળો, તેની કોઇ ના પ્રીછે પેર જો.
સુત મુકીને લીધી સુતા, ત્યા વેગે ચાલ્યા વસુદેવ જો,

આવ્યા તેમ પાછે પગલે ગયા, મધુપુર જઈ પહોચ્યા તતખેવજો.
જે જ્યમ હતું તે ત્યમ થઇ રહ્યુ, એટલે પ્રગટયો પ્રાત કાળ જો;
જ્યારે રોવા લાગી બાળકી, ત્યારે જાગ્યા સહુ રખવાળ જો પ્ર.
ચૂપે જાણુ કર્યું જઈ કંસને, જેને જીવ્યાનુ છે મન જો,
ઉઠીને આવ્યો ત્યા ઉતાવળો, કન્યા દીઠી રૂપ રતન જો. પ્ર.
કુલાહલ કરે ત્યા દેવકી, હવે રહેવા દે એટલું બાળ જો,
જોરે ઝૂટી લીધી હાથથી, પટકી શલ્યા ઉપર તતકાળ જો પ્ર.
દેવી ઉડી આકાશમા, ગગને જઇને બોલી જો,
સુજને શુ મારેછે મુરખા, તારો વેરી વ્રજમા જાણજો પ્ર.
કંસે કરવા માડી શોચના, હૃદયે લાગ્યું દુ ખ અથાગ જો,
ગોકુળમા ગોવિંદે લીલા કરી, ઉછર્યા નંદરાયને ઘેર જો પ્ર
પુત્ર વધાઇ આપે નંદને, હીરા હેમ વસ્ત્ર શણગાર જો,
ઘેર ઘેરથી આવે સહુ ગોપિકા, પ્રગટયો હૃદયે પ્રેમ અપાર જો.
ચતુરા ચોક પૂરાવે મોતીએ, નવરંગ તોરણ બાધ્યા દ્વાર જો,
કેસર કુકુમ છડા દેવરાવિયા, મંગળ ગાન કરે વ્રજની નાર જો.
દધિ કાદવ કીધો નંદ આંગણે, નાચે ગોવાળ કરે રસ રંગ જો,
શોભા સાગર સુંદર શામળો, અંગોઅંગ વાધ્યો કોટિ રંગ જો.
સુવર્ણ ફુલે વ્રજ ફુલી રહ્યો, ઘેર ઘેર આનંદ ગીત વધાઈ જો,
જ્યા ત્યા ધન ધરતીમા ઉભરે, ભોમી રતન મણિમય છાઈ જો.
ગંગા આદે તીરથ વ્રજમા વસ્યા, શંકર આદે સર્વે દેવ જો,
આવી અચળ વસ્યા ત્યા ઈંદ્રિ, કરવા નિજ પતીની સેવ જો પ્ર
બાળચરિત્ર કરે બહુ રીતશુ, નિત્ય નિત્ય નૌતમ નંદકિશોર જો;
સુના ધામ જોઈ હરિ સંચરે, નામ ધરાવ્યુ માખણચોર જો. પ્ર.
કંસે મોકલી માસીપૂતના, લીધુ લક્ષ્મી જેવુ રૂપ જો,
ઝેર હળાહળ સ્તન પર ચોપડી, હણુતી બાળકચંદ્ર અનુપજો
જોતી આવી જશોદાને આગણે, કહે દેખીએ તમારો બાળજો,
જશોદા ગૃહે કારજ કરતા હતા, પારણે પોઢયા લાલગોપાળ જો.
લઇ ધરાવવા લાગી લાલને, ધાવતા શોષી લીધા પ્રાણ જો,
પાડી ચીસ પડી પૃથ્વિ વિષે, એણીપેર નિશ્ચે કીધી નાશ જો.
રહી લુણ ઉતારે જશોમતિ, આ તે આ જો શુ કહેવાય જો;
હજુ એને હીંડતા આવડતું નથી, પડે ગડે ને ઉભો થાય જો.
લાખ ઓળભા લાવે લોકના, ફોડે ઢોળે મહીના માટ જો,

યમલા અર્જુન સુત કુબેરના, ઉધરી ગયા સ્વર્ગની વાટ જો. પ્ર.
જશોદા મોતીહાર પરોવતા હતાં, લીધાં મુષ્ટિ ભરી મોસર જો;
મોતીકેરા ઉછેર્યા ઝાડવા, વ્રજ જુવતીને શણગાર જો. બ્રહ્માએ
અઘ બક ધેનુક વચ્છાસુર આવીયા, શંખતુડ કેશિ વૃષભાસજો;
હરિએ રાખ્યા રઝળતા તેહને, આપ્યો આપ ચરણનો નિવાસજો
જળ જમુનાથી કાળીનાગ કાઢીઓ, નાથે નિર્મળ કીધુ નીરજો;
જુવતી જળ જમુનામા ઝીલતા, કદમે ચઢીને ચોર્યા ચીર જો.
સો પ્રણામ સુરજને કરાવ્યા, દોષ નિવાર્યો શ્યામશરીર જો,
વરૂણને ઘેરથી નંદને છોડાવિયા, વૈકુંઠ વશિયુ જમુના તીર જો.
ઈંદ્ર કોપ કર્યો વ્રજ ઉપરે, ત્યારે ધરિયો ગોવર્દ્ધન જો,
હાથે છાયો છબિલાજીએ કરી, બચાવ્યા વ્રજના જન જો. પ્ર.
રમિયે રંગે રાસ રમાડિયો, વેણુ વગાડી તેડયા વન જો,
તારૂણીકેરા તાપ નિવારીઓ, સુખડુ આપ્યું જુગજીવન જો
વ્રજની લીલા કોણ શકે વર્ણવી, નામ લે કોટિ શારદા શેષજો,
નિગમ નિરંતર જેને ગાયછે, તેનો પાર ન પામે લેશ જો પ્ર.
એટલે નારદ મુનિ આવિયા, પ્રભુને કહી શકે તે વાત જો,
હાવે કાગ્જ કરવા છે ઘણા, હજુ કેમ બેશી રહ્યાછો નાથ જો.
પાપી પરિયટને ઉધારવો, કરવુ માળીનુ કલ્યાણ જો,
કુબજા કેરૂ ચંદન લેવુછે, લેવા પાપી કંસના પ્રાણ જો. પ્ર
વસુદેવ દેવકીના બંધન છોડાવવા, વિદ્યા ભણવી સંદિપદ્ધાર જો,
જોરે જરાસંધને જીતવો, કરવી કાળયવનની પેર જો પ્ર.
દરિયામા રચવી દ્વારકા, શોભે સકળ શિરોમણિ સાર જો,
સોળ સહસ્ર શત આઠને પરણવી, કરવોછે પાડવનો પોબારજો.
એટલુ કહીને નારદજી ઉઠયા, પોહોચ્યા બ્રહ્મલોક નીરધાર જો;
કંસે અક્રુર મોકલ્યા તેડવા, તે તો આવ્યા નંદને દ્વારજો પ્ર
કંસે તમ સુત સહિત તેડાવિયા લીધુ ધનુષજાગનુ નામ જો;
પછે કાય ગમતુ ગોવિંદનું થશે, કંસને મળવાનું છે કામ જો.
નંદની આધે ગોપ ગોવાળા, રથમા બેઠા કેશવ રામ જો,
રથ ઝાલીને રાધાજી રહ્યાં, નહિ જાવા દેઉં સુંદરશામ જો. પ્ર.
વીટી વળી સર્વે સુંદરી, જેને સાચો અધિક સ્નેહ જો,
પ્રાણ અમારા સાથે ચાલશે, અમને મળે કયા સંદેહ જો. પ્ર.
પ્રેમે ગોષ્ટિ કરી સહુને સમજાવ્યાં, ચાલ્યા કઠણ કરીને મનજો

અક્રૂર જમુનામા ના'વા ગયા, જળમાં દીઠા જુગજીવન જો. પ્ર.
પ્રથમ પરિચિટની પૂજા લીધી, સર્વે શણગાર્યા ગોવાળ જો,
મારગે માળીએ પુષ્પ ચઢાવિયા, મુક્તિ આપી દીનદયાળ જો.
કુબજાકેરૂ ચદન લીધુ છે, કીધુ કમળા જેવુ રૂપ જો,
ધનુષ ભાગતા યોદ્ધા બહુ હણ્યા, ત્યારે ભે પામ્યોછે ભૂપ જો.
કુજર કુવલયાપીડ પછાડીઓ, માર્યા ચાણુર મુષ્ટિક મલ્લ જો,
આવી રાજસભામા ઊભા રહ્યા, પટકયો કસ કેશ ગ્રહી શલ્યજો
માત તાતના બધન છોડાવિયા, જઈને પ્રેમે લાગ્યા પાય જો,
પુરવાશી પાવન સર્વે કર્યા, ઘેર ઘેર આનદ ઓચ્છવ થાય જો
લાકિક વિદ્યા ભણ્યા સદિપની, આણી આપ્યો તત્કાળ બાળજો.
જોરે જરાસધને જીતીઓ, કીધો કાળયવનનો કાળ જો પ્ર
દરિયા તીરે વાસી દ્વારકા, પરણ્યા સોળ સહસ્ર શત આઠ જો,
પ્રેમે પાર્થનો રથ હાકિયો, ડાટયો મહાભારતનો ઠાઠ જો પ્ર
એણીપેરે ભોમી ભાર ઉતારીઓ, લીલા કીધી અનત અપારજો,
પ્રીતમ સરખા પતીત ઉદ્ધારિયા, એવા અશરણાશરણ મોઝાર જો.
મહિમા મોટો શ્રીજાનરાયનો સધેસરમા સદા વાસ જો,
ગરબો ગાય સાભળશે ને શીખશે, તે પ્રાણી પામે વકુઠવાસ જો પ્ર.

પદ રાગ ચાબખાનો

ભજન કેમ કરતો નથી પાજીરે, સીતારામ કેમ થાશે રાજી ટેક.
મહાદુખ ભોગવીને માયા મેળવી, તેને ઊધો બેઠો દાટી,
ખાધુ નહી ખવરાવ્યું નહી, પછે જાતા કુટે છાતી, ભજન.
વિષય ભોગવતા વશ વાધ્યો ને મુને ત્રુઠયા નાજી,
મમતાની ઘાણીએ ફેરા ફરે, પછે તૃષ્ણા થઇ તાજી ભજન.
સોનુ પેહેરીને શોભા દેખાડે ને માળાથી મરે લાજી,
ભકિતવિના ભુડા હાલ તમારા એમ કહી ગયા પડીત કાજી ભ
માયાની ટીપણે લાદ્ય લાગી, તેને શુરે બેઠો ચાટી,
કહે પ્રીતમ ભાઈ હરીભજ્યા વિના અતે સૌ ધૂળ માટીરે ભ.

પદ રાગ ગરબી.

હરિ ભજીએ તો આવે સુખની લેહેર જો,
આ દુર્લભ મનુષ્યા દેહનો લહાવો લીજીએ. ટેક.
કયા થકી આવ્યો ને જીવ તારે કયા જવું,

ઓલ વિચારી જો ઠરવાનો ઠામ જો,
આ જુઠા જગત સાથે ઝગડો નવ કીજીએ,
અંતે સાચો બોલી સીતારામ જો. આ દુર્લભ.
આ મનુષ્યા દેહ પામ્યો રે મોંઘા મુલની,
કોટી જન્મના પુણ્ય તણો નહી પાર જો,
આ શીશને સાટે રે માગી નહી મળે,
એક ઘડી તો લાખેણી વહી જાય જો આ દુર્લભ.
આ વ્રજવાસી ગોપીએ લહાવો લૂટીઓ,
મૂકી દીધી કાંઈ માતપિતા કુળ લાજ જો,
સાચુ તે સગપણ રે શામળીયા તણુ,
સરીયા સરીયા એ વનીતાનાં કાજ જો. આ દુલભ.
આ તન મન ધન જોબન રે રંગ પતંગનો,
આ જેને જોતામાં વણસી જાય જો,
અંતરમા ઓળખી લે આતમરામને,
કહે પ્રીતમ તારૂ આવાગમન મટી જાય જો. આ દુર્લભ

પદ રામ ગરબી

રસ અગમ અપાર, સુરનર પાર ન પામે મન વાણી વડે,
મારા વાલાજી, જોગેશ્વર જોતા તે કોઈને નહી જડે ટેક
રસ પ્રેમી જન હોય તે પામે, જેમ જળ આવે નીચે ઠામે,
આ જગત ચઢ્યું છે અવળે વામે, રસ અગમ
રસ દેવકીને ઉદરે ઉદય થયો, રસ રેલ્યો તે ગોકુળમા ગયો,
રસ વ્રજમા જયજયકાર થયો, રસ અગમ.
રસ વ્યાસજીના કુવરે ચાખ્યો, રસ ઉત્તરાસુત પરિક્ષીતે દાખ્યો,
રસ બ્રહ્મસુતાએ ઉરપર રાખ્યો, રસ અગમ.
રસ પ્રલ્હાદે પ્રેમે પીધો, રસ પીને ધ્રુવ અવિચળ કીધો,
રસ વ્રજ વનિતાએ વેહેચી લીધો, રસ અગમ.
રસ પીને મીરા મુક્ત થઇ, રસ પીધો ગૌતમની નારી,
રસ કર્મસંજોગે કુબજા પામી, રસ અગમ.
રસ નરસિંહમેહેતે નિશ્ચે લીધો, રસ કમળાને કાજે કીધો,
જનકસુતાએ પાઇને પીધો, રસ અગમ
રસ જયદેવ શુકદેવે જાણ્યો, રસ પદ્માવતીએ પરમાણ્યો,

રસ દ્રુપદસુતાએ સભામાં આણ્યો, રસ અગમ.
રસ અજર અમર રહે એવો છે, રસ માનવીઓને મેવો છે;
રસ સૌને પીવા જેવો છે, રસ અગમ.
રસ પીજો પીધાને ટાણે, પછી નહિ મળે ખરચે નાણે,
રસ દુરીજન હોય તે શું જાણે, રસ અગમ.
રસ રસીયા રસ રાખો જારી, રસ પીએ રસના અધિકારી;
પ્રીતમના સ્વામીની પ્રીત ન્યારી, રસ અગમ.

પદ રાગ કલ્યાણ

આનંદ મંગળ કરૂં આરતી, હરી ગુરૂ સંતની સેવા,
પ્રેમ ધરી મંદીર પધરાવું, સુંદર સુખડાં લેવા, આનંદ.
રત્ન કુંભવંત વાજા ભીતર, આનંદરૂપી એવા,
ત્રીભુવન તારણ ભકત ઉદ્ધારણ, મહુરત અકળ અમેવા, આ.
તીર્થ સહુ સાધુને ચરણે, ગંગા જુમના રેવા,
કહે પ્રીતમ ઓળખ્યો અણસારો, હરી હરીજન જેવા આ.

નરભેરામ

રાગ પરજીયો

રામ રામરે ગયા જીવને રડતા નથી,
રડે સ્વારથ સૌ કોઇરે, આપ આપણું સરવે રડે,
વળી કાંઇ લોકાચારરે, ગયા જીવને રડતા નથી. ૧
રામ રામરે જીવ ગયે સૌ સુનું થયું,
કાયા નગર સુનકારરે, દશે દરવાજા બંધ રહ્યા,
તુટયા શ્વાસના તારરે ગયા જીવને. ૨
રામ રામરે તારૂણી કેવું કહીને રૂવે,
છુટા મેલીને કેશરે, ગયું માણીગર મંહરૂં,
ન જાણી બાળે વેશરે, ગયા જીવને ૩
રામ રામરે સાસરીવાળા કેવું કહી રડે, પુત્રી સુખ બહુ પેરરે,
હવે તે એને શું કરે, એણે પરણી કર્યો કેરરે, ગયા. ૪
રામ રામરે માતા પીતા કેવું કહી રડે, પાળત ઘરડપણું મારૂં રે,
પુત્રી ભગની કેવું કહી રડે, સાસરવાસાને સારૂં રે. ગયા. ૫
રામ રામરે ઓથને ઓલે રૂવે બંધવો,

ભુજસે લાડ લગાડીરે, રણુમા મેલ્યો મને એકલો,
તમને ઘટે નહી ભાઈરે, ગયા જીવને રડતા નથી ૬
રામ રામરે માત પિતાને પુત્ર રડે,
હવે આરો નથી એકરે, દીવસ પાણી થશે શા વડે,
નથી દામ રતી રેખરે, ગયા જીવને રડતા નથી. ૭
રામ રામરે જમશો કે સ્હેશો ભૂખને, ખાશો જમનો મારરે,
તેમાનુ કોઈ કહેતુ નથી, એતો જુઠો પોકારરે ગયા ૮
રામ રામરે અતે તે કોઈ કોનુ નહી, તુતો તારૂ વિચારરે,
જાગ નરભા ગુરૂ ચરણથી, નહીતો પડશે પેંજારરે,
ગયા જીવને તો રડતા નથી. ૯

આશારામ

પદ રાગ પરજીઓ

બાળાપણ રમતા ગયુ રે, જોબન નાગીની માય,
આવ્યો બુઢાપો ધાઈને, મૂરખ લહ્યો નહી કાય
જોદ્ધા માણીગર બધવા ટેક
કનક કડા ને વેઢ વીટીઓ રે, મોટી મોતન માળ,
સ્વજન કુટુબ માત તાતને, રોતા મેલ્યા છે બાળ જોદ્ધા.
રાણી રૂવે રગ મોહોલમા રે, દાસી રૂવે દરબાર,
પોપટ રૂવે પાજરે, થયુ ઘોર અધાર જોદ્ધા
ચોરા કચેરીઓ સુની પડી રે, સુની સેજ તળાઇ,
સુના ઝરૂખા ને જાળીયા કોણ માણશે ભાઇ જોદ્ધા.
હાથી ઝુરે હાટ શેરીએ રે, ઘોડા ઝુરે ઘોડાર,
ઘોરી ઝુરે રથ જોતર્યા, ઝુલે મોહોલામા નાર જોદ્ધા
નથી મોકલી મામા તણી રે, નથી કાકાનુ ધામ,
રણુમા પડયા તમે એકલા, ગાઠે બાધ્યો નહી દામ જોદ્ધા.
કર્મ કર્યા બહુ ભારતના રે, થયા જીવ સગાત,
અસીપત્ર પથે પળ્યો, પછે રોમ રોમ ઘાત જોદ્ધા
સર્વેના હાલજ એહછે રે, સ્વર્ગ મૃત્યુ પાતાળ,
આશારામ ભજો રામને, શીરપર તાકે છે કાળ જોદ્ધા.

પ્રીતમકૃત ગુરૂ મહિમા.

સાખી. પ્રથમ નમું ગુરૂદેવને, જેણે આપ્યું જ્ઞાન,
જ્ઞાને ગોવિંદ ઓળખ્યા, ટળ્યુ દેહાભિમાન ૧
તત્વ સાર ત્રિલોકમા, ગુરૂ ગોવિંદજ રૂપ,
આદ્ય અત્ય મધ્ય એહ છે, હરિ ગુરૂ સત સ્વરૂપ. ૨

મોતીદામ છદ

હરિ ગુરૂ સત સદા પદ સેવુ, જેનુ નિત્ય નામ નિરતર લેવું
ગુરૂ ગોવિંદ એક રૂપ જાણુ, રખે ભિન્ન ભાવ રૂદેમા આણુ. ૧
ગુરૂ ગોવિંદ થકી છે અધિક, જેની પરમાર્થ કારણ શીખ,
ગોવિંદના સરજ્યા પડયા જીવજાળ,ગુરૂ તેની મુક્તી કરે તતકાળ.
એવા ગુરૂ પુરણ પ્રેમ દયાળ, પોતાનો જાણીને કરે પ્રતિપાળ,
ગુરૂ તણુ જ્ઞાન ગ્રહ્યુ શુકદેવ, સસાર સમુદ્ર તર્યા તતખેવ.
મળ્યા ગુરૂ નારદને સુખરાશી, તો ટળી તતક્ષણમાય ચોરાશિ,
ગુરૂ વિના કોઇ ન પામે પાર, જેના જશ ગાય ઉમીયાત્રિપુરાર.
વિરચી વ્યાસ વદે ગુરૂ ઇષ્ટ, ન જાણે મહિમા પ્રાણી પાપીષ્ટ;
તેને ગુરૂ દ્રોહી કૃતઘ્ની કહીએ, જેણે ગુરૂ જ્ઞાન ગ્રહ્યુ નહિ હૈએ.
ગુરૂને આપ બરાબર જાણે, તેને જમદૂત વૈતરણીમા તાણે,
ગુરૂને ગાળ કાડે તે કપુત, તેનુ મુખ ધળે ભરે જમદૂત
ગુરૂની સેવામા ચૂક પડાવે, તેને હરિચક્રની ધારે ચઢાવે
ગુરૂની નિદા સૂણે નિરધાર સિસુ ગાળી રેડે શ્રવણ મોઝર
ગુરૂને ચરણે નમાવે ન શિશ, તેને શત્રુ રૂપે જાણે જુગદીશ;
ગુરૂની સેઝે જે પગ ધારે, તેને ત્રિલોકમા કોણ ઉગારે
ગુરૂ મરજાદ ન રાખે કોય, તેનો નર રણુમા રાક્ષસ હોય,
ગુરૂ વિના ચાકટ જેવો સાપ, તેનુ મુખ દીઠે ચઢે બહુ પાપ.
ગુરૂ વિના નુગરો ફરે જન જેહ, મુઆ પછી ઢોર અવતરે તેહ;
એવુ ગુરૂ ગિતામા કહે શિવરાય, જેને વેદ શાસ્ત્ર નિરતર ગાય.
ગુરૂ બ્રહ્મ કેવળ જ્ઞાન સ્વરૂપ, જેને રૂદે આતમ તત્વ અનૂપ;
છે તત્વમસિમા અખડ આનંદ, ત્રિગુણાતિત ટાળે ભવફદ.
એવા ગુરૂ પ્રેમે કરી જે પૂજે, તેના ઘટમાહી ત્રિભોવન સૂઝે;
ગુરૂનુ પ્રેમે ચરણોદક પીધું, તેણે ત્રિલોકનુ તીરથ કીધુ
પામે પ્રસાદ ગુરૂનો પ્રીતે, જાણે તેણે જગ્ન કર્યા લક્ષ નિત્યે;

ગુરૂને પ્રેમે સંતોષ પમાડયા, જાણે તેણે ચૌદ લોક જમાડયા.
ગુરૂને પ્રક્રમા કરી લાગે પાય, તેને સહુ સાધન સહેજે થાય,
એવા ગુરૂ જાણીને આવ્યો શરણ, નિવારો નાથ જનમને મરણ.
ધરી ધરી દેહ પામ્યો મહાદુઃખ, હવે હરી આપો અવિચળ સુખ,
પીડયો પાર વિના મહારાજ, હવે હરી બાહ્ય ગ્રહ્યાની લાજ,
જોશો અપરાધ અમારા ઈશ, ત્યારે કોઇ કાળે હુ કેમ તરીશ,
જ્યારે નિજ માતા બાળકને મારે, ત્યારે તેને બીજુ તે કોણ ઉગારે.
અભય પદ બિરદ તમારૂં હોય, આવે શરણે તેને હણે નહી કોય,
તમો ગુણ ગાયે જો કર્મ નનાસે, ત્યારે કોણ ચરણ તમારા ઉપાસે.
રવિને ઉગે રહે અંધકાર, ત્યારે તેને શીદ ઈચ્છે સંસાર,
અમૃતને પીધે જો રોગ ન જાય, ત્યારે શો અમૃતનો મહિમાય.
સુરતરૂ સેવે ન ભાગે ભુખ, ત્યારે તેને કોણ કહે શુર વૃક્ષ,
તીરથને નહાયે ન જાયે પાપ, ત્યારે શો તીરથનો પરતાપ,
પારસને પરસે ન હોએ હેમ, ત્યારે પારસ કહીએ કેમ,
સિંહને શરણે જાબુક ખાય, ત્યારે સિંહ શરણે ગયે શુ થાય.
રામનામ લીધે દમે અજ્ઞાન, ત્યારે કોણ કહેશે ભલા ભગવાન,
કામક્રોધ લોભ લુંટે જ્યારે ચોર, ત્યારે શુ નાથ તમારૂં જોર.
ધણીમા જ્યારે મળે નહિ ઢંગ, તેની ત્રિયા ફરે ઉઘાડે અંગ;
પતિવ્રતા નાગી પતીને લાજ, જુઓ મનમાહી તમે મહારાજ.
પીડા પામે દાસ પ્રભુને ખોટ, અમોપર કાળ ચલાવે ચોટ,
પ્રભુનુ ભજન કરે તે પીડાય, તેનો તમને બટ્ટો છે જદુરાય
આપો નિજ ભક્તિસંગ ઉમરાવ, રૂદે ખેડુ ઉજડ ફેર વસાવ;
બેસારોને બેરખે નામ તમારૂં, તેણે કરી કારજ થાય અમારૂં.
ત્યારે ફરી નગર લુંટે કોય, જ્યારે રખવાળું હરીનુ હોય,
આવી પ્રભુ કરો રૂદેમાં વાસ, ત્યારે સહુ થાય અવિદ્યા નાશ.
વરતાવોને એક તમારી આણ, ઉઘાડોને રામ રતનની ખાણ,
દીનપણુ દુર કરોને જદુનાથ, હવે હરિ હેતે કરી ઝાલો હાથ.
બોલાવી પાસ બેસારો બાપ, પમાડો શીદ હવે પરિતાપ.
ભમાવો શીદ હવે ભગવાન, દયા કરી દીજે અભયપદ દાન.
નાઠે નહિ છુટો ત્રિભુવનનાથ, ન મૂકુ સ્યામ તમારો સાથ,
વેરો મેઘ બિંદુ બરાબર હોય, તમારો સંગ ન મૂકુ તોય.
માયાને વારો તમો રામરાય, નથી મુજને જંપવા દેતી જરાય;

કરે છે આંધા વાંધા બહુ જોર, એવું એનું કારમું કામ કઠોર.
હરિ ગુરૂ સંતમાં અંતર પાડે, જીવને લાલચ લોભ દેખાડે;
એને કોઇ જીતે મહા શુરવીર, ડગે નહિ ધર્મ ધુરંધર ધીર.
સાગર સાત તે અજલી નીર, ગોપદ ભૂમી ગગન સમીર
શુન્યમા પૂરણ દેખે સોય, મૃત્યુ તેને અમૃતનુ ફળ હેય
જાણો કાંઈ માગશે મારી પાસ,એવુ રખે રાખતા શ્રી અવિનાશ;
રિદ્ધિસિદ્ધિ મારે ન જોઇએ મુક્તિ,ન માગુ જોગ સિદ્ધિની જુક્તિ,
ન માગુ એક છત્ર રામ રાજ, ઈંદ્રતણા આસનનુ શુ કાજ;
ઇચ્છુ નહિ અજપદને કૈલાશ, ન માગુ ગૌલોકે વૈકુંઠ વાસ.
પદ રજ એક ચઢાવુ શીશ, તમારી મહેર માયાને અધીશ;
ઈચ્છુ નહી અન્ય પદારથ કાંઈ, ગખોનિજ ચરણકમળની છાય
માગુ પ્રેમ ભકિત સત્યસગ, માગુ જશ ગાવા લીલા અવતાર;
નડે નહિ કોઇ મને સસાર, રહું નિજ નામ તણે આધાર.

સાખી

સત્ય નામ પ્રભુ તમ તણુ, સત્ય સત પુરૂષ વિચાર,
કહે પ્રીતમ શુદ્ધ ભાવશુ દીજે નિત્ય દેદાર
ગાય શીખે ને સાભળે, ધરે નિરતર ધ્યાન,
કહે પ્રીતમ નર નારમા, નહિ કો તેજ સમાન

ભગવત્ ચરિત્ર

સાખી

સરસ્વતિ ગણુપતિ શ્રીપતિ, ગુરૂ ગોવિદ સમાન,
જોડી પ્રાણ પ્રેમે સ્તવુ, ધરૂ નિરંતર ધ્યાન
શોક સમન ધનુષ ધરન, ભોવન ચતુરદસ ભુપ,
સુખસાગર સમર્થ હરી, રહો રૂદિયામા રૂપ

મોતીદામ છંદ

નમો ગુરૂદેવ દયાનિધી સ્વામી, સદા જીવ ઇશ્વર અતરજામી.
પ્રભુ પુરૂષોત્તમ પ્રાણ આધાર, જેને વશ વર્તે સૌ સસાર.
એવા અવિનાશ અનત અપાર,ધરે ભકત ભાવે હરી અવતાર.
વિશ્વભર નામ સનાતન બ્રહ્મ, ધરે નર દેહ કરે શુભ કર્મ.
લીલા વિગ્રે રૂપ રસિક રસાળ, ભકત પ્રતિપાળ ગોવિદ ગોપાળ.

ફરી વ્રજ ગોકુળ લીલા લહેર, પ્રેમે કર્યું પ્રગટ નંદને ઘેર.
જસોદા જીવણ જાણુ સુજાણ, જેનું મુખ દીઠે કોટી કલ્યાણ.
પોઢે પ્રભુ પારણે પુરણાનંદ, મનોહર મુરત બાળમુકંદ.
રમે ઈચ્છાએ આનંદ કંદ, વહાલા વ્રજ ઈશ વ્રંદાવનચંદ;
જેના રોમકુપ વિષે બ્રહ્માંડ, એવા હરિ આનંદરૂપ અખંડ.
જેના હસ્ત ઈંદુને પાય ઉપેંદ્ર, જેનું મુખ પાવક ઉદર સમુદ્ર.
જેના નેત્ર ઠામ રહે રવિચંદ્ર, જેનું નિત્યે ધ્યાન ધરે મુનીંદ્ર;
વાણી વિષે વેદ માયાની જહાસ, જેણે આ કીધું સૌ જક્ત પ્રકાશ.
જેનું રૂપ કોણે કળ્યું નવ જાય, ગ્રહી વચ્છ પૂછ હરિ ઉભા થાય.
જેના લક્ષ્મીજી તળાસે પાય, આહીરડાને આગણે ઉઠીને ધાય,
જેને પામવાને જોગી જોગ સાધે, તેને નંદરાણી અનુખળ બાધે,
કરે બાળ કેલી કમળ દળ નેન, રહે સનકાદિક સદા પદલીન,
જપ તપ જગ્નમાં તેડચો ન જાએ, બીજા કોટિ ઉપાય કરે તો
શુ થાયે.

ગળે હિમાળે કરે વ્રતદાન, ફરે નવખંડ ધરે બહુ ધ્યાન
વસે વનમાંહે કસે બહુ તન, પામે નહિ સ્વપ્ન વિષે દર્શન.
એવું શુદ્ધ પ્રેમ તાણુ પણ સાચ, તેને વ્રજનારી નચાવે નાચ.
ગોપીનું ગોરસ ચોરી ખાય, ધરે કંકણ નેપુર પાય
બિરાજે બાળ વિભુષણ અંગ, શોભા જોઈ લાજે કોટી અનંગ.
ધરે મોર પીછ ગુંજા વનમાળ, શશી મુખ સુંદર નેણ વિશાળ.
ઝળકે કુંડળ લાલ કપોળ, અંગો અંગ આનંદ ઝાક ઝકોલ.
ઝગે ઝીણી ઝુલડી લાબડીલાલ, વગાડી વેણુ વધારે વાલ
નેહે નિરખતા રહે મન મોહી, ઉતારે લુણ માતા મુખ જોઇ.
વહાલો વૈકુંઠનો વાસી જેહ, જસોદા લાડ લડાવે નેહ,
વિરંચી શંકર સાહાગ ચહાય, ગોવાળાને સંગે ચારે ગાય.
હતા જે દાનવદુષ્ટ અપાર, તેઓ સૌનો કર્યો સેહેજે સંહાર,
પ્રથમ પુતનાના હર્યા પ્રાણ, સકટાશુર તેમ ત્રણાવર્ત જાણ.
અઘ બગ ધેનુ કેસી કંશ આપી તેને મુક્તિ જાણી નિજઅંશ
દાવાનળ પીધો પ્રભુ બેવાર, કાળીનાગનાથીને કહાઢયો બહાર.
ધર્યો ગોવરધન શ્રીભગવાન, ઉતાર્યું ઇંદ્ર તણુ અભિમાન,
રૂડુ રવિતનીયા કેરૂ તીર, કરે નિત્ય ક્રીડા શ્યામ શરિર,
અશીબટ કુલન કુંજ કુટીર, બોલે હંસ મોર કોકિલા કીર.

ફુલ્યું વન અદ્ભુત અહૂ અનંત, વસે જહાં બારે માસ વસંત;
તાલતમાલ કદંબને કામ, માંડી સ્વયપૈયા મહાવન ગામ.
કોકીલા કદલી વાટીકા વન, શુભ સંકેત મધુવન ઘન,
સોહાગી ફુલ્યા બારે વન, જોઇને ધીરજ મુકે મન
મનોહર મગર રંગસોરંગ, સજ્યું મૈન્યજાણે આપ અનંગ
આવ્યો અતિ ઉત્તમ આસોમાસ, વંદ્રાવન કીધો રસ વિલાસ.
વગાડી વેણુ તેડી વ્રજનાર, મોહની માયા નાંખી સંસાર
મોહ્યા ચતુરાનન શંકરશેષ, મોહ્યા જળપવન ન કરે પ્રવેશ,
મોહ્યા મહી મેરૂ દશે દિગપાળ, મોહ્યા સ્વર્ગ મૃત્યુ સાતે પાતાળ.
મોહ્યા દ્રુમવેલ ન હાલે પાન, મોહ્યા મુની છુટી સમાધી ધ્યાન
મોહ્યા મૃગમીન પશુ પંખી પ્રાણ,મોહ્યા સચરાચર જાણુ અજાણ.
એવી વેણુ સાભળી જ્યારે કાન, સુંદરી સર્વે થઈ સાવધાન,
તજી ધન ધામ પરિપરિવાર, અવળા અંગે સજી શણગાર
કોઇએ પગ નેપુર પહેર્યા કાન,કોઈએ આંજી આખડી એક નિદાન,
કોયે કરી અડધી આડલેલાટ, કોએ કંઠકંકણ હાથે હાર.
કોએ ઓઢયો ચરણીઓ પેર્યું ચીર,કોઈ ભુલી ભામનિ શુધ્ધ શરીર;
કોએ બાંધ્યા બાળક વછવરાસે, કો દુહે ગાય દોણી નહિ પાસે.
ઉઠી ધાઈ જે જમ તે તેમ નાર, વંદ્રાવન આવી હાર કતાર
નેહે નિરખ્યા નાથ નમાવ્યું શીશ,જોવા મન એ ક્યા શ્રી જાુગદીસ,
પતિવ્રતા ધર્મ તમો તજ્યા નાર, રાત્રી કેમ આવ્યા વનમોઝાર
બાળા સૌ બોલ્યા વચન વિચારી,સાભળો સ્વામી અરજ અમારી
સર્વે ધર્મ તણુ બળ એહ, ધગવ્યો નાથ તમ સાથે નેહ,
સાચો મનસ્વામી અમારો એહ. તજીશુ નિશ્ચે અમારો દેહ
દીઠુ મન સાચુ સુંદરી કેરૂ, હરિવર કીધુ હેત ઘણેરૂ
રમવા રાસ રચ્યો રણછોડ, પુરવા કામની કેરા કોડ,
ગોપી ગોવિંદની બાંધી બેલ, ફુલ્યા જાણે ચંપક વીંટા વેલ.
મરકટ હાટક હીરાના હાર. એવી ગૌર શ્યામની શોભા સાર.
નવ ઘન દામની જ્યોત ઝગાર, ટળ્યો ત્રિલોકતણો અંધકાર
સોનાના સરોજે ફુલ્યુ વન સાર, મધ્યે તે મધુકર નંદકુમાર.
બિંબ પ્રતિબિંબ વિનોદ વિહાર, અંગોઅંગ આનંદરંગ ઉદાર
આલીંગન અમૃત ચુંબનપાન, કરે મહા ભાવ અનેક વિધાન;
સપ્ત સ્વર તાલ બસેંના બત્રીસ, વાજે વાજીંત્ર કરોડ છત્રીસ.

નૌતમ નાદ ઉઠે નવ રંગ, તજી ગયો કામ થયો અતિ ભગ;
અલૌકિક લીલા લહેર તરંગ, ભરી બ્રહ્માંડ રહ્યુ રસ ભંગ.
એવો જુગ મંડળ હરી અવતાર, અનેક પતિત ઉતર્યા પાર,
અખંડ વંદ્રાવન રંગ વિલાસ, અખંડ ગોપીજન પ્રેમ પ્રકાશ
અખંડ બંશીબટ ફુલન કુંજ, અખંડ જુમના ત્રઠ આનંદપૂંજ.
અખંડ વ્રજ ગોકુળ ગોવરધન, અખંડ રાધાકૃષ્ણ રૂપ રતન
અખંડ પ્રીતમ પ્રેમે ગુણ ગાય, અખંડ હરિ ભક્તિ જુગોજુગ ચહાય.
હરિ ગુરૂ સંત કૃપાએ કરીને, લીલા રસ ગાયે ઉચ્છાહ ધરીને
સંસારનો તાપ લગાર ન લાગે, જોડી પ્રાણ પ્રીતમ એટલુ માગે.
પ્રભુપદ પ્રેમે સાધુનો સંગ, આપો મને એહ સદા શ્રી રંગ

ભક્ત નામાવળી.

જે ગુરૂદેવ દયાનિધી સ્વામી, સકળ લોકકો અંતરજામી,
ભક્ત ભાઈજી સદગુરૂ દેવા, તનમન લાયક કરેનીજ સેવા,
ભકત અનેક ભયે હે આગે, જાકે નામ લીએ અઘ ભાગે,
સોળ પાર્ખંત સેવક સાચે, શ્રીપત સંગ સદા રંગ રાચે
કમળા ગરૂડ પવનસુતદાસા, હરીકે ચરણ કમળકી આશા,
સનકાદિક નારદ શિવ બ્રહ્મા, શારદ શેશ લહે હરિ મહિમા
ગણપતિ સુરપતિ સુરજ ચંદા, અગમ નિગમ સમરે ગોવિંદા,
નિર સમિર ભોમ્ય આકાશ, અગ્નિ આદિ સકળ હરિદાસા
વ્યાસ વાલમિક શુક પારાશર, સનક જનક જદુ નવ જોગેશ્વર,
અમરિષ પ્રહેલાદ વિભિછન, સવરી ગિધ અગસ્ત સુનિક્ષણ
ગયંદ મયંદ અંગદ નળ નીલા, જાંબુવાન સુગ્રીવ સુશિલા,
નંદ આદ્ય વ્રજભક્ત સમાજા, મોરધ્વજ તામ્રધ્વજ રાજા
વિદુર સુદામા પાંડવ દાસા, ઉધવ અક્રુર નિકટ નીવાસા,
ચંદ્રહાસ બળી ભિષ્મ જે દેવા, રંતિદેવ અલર્ક હરિસેવા
રામાનુજ નિમાદિત આચારજ, વિષ્ણુ શામઅરૂ માધ્વાચારજ,
કળિમા ભએ નામદેવ કબિરા, રોહીદાસ પીપામતિ ધીરા,
રંકા બંકા સેના નાઈ, કેવળ કુબાના મીરાંબાઈ,
સજનો દવા દેવાકરદાસ, રસીક મોરાર અતિ પ્રેમપ્રકાશ.

કૃષ્ણદાસ અગ્રાનંદ સુરસાગર, સૂર કિશોર અલનરસિંહનાગર.
સુરશ્યામ પ્રેમાનંદદાસા, શ્રિધર માધો પ્રેમુ વિલાસો.
નંદદાસ ચત્રુભૂજ ચિતસ્વામિ, વલ્લભ વિઠ્ઠલ અંતરજામી.
શ્રીહરિ વિસત્પા સગુનદાસા, રૂપ સનાતન કુંજ નિવાસા.
કૃષ્ન ચૈતન નિત્યાનંદ જેહિ, પ્રેમે પુજ પ્રગટ કરિ દેહિ.
રજ્ઞા વિતિ કર્મેંતિ કર્મા, ગણુસ દેશલ પલ્પા પરમા.
મેનાવતિ સુનીતિ મદાલશારાની, જન્મી મીરાબાઈ સુખદાની.
દેવહુતિ આકુતિ અનસોયા, અનુપાજગપત્ની જયતિ સતરૂપા.
મેરૂ દેવિ અદીતિરેણુકા કૌસલ્યા, સત્વતિદેવકિજસોદા અહલ્યા.
કુંતા દ્રુપદિ મંદોદરી તારા, પદ્માવતિ સૌમિત્રા બલિદારા.
ગૌતમ ગર્ગ શતાનંદ અત્રી, વામદેવ વસિષ્ઠ જ્યાબાલીમિત્રિ
યાજ્ઞવલ્કય ભારદ્વાજ ભુસંડિ, ઉર અંત હરિ ભકિતી અખંડી
ભાગિરથ રૂકમાંગદ રાઇ, વિજેનંદ વિશ્વ સુખદાઈ,
જસુ શામશ્રિભટ ત્રીલોચન, પ્રેમનિધિ પરિક્ષિત દુઃખમોચન.
મુનિદેવ દેવલ સુચંદા, ભરથરી ગોપીચંદ બાજંદા,
અગ્રકિલ નાભા જન તુલસી, રામપ્રસાદ ભકિત હિએ હુલસી.
ઠાકોરદાસ ભજન અનુરાગિ, નારણદાસ પુરણ બડભાગી.
જુગલદાસ ભૂત ગંગા માઇ, સખી ભગવાન સદા સુખદાઇ.
ધર્મદાસ અરૂ સાધુરામ, નંદલાલ સમરે નીજનામ,
સિતલદાસ આત્મા રામા, સેવાદાસ સદા સુખધામ,
પ્રેમદાસ નંદરામ હરિદાસા, જનમોહર મંગલ પદવાસા,
રણછોડ ભકિત દ્વારકાદાસા, રામકૃષ્ણ રસ પ્રેમ પ્રકાશા,
પ્રિયાદાસ જશવંત જન જ્ઞાની, અખો ગોપાલગુરૂ બ્રહ્મધાનિ,
નપટ નિરંજન રજબદાહુ, સુંદર કાલુ કેશો અનાહુ
અમૃતરાયે અનુભવનંદા, મલુક મોરાર તુલસી ગોવિંદા,
બોપદેવ ભાલણ ત્વવેત, શામ સદાધર એકનાથ સચેત.
વસનદાસ ધનરામ સુજાના, ભકત ભવાન વ્રજનાથ કલ્યાણા.
આનંદરામ અરૂ બાલકદાસ, રત્ન ભકત રાજે રવિદાસ
પ્રભુરામ ગોવિંદ ભટ્ટ ઇચ્છા, તજી અસાર સારપદ પ્રીછા.
કુમનદાસ રામજી રંગી, કૃષ્ણદાસ જે કૃષ્ણ સુગંધિ.
ચાર સંપ્રદાય બાવન દ્વારા, હરિ લીલાકે જાણનહારા,
પ્રીતમ પ્રેમ પાઠકે અર્થે, ભકત નામાવળી ગાઇ ગ્રંથે.

વસુધા કાગળ સાગર સાઈ, લખે શારદા ગનપતરાઈ,
કરે વિચાર સત કલ્પ પરજતા, સંત સુજશ પાવે નહિ અંતા.
પ્રીતમ મંદમતિ વરણે કૈસે, સાગર છીપે ઉલેચે જૈસે.

ચેતવણી

રામ સમર તું રામ સમર તું, રામ સકળ ઉરવાસી છે
અંતરજામી એક નીરંતર, જેણે જગ પ્રકાશીત છે ૧
વેદપુરાણે મહિમા મોટો, આદ્ય પુરુષ અવિનાશી છે,
ઈંદ્રજાળનો ખેલ બનાવ્યો, અજબ તમાસો હાસી છે. ૨
આખ તણે અણસારે નાચે, માયા જેની દાસી છે,
અડકટાટ ઉમર કળ પેરે, રચના રંગ વિલાગી છે. ૩
એક વાર હરિ નામ ઉચ્ચારે, કોટી ગંગ ને કાશી છે,
સઘળા તીરથ તેણે કીધા, જે જન નામ ઉપાસી છે ૪
કમળને નનુ કીર્તન કરતા, વિશ્વ સકળ સુખરાસી છે,
જેનું ધ્યાન ધરે શિવ ગીરજા, ચરણ સેવક કમલાસી છે. ૫
ભજન ભરૂસો જેને ન મળે, તેને લખચોરાસી છે,
ચાર ખાણનુ ભટકણ ભારે, આઠે પહોર ઉદાસી છે ૬
ધર્મરાયની તખલ ન ચુકે, જમની પીડા ખાસી છે,
હરી મારગથી વિમુખ થયા, તેને કાળ કર્મની ફાસી છે ૭
તજી અમૃતને ઝેર પીએ ભાઇ તેમા શી શાબાશી છે,
પ્રીતમ પ્રભુનુ ભજન કરેતો, લીલા લહેર ક્ષુધા શી છે. ૮

પદ ચેતવણી

રામ સમર તુ રામ સમર તુ, રામ રૂદિયામા રાખીને,
માથા ઉપર મરણ ભમેછે, કાળ રહ્યો છે તાકીને ૧
જનમ મરણનુ દુઃખ જોગવર જીવ જુવે નહિ ઝાખીને,
પરવત સરખા પાપ કર્યા તે, વાકુ વસમુ ભાખીને ૨
ધામધુમ ધંધામા ધાયો, સમઝયો નહિ પદ સાખીને,
કર્યા કર્મ આવીને નડશે, પાપ રહ્યુ છે પાકીને ૩
સાચ્ચુ તે કોઇક ખાશે, પૂછી જો મધમાખીને,
આશા તૃષ્ણા લોભ ઇર્ષા, કરદે અળ નાખીને ૪
અનુભવ આખ ઉઘાડી જોજે, મનની મહોરસ લાખીને,
આઠે પહોર રહે મતવાલો, પ્રીતમ પ્રેમ રસ ચાખીને. ૫

રામ સમર તું રામ સમર તું, રામ નામ ચિત્ત ધારીને;
ઘણા જન્મ પીડાયો પ્રાણી; પ્રભુનુ ભજન વિસારીને. ૧
ચાર ખાણુ લખચોરાસીમા, મૂઓ તે ફાંફા મારીને,
કહિ કોળ થયો કહિ નોળ થયો, કહિ કીટ થયો કીલ કીરીને. ૨
કહી પશુ થયો કહી પખી થયો, કહીં બેઠો પથ પસારીને;
કહી ભૂત થયો કહી પ્રેત થયો, કહી ભોવન રહ્યો ભીખારીને. ૩
હરિના હેત વિના અથડાયો, હીડયો સરવસ હારીને,
દુખને સુખ કરી માન્યુ મુરખ, શુ કહીએ અહકારીને. ૪
આનદનો લવલેશ મળે નહિ, શોક ઘણો સસારીને,
કહી માત મરે કહી તાત મરે, કહી ભ્રાત રૂવે સુત નારીને. ૫
જમના દૂત કરે દીવાળી, લીધું સૌ લલકારીને,
જગત બેહાલ કર્યું માયાએ, જોજે જીવ વિચારીને ૬
અચેત થઇને શુ ઉંઘે છે, લે બગાડયુ કામ સમારીને,
શરણુ ગ્રહે શામળીયા કેરૂ, તે લેશે ઉગારીને ૭
નજરે જોતા નિરભે કરશે, હરશે સકટ ભારીને,
તાતો વા નહિ લાગે તેને, જે મળસે મોરારીને ૮
માથે ધણી કરે મદન સુદનને, મોહન મગળકારીને,
દિન રજની રૂદિયામા રાખો, નટવર નવલ ત્રિહારીને ૯
નામ લગ્ન કરો નીસવાસર, પુરણ પ્રેમ વધારીને,
અખડ અભેપદ તેહ પામશે, અમરપટો અધિકારીને ૧૦
હરી સમરણ કરી થા તુ સુખીઓ, અમૃત નામ ઉચારીને,
કહે પ્રીતમ સેવો સદ્‌ગુરૂને, તન મન ધન સૌ વારીને ૧૧

પદ–ચેતવણી

રામ સમર તુ રામ સમર તુ રામ નામ શુભ સારો છે,
શેશ મહેશ જપે જોગેશ્વર, પ્રેમી જનને પ્યારો છે ૧
જેને રામ નામનો રગ ન લાગ્યો, જાણો જીવ નઠારો છે,
નામ ઝાઝ સસાર સિધુ, પાર ઉતરવાનો આરો છે ૨
નામ અર્ક અધકાર મીટાવે, અખીલ ભોવન ઉજીયારો છે;
રામ નામ ઉજવળ મુક્તાફળ, હરીજન હસનો ચારો છે. ૩
રામનામ નીજ મુળ મત્રનુ, પિડ બ્રહ્માડ પસારો છે,
મોહ પાસમા સર્વે પડયુ, પણ જપે તે ન્યારો છે ૪
સ્નેહ સહિત હરિ નામ ઉચ્ચારે, આત્મારામ અમારો છે;
કહે પ્રીતમ નીજનામ તત્વ છે, અવર સરવ કુટારો છે. ૫

ચેતવણી.

ભજન કરી લે ધ્યાન ધરી લે, અવસર વીતી જાએ;
કહે પ્રીતમ ચેતી લે ચિત્તમાં, આયુષ્ય ઓછુ થાએ, ૧
આયુષ્ય તારૂ ઓસતણુ જળ, ક્ષણુમા ઉડી જાએ,
કહે પ્રીતમ મનમોદક માટે, ભૂડા ભૂખ ન જાએ. ૨
માયા તે મનમોદક મિથ્યા, ધુમર તણા જેમ ધામ;
કહે પ્રીતમ શમણાનો વૈભવ, કશો ન આવે કામ. ૩
ફકીરનું ધન કામ ન આવે, સાચુ નાણુ ચાલે,
કહે પ્રીતમ હીરા માણેક મુકી, કોડીને કોણ ઝાલે. ૪
કોડી તે સંસાર તણુ સુખ, હીરો હરીનું નામ,
કહે પ્રીતમ પ્રીછી લે પ્રાણી, સેજે સરસે કામ ૫
કારજ થાશે ભવદુખ જાશે, અન્યભવ આખ ઉઘડશે,
કહે પ્રીતમ સદ્ગુરૂને સેવો, વસ્તુ જથારથ જડશે. ૬
જડશે તારે જસે કલ્પના, માલ ઘણોછે ઘરમા,
કહે પ્રીતમ ભટકણુ સૌ ભાગે, ઓળખ આ અવસરમા. ૭
અવસર ચેતે તે નર ઉત્તમ, વળતી સીદ વિચારે,
કહે પ્રીતમ જો દાવ ન સમજે, તો જીતી બાજી હારે ૮
હાર્યો તે હરી નામ વિસર્યો, માયા માહે ગુંથાતો,
કહે પ્રીતમ પ્રપચે પ્રાણી પેટ ભરીને સુતો ૯
પેટ ભર્યુ પામરની પેરે, પરમારથ ન પ્રીછો,
કહે પ્રીતમ કાયાતો ખોટી, અમર થવાને ઇચ્છો ૧૦
અમર થાયે ઈશ્વર ઓળખતા, તે સમજણ છે ન્યારી,
કહે પ્રીતમ કહિએ શુ ઝાઝુ, જોજે જીવ વિચારી. ૧૧
જીવપણાનું જોખમ મોઘુ, મરવુ ને અવતરવુ,
કહે પ્રીતમ કુબુદ્ધિને મગે, લખચોરાસી ફરવું ૧૨
લખચોરાસીનું દુખ દીર્ઘ, દુરમતિ શે ન દેખે,
કહે પ્રીતમ નર નજરે આવે, પણ પુરૂષ પશુને લેખે. ૧૩
પુરૂષ ખરો પણ પશુના લક્ષણ, જીવ જનાવર જેવો,
કહે પ્રીતમ તેને શું કહીએ, મિથ્યા દોષ ન દેવો. ૧૪
રક્ષણ દેવુ જે કાઇ કહેવુ, મનુષ્ય હોય તે માને,
કહે પ્રીતમ અજ્ઞાની એવા, કહ્યુ ધરે નહિ કાને. ૧૫
કાન ચશ પણ કશુ ન સમજે, જેવો હોય વાણુત,

કહે પ્રીતમ ચોરી ચિત્ત લીધું, વળગ્યો વિષયાભૂત. ૧૬
વિષયભૂત વળગ્યો પ્રાણીને, તેને કાંઈ ન સૂઝે,
કહે પ્રીતમ ખોખુ કર્યો ખાઇ, હાણ લાભ ન બુઝે. ૧૭
જાણે નહિ જે લાભ હાણને, સ્વારથે સૌ ખોયું,
કહે પ્રીતમ અમરફળ ક્યાથી, બી બાવળનુ બોયુ. ૧૮
પાપ કરીને પુન્ય તણુ ફળ, કોણ પામ્યો છે પ્રાણી,
કહે પ્રીતમ જમડાની ઝોટો, જુવે જરા નવ જાણી ૧૯
જાણે નહિ પણ જમ નહિ મૂકે, જેણે જગત હલાવ્યું,
કહે પ્રીતમ એમા નહી ઉધારો, કેડા મોરે આવ્યું ૨૦
આવ્યુ તેતો નહિ ઓસરે, જાવુ નિશ્ચે જાણો,
કહે પ્રીતમ ખોટા સુખ સારૂ, અભિમાન શુ આણો. ૨૧
અભિમાન અહંકારે બુડયા, અનેક આગે સુરા,
કહે પ્રીતમ સંસાર તરે તે, કોઈ પ્રભુના પુરા ૨૨
પુરા નરનુ એ પારખુ, લક્ષણથી લેવાશે,
કહે પ્રીતમ નહિ માને તે, ઘણા કાળ કુટાશે ૨૩
કુટાશે પોતાને કરમે, જુઠુ જરા નહિ ચાલે,
કહે પ્રીતમ પારસમણી મુકી ગુંજાને કોણ ઝાલે. ૨૪
રામનામ ધન સારૂ હતુ તે, પાપે પુંજી ટાળી,
કહે પ્રીતમ કાયા નગરીને, કામ ક્રોધે પ્રજાળી ૨૫
વિષય વન્હી જોરાવર કહાવે, દીરઘ દાવાનળથી,
કહે પ્રીતમ કાઇક ઓલાએ, નિર્મળ જ્ઞાન જળથી. ૨૬
ખોટો હુંપદ ખરી મસાગત્ય, મિથ્યા કરે સુહાએ
કહે પ્રીતમ કાગળ ને નાવે, પાર પડે નહિ કોઈએ ૨૭
હરી મારગનો મર્મ ન જાણે, મુરખ ફુલે મનમા
કહે પ્રીતમ એક પલક ઠરે નહિ, તાપ ઘણેરો તનમા ૨૮
તાપ ટળે નહિ સ્વાન મલે નહિ, ક્ષણએ સુખ ન થાએ,
કહે પ્રીતમ તે પાર ન પામે ઘણા કાળ કુટાએ ૨૯
કાળે કુટયા જમડે લૂંટયા ચાર ખાણમા પડીઆ,
કહે પ્રીતમ અજ્ઞાની એવા, ચોરાસી રડવડીઆ ૩૦
રડવડતા તેને કોઈ ન રાખે, કર્મ તણો કુટારો,
કહે પ્રીતમ સેવે સદ્ગુરૂને, એ તરવાનો આરો ૩૧
શુદ્ધ ચિત્તે સેવે સદ્ગુરૂને, મુકી મનનો મેલ,

કહે પ્રીતમ ભવસાગર ભુંડો, તેને તરવો સહેલ. ૩૨
સહેલ વાતમા કોઇક સમજે, જેના સશય જાએ;
કહે પ્રીતમ મનમા મોટો, સવાશેર સૌ થાએ ૩૩
સ્વામી થવા સૌને ઇચ્છા, સેવક ન જડે શોધ્યો;
કહે પ્રીતમ કોઇક નર જીત્યા, જેણે મન પ્રમોધ્યો. ૩૪
મન જોરાવર કહ્યુ ન માને, આડું ટેડુ ચાલે,
કહે પ્રીતમ પારસમણી મૂકી, પથ્થરને જઇ ઝાલે ૩૫
હીરા મોતી નામ હરીનું, પત્થર બીજી વાતો,
કહે પ્રીતમ મૃગજળ દેખીને, રખે તુ પીવા ધાતો. ૩૬
ધાયા તેતો ધૂળ કમાયા, આડા થઈ અથડાયા,
કહે પ્રીતમ માયાને મુષળ, ખૂબ તરેહ ખડાયા ૩૭
ખઠાયાતે ખોળ્યા ન જડયા, આટો થઇને ઉડયા,
કહે પ્રીતમ સસાર સિધુમા, બહુ વાર તે બુડયા. ૩૮
બુડયા તેને કોણ બચાવે, આપે અવળા ચાલે,
કહે પ્રીતમ પોતાને હાથે, ફાસી ગળામા ઘાલે. ૩૯
મોહ માયાના મોટા ફાસા, તે તોડયા નવ તૂટે,
કહે પ્રીતમ હરી દયા કરેતો, જગત જાળથી છુટે. ૪૦
જગત જાળ જોરાવર કહાવે, કઇક લપેટી લીધા,
કહે પ્રીતમ માયા મદ પાઇ, ઘણા તે ઘાએલ કીધા. ૪૧
ચેલપણામા સર્વે ખોયુ કુડુ કામજ કીધુ,
કહે પ્રીતમ અમૃત ઢોળીને, ઝેર હળાહળ પીધુ. ૪૨
અમૃત તે ઉપદેશ ગુરૂનો ઝેર અવિદ્યા જાણો,
કહે પ્રીતમ પરમારથ મૂકી, સ્વારથને શીદ તાણો ૪૩
સ્વારથ તે સસાર મૂળ છે, પરમારથ ભવ તરવુ,
કહે પ્રીતમ પાખડ તજીને, હરીનુ સ્મરણ કરવુ. ૪૪
હરી નામ હુતાસન તણખા, કર્મ કાઠીને બાળે,
કહે પ્રીતમ પાતક મહા પ્રૌઢા, એક પલકમા ટાળે. ૪૫
અજામેળ અચીચળ પદ પામ્યો, નારાયણને નામે,
કહે પ્રીતમ અવગુણ ટાળીને, સનમુખ ભાળ્યુ શ્યામે. ૪૬
સુદર શ્યામ સદા સુખકારી, દાસ તણુ દુખ ટાળે,
કહે પ્રીતમ અમૃતની દૃષ્ટે, નીજ જન સામુ ભાળે. ૪૭
સામુ ભાળે ભવ દુખ ટાળે, અટલ અભેપદ આપે,

કહે પ્રીતમ બીજા બહુ બંધન, એક ક્ષણમાં કાટે. ૪૮
કર્મ ભરમના ફૂટાસમા, કોને નિવરતી ન મળે,
કહે પ્રીતમ પરવાર ન આવ્યો, પડયો માયાને વમળે. ૪૯
માયા મોહ કલ્પના મનની, તે દહાડી દુખ દેછે,
કહે પ્રીતમ પ્રાણી પીડાયા, સદા શોકમા રહે છે. ૫૦
શોક ધામ વિશ્રામ નહિ, કામ ક્રોધ મદમાતા,
કહે પ્રીતમ સસાર પુરમા, ગયા તે ગોથા ખાતા ૫૧
ગોથા ખાધા ઘણી પેરના, કઇક આવ્યાને ગયાને,
કહે પ્રીતમ હરીને વિસર્યા, દેહ તણે અભીમાને ૫૨
દેહ તણુ સુખ દીઠા સુધી, ઉપર દીસે આછુ;
કહે પ્રીતમ ભીતર ભાળેતો, સૈકો નાસે પાછુ. ૫૩
રૂધીર માસનુ ચર્મ અન નખ, અસ્ત ક્રમી વીટ સુત્ર;
કહે પ્રીતમ તેમા શુ મોહ્યો, કાયા કલેશનુ પાત્ર. ૫૪
અવિદ્યાનુ પાત્ર પડ છે. તે સુ પ્રીત ન કીજે,
કહે પ્રીતમ અહકાર તજીને, રામ સુધારસ પીજે. ૫૫
રામ સુધારસ પીધો પ્રેમસુ, તે થયા અવીનાશી,
કહે પ્રીતમ સુર તરૂનો પેરે, સૌને તે સુખરાશી ૫૬
સુખદાયક સર્વ પ્રાણીને, કોને નહી દુખદાતા,
કહે પ્રીતમ તેને સૌ ઇચ્છે, વિષ્ણુ શિવ વિધાતા. ૫૭
શિવ બ્રહ્માને દર્શન દુર્લભ, જે હરીના હેતકારી,
કહે પ્રીતમ તેની સમજણમા શુ સમજે સસારી. ૫૮
સસારીની દૃષ્ટિ દેહ પર, દેહ કર્મને દેખે,
કહે પ્રીતમ અંતરનો અનુભવ, પ્રાણી કોઇને પેખે, ૫૯
પેખે કયાથી પ્રાપન ન મળે, ગુરૂ વિના જ્ઞાન ન આવે;
કહે પ્રીતમ પ્રથમથી ભૂલ્યો, તેને શુ સમઝાવે. ૬૦
સમજુને શીખામણ સર્વે, મુરખ કહ્યુ ન માને,
કહે પ્રીતમ પરમાર્થ દૃષ્ટે, જોજો પોથી પાને ૬૧
પ્રેમ વિના પ્રબોધ ન લાગે, હરી હૈયામા ન મળે,
કહે પ્રીતમ પીળુ તુ દેખે, તે પોતાને કમળે ૬૨
કમળો તે તો કુટીલ કર્મ છે, મનને કરે મલીન
કહે પ્રીતમ તૃષ્ણાએ પીડયો, રહે દિનનો દિન. ૬૩
દીન થઇને અતિ દુખ પામે, સેવે નહિ સદ્ગુરૂને,

કહે પ્રીતમ કહીએ શું આજ્ઞું, નફ્ફટ નિર્લજ નરને. ૬૪
નર નારાયણ કરે પલકમા, તે સદ્ગુરૂની કુચા,
કહે પ્રીતમ સૌ શાસ્ત્ર પુરાણે, એ દશા છે ઊંચી ૬૫
ઊંચી દશાને જે અનુભવશે, તે થાએ તદરૂપ,
કહે પ્રીતમ પુરણ પદ પામે, પડે નહિ ભવકુપ ૬૬
ભવસાગર સુરભી પદ સરખો, તરતા વાર ન લાગે,
કહે પ્રીતમ સદ્ગુરૂને સેવે, તેની ભ્રાન્તિ ભાગે ૬૭
ભ્રાંતિ ભાગે અનભે જાગે, ઉઘડે સપત સરોજ,
કહે પ્રીતમ સેહેજે વશ થાએ, માયા મોહ મનોજ, ૬૮
માયાદાસી સત તણી, અવર જીવની રાણી,
કહે પ્રીતમ કઈપેરે સુખ થાએ, ટળે ન ખેચાતાણી ૬૯
ખેચાતાણી જીવનુ લક્ષણ, સહેજ સ્વરૂપ હરીનુ,
કહે પ્રીતમ શાન્ત ન થયુ, મળવું મિત્ર અરિનુ ૭૦
સહેજપણામા સર્વ સમૃદ્ધિ, તૃણાવત્ ત્રિલોક,
કહે પ્રીતમ આનદ અખડિત, સ્વપને ન મળે શોક ૭૧
શોક શુ કરવા તેને વ્યાપે, આપે સૌનુ ઇચ્છયુ,
કહે પ્રીતમ પરમારથ ભાવે, સાર પોતાનુ પ્રીછયુ. ૭૨
પ્રીછયુ તે પ્રમાણે તેહનુ, જેહની તૃષ્ણા ટૂટી,
કહે પ્રીતમ મગ્ન થયા તે, છુટી મરકટ મૂઠી ૭૩
અવની તેને થઇ આસની, મેરૂ છત્રનો દડ,
કહે પ્રીતમ ગગન ગુજાવત, વાડીફળે બ્રહ્માડ ૭૪
બ્રહ્માડ પડની ટળી ભાવના, એક આત્મા આદરર્યો,
કહે પ્રીતમ સચરાચર સઘળે, અમૃતનો મેહ વરસ્યો ૭૫
અમૃત તે આનદ પરમારથ, શોક ઝેરનુ મૂળ,
કહે પ્રીતમ સમઝીને લેજો, તજજો સદેહ શૂળ ૭૬
અસે આત્મા સત્ય વીનસતી, ગીતામા સિદ્ધાત,
કહે પ્રીતમ પોકારી કહે છે, શાસ્ત્ર પુરાણ ને સંત ૭૭
સંત વિના કોણ સાચ બતાવે, પ્રપચ ખાસ ના રાખો
કહે પ્રીતમ ભવબધ બીજા, ક્ષણમા કાપી નાખે. ૭૮
બંધ કાપે અતિસુખ આપે, વ્યાપે નહિ મોહ માયા,
કહે પ્રીતમ સ્થુળ સુક્ષ્મ કારણ, મહાકારણમા કાયા ૭૯
જાગ્રત સુપન સુષુપતી તુરીયા, સર્વ જુગ્તી જાણે,

કહે પ્રીતમ ચૈતન સાગરમા, સત મગ્ન થઇ મહાલે. ૮૦
સત હરી ગુરૂ એક રૂપ છે, અતર કૌ નવ ધરશો,
કહે પ્રીતમ તેના પદ સેવો, સસાર સાગર તરશો. ૮૧
તરશો તે સદ્દગુરૂને શબ્દે, એમા નહિ ઉધારો,
કહે પ્રીતમ સચરાચર ઈશ્વર, રૂપ રૂદિયામા ધારો. ૮૨
ભોમીની રજ પડે ભોમપર, જો ઉડે આકાશ,
કહે પ્રીતમ જ્ઞાનીના મનમાં, ન મળે કાઇ વિનાશ. ૮૩
ચૈતનના બિદુ ચૈતન માહે, એમ હરીમા હરીજન,
કહે પ્રીતમ કચનમા ભૂષણુ, જુઓ વિચારી મન ૮૪
સુકા પત્રને પવન ચલાવે, એમ વરતાવે દેહ,
કહે પ્રીતમ ઈશ્વરની ઈચ્છા, ભોગ ભોગવે તેહ. ૮૫
ભોગ ભોગવે રોગતણી પેરે, હરી શુ તાર ન તુટે,
કહે પ્રીતમ વહેવાર સ્વપ્નવત, દેહ કર્મ કગી છુટે ૮૬
છુટયા તે સસાર જાળથી. હાર્દ આવ્યું હાથે,
કહે પ્રીતમ શણગાર સતીનો, પ્રેમ પીયુની સાથે ૮૭
પીયુ શુ પ્રેમ નિરતર જેને, તેનુ દિલ નહિ ડોલે,
કહે પ્રીતમ સ્વામીની સેવા, બોલાવે તો બોલે ૮૮
બોલે ચાલે કરે બદગી, મનમા મેલ ન રાખે,
કહે પ્રીતમ સ્વામીની સગે, પ્રેમ સુધારસ ચાખે ૮૯
પાર વિનાના હોય પૂતળા, દોરી કળે જેમ નાચે,
કહે પ્રીતમ દુનિયા મોહ પામે, રચનારો નવ રાચે ૯૦
રચનારામા અનત કળાછે, કોણુ કળી ના જાએ,
કહે પ્રીતમ સદ્ગુરૂની શમસ્યા, સમજે તો સુખ થાએ. ૯૧
સુખીઓ થાએ જાએ સૌ જોખમ, નિશ્ચય હરી ભગ્રી રાખે,
કહે પ્રીતમ હરી કર્તા હર્તા, આપ રતી નવ રાખે. ૯૨
આપ્યુ તેમા ઘણી આપદા, અત્યત પીડા પામે,
કહે પ્રીતમ દાસાતન આવે, તેથી ભક્તિ રસ જામે. ૯૩
ભકિત વશ ભગવાન રહે છે, શાસ્ત્ર પુરાણુ શાખો,
કહે પ્રીતમ સૌ સત મળીને, એ વિચાર ઉર રાખો ૯૪
સદ્ગુરૂ સત કૃપાએ પામ્યો, પ્રીતમ પરમ આનદ,
કહે પ્રીતમ જે ગાય સાભળે, બોલો જે ગોવિદ ૯૫

સાત વાર. રાગ ધોળ.

આદિતવાર વિચારને, મન કરીને વિવેક,
આગે અધમ બહુ ઓધાર્યા, ગ્રહી નામની ટેક
જીભ્યાએ જપ જુગદીશને. ૧
સોમે સોમા તે સાક્ષી રૂપ છે, અતરજામી એહ,
મન વાણી પહોચે નહિ, તે શુ કર્યો સનેહ જીભ્યાએ. ૨
મંગળ પદ મહારાજનુ, નિરભે નિરદોષ,
નિર્મળ જશ નારાયણના, પૂરણ આનદ કોષ જીભ્યાએ. ૩
બુધે બુદ્ધિ ભલી તેહની, મૂકે મિથ્યા માન,
રજની દિવસ રહે ભજનમા, ગ્રહે નિર્મળ જ્ઞાન જીભ્યાએ ૪
બ્રહસ્પતે ભજન પરતાપથી, જીંવ્યો ધ્રુવજી દામ,
અવિચળ પદવી પામીઓ, ફરી નહિ ગર્ભવામ જીભ્યાએ ૫
શુકરે સમૃદ્ધિ ઇંદ્રની, જેને રૂદિયે છે રામ,
નામ મહામણી જેહને, શુ કલ્પ્યાનુ કામ જીભ્યાએ ૬
શનિ સમઝે સુખ છે ઘણુ, કર તત્વ વિચાર,
કહે પ્રીતમ પ્રાણી પ્રીછજે, કહ્યુ સાતે વાર જીભ્યાએ ૭

પદ

અવસર આવ્યો છે સારોરે, ભવસાગર તરવાનો આરોરે ૧
ચિત્તમા ચેતીને તમે ચાલોરે, હરી મળવાનો મારગ ઝાલોરે ૨
કાચા કુંભ બરાબર કાયારે, ધનજોબન વાદળની છાય રે ૩
શમણાનુ સુખ જુઠુ જાણોરે, મનને મોદક કહા કોણ ધારેરે ૪
ઝાઝવા ઝીલે તરશ્યા ન જાયેરે, કથીરને નાણે કમ ન થાયેરે ૫
ધુમરને વરસે ન પાકે ધાનરે,જ્યા લગી ઉપજ્યુ ન આત્મજ્ઞાનરે ૬
જુઠામા જન્મારો ન ખોયેરે, પ્રીતમ પ્રભુ ચરણે ચિત્તપ્રોયેરે ૭
પરધન પરની દા પરહરજોરે, નિશદીન હરી હરદામા ધરજોરે
સગતસાધુપુરૂષની કરજોરે, અધર્મ અવગુણથી ઓસરજેરે ૨
ખોટ તણો વેપાર ન કીજેરે, પારસ મૂકીને પહાણ ન લીજેરે ૩
બોરને બદલે રત્ન ન ખોયેરે, ઓછવ મૂકીને ઓથે ન જઇએરે. ૪
વણઅરથે વેળુ નવ દળીએરે,રાકને રોળે રાજ ન મળીએરે ૫
શુરધેનુ મૂકી શ્વાની ન દોહીએરે, રમવુ મૂકીને નવ રોઇએરે. ૬
પ્રીતમ પ્રાણપતી પ્રભુજીએરે, મિથ્યા ઇંદ્રજાળ સુખતજીએરે. ૭

રણછોડજીના શણગાર.

રાગ, ડરમા તુ દીલ સાથ છોકરા,

સારો ધર્યો શણગાર, રણછોડરાય સારો ધર્યો શણગાર,
તમને નીરખુ વારવાર, રણછોડરાય૦ ટેક
તમ દર્શન અમે મદીરમા પેઠા,નાહી ધોઈ તમે બાજોઠે બેઠા;
શણગાર લઇ સઉ સેવક પેઠા, પ્રથમ પહેલી ધોતી ધરાવી,
સારી સારી સુગધી લગાવી, ચંપો કેવડો ચમેલી ને ગુલાબ;
એતો મેહેકે અપરપાર, રણછોડરાય૦
જર કશીનો જામો પેહેર્યો છે, પાપણુ ઉપર પાઘ ધર્યો છે,
શીરપેચ બાધ્યોતેલીલો જડયોછે,કલગી તોરોને કાતરો ઘાલ્યો,
કામણીએ આડો આકજ વાળ્યો, હીરા માણેક મોતી મુકતાફળ,
તમારી શોભાનો નહી પાર રણછોડરાય૦
મસ્તક ઉપર મુગટ ધર્યો છે, કોટ આભરણ કઠો જડયો છે,
ચીસપટીમે પદ્મ પડયો છે, કાનોમે કુડળ, હડપચી હીરો;
કેશરીઆડ ને કુકુને ટીલો,કડા સાકળા બાહે બાજુબધ બેરખા,
ચરણે ઝાઝરનો ઝમકાર રણછોડરાય સારો ધર્યો શણગાર.
ફુલ તુળસી ગુજા કમળની માળા, સારા શોભે છે તમ નદલાલા,
હાથમે ગેડીને વાસળી વાળા, કેડે કમી કદોરોરે ઘાલ્યો,
પાનની બીડીને દર્પણ આલ્યો, એવા રૂપે દર્શન દેજો,
નીરખુ એવા રૂદેમા રહેજો, ગુણ ગાય તમારો દાસ.
રણછોડરાય સારો ધર્યો શણગાર.

ઝુલડી.

ખમા મારા મનના મોહનજીરે, ખમા મારા તનના ત્રીકમજીરે,
ખમા મારા પ્રેમના પાતળીયારે, ખમા રાય રણછોડ રગીલારે,
ખમા કાન ઝુલડા કયારે વીસારી ટેક.
ગાયો ચારીને ગોવિદ ઘેર આવ્યાને વારણા તે લેઉ વારી વારી;
ઘરમા પેસતા કાન ઉઘાડા દીઠા, ઝુલડી કયા તો વીસારી,
હો નદના નાનડીયારે, ખમા મારા મનના મોહનજીરે, ખમા.
એરે ઝુલડીમે કાંઈએ નથી ને જડયા છે માણેક મોતી,
એરે ઝુલડીના કારણે હુતો હીડુ ગોકુળીયા જોતી,
હો૦ નદનાં નાંનડીયારે, ઇત્યાદિ૦

રૂવે રૂવે ને કાનો રૂદન કરે લાવી બેસાડું સામે ઓટે;
એરે ઝુલડીના કારણે મારો કાનકુંવર ભોંય લોટે,
હો નંદના નાંનડીયારે,

જરકસીના જામા શીવડાવુ ને ઉપર મેલાવું કાન ટોપી,
છાના રહો તમે કાનજીરે, તમને પરણાવીશુ વ્રજની ગોપી,
હો નંદના નાંનડીયારે.

સોના તે વરણી સોય મગાવુ ને રૂપા તે કેરા રામ ધાગા,
રંગીલો દરજી શીવવાને બેઠા મારા કાનકુંવરના વાઘા.
હો નંદના નાનડીયારે.

દ્વારકાથી પ્રભુ ડાકોર આવ્યાને ડાકોર કીધું કાશી;
મધરાતે મથુરામાથી નાઠા તમે મારી તે પૂતના માસી,
હો નંદના નાનડીયારે.

રૂપીયા તે ગજનુ મશરૂ મગાવુ ને બખીયા દેવરાવુ રામ રાતા,
ગાય શીખે ને સાભળે રે ગુણ ગાય જસોદા માતા.
હો નંદના નાનડીયારે. ખમા મારા મોહનજીરે, ખમા મારા
તનના ત્રીકમજીરે.

સમાપ્ત.